[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

શ્રી

પારસી - એડાકિલ કૃત

જ્યોતિષ - વિદ્યા

તત્વાર્થિક અભ્યાસ-ક્રમ.

મનુષ્ય માત્રના ઉદ્ધારાર્થે, પવિત્ર ઋષિ હર્મિસ, પયગમ્બરો આદિ મહાજ્ઞાનિ નરોથી [illegible] થયલી અનુપમ આકાશી વિદ્યા-ને વ્યાખ્યાન દ્વારે રચી પ્રસિદ્ધ કરનાર.

લેખક:-

વિકાજી રૂસ્તમજી વાંકડીઆ.

(પારસી- એડાકિલ)

શકે ૧૮૩૮, સંવત ૧૯૭૨—ઇ૦ સ૦ ૧૯૧૬.

કિંમત રૂપીઆ ૩-૦-૦

આ પુસ્તક,

સુરત–બક્ષિદરિયા" મ્હેલ આગળ આવેલા "સોદાગર" પ્રેસમાં **ઉમેદરામ નગીનદાસે** માલિક માટે છાપ્યું, અને તેને સુરત–રૂસ્તમપુરાના રામપુરામાં રહેનાર **વિકાજી રૂસ્તમજીએ** એજ ઠેકાણેથી પ્રગટ કર્યું છે.

અર્પણ પત્રિકા

પરમપૂજ્ય

શ્રી

સ્વર્ગવાસી માતાશ્રી રતનબાઇ તથા પિતાશ્રી રૂસ્તમજી વિકાજી
વાંકડીઆ, અને વડીલ બંધુ માણેકશાહ.

પ્રથમ પાયેથી અદ્યાપિ

આપ મુરબ્બીઓએ હું-સેવક-પ્રત્યે પોતાની ફરજ
પ્રકારે યોગ્ય રીતે પ્રેમપૂર્વક અદા કર્યાથી મારાં કાર્યે
સહાયતા મળતી રહી છે,

વગેરે કારણથી

આપ મુરબ્બીઓનું અમર નામ

આ ગ્રંથ સાથે જોડાઇ રહે. એવા તમો પ્રત્યેના મારા અચુક
ભક્તિભાવથી યતુકિંચિત સેવા રૂપે આ ગ્રંથ **આપશ્રીઓને**
અતિ નમ્રતા પૂર્વક

હું

અર્પણ કરૂં છું.

વિકાજી રૂસ્તમજી વાંકડીઆ.
(પારસી-કોકિલ.)



ધારસી—કવિદસ.

એક વિનંતી.

મનુષ્ય માત્રની ઉન્નતિ માટે, પવિત્ર ઋષિ મુનિયો પયગમ્બરો વગેરે મહાજ્ઞાનિ-નરોથી સિદ્ધ થયલી અનુપમ આકાશી [જ્યોતિષ] વિદ્યા હવી જે કુદરતના કાનૂન મુજબ જનસમાજને સમાન દ્રષ્ટિયે નિહાળે છે, તેની દ્વારા આ પુસ્તકમાં પ્રગટ થયલા અનેક અભ્યાસી વિષયો પ્રસ્તાવના સાથે મિશ્રિત થયલા જણાશે તે કારણે પ્રસ્તાવનાનો ભાગ જોઈયે તે કરતાં લંબાન ભાસે એ, સ્વાભાવિક હોવાથી, સુજ્ઞ વાંચકોને નમ્રતાપૂર્વક જણાવવાની આવશ્યકતા વિચારૂં છું કે, જેઓએ આ આકાશી વિદ્યાનાં ફળાદિશનાં લગતાં પુસ્તકોનો અમુક માન્યતા રૂપે અભ્યાસ કર્યો હશે તેઓ માટે શુદ્ધક નવિન રૂપે મનન યોજવા અર્થે કેટલીક વિગતો દર્શાવવામાં આવી છે. એ વર્ગના વાચકો સિવા અન્ય સામાન્ય વાંચક વર્ગને પ્રથમમાં એ વિષયો કાંઇક ગુંચ ણ ભર્યા માલુમ પડે, તો તેવા વર્ગે કૃપા રાહે એ વિષયો ને ત્વરિત વેળા બાજુએ રાખી. એ વિદ્યાને લગતાજ દર્શાવેલા અભ્યાસી માર્ગ ઉપરજ લક્ષ આપી તે વિશેનો અભ્યાસ ગ્રહણ કરતાં રહેવું એવી વિનતિ છે.

અત્યાંર આગમજના અનેક પુસ્તકો ઉપરથી જેઓએ જુદી જુદી બાબતોનો કાંઇક અભ્યાસ કર્યો હશે તેઓને " પ્રસ્તાવના રૂપ વિષયાદિ ખંડન " ઉચ્ચ અભ્યાસાર્થે નવિન ખુરાક લાવી આપશે એવી આસા છે.

જેઓ પ્રથમ પાયેજ કુંડલીઓ ઉપરથી ફળાદિશ આદિ તેવીજ વસ્તુઓ જાણવાનું શીખવા અર્થે અભિલાષા ધરાવતા હોય, તેઓએ જાણવું કે, એ પ્રકારનાં શિક્ષણ પહેલાં, એ વિદ્યાને લગતી અનેક બાબતો પ્રથમ તેનાં મૂળ તત્વાર્થ રૂપે જાણવાની આવશ્યકતા હોય છે. અને તેમ થયા પછીજ મજકુર શિક્ષણ સરળ માર્ગે સંપાદન કરી શકાશે. નહિતો "આંધળો આંધળાને દોરવે" એવી મતિ-ગતિ સ્વભાવિક બનીને ઉભી રહે છે.

આ પુસ્તકમાં દર્શાવેલી બંદગી-ભકિતના સાધન માટેની તસ્બી (માળા), તથા સવાલના જવાબ મેળવવાનાં સાધન તરીકેનો દર્શાવેલી વિધિ પ્રમાણેનો પાસો, કોઈકને પોતા માટે મેળવવાને અગવડ ભર્યું જેવુ કદાપિ માલુમ પડે તો, ગ્રંથકર્ત્તાને સૂચવ્યાથી, મંગાવનારના ખરચે, તેઓની માત્ર સગવડ તરીકે તૈયાર કરાવી મોકલી આપવામાં આવશે.

લિ૦

આપનો સદા શુભેચ્છક,

ગ્રંથકર્ત્તા.

પ્રસ્તાવના રૂપે વિષયાદિ અરજ

અનુક્રમણિકા.

અનુક્રમણિકા.

વિષય. પૃષ્ટ.

પ્રકરણ ૧ લું.

પ્રકરણ ૨ જું.

પ્રકરણ ૩ જું.

સામાન્ય વિષય.

પ્રસ્તાવના.

જ્યોતિષ વિદ્યા, ફળાદેશ, એ વિશેનાં પુસ્તકો, ગ્રંથ-કર્ત્તાઓની ફરજ, પ્રસંશા, અંગ્રેજી જ્યોતિષ અને હિંદી જ્યોતિષ આદિ વિષયોનું તત્વાર્થક ખંડન.

"મુજ ધારણા"

વિદ્વાન જનો નિચે મુજબ આંકણી દર્શાવે છે:—

કેવળ અભણ કરતાં પુસ્તક સંગ્રહનાર ચઢિયાતો હોય છે.

પુસ્તક સંગ્રહનાર કરતાં જે, પુસ્તકમાં દર્શાવેલી વિગતોનું સ્મરણ રાખી શકે તે તેથી ચઢે છે.

એવી રીતે કેવળ યાદદાસ્ત રાખી જાણનાર કરતાં જે, તેને લગતી સાર અસારની મનનપૂર્વક સમજ મેળવી શકવાને સમર્થ હોય તે વધે છે.

ઉપર મુજબ સાર અસાર (ખરાં ખોટાંનું તોળન) મનનપૂર્વક કરનાર કરતાં જે, તે વિશેના સંપાદન કરેલાં વાસ્તવિક જ્ઞાનને વ્યવહારમાં વાપરે છે (અમલમાં મેળે છે) તે વધુ શ્રેષ્ટ હોય છે."

મારી તરફ અચુક ભાવના ધરાવનારાં મારાં ભાવિક બંધુઓ ! આ લઘુ પણ અભ્યાસિક પુસ્તકના પ્રથમ નંબર તરીકે મને તમારા હસ્તમાં મેળવામાં આવે છે, તે જોડે હું "પારસી-ઝેડકિલ કૃત જ્યોતિષ વિદ્યા" તમો મારા ભાવિક બંધુઓ સાથે થોડાક શબ્દો બોલવાની રજા ચાહું છું. એમ થવા જોડે પ્રસ્તાવનાનો ભાગ તમોને લંબાન જેવો માલુમ પડશે પણ જાણવું કે,

તમો સમક્ષ અમુક રૂપે હું રજુ થાઉં તે માટે (અને તેટલું સંક્ષેપમાં સમાપ્ત થવાની ઇચ્છા છતાં પણ) પ્રસંગાનૂસાર યોગ્ય શૃંગારથી સજજ થયા વિના એક બાઈ-મનસંને છુટક હોય નહિ. વળી તે જોડે હું "સ્વદિપાયમાન" થયા વિના તમો મારા ભાવિક બંધુઓને "દેદિપાયમાન" કેવી રીતે દર્શાવી શકું ! સબબે હું કાંઇપણ બોલું તે એક બાઈ-માનસ પોતાના મદમાં મચી રહી દેહાભિમાન દર્શાવી રહી છે એવો મારાં માટે ઝાંખો ખ્યાલ વટિક તમો બંધુઓ લઈ જશો નહિ-અને મારાં માટે તેવો ખ્યાલ સ્વાભાવિક રીતે પણ તમોને ઉત્પન્ન થવાનું કારણ હોય નહિ એવી મને સંપૂર્ણ આશા છે. વળી તે જોડે મારાં માટેનાં તમારાં મત તરીકે અમુક સિદ્ધાંત ઉપર આવો તે પહેલાં, મારી નમ્ર વિનતિ છે કે, મને જે કાંઈ નજીવાં રૂપ તરીકે, હાલ તુરત તમો સમક્ષ રજુ કરવામાં આવી છે, તેટલાંને પણ યથાયોગ્ય અવલોકન કરવામાં, મથાળે ટાંકેલી વિદ્વાન જનોની આંકણી લક્ષમાં રાખી, મારાં આ લઘું, પણ પ્રથમની પોતાના પગે ઉભા રહેવાની પહેલ તરીકેનાં, કાર્યને ઓળખવાની કૃપા કરશો.

વળી તે જોડે, મને તમો સમક્ષ રજુ કરનાર વ્યકિત તરફ (હાલમાં અનેક બાબતોમાં બને છે તેમ) માત્ર નિહાળી, એ રજુ કરનાર વ્યકિત કઈ જ્ઞાતિનો કોણ છે, કેવો છે, કેટલી મતા ધરાવે છે, કેટલો લાગવગ ધરાવે છે, શું માનપાન મેળવેલું છે, આપણને અંગત કેટલો ઉપયોગી જશે, કેટલાં મંડળનો સભાસદ છે, કેટલી ડિગ્રીઓ ધરાવે છે, કયાં ઝાહેર ખાનદાન (કુળ) જોડે સંબંધ ધરાવે છે, અમુક પક્ષ તરફ દ્વેશભાવ ધરાવે છે અથવા મિત્રભાવ ધરાવે છે, આદિ, ઇત્યાદિ બાબતો ઉપર લક્ષ આપી મારાં માટે મત ઉચ્ચારશો નહિ-(કેમકે મારાં માટે ઉપલી વસ્તુઓની ખાસ આવશ્યકતા હોતી નથી એમ તમો ભાવિક બંધુઓ આ પહેલાં મારાં અભ્યાસિક દ્વારે સમજતાં આવ્યા છો અને એ અભ્યાસ ઉપરથી વધુ સમજશો.) પરંતુ હું સ્વતા: કેવી, કેવાં રૂપમાં, કેના પ્રયાસે, કેવી કસોટી સહિત; (એ ભાવિક બંધુઓ! તમારાં અર્વાચિન કાળનાં પૂર્વજો, જેઓ માત્ર યુનિવરસિટિની ડિગ્રીઓ મેળવવાની નેમ ધરાવી તે દ્વારે ઉદર-નિર્વાહ નિભાવી સંતોષ પામનારાં નહિ-પરંતુ જેઓ વિદ્યા દ્વારે મેળવેલાં વાસ્તવિક જ્ઞાન સહિત તે વર્તન રૂપે અમળમાં મેળનાર હતાં-અને જેઓ

પવિત્ર ઋષિ મુનિયો, પયગમ્બરો, જ્ઞાનિ સતિયો તરીકે પોતાને ઓળખાવી ગયાં, તેઓનાં સંપાદન કરેલાં આકાશી (અચળ) જ્ઞાનનાં ફળ આ પૃથ્વિ ઉપર રહેલાં; જે પૃથ્વિના ધર્મ-કર્મ યાને કુદરતના કાનૂન પ્રમાણે, વખતના વહેવા જોડે તે ફળોમાં સડો લાગી તેઓ અધમ ગતિયે-માત્ર ઉદર-નિર્વાહ અને બીજે માર્ગે વાહ: વાહ પોકારવામાં શમાઈ રહેલાં-તેજ મૂલ ફળોનાં બીજ, જે ફળોવી ઉપર મુજબ સડા રૂપે ગતિ થવા જોડે જોડે પૃથ્વિનાં પ્રેટાંમાં દટાંતાં ગયલાં જણાયાથી; એમથી તેમથી તરજુમા રૂપે ભાડેનું લઈ સંતોષ મેળવવા કરતાં, તેજ અસલ બીજ ઉપર પાણીનું સિંપણ કરી-તેઓની પ્રસંગાનુસાર યોગ્ય તકેદારી રાખી; તેઓનું બગાબળ તપાસી, માત્ર મોટાં મોટાં હાલનાં બીજ રૂપી નામથી અંજાઇ નહિ જતાં તે અસલ જ્ઞાનિ બીજનું વૃક્ષ ઉગાડી તેનાં ફલ તેમનાંજ વંશોને કુદરતના કાનૂન મુજબ ચાખવાનાં મળે એવા સદ્ હેતુથી માત્ર પોતાની નિર્માણ થયલી અમુક ફરજ અદા કરવા માટે) તમો સમક્ષ રજુ થઇ વધતી ભવિષ્ય-માં થવાની ઈચ્છા ધરાઉં છું તે ઉપર નિગાહ રાખી-એમાં અમુક હિસ્સા તરીકે તમારૂ સ્વતંત્ર મત, તમોને, તમારાં જ્ઞાનને વાજબી લાગે તે, મનનપૂર્વક સઘળી વસ્તુ ધ્યાનમાં લઇ દર્શાવશો એવી "મુજ ધારણા" છે.

ખુલ્લો ચકરાર.

પ્રિય બંધુઓ ! પ્રથમ મારે તમો સોડે મારાં ખુલ્લાં અંતઃકરણથી ચકરાર કરવાની આવસ્યકતા છે. એમ કરવાનું કારણ એ હોય છે કે, મેં અનેક બાબતોમાં જાણ્યું છે, અનુભવ્યું છે-તેમ તમોને પોતાને પણ જાણવાનું, અનુભવવાનું મળેલું હશે કે, અમુક વસ્તુ વાંચન રૂપે હસ્તમાં મેળાતાં, તેના યોગ્ય તત્વાર્થને નઝર સમિપ તૂળના રૂપે રાખવાને બદલે, તે રજુ કરનાર વ્યક્તિ અમુક મંડળનો સભાસદ હશે સબબે એવું શિક્ષણ દર્શાવે છે; અમુક વ્યક્તિયોની સારી પેઠે ખબર લીધી ! અમુકને માત કર્યા ! આદિ, ઈત્યાદિ અનેક રૂપે અંગત ભાવાર્થ તરફ મોટે ભાગે વાંચક વર્ગ ખેંચાઈ જાય છે- અને તેમ થતાં સ્વતાઃ તે માટે સંજોગને અનુસરીને રૂચતું અથવા અરૂચતું અમુક મત બાંધી લે છે. એમ થવાથી તે પોતાનાંજ અમુક મત રૂપી રંગના કાચ દ્વારે, તેને તેવાજ રંગનો ભાસ આભાસ દ્રષ્ટિગોચર થતો રહે એ સ્વાભાવિક હોય છે. સબબે (જરથોસ્તી

ધર્મ-શબ્દમાં દર્શાવું તો) પ્રથમ પોતે નિ-રંગ પીને પાવન થઇ રહેવું. અને તેવું વર્તન રાખ્યા બાદ અન્યને નિરંગ પિવાડી પાવન કરવાની ઈચ્છા ધરાવવી. યાને પ્રથમ પોતે રંગ રૂપી ભેદાભેદિક વિચાર, ઇચ્છા અને કાર્યથી નિરંગ રૂપે બચેલા રહી બાદ તે અન્યને દર્શાવવું યોગ્ય હોય છે. એમ થવાથી અમુક વસ્તુનું તુળના રૂપે સમાળળ અને સમાંતર જળવાવા જોડે તેનું ખંડન વાસ્તવિક પ્રકારે થઈ શકે છે.

મારાં ભાવિક બંધુઓ! મને તમો સમિપ રજુ કરનાર વ્યક્તિ; કોઈપણ અમુક પક્ષ, મંડળ, ઝાહેર પત્રો-અથવા એવીજ-એને લગતી બાબતોનો અંગત સભાસદ નથી: કોઈપણ પક્ષ, મંડળ, પત્ર અથવા એવીજ એને લગતી બાબનો દર્શાવનાર અમુક વ્યક્તિયો તરફ તિરસ્કાર અથવા વૈરભાવ જેવું ધરાવતો નથી. કેમકે મારા અભ્યાસ દ્વારા એ સારી પેઠે સમજે છે અને તમોને સમજાવે છે કે, કુદરતની નિર્માણ-થયલી ગતિ પ્રમાણે વખતને અનુસરીને, જ્યારે નવીન રૂપે અમુક કાર્ય પ્રગટવું હોય ત્યારે, કુદરતની જુદાજુદા રંગ રૂપી બે શક્તિયો સામસાગી આવી બાથ ભીડે છે-અને સામસામી ટક્કર ઝિલવા બાદ તેઓ નવીન કાર્ય રૂપે પ્રગટી દર પડે છે! એવી વેળાએ કઈ વ્યકિતને વખોડી કોણને વખાણવું એ એક સવાલ થઇ પડે છે! કેમકે મનુષ્ય-વ્યવહાર એ પણ કુદરતને અમુક રૂપે પ્રગટવાનું મુખ્ય દ્વાર હોય છે. જેઓને એ વસ્તુનું યથાયોગ્ય જ્ઞાન હોય છે તેઓ તે દ્વારનો માર્ગ ગ્રહણ કરવાને બદલે, પ્રથમ નિ-રંગ રૂપે બની પહેલેથીજ મધ્યબિંદુએ આવી સલામત ઉભાં રહે છે. કારણ કે, કુદરતની સામસામી ટક્કર ઝિલનારી ગતિનો પણ વખતના વહેવા જોડે, મધ્યબિંદુએ આવી દર પડયા વિના છુટક હોતો નથી.

પ્રિય બંધુઓ! ઉપર મુજબનાં ટુંક વર્ણન જોડે ઉમેરીશ કે, મેં પ્રથમ જણાવ્યું છે તેમ, પ્રસંગાનુસાર યોગ્ય શૃંગારથી સજજ થયા વિના હું કેવી રીતે તમોને દિપાયમાન દેખાઉં અને તમોને પણ મારા વડે શોભાવી શકું! સબબે માત્ર તેવાં વર્ણન રૂપી શૃંગાર સજ્જવામાં અમુક વ્યકિતયોનાં નામ, તે વસ્તુ જોડે સંબંધ ધરાવવાથી દર્શાવવાં પડે તો તે વિશે ઉપર દર્શાવ્યા મુજબની હકીકત મને રજુ કરનાર વ્યકિત માટે ખાસ લક્ષમાં કૃપા રાહે રાખશો. કેમકે, મને રજુ કરનાર એ બાપડો મારો ભાવિક

સેવક (જેને એવે પ્રસંગે તમો "લેખક" એવાં સામાન્ય નામથી ઓળખતાં રહો છો તે) તેઓને માત્ર નજરે નિહાળી ઓળખવાનું પણ માન ધરાવતો હોય નહિ ત્યાં વળી તેઓ બાબેની અંગત નેમ તે કયાંથી હોય! વળી એ વસ્તુને લગતી જે બાબતોનું કાર્ય ઝાહેરમાં જે જાણવામાં આવ્યું તેજ યથાયોગ્ય વસ્તુ ઉપર લક્ષ્યબિંદુ ધરાવી વિવેચન દર્શાવેલું છે. અને પ્રિય બંધુઓ, તમોએ પણ તેજ લક્ષ્યબિંદુ ગ્રહણ કરવું. એ સિવાયની તેઓને લગતી અન્ય બાબતો સબળ હોય-નિર્બળ હોય, પ્રિય હોય-અપ્રિય હોય, ઉપયોગી હોય-નિરોપયોગી હોય-ગમે તે રંગ રૂપે હોય તેની સોડે મને (પારસી-ઝેડકિલ કૃત જ્યોતિષ વિદ્યાને) કશું લાગતુંવળગતું હોય નહિ એ નક્કી સમજવું.

પારસી—ઝેડકિલ!

વાચક વગત પહેલી નજરે એ નામ કાંઇક વિસ્મય પમાડવા જેવું દેખાશે એ બનાવ જોગ છે. પરંતુ એ નામની આગળ જણાવવામાં આવશે તે મુજબ, સૂચના રૂપે ઉત્પત્તિ થવાથી "નામ પ્રમાણે કાંઇક કામ" હોય તો વધુ આવકારદાયક થઇ પડે એવી-અસલ અમુક મૂળ રૂપે મુજને રહેલી ઉત્કંઠામાં-એ નામ-સૂચને, તે વેળા વાસ્તવિક રીતે ઉત્તેજન રૂપી વધારો કરી આપ્યો હતો, એમ કહેવું ન્યાય દ્રષ્ટિએ વાજબી છે. વળી તે માટેની મારી કસોટી રૂપે યોગ્યતા, ત્યાર બાદ પણ મેં (પારસી-ઝેડકિલ કૃત જ્યોતિષ વિદ્યાએ), માત્ર અમુક રૂપે ભવિષ્ય-ના અભ્યાસ તરીકે મને રજુ થવામાં ઉપયોગી થાય એવા હેતુથી, નામ-સૂચક વ્યકિતને ઝાહેર ઉપયોગ અર્થે આપતી રહેવાનું વાજબી ધાર્યું હતું. અને ઇન્સાફને ખાતિર કહું છું કે, તેણે તે ઝાહેરમાં મેળાતા રહેવા જોડે, તે માટે સ્વતંત્ર રીતે પોતાની વિસ્મયતા પણ દર્શાવી હતી. એમ થવા બાદ અમુક વખત રૂપી મુદત વચગાળે પસાર થઇ ગઇ જે દરમયાન મારા "લેખક"ને પોતાને હસ્તક મેળાયલાં અન્ય ઝાહેર કાર્ય ઉપર લક્ષ વધુ આપવાનું હોવાથી એ બાબત ઉપર ઝાહેર રીતે ઝાઝું લક્ષ અપાયું નહિ. જો કે, મને સ્વતઃ કાર્યરૂપી રિવાઝરેલી હોવાથી બાતેનમાં મારાં ઉપર મથન કરવાનું બંધ રહ્યું નહોતું.

પોતાનાં હસ્તક મેળાયલાં કાર્યથી મોકળા થવાથી-ઉપર મુજબ નામ-સૂચક વ્યકિત સોડે મને કસોટી રૂપે ઝ હેરમાં મેળાવાને વળતી રજુ કરવાનું વાજબી વિચાર્યું અને--------

જુદા જુદા વખતે કુદરતના રંગો ન્ય... હોય છે ! હેઠળ જણાવવામાં આ-વશે તે મુજબ, જે નામ-સૂચક વ્યકિતએ, આડકત્રિ અથવા સિધી રીતે, જાણુ અથવા અજાણુ-પણ માત્ર તે વિશેની પોતાની નિર્માણ થયલી ફરજ સમજીને, તે ફરજ ઉપરજ માત્ર લક્ષ્યબિંદુ રાખીને, સત્યતા સહિત મારાં સૂર્ય- ઉદય રૂપી કાર્યની ઉત્કંઠામા, ઉપર જણાવ્યા મુજબ ઉત્તેજન રૂપી વધારો કરી આપ્યો હતો-તેજ નામ-સૂચક વ્યકિતએ, હું અદ્યાપિ જાણુવાને અજાણ રહી છું એવાં કો-ઈ કારણુ સહિત અથવા વિના કારણે, આડકત્રિ અથવા સિધી રીતે, જાણુ અથવા અજાણુ-પણ માત્ર તે વિશેની પોતાની નિર્માણ થયલી ફરજ સમજવાને બદલે, તે ફરજ ઉપરજ માત્ર લક્ષ્યબિંદુ રાખવાને બદલે, મારાં સૂર્ય-ઉદય રૂપી કાર્યની ઉત્કંઠાને સૂર્યાસ્ત રૂપી કાર્યમાં મેળાય એવો ભાસ આભાસ રજુ કરવામાં પાછળથી વાજબી વિચાર્યું હોય-અથવા હાલના ચાલુ ઝમાનાના શબ્દોમાં બોલું તો મને "બૉયકૉટ" કરી હોય-તો એવી વેળાએ, અગાઉ મારાં અમુક સંબંધથી જોડાયલાં એ બંધુને ખ્યાલ વટિક ક્યાંથી હોય કે, હું તો તે બંધુનાં તે વેળાનાં (ઓળખ તરીકેનાં) સૂચન રૂપી અમુક નામ જોડે સંબંધ ધરાવી તેજ નામ રૂપે મારાં કાર્યને શૃંગારીને સજ્જ થઈ પ્રદર્શિત થવાને તેજ વેળાથી, અમુક દ્રઢ નિશ્ચયથી, સરળ નેમથી તત્પર થઈ રહી હતી !

નવ વર્ષ પહેલાંની વાત ઉપર યાને સને ૧૯૦૭માં પારસી કોમ માટેના ચોકસ વર્તારા રૂપી પહેલ તરીકે, મારા "લેખકે", અગાઉ જણાવી ચુકી તેવા હેતુ સહિત, મને ઝાહેર કસોટી ઉપર મેળતા રહેવાની આવશ્યકતા વિચારી. અને તે વેળા તેણુ પારસી કોમના કાર્ય રૂપી વ્યવહારનાં ચોકસ ક્રમ સહિતનાં ચાલુ સાધન પ્રમાણે અનુસરી, મુંબઇ ખાતે પ્રગટ થતાં દૈનિક વર્તમાન પત્ર "જામે જમશેદ"ને ઝાહેર ઉપયોગ અર્થે, તે વેળાનાં પ્રસંગાનુસાર ટુંક વિવેચન સહિત હવાલે કરી. અને હું (પારસી-ઝેડકિલ કૃત જ્યોતિષ વિદ્યા) ઉપલાં પત્રના સોમવાર તા૦ ૪ માર્ચના અંકમાં, પારસી કોમ માટેના જરથુસ્ત્રી સાલના વર્તારા રૂપે પ્રગટી. એ પૂર્વે

એવાં કાર્ય રૂપી પહેલ અન્ય વ્યક્તિ તરફથી અગાઉ થઇ હોય અથવા તેને અનુમોદન આપી કરાવવામાં આવી હોય એવું કશું હતું નહિ. તે છતાં સ્વ–રક્ષણાર્થે બોલું તો, તેવું કોઈ કાળે બની ગયલું હોય તો તે વાતથી હું તદન અજાણુ છુ. મારાં ભાવિક બંધુઓમાંથી એ માટે કોઇને જાણુ હોય અને તે માટે મારૂં લક્ષ ખેંચશે તો હું તે માનુ સહિત સ્વિકારીશ.

તે વેળાના વર્તારા સહિતના ટુંક વિવેચન ઉપર લક્ષ અપાય તો તમો મારાં ભાવિક બંધુઓ સ્હેજે કલ્પિ શકશો કે, પ્રથમ પાયેની શરૂઆત તરીકેથીજ મુજને મારો "લેખક" કેવાં મનન, તૂળના રૂપે સૂક્ષ્મ પ્રકારે જોઈ રહયો હતો. અને એમ વાસ્તવિક દરજજે હોવાથીજ–અભ્યાસંમાં જોશો તેમ કુદરતના અમુક ચોકશ નિયમ પ્રમાંણે, ઉપલાં ઝાહેર પત્ર જોડે માંરૂં આકર્ષણ અને ઘર્ષણ થતાં, ઉપર જણાવેલી મારી તે વેળાની અંતર સરલ નેમને અનુસરીને, મે મારાં રંગાદિ કાર્ય મુજબ, "પારસી–ઝેડકિલ"નાં નામ રૂપી ઉચ્ચ દરજજેનાં બાળકનો જન્મ આપ્યો હોય એ સ્વાભાવિક છે.

સારાંશ કે, તે વેળા ઉપલું પ્રગટ કરવા જોડે મજકુર પત્રે પોતા તરફથી એવી મતળબ દર્શાવી હતી કે, થોડા દિવસ ઉપર અમે યુરોપીઅન ઝેડકીલના અમુક વર્તારાની નોંધ લીધી ત્યારે અમોને આશા નહોતી કે, પારસી કોમમાંથી પારસી ઝેડકિલ પણ એવી રીતે બાહેર પડશે, આદિ, ઇત્યાદિ. એ પ્રમાણે "પારસી–ઝેડકિલ" એ નામનો સૂચન રૂપે તે વેળા મજકુર પત્ર તરફથી ઉપયોગ થયો– અને સામાન્ય શબ્દોમાં દર્શાવું તો તે વેળા મારા "લેખક"ને એ નામનો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. અને હાલમાં હું તે મારાં નામ રૂપી બાળક જોડે કાર્ય રૂપી માતા તરીકે તમો સમિપ હાજર થઇ છું અને થતી રહેવાની જીજ્ઞાસા ધરાઉં છું. એ માટે ખરેજ એ પત્રની અહેશાનમંદ રહીશ.

સ્વિકાર જોડે અસ્વિકાર!

ઉપર મુજબ પ્રથમ પગલું ભરાયા બાદ, પ્રસંગાનુસાર મજકુર બંધુ સમક્ષ ઝાહેર કસોટી રૂપે હાજર કરવામાં આવતાં, તે મુજબ પ્રગટ રૂપે

અમળ થતો રહેતો હતો. (એ તેમજ અન્ય ઝાહેર પત્રોમાં, લેખ તેમજ વર્તારા રૂપે હું પ્રસંગોપાત કસોટી રૂપે મેળાયલી-તેની જ્યોતિષ ગણત્રી કેવા પ્રકારની હોય છે, કેવા પ્રકારે અનૂમાન ખેંચવાનું હોય છે, અન્ય જોડે તૂળનામાં હૂં મારા પોતાના કેટલા "રચ" દર્શાવી શકવાને સમર્થ છું, આદિ, ઈત્યાદિ તૂળોતવિલ વૃતાંત એ વિશેના અન્ય અભ્યાસિક પુસ્તકમાં દર્શાવવું હોવાથી, અને તે લંબાન હોવાથી, એ પુસ્તકમાં દાખલ કરી વળતું તેજ બીજા પુસ્તકમાં દાખલ કરવાનું વાજબી થઇ પડે નહિ, સબબે અગત્ય જોગું ટુંકમાં જોઈ જવાનું વાસ્તવિક ધારૂં છું.)

અગાઉ જોઈ ગયા છે તે મુજબ મારા "લેખક"ને હસ્તક ઝાહેર કાર્ય મેળાયું. અને અમુક મુદ્દત બાદ તેમાંથી મોકળા થયાથી-પ્રથમ કાર્ય તરીકે, મારી અગાઉની રૂઢિ મુજબ, સામાન્ય પ્રજાને ઝાહેર નિકટ સંબંધ હતો એવા વર્તારા સહિતનો એક લેખ, લગભગ ત્રણ વર્ષ ઉપર મારી કસોટી તરીકે ઝાહેર ઉપયોગ કરવાને મજકુર બંધુના હસ્તમાં મેળવામાં આવ્યો અને તે જોડે સ્વાભાવિક રીતે ભવિષ્યમાં વધુ લેખ રૂપે હાજર થતા રહેવાનું સૂચવવામાં આવ્યું, દરમયાન દિવસો પસાર થતા જોઈ એ વેળા નમ્રતાપૂર્વક લક્ષ ખેંચવામાં આવ્યું-પણ અગાઉ કહેવામાં આવ્યું છે તેમ, જુદાજુદા વખતે કુદરતના રંગો ન્યારા હોય છે, તેવી રીતે, મુંગે મોઢે મારો અસ્વિકાર થયલો માલુમ પડયો. વખત વહી ગયો અને તે જોડે "દિવાની જોત" માફક તે વસ્તુઓ બનીને તેજ પ્રકારે ઉભી રહેલી એ સંબંધી બંધુએ નહિ નિહાળી હોય એમ કહી શકવું તેને માટે અશકય ધારૂં છું.

ઉપલા બનાવની પૂર્વે પણ એક અભ્યાસિક બાબત વાંચક વર્ગ અર્થે પ્રગટ કરવામાં આવે તો મોકલવાની ઇચ્છા દર્શાવી હતી, પરંતુ તે માટે તે વેળા પણ મુંગે મોંઢે અસ્વિકાર થયલો માલુમ પડયો હતો. સારાંશ એ હતો કે, એ બંધુમાં કોઇ પારસી લેખક તરફથી, જ્યોતિષ વિદ્યાના એક ભાગ તરીકે સામુદ્રિક વિદ્યા (હાથ, મોઢું, શરીર રચના આદિ જોઇ ફળાદિશ કહેવાની વિદ્યા) હોય છે, તેનું અભ્યાસિક રહસ્ય સમજાવવામાં આવતું હતું; તે ઉપર એ વિદ્યાના શોકીન એક વિદ્વાન પારસી ગૃહસ્થ તરફથી મારા "લેખક" નું લક્ષ ખેંચવામાં આવતાં-મારા "લેખકે" મજકુર બંધુનું લક્ષ ખેંચ્યા

જણાવ્યું હતું કે, આ વાસ્તવિક રીતે ઉચ્ચ દરજ્જેનું અભ્યાસિક જ્ઞાન નથી પરંતુ પંજાબ આદિ સ્થળે બે દોઢયે વેચાતી ચોપડીમાં એવું દર્શાવેલું જોવામાં આવ્યું હતું. સબબે મારી ઈચ્છા એ વિદ્યાને વાંચક વર્ગ અર્થે વાસ્તવિક રીતે રજુ કરવાની છે આદિ, ઇત્યાદિ. નિર્ણય ઉપર મુજબ મુંગે મોંઢે થયો! હશે !-કરીને તે ઉપર તે વેળા ઝાઝું લક્ષ અપાયું નહિ.

પરંતુ એ પછી, અગાઉ દર્શાવ્યા મુજબ, હું ચાલી ચલાવીને ગઈ છતાં મારો અસ્વિકાર થયો, જો કે, એમ થવા છતાં અને મારી પ્રત્યે એવું વર્તન દેખાડવા છતાં પણ–મારી અંગત સમજશક્તિ અને કુદરતના કાનૂન પ્રમાણે કહું તો, એ બંધુને મારા તરફ કાંઇક દરજ્જે પણ અન્ય કરતાં વધુ માનની નજર ફેંકયા વિના છુટક રહયો નહિ હશે !

અગાઉ જણાવ્યા મુજબ અમુક દ્રઢ નિશ્ચય અને મારી સરળ નેમ હોવાથી હું સ્વતઃ રાજી ખુશીથી નહિ–પરંતુ એવી રીતે મુંગે મોંઢેનો અસ્વિકાર મારે માટે થતો રહે એ ભવિષ્ય માટે વાસ્તવિક હોય નહિ એવા ઉદ્દેશથી, કેટલાક મારા ભાવિક અનુયાયિયો જેઓ મને વાસ્તવિક રીતે ઓળખે છે, તેઓએ મને મારા "લેખક" સોડેથી લઈ, મુંબઈ ખાતે પ્રગટ થતાં દૈનિક પત્ર "પારસી" (હાલનાં પ્રજામિત્ર અને પારસી) ને હવાલે કરવાનું વાજબી વિચાર્યું. ત્યાં હું, કસોટી રૂપે જતી તેવી સંપૂર્ણ રીતે તો નહિ– પરંતુ વખતને અનુસરીને, લેખ, વર્તારા રૂપે પ્રગટ થતી રહી છું. અલ્બતેહ, સમાન ન્યાય દ્રષ્ટિયે બોલતાં, મુંગે મોંઢેનો અસ્વિકાર કરતાં, આ પત્રે મારે માટે જે કાંઈ કર્યું તે માટે તો **મારે તેનો આભાર સ્વિકારવો જોઇએ.**

ડાંગે માર્યાં પાણી છુટાં ન પડે !

એ કહેવત મુજબ, વળી તે જોડે ઉપર જણાવ્યા મુજબ માત્ર અમુક શુભ હેતુ તરફજ લક્ષ હોવાથી, ઉપર મુજબ સ્વિકાર જોડે અસ્વિકાર થવા જોડે, ઉપર જણાવેલી વિગત બનવા છતાં પણ, સ્વતઃ રાજી ખુશીથી એક વસ્તુ નહિ કરેલી હોવાથી, વળી તેજ નામ–સૂચક બંધુના હસ્તમાં કસોટી રૂપે જાહેર ઉપયોગ માટે જઇ મેળાવાની જીજ્ઞાસા ઉદ્દ્ભવિ આવી.

અને તેમ થવા જોડે સને ૧૯૧૫ના માર્ચ મહિનામાં પારસી કોમના વર્તારા રૂપે વળતી જઈ ઉભી.

કુદરતના પેટાંમાં અદ્‌ભુત કરામતો શમાયલી હોય છે જે સઘળી જાણી લેવાને અને તે મુજબ વર્તવાને કોઇપણ વ્યકિત તેટલે દરજજે સબળ બન્યો નથી, અને બનનાર પણ નથી. જયારે કોઈપણ વ્યકિત માટે એક તરફ એવું અશકય કાર્ય કુદરત રૂપે રચાયલું હોય છે ત્યારે તેજ કુદરતે તેવાં અશકય કાર્યમાં તેને સહાયભૂત થવાને બીજી કાર્યગતિ રચેલી આપણને માલુમ પડતી આવી છે. તે એકે, પોતે ગમે તેવી હાલતમાં હોવા છતાં. પણ પોતાના અમુક કાર્ય રૂપે અમુક વ્યકિત જેટલે વાસ્તવિક દરજજે સરળ, નિર્મળ, ઉદાર, બળવાન, સમાન, કુદરતના કાનુન પ્રમાણે સમાબળે અને સમાંતરે, પોતાની નિર્માણ થયલી ફરજ સમજવા જોડે માત્ર અમુક શુભ હેતુથીજ પોતાની મૂળ નેમ ઉપર લક્ષ્યબિંદુ ધરાવી વર્તન આચરવાનું આરંભે છે, અને તેજ ક્રમમાં વખતના વહેવા જોડે વધારો કરતો રહે છે; તે વ્યકિતને, ઉપર જણાવ્યા મુજબ કુદરતનાં રચાયલાં અશકય કાર્યમાં તે કુદરતજ, તેટલે દરજજે સહાયભૂતિ આપી, શકય માર્ગ ગોજી આપતી રહે છે.

એ પ્રમાણે કુદરતી કાનુન મુજબ જોતાં ઉપર જણાવ્યા મુજબ હું પારસી કોમના વર્તારા રૂપે તે બંધુ સમિપ જવાની તૈયારી કરી તે મુજબ વર્તન આચર્યું--તેમ થવા જોડે, તેજ બંધુના અંકમાં, **"સન ઈન એરીઝ"** એવાં ગ્રહણ કરેલાં નામના લેખકે જયોતિષ વિદ્યા સંબંધી ચોકશ શંકા રૂપી સવાલ ઉઠાવેલો, એ દિવસ બાદ જોવામાં આવ્યો. તે સવાલના જવાબ તરીકેનો પ્રતિઉત્તર રૂપે તેજ વેળા, ઉપર દર્શાવેલા વર્તારા બાદ, હું હાજર થઈ યાને મેં હાજર થવાની ફરજ વિચારી.

બંને રૂપે મેં ચાલી ચલાવીને હાઝર થવાની મારી યોગ્ય ફરજ વિચારેલી હોવા છતાં,મારો વળતો મુંગે મોંઢેનો અસ્વિકાર થયલો નિહાળી, રૂઢિ મુજબ વળતું એ બંધુને વિનતિપૂર્વક સ્મરણ કરાવ્યું-પણ--!!!

હાય! પણ એ ઉપરથી કુદરતની કાર્ય કરતી ઉલટ-સુલટ શકિતનો મહિમા કેટલો કેવી રીતે (નેમ રૂપી) પ્રબળ હોય છે તેનો વધારે ભાસ

૬૬૩૬

આભાસ ખેંચવાને. શકિતમાન થઈ. એ તે વેળાના બંને લેખો તેજ રૂપમાં એ પુસ્તકના પાછલા ભાગ ઉપર દાખલ થયલા જોવામાં આવશે.

ધારણા મુજબ, એ પુસ્તક એ લેખો સહિત, લગભગ સવા વરસથી પણ અગાઉ તમો ભાવિક બંધુઓનાં હસ્તમાં મેલાયલું હતે એવી યોજના તૈયાર રચાયેલી હોવા છતાં પણ, વળી એ "પણ" નડતલ રૂપે આવી ઉભું-અને એ "પણ" રૂપી અચુક નડતલ જોડે મારા "લેખક" ને શી ટક્કર ઝિલવી પડી- વળી એમ થવાથી, મારી બહેનપણીઓનાં શબ્દોમાં દર્શાવું તો, પાછલથી કેવા "રડાકુટા" નજીવા કાર્યમાં પણ સ્વાભાવિક ઉભા રહયા તે આગળ જતાં દર્શાવીશ.

વાસ્તવિક દરજજે એ મારા ભાવિક "લેખક"ની, મારા અભ્યાસ દ્વારે, ગમે તેવું બનતું રહે તો પણ, સામાન્ય કહેવત મુજબ "ફુલ નહિ તો ફુલની પાંદડી" પણ સ્વબળે જન-સેવાર્થે કરતા રહેવું એવી સચોટ નેમ હોવાથી, પ્રતિકૂળ સંજોગો તેનું સુકાન ફેરવી ભળતેજ સ્થલે હડસેલી શકવાને સમર્થ થયા તો નહિ-પરંતુ વખતને અનુસરીને સમિપ અટકાવ રૂપે અને સ્વધારણામાં ઘટાડા રૂપે તો ઉભા રહ્યા !

એ સવાલ કરનાર "સન ઇન એરીઝ" કોણ હતો તે જાણવાને હું તત્પર રહી છું. એ જાણમાં આવ્યા બાદ એ સવાલ કરનાર શખ્સની યોગ્ય ફરજ છે કે. મને પોતાનાં યોગ્ય નામથી જાણ કરે. કેમકે, પાછલથી પણ એ પત્રમાં (ઉપર મુજબ મારો મુગે મોંઢેનો અસ્વિકાર થવા છતાં પણ) કોઇપણ અન્ય વ્યકિતયે કાંઇપણ જવાબ વાળી શકી, તે લેખકની તેમજ બીજાઓની શંકા દૂર કરવાની હામ ભિડેલી જણાઇ નથી.

જ્યોતિષ વિદ્યા ફળાદિશ રૂપી પુસ્તકો અને તેની ટુંક તપાસ.

એ વિદ્યા સંબંધીની ગણત્રી અને તેનાં ફળાદિશ સંબંધીનાં ગુજરાતી ભાષામાં અનેક પુસ્તકો બાહેર પડેલાં જણાયાં છે. સ્વજાણ પ્રમાણે બોલતાં, પ્રથમ પહેલ તરીકે, સંસ્કૃત ગ્રંથો ઉપરથી રચી પ્રસિદ્ધ કરનાર ભરૂચવાસી (હાલમાં સ્વર્ગવાસી) વકીલ શાકરલાલ શંભુલાલ દેશાઇનાં ત્રણ પુસ્તકોએ બહુ સારો ભાગ ભજવ્યો છે. એ બંધુ જોડે મુજને (પારસી ઝેડકિલ

કૃત્ જ્યોતિષ વિદ્યાને) સ્વતઃ અમુક બાબત ઉપર પત્ર વ્યવહાર સવાલ રૂપે થયો હતો; પરંતુ એ બંધુએ તે માટે અમુક નિર્ણય ઉપર આવવાને બદલે એવી મતળબનું દર્શાવ્યું હતું કે, હું સ્વતઃ એ બાબેનો નિર્ણય દર્શાવી શકું એવાં અભ્યાસિક બળમાં નથી, મેં મારી ફરજ વિચારી, એક ઉપયોગી વસ્તુને, વધુ ઉપયોગમાં આવે એવા સદ્ હેતુથી, તેનું રૂપાંતર ફેરવ્યું છે. તબારા સવાલનો જવાબ તરીકેનો યથાયોગ્ય "નિર્ણય ત્યાંના જોશારાજો કરી શકે એવું હું ધારી શકતો નથી. પરંતુ ઉત્તર હિંદના વાસ્તવિક અભ્યાસીઓ બને તો થોડો ઘણો નિર્ણય વાસ્તવિક દર્શાવી શકે એવું મારૂં ધારવું છે, કેમકે અભ્યાસમાં તેઓ ત્યાંથી વધે એવું મારં અનૂમાન છે, આદિ, ઈત્યાદિ. એ બંધુનાં સ્વમત પ્રમાણે તપાસી જોતાં ઉત્તર હિંદમાં પશ્ચિમ હિંદને પણ ભૂલાવે એવા તત્વાર્થિક માલુમ પડયા !

એ બંધુએ દર્શાવ્યું તેમ, એમનો પોતાનો એ ઉદર-નિર્વાહ અર્થે ધંધો નહોતો, તેમજ વાસ્તવિક પ્રકારે એ બાબેનાં જ્ઞાન, (મારાં મત મુજબ વાસ્તવિક વેદાંતિ-જ્યોતિષ જ્ઞાન)ની ઓછાઇને લીધે, એ બંધુ, પંડિતાઇ જ્યોતિષ વિદ્યાનાં ફળાદિશ શ્લોકોનો યથાયોગ્ય તત્વાર્થ પામી શકયા ન હોય એ સ્વાભાવિક હોય છે. એ સઘળું છતાં પણ, એમનો પ્રયાસ, જ્યોતિષ વિદ્યા દ્વારે માત્ર ઉદર-નિર્વાહ કરી સંતુષ્ટ પામી, તેને અધમ-ગતિયે સબડતી રહેવા દેવામાં પોતાની ફરજ સમજી બેઠેલાંઓ કરતાં, મારો ઉદ્ધાર થવામાં કાર્યસાધક થઈ પડે એવો હોવાથી, એમને માટે પ્રસંશા પાત્ર લેખી શકાય. એ માટે એ બંધુનો આભાર સ્વિકારીશ.

એ બંધુનાં દર્શાવ્યા મુજબ, એમની ભલી નિષ્ઠા છતાં પણ, જ્યોતિષ વિદ્યાનો કેટલોક અભ્યાસ એમણે સ્વતઃ પણ, પંડિત ઓળખાવનારા જોશારાજો કનેથી કરેલો હોવાથી; પવિત્ર ઋષિ, મૂનિયોનું જ્યોતિષ વિદ્યા અભ્યાસિક જ્ઞાન અને પંડિતાઈ જ્યોતિષ વિદ્યા ફળાદિશ (પાંચ ઇંદ્રિયો દ્વારા ઉભો થયલો અમુક અભ્યાસ) એ બંને દરમયાન રહેલો બળાબળ અને ઉંચ્ચ અભ્યાસિક-ક્રમનો તફાવત એ બંધુ ઓળખી શકવાને પછાત રહે, અને તે કારણે તે માર્ગે તે પંડિતાઇ અભ્યાસનું મથન એમની તરફથી પુસ્તક દ્વારે વધુ થયલું માલુમ પડે એ સ્વાભાવિક છે.

એક બીજા દયારામ ગિરિધર મીશ્ર નામે બંધુ તરફથી "જાતક ખંડ" નામે જ્યોતિષ વિદ્યાના અભ્યાસ તરીકે પુસ્તક, ગણીત અને ફળાદિશ બંને સહિત બાહેર પડેલું જોયું છે. સંસ્કૃતમાંનું સઘળું જ્યોતિષ, (સમજે અથવા વિના સમજે!) એમનાં કહ્યા મુજબ જોતાં, દર્શાવી દીધેલું હોવાથી, એ ઉપરથી અભ્યાસીઓ કયા તત્ત્વાર્થ રૂપે અભ્યાસ કરી શકે એ કહેવું મારાં માટે તો અશક્યં છે-પરંતુ એ દ્વારા, ખાસ સંસ્કૃત પંડિતાઇ ભાષા-અભ્યાસ વિના પણ, સઘળું જ્યોતિષ જાણવાનું (!) મળી જાય એવો સંતોષ તો વાસ્તવિક રીતે લઈ શકાય. એ પુસ્તકથી ઉપર દર્શાવેલાં પુસ્તકો કરતાં, વધુમાં મારાં કાર્ય રૂપી બળ જાણવામાં શો વધારો જ્ઞાન રૂપે થયો?! અને અભ્યાસ-ક્રમમાં સુધારોવધારો થયો ?! કહેવત છે કે, "નહિ મામા કરતાં કાણો મામો ભલો" તેમ જેઓએ કશું નહિ કર્યું હોય તેઓ કરતાં તો આ કાર્ય આવકારદાયક કહેવાય-અને એ માટે એ બંધુનો ઉપકાર માનવો ઘટે છે.

એ પુસ્તકના જેવોજ ભાસ આભાસ રૂપી અનેક વિગતો દર્શાવતું, એ પહેલાંનું હિંદી ભાષામાં (બાળબોધ અક્ષરે) પ્રગટ થયલું એક પુરાણું દળદાર પુસ્તક જોવામા આવ્યું હતું. જે ગૃહસ્થ તરફથી તે દર્શાવવામાં આવ્યું હતું તેની તરફથી (તે પુસ્તકનાં આગલાં પાના નહિ હોવાથી) સૂચવવામાં આવ્યું હતું કે, કાશ્મીરના રાજેશ્રી તરફથી અથવા તેમના આશ્રય હેઠળ એ યોજવામાં આવ્યું હતું.

એ હિંદી ભાષામાં તૈયાર મળી જવાથી તેને ગુજરાતી પોષાક પહેરાવી દેવામાં આવ્યો હોય તો બનવા જોગ હોય; એમ દર્શાવવું સામાન્ય પ્રકારે સમજવું. બંને એકીવેળા જોવામાં આવ્યાં નહિ હોવાથી ખાત્રી ભર્યું કહી શકાય નહીં.

શાસ્ત્રી દુર્ગાશંકર ઉમાશંકર શર્મા મુડેટીકર નામે મારા બંધુ તરફથી "જાતકાલંકાર" નામે બાહેર પડેલું પુસ્તક જોવામાં આવે છે. એ બંધુ પોતાને એ પુસ્તકના પ્રયોજક તેમજ શ્રી વાલુકેશ્વર સંસ્કૃત વૈદિક પાઠશાળાના મુખ્ય અધ્યાપક તરીકે ઓળખાવે છે. એવો જાતકાલંકાર ગુજરાતીમાં ટિકા

સહિતનો, "પોકેટ-બુક" તરીકે નાહનાં કદનાં પુસ્તકમાં, એ પહેલાં અમુક વ્યક્તિ તરફથી પ્રગટ થઈ ગયલો મને માલુમ છે. પરંતુ એટલી સંકુચિત વસ્તુ માટે એ બંધુ એવું એટલી હદનું દર્શાવે કે, "તેથી દરેક માણસ પોતાનું ભવિષ્ય આ ગ્રન્થદ્વારા જેમ દર્પણમાં પોતાનું પ્રતિબિંબ સ્પષ્ટ જણાય છે, તેવી રીતે જાણી શકશે..."

એ જાણીને વાસ્તવિક રીતે હું બાઈ-માનસનાં હાડેહાડ બુઝ નિકળે એમ કહું તો એ બંધુના જેટલી અતિશયોક્તિ દર્શાવી કહેવાય નહિ !

એ બંધુએ વાસ્તવિક રીતે તત્ત્વાર્થિક અભ્યાસ, એ માટે કરેલો હતો, અનુકુળ-પ્રતિકૂળ વસ્તુઓ (મળતી-અમળતી ચિઝો) કાંઈ તપાસવાનો શ્રમ લીધો હતો-અથવા કયાં કારણસર એ નામ પ્રમાણેના ઉપરના "અલંકાર" (આભૂષણ) ને મારા વાસ્તવિક અભ્યાસ તરીકે અનુમોદન આપી, એટલી સંકુચિત વસ્તુને એટલી ઉપમા આપવાનું વાજબી વીચાર્યું !

આ મારા વાસ્તવિક ભાવિક "લેખકે" ઉપર દર્શાવેલાં પુસ્તકો અને તે સિવા બીજાં એ માટેનાં અનેક અંગ્રેજી પુસ્તકોનો યોગ્ય તત્ત્વાર્થ લક્ષમાં લઈ અભ્યાસ કરેલો હોવા છતાં પણ, મજકુર ઉપલાં પુસ્તક માટેની અસંખ્ય યોગાયોગ (! ! !) દર્શકની જાહેરખબર સમજી, કાંઈ નવીન જ્ઞાન પ્રાપ્ત થાય એવા હેતુથી પુસ્તક મંગાવ્યું--અને--અને શેઠ કયાં તો કે જયાંના ત્યાં !

જાહેરખબર અને પુસ્તક બંનેની તૂળના કરી વિચાર્યું કે, પુસ્તક વળતું પ્રયોજક સાહેબ તરફ મોકલવું કે કેમ ? !--પણ--ના, કુદરતનો ચોકસ કાનૂન દરેક માટે એવો યોજાલો હોય છે કે, "કુવામાંનો કાચબો એમ સમજે કે, કુવો એટલીજ હદ દુનિયાની હોય છે, અથવા મહાસાગરમાંનો કાચબો એમ સમજે કે મહાસાગર એટલીજ હદ દુનિયાની છે; તો વાસ્તવિક રીતે તે હદ દુનિયાની નહિ પણ તેઓની અમુક દરજજેની સમજશકિતની હોય છે." એમ હોવા છતાં પણ જયારે

અમુક સંકુચિત વસ્તુ માટે અતિશ્યોક્તિ જેવું સ્પષ્ટ ભાસે ત્યારે એ-શબ્દોનો ઉપયોગ કરવો પડે છે.

મજકુર પુસ્તકથી, જ્યોતિષ વિદ્યા, તેનાં ફળાદિશ આદિ બાબતોના અભ્યાસ-ક્રમમાં કાંઈ નવીન અજવાળું પડે, અથવા કાંઇ નવીન તત્ત્વાર્થ જાણવાનો, સમજવાનો મળે, આ પહેલાંનાં એ વિશેના આગલાં પુસ્તકોના અભ્યાસીઓને પોતાના અભ્યાસમાં કાંઇ સુધારો વધારો યોજવાને બની આવે એવી તૂળના કશી જણાતી નથી. એવું છતાં પણ--મરહુમ મુડેટી ઠાકોર સાહેબ અને તેમના પૂર્વજોનું સંક્ષિપ્ત જીવનચરિત્ર, ભાષાન્તર કર્તાનું વંશવૃક્ષ આદિ બાબંતોનો પુસ્તક દ્વારે, અનૂકુલ હોય તેઓને સારો અભ્યાસ થઇ સંતોષ ઉપજે એ સ્વાભાવિક માલુમ પડે છે. એ માટે એ બંધુની પણ કાંઈક ઉપકૃત રહીશ.

ઉપલાં પુસ્તકોમાં, ભરૂચવાસી (મરહુમ) વકીલ શાકરલાલ શંભુલાલ દેશાઈ, જેમણે સંસ્કૃત ગ્રંથો ઉપરથી રચી પ્રસિદ્ધ કરેલાં ત્રણ પુસ્તકો, અનૂક્રમે "જાતક જ્યોતિષ ફળ દર્પણ," "તાજક જ્યોતિષ ફળ દર્પણ" અને "સંહિતા જ્યોતિષ ફળ દર્પણ" નામે જોવામાં આવે છે. એ પુસ્તકોમાંથી પ્રથમ લગભગ પચીશ વર્ષ ઉપર અને તે પછી પ્રગટ થયલાં માલુમ પડે છે. અલબત્તેહ, એમનાં મથન તરફ માનપૂર્વક નિહાળવું પડે છે. મુખ્ય ગણિત વિષય એમણે હાથ ધર્યો નથી-છતાં તેની યથાયોગ્ય સમજ દર્શાવેલી છે. અગાઉ જોઈ ગયા તે મુજબ સ્વાભાવિક રીતે એ ગૃહસ્થ, વાસ્તવિક તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમને પુગી શકયા નહિ તો પણ એ મારા ભાવિક બંધુએ ઉંઠા-વેલો પ્રયાસ સ્તુતિપાત્ર છે. એ પુસ્તકોમાંથી કેટલોક તૈયાર માલ, અન્ય વ્યક્તિ-યોગે, પોતાનાં પુસ્તકોમાં દાખલ કરવાનું ડહાપણ વિચારેલું દ્રષ્ટિગોચર થાય છે. એ ગૃહસ્થે સંસ્કૃત ઉપરથી યથાયોગ્ય રચી પુસ્તકો બાહેર પાડવાનું મથન કર્યું છે, જયારે અન્ય વ્યક્તિયોગે માત્ર ભાષાંતરમાં સંતોષ પકડયો--અને ફરીને જયાંના ત્યાં-એ ભાસ આભાસ દર્શાવનારા માર્ગ ગ્રહણ કરવાનું વાજબી વિચાર્યું, અથવા તે માર્ગ યોજવાની ગતિ નહિ હોય, એ મારે માટે દિલગીરી ભર્યું થઈ પડે છે.

એ કર્તા સિવાયનાં, ઉપર જણાવેલાં અન્ય બંને પુસ્તકો પ્રગટ થયાને અનૂક્રમે દશ અને ૭ વર્ષ માલુમ પડે છે.

વધુ જાણમાં આવેલાં નજીકનાં પુસ્તકો.

જોશી સોમેશ્વર દ્વારકાંદાસ તરફથી બાહેર પડેલાં "જ્યોતિષ કલ્પતરૂ" અને "જાતક પારિજાત" નામે દળદાર પુસ્તકો જોવામાં આવે છે. એ પુસ્તકો જોતાં, પહેલી નઝરે માલુમ પડયા વિના રહેતું નથી કે, આ મારા ભાવિક અને ધંધાદારી બંધુએ મોટો પરિશ્રમ, મારા ઉદ્ધાર થવાના માર્ગને અનુમોદન મળે એવા હેતુથી ઉઠાવેલો હોવોજ જોઈયે. એ ઉઠાવેલા પરિશ્રમ માટે વાસ્તવિક રીતે, એ માટે બે-શબ્દો દર્શાવું તે પહેલાં, પ્રથમ પગથ્યેજ, એ બંધુનો મુજ પ્રત્યે થયલો આભાર સ્વિકારીશ.

જણાવ્યા મુજબ ઝાહેરમાં સંખ્યાબંધ અભિપ્રાયો એ પુસ્તકો માટે, રાજા રજવાડા, સત્તાધિશો, વિદ્વાન વર્ગો, વિદ્વાન જોશીઓ, વર્તમાન પત્રો અને ગૃહસ્થો તરફથી, એ પહેલાંના એ બંધુને મળી ચુકેલા છે—એટલે હું એક નારી જાતિ (બાઈ-માનસ) એ બંધુને મારા અભિપ્રાય તરીકે વધુમાં શું દર્શાવી શકવાની હતી ! ? યાને એટલી હદનું અમુક ગૃહસ્થો (નર જાતિયો) તરફથી બજાવવામાં આવ્યા બાદ મારાં માટે તે વળી શું શેષમાં રહેવાનું હતું ! ? એ કારણે મજકુર પુસ્તકો જોડે તે પ્રત્યેના અભિપ્રાયો ઉપર મારૂં લક્ષ વધુ ખેંચાય એ સ્વાભાવિક છે.

ગણિત વિષય સંબંધી બોલું તો વાસ્તવિક એ બંધુને અન્યો કરતાં વધુ માન ઘટે છે. પરંતુ એ વિષયને બાકાત રાખી માત્ર અભ્યાસ-ક્રમ તરીકે ફળાદિશ સંબંધી બોલું તો, આ બંધુને આટલો બધો પરિશ્રમ તે માટે ઉઠાવવાનું કયા માર્ગે વાજબી કારણ જણાયું હોય તેજ પ્રથમ તો કલ્પિ શકાતું નથી ! કેમકે, એ બંધુએ ગ્રહણ કરેલા માર્ગે (પંડિતાઇ ફળાદિશ) રૂપે તો સ્વિસ્તર ફળાદિશ, એથી પણ વધુ સરળ માર્ગે સમજી શકાય એવી રૂઢિયે દર્શાવવાનું, અગાઉ જણાવ્યા મુજબ, (સ્વર્ગવાસી) વકીલ શાકરલાલ શંભુલાલ દેશાઇ તરફથી મથન થઈ ગયલું હતું. આગળ જોઈ ગયા તેમ, મજકુર ગૃહસ્થ તરફથી દર્શાવવામાં આવેલાં અમુક નિમિત્તથી, એ ગૃહસ્થની ભલી નિષ્ઠા છતાં પણ, એમનાથી હજી ઉચ્ચ અભ્યાસ દ્વારે પગ મેળી શકાયો નહિં હોય એ બનવા જોગ હતું. પરંતુ એ બંધુએ તો, સ્વતાઃ ધંધારૂપી અથવા અન્ય માર્ગે, તેમ કરવાની અનેક પ્રકારે

સગવડ હોવાથી, મુજ પ્રત્યેના પોતાના અનુભવમાં તત્વાર્થિક અભ્યાસ વધુ સંપાદન કરેલો હોવોજ જોઈએ—ત્યારે કહેવત મુજબ "પિંજી પિંજીને વળતો રૂનો રૂ" (!) તેવો માર્ગ યોજવાને બદલે, પોતાના સ્વાભ્યાસ દ્વારે સંપાદન કરેલી હોય એવી અનુભવ સિદ્ધ બાબતોનો અભ્યાસ-ક્રમ દર્શાવવાને ટુંકમાં મથન કર્યું હતે તો અવશ્ય બહુ આવકારદાયક થઇ પડયું હતે—કેમકે, વાસ્તવિક રીતે ખોટ તો તેવીજ વસ્તુ જાણવાને માટે જાહેર વર્ગને તેમજ મારા ભાવિક સેવકો માટે હતી, અને હજી પણ છે, એમ એ બંધુથી ના પાડી શકાશે નહિં.

હિંદુ બંધુઓના વનવાસ ગ્રહણ કરી પર્ણકુટિમાં રહેનારા પવિત્ર ઋષિ મૂનિયોની જ્યોતિષ વિદ્યા અને તેનું તત્વાર્થિક ફળાદિશ, તેનો અભ્યાસ, તેનું શિક્ષણ મેળવવાનો માર્ગ, તેની સમજશક્તિ દ્વારા કુદરતમાંથી મેળવવાનો લાભ આદિ વસ્તુ; અને હાલમાં ઉપયોગમાં લેવાય છે તે માર્ગ અને પંડિતાઇ જ્યોતિષ ફળાદિશ આદિ વસ્તુમાં અને તેનાં શિક્ષણમાં બહુ મોટો તફાવત હોય છે; એ તફાવત વાસ્તવિક રીતે અદ્યાપિ, તત્વાર્થિક અભ્યાસ ધરાવનારા હિંદુ બંધુઓ પણ યથાયોગ્ય રીતે કલ્પિ શકયા નહિં એ શોચનિય વાત છે. એનું કારણ એ જણાય છે કે, તેવા તત્વાર્થિક અભ્યાસ ધરાવનારા હિંદુ બંધુઓએ, એ ઉપયોગી વસ્તુનો પોતાનાં જ્ઞાન દ્વારે એનો ઉચ્ચ અભ્યાસ કરવાનો પ્રયાસ ઉઠાવવાને બદલે, એ વિદ્યાની અધમ-કૃતિ તરફજ નિહાળી, એનાથી અલગપણું જાળવવાને વાજબી વિચાર્યું હોય ! (એ માટે વધુ વિવેચન અત્રે કરવું અશક્ય હોવાથી, એનો ટુંક સારાંશ, એ પુસ્તકનાં છેવટના ભાગ ઉપર પ્રગટ થયલા લેખ ઉપરથી સમજી લેવો.)

ભાવિક બંધુઓ ! તમોને અને તમારાં બાળકોને અમુક શિક્ષણ દ્વારા, કુદરતનું તત્વાર્થિક જ્ઞાન મેળવી ઉચ્ચ ગતિયે પુગવાનો વિચાર હોય તો— (વાસ્તવિક રીતે એમ કહેવામાં હું બાહ્ય-માનસને કાંઇક લજ્જા જેવું ભાસે એ સ્વાભાવિક છે, પણ આગળ દર્શાવી ગયા પ્રમાણે, મુજ સમિપ ફરજરૂપે આવી ઉભુંજ રહે ત્યારે કહ્યા વિના છુટક હોય નહિ !)

श्री सूर्याय नमः સૂર્યને નમસ્કાર રૂપે દર્શન કરતી વેળા, તેનાં સ્મર-

ણાર્થે તમો બંધુઓ જે શબ્દોમાં તેને સ્વિકારો છો, માન્ય રાખો છો, શ્વાસ દ્વારા ગ્રહણ કરી જીવનશકિત રૂપી રક્ત જોડે મિશ્રણ કરી જ્ઞાનતંતુને પોષણ આપો છો--તે સઘળા શબ્દોના તત્વાર્થિક અભ્યાસ તમારાં ભેજાંમાં રાખી બાદ પંડિતાઇ જ્યોતિષ ફળાદિશના શ્લોકોને શિક્ષણ રૂપે ગોખતા રહી તે શ્લોકો તત્વાર્થને પુગવાને મથન કરજો--સૂર્ય=આત્મા; સૂર્ય (આત્મા) અમુક પદ્ધતિની સ્ત્રી જોડે વ્યભિચાર કરાવે છે (!) ગુરૂ—જ્ઞાન; ગુરૂ (જ્ઞાન) અમુક રૂપના સ્ત્રીની સોડ સંધાવે છે. (!)(પારસી કોમમાંથી કેટલોક ભાગ એવો દાવો કરે છે કે, આપણે "બરજીસ" (ભરેસ્પતિ) સેતારા ઉપરથી ઉતરેલા છે તો તેનું કેમ !) જેનો પુનર્જન્મ થનાર નથી, એવા યોગિયોના મોક્ષનું દ્વાર, આત્માને જાણુનારા યોગિયોનો આત્મા, એવો વેદમાં ગવાયલો સૂર્ય--પંડિતાઇ જ્યોતિષ ફળાદિશની રૂઢિયે શ્લોક રૂપે શિક્ષણાર્થે અધમ-કૃતિયે આવી વ્યભિચારી તત્વ પ્રગટ કરે તો શું કાંઇ આશ્ચર્ય જેવું છે !? વનવાસ રહી પર્ણકુટીમાં સેંકડો વર્ષ રહીને પવિત્ર ઋષિ મૂનિયોયે શું જ્યોતિષ વિદ્યા રૂપી ફળાદિશ તરીકે એવુંજ તત્વાર્થિક મથન કરી, પોતા જોડે અન્યોનો પણ ઉદ્ધાર થવાનો માર્ગ એવી જ્ઞાન-દ્રષ્ટિયે યોજ્યો હશે ? !

મારી બહેનપણીઓનાં શબ્દોમાં બોલું તો, અનેક નર જાતિયો અભિપ્રાય તરીકે મજકુર પંડિતાઇ ફળાદિશ સંબંધી બોલીને પરવારી રહ્યા ! પણ હવે મુજ નારી જાતિની વારી આવી છે ! એ પુસ્તક બાહેર પાડનાર બંધુ એ, એમનાજ શબ્દોમાં બોલું તો, એક અતિ ઉપયોગી વસ્તુને, રત્નરૂપ ગ્રંથ રૂપે, દરેક વર્ગ એનો આશ્રય લઇ જ્ઞાનમાં વધારો કરી શકે, જ્યોતિષ જેવો હીરો પ્રાપ્ત થાય, એ પછી અન્ય ગ્રંથો લેવાની આવશ્યકતા રહે નહિ--એવા મહત્વતા દર્શક શબ્દો સહિત ઝાહેરમાં અભ્યાસ અર્થે મેળી; ગ્રંથકર્તા તરીકે પોતા તરફના એકેક વધુ શ્લોક પંડિતાઇ ફળાદિશ જોડે આમેજ કરવાનું વાસ્તવિક વિચાર્યું તે સ્તુતિપાત્ર છે--પણ તે જોડે, અમુક વસ્તુના ગ્રંથકર્તા તરીકે દર્શાવી તે વસ્તુને ઝાહેરમાં મેળનાર ગૃહસ્થોની સામાન્ય રીતે એક મુખ્ય ફરજ હોય છે, જે અભિપ્રાય દર્શાવનાર ગૃહસ્થો ભૂલી ગયા હોય તો હું (ગૃહણી) દર્શાવું છું તે એ છે કે, કોઇ પણ વ્યકિતયે માત્ર ગ્રંથકર્તામાં ખપવાની અમુક પ્રકારની ઉંચ્ચ દરજ્જે ઉત્કંઠા ધરાવવા કરતાં, બને તેટલું તે વસ્તુનું ઉંચ્ચ દરજ્જે મથન કરી, વાસ્તવિક તત્વાર્થ મેળાવા,

સાર ગ્રહણ કરી અસારને દૂર કરી; તે વસ્તુને અભ્યાસ તરીકે એમની એમ ઠેસવી દેવાને બદલે; તેમાં પોતાના તે વસ્તુ બાબેના અભ્યાસિક જ્ઞાન તરીકે, સુધારા વધારા સહિત અભ્યાસ-ક્રમમાં મેળાય એવી ઉત્કંઠા વધુ હોવી જોઈએ. કારણ કે, નહિ તો એવો ભાસ, આભાસ સ્પષ્ટ પ્રદર્શિત થાય કે, "આવ ભાઈ હરખા-આપણે સુધળા સરખા"! વાસ્તવિક રીતે તે બંબેના અભ્યાસિક અને અ-અભ્યાસિક વચ્ચેની તુળનાં કેમ થાય ?! વળી વધુમાં વાસ્તવિક રીતે જો એક અતિ ઉપયોગી અભ્યાસિક વસ્તુ હોય અને મોટાં પ્રમાણમાં તેનો જન-સમૂહ લાભ લેવાને આવશ્યકતા જોતો હોય તો તેવી વસ્તુ માટે નો બને ત્યાં સુધી, એક વસ્તુ ભાષાંતર રૂપે મેળનાં પહેલાં, ગ્રંથકર્તા રૂપી સાહેબોએ અવશ્ય વિચારવાનું હોય છે કે, એથી ભવિષ્યનાં શિક્ષણ રૂપે "આંધળો આંધળાને દોરવે" એવી જન-સમૂહની તે વિશેની મતિ-ગતિ હોય તો, પોતાની ભલી નિષ્ઠા છતાં પણ સામુ તેવી ગતિને વધુ ચલાયમાન ઉત્તેજન મળતું તો નહિ થય ? આદિ ઈત્યાદિ. એ મુખ્ય ફરજ ઉપર જોઈએ તેવું લક્ષ અપાયું હતે તો વધુ આવકારદાયક, એ માટે ધન્યવાદ આપી શકાય એવું હતે. માત્ર પંડિતાઈ ફળાદિશની બાબત તરફ નિહાળી બોલતાં, એ અમુક સરળ રૂઢિયે દર્શાવવામાં વકીલ શાકરલાલની નેમ વધુ પાર પડેલી જણાય છે.

(એ પંડિતાઈ ફળાદિશના, બહેનપણીઓના અર્થસૂચક શબ્દોમાં કહું તો, "સારી પેઠે ખબર", અંગ્રેજી પુસ્તકો ઉપરથી અભ્યાસિક મથન કરી તે દ્વારે "ધી પ્રેક્ટીકલ એસ્ટ્રોલોજી" નામના પુસ્તકના લેખકે લાધેલી માલુમ પડે છે. એ સંબંધી આગળ જતાં વધુ જણાશે.)

જોશી સોમેશ્વરનાં પુસ્તકમાં, એમના દર્શાવ્યા પ્રમાણે કોટયાધિપતિ, લક્ષાધિપતિ, વકીલ, સોલિસિટર, જાહેર લેખકો, બુદ્ધિમાન નર-નારીઓ, આંધળાં, પાંગળાં, લુલાં લંગડાં, આદિ અનેક વ્યક્તિયેની જન્મ કુંડળીઓ અભ્યાસાર્થે અપાયલી જોવામાં આવે છે. બેશક આ કાર્ય પ્રસંશાપાત્ર છે. એમ થવાથી પંડિતાઈ જ્યોતિષ ફળાદિશની આપણે વાસ્તવિક પ્રકારે તૂળના કરી શકવાને સમર્થ હોઇએ છીએ. ટુંકમાં સવાલ માત્ર એટલોજ ઉભો થાય છે કે, એ ભલી નિષ્ઠા ધરાવનાર વિદ્યાદેવીના પૂજારી બંધુએ, સદરહુ જન્મ કુંડળી રૂપી વ્યક્તિયોની તે તે બાબતોની પ્રબળ નિર્બળ સ્થિતિ,

આક્રમણ, ગુણ-દોષ આદિ અનેક બાબતો તેઓને યોગાયોગ રીતે વાસ્તવિક ફળાદિશ રૂપે લાગુ પડયું હતું, પડે છે અને પડતું રહેશે—વગેરે અનૂકુળ ફળાદિશ, પંડિતાઈ શ્લોકી ફળાદિશના આધારે સઘળું તૂળના રૂપે અને વાસ્તવિક લાગુ પડતી રીતે નિહાળ્યું કે, તે દ્વારે સ્વતાઃ પોતાના મથન કરી સિદ્ધાંત રૂપે અમુક ચોકશ કરેલા અભ્યાસ દ્વારે તે ફળાદિશ રૂપે લાગુ પડેલું (અનૂકુળ) માલુમ પડયું ?! જો બીજે માર્ગે માલુમ પડયું એમ હોત તો, તે કુંડળીઓના યથાયોગ્ય અભ્યાસ તરીકે, પોતાના અભ્યાસિક મથનનાં અનૂભવિક સિદ્ધાંત માર્ગે રહસ્ય, શિક્ષણ રૂપે દર્શાવ્યું હતે તો, તે વધુ આવકારદાયક ઉચ્ચ દરજ્જેનું થવા જોડે, એ બંધુને આ માર્ગે જે પરિશ્રમ ઉઠાવવો પડયો છે તેની આવશ્યકતા રહેતે નહિ.

એટલાં ઉપરથી એ બંધુ મારો ભાવાર્થિક ઉદ્દેશ સમજવાને શક્તિમાન થાય એ સ્વાભાવિક છે-કેમકે, એક યા બીજે માર્ગે જોતાં હું સ્વતાઃ પણ મૂળ રૂપે તો તેજ વસ્તુ છું; અને અન્ય નામ દ્વારા, માત્ર ઉચ્ચ, સૂક્ષ્મ, યથાયોગ્ય, તત્વાર્થિક રૂપે, કુદરતના કાનૂન મુજબ અને તેટલો સમાંતર અને સમાબળ જાળવી, અનૂકુળતા સહિત પ્રકાશમાન થવાની ફરજ વિચારૂં છું.

એમ હું નારી જાતિ હોવા છતાં પણ સ્વતાઃ અભ્યાસિક હોવાથી, વાસ્તવિક રીતે અમુક દર્શાવેલી વસ્તુનું અભ્યાસિક માર્ગે વ્યવહાર રીતે અવલોકન કરવું એ મારો પોતાનો ધર્મજ હોય છે. એટલે કોઇ પણ પુસ્તકનું આગળનું અને પાછળનું પુઠું, તેની બાઇન્ડિંગ, કાગળ, છપાઈ વગેરે આભૂષણ નિહાળી પ્રસંશા અથવા અપ્રસંશા દર્શાવવાની માત્ર સંકુચિત ફરજમાં, જેમ મારા ભાવિક કહેવરાવનારા અને તેમાંજ પોતાનો કાળ નિર્ગમન કરી ધંધા રૂપે પ્રકાશમાન થનારા નર-જાતિ બંધુઓની માફક, શમાઇ રહું એ કેવળ મારે માટે અશક્ય હોય છે.

એ કારણે મજકુર જન્મ કુંડળીઓનો, શિક્ષણ રૂપે રજુ થયલાં શ્લોકી પંડિતાઈ ફળાદિશના અભ્યાસ તરીકે સામી સરખામણી કરી જોતાં, "અ-કોમળ" નર જાતિયોના શબ્દોમાં કહું તો હું "કોમળ" નારી

જાતિ છતાં, મને સ્વાભાવિક ગિળગિળ્યાં (!) સ્ફુરે તો આશ્ચર્ય જેવું શું હોય ? !

કોટયાધિપતિ તે, તે અભ્યાસ દ્વારે ભિ--ખા--રી હોય એવું તાત્કાળિક નઝર સમિપ લાવી ઉભું કરે ! અને હું નારી જાતિ હોવાથી લખી તો શું પણ ઉચ્ચારી વદિ શકું નહિ; એવા ગુણદોષોનું સઘળું મિશ્રણ (વિના સમજનું) નિરર્થક પિંજન રૂપે, અભ્યાસના સરળ માર્ગને બદલે, સામુ મારા માર્ગમાં શંકાશિળ રૂપે નડતળ તરીકે ઉભું રહે, અને તેવા ભાસ આભાસની અનૂકુળતાને ઠેકાણે પ્રતિકૂળતા ઝાહેરને મળતી રહે એ સ્વાભાવિક હોય છે.

અદ્યાંપિ અનેક ઝાહેર વિદ્વાન વ્યકિતયો, જેઓએ વાસ્તવિક રીતે સ્વતઃ જ્યોતિષ વિદ્યા ફળાદિશનો માર્મિક અભ્યાસ કરેલો હોતો નથી, પરંતુ તે ફળાદિશ જોડે, તે વિદ્યાના મૂળ સ્થાપકો તરીકે પવિત્ર ઋષિ મૂનિયો, પયગમ્બરો આદિના નામો જોડાયલાં હોવાથી, તેઓ તે પ્રત્યે આકર્ષાઇ સ્વતઃ શોક તરીકે તે પ્રત્યે અભિલાષા ધરાવી તેને અનુમોદન દર્શાવતા રહે એ સ્વાભાવિક અને વાસ્તવિક ફરજ રૂપે હોય છે.

એવા વાસ્તવિક વિદ્વાન વ્યકિતયો તરફથી અનેક વેળા અંગત અથવા ઝાહેરમાં બોલાયલું, લખાયલું, વાંચક વર્ગને જાણવાનું મળી ગયલું છે કે, જ્યોતિષ ફળાદિશમાં તો ફળ-દર્પણ રૂપે સઘળાંનો એટલો સમાવેશ સમજ રૂપે દર્શાવવામાં આવેલો છે કે, તેમ બન્યા વિના, અનૂભવ મળ્યા વિના આદિ, ઈત્યાદિ--વિના--વિના--વિના--રહેજ નહિ પરંતુ -(વળી એ "પરંતુ" નડતળ રૂપે આવી ઉભુ રહ્યું !) જોશીઓમાં એ વિશેનાં શિક્ષણ અને તે દ્વારા મેળવવાની સમજમાંજ ઓછાઇ હોવાથી તેઓ વાસ્તવિક કલ્પિ શકતા નથી ! આદિ, ઈત્યાદિ.

પવિત્ર ઋષિ મૂનિયોનાં જોડેજોડ નામ આવ્યાથી મારી તરફ અચૂક ભકિતભાવ ધરાવી ભાવના રૂપે અથવા સ્વાભાવિક આકર્ષણ રૂપે નિહાળ-નારા વિદ્વાન બંધુઓ ! એ ઉપર દર્શાવેલી તમો બંધુઓની અદ્યાપિ ઉભી થયલી સમજમાં થોડુ વાસ્તવિકપણુ હોય તોપણુ, જ્યારે એક

બાળકને અમુક પદ્ધતિ રૂપે અમુક માર્ગે જાણ્યુ અથવા અજાણ્યુ, પણ અમુક સમજશકિત રૂપે શિક્ષણ મળતું રહ્યું હોય, તેના જ્ઞાનતંતુ તેજ સમજશકિત દ્વારા ગોખી ગોખીને પોષાઈ પરિપકવ થયા હોય, વળી "ધૂળ ઉપર લિંપણુ" તેમ એક વસ્તુ માટે યથાયોગ્ય શિક્ષણ રૂપી માર્ગ યોજવાને બદલે, તેનેજ સંસ્કાર અને વાહ:વાહ મળતી રહે તો, પછી તે બાળક, જોશી કહેવરાવ્યા બાદ, પોતે તમોને વધુ ઉચ્ચ દરજજેની પોતાની નિર્માણ-ગતિ તે શું દર્શાવી શકવાનું હતું ?!

ના-ના-, બંધુઓ ! જેટલો હાલના જોશીઓનો એ સંબંધી કસુર નથી તેટલો બાતેનમાં એ પંડિતાઈ જ્યોતિષ ફળાદિશ અને તેની નિર્બળ અભ્યાસિક પદ્ધતિ. સમજ અને તેને (વિના સમજે) મળતો રહેતો સંસ્કાર એ કસુર તરીકે મોટો ભાગ ભજવે છે. અને તેજ સબબે તેઓ એ વિદ્યાના અને એનાં ફળાદિશનાં, પોતાનાં નામ જોડે (હું નારી જાતિ હોવાથી સ્વાભાવિક રીતે હાથને ધ્રુજરી એવી વેળાએ ઉદ્દભવિ આવતી હોવાથી તે સનદાદિ શબ્દો યોગ્ય રીતે લખી શકવાને અશકય છું !) તેવી અમુક દરજ્જેની યોગ્યતા દર્શાવનારી સનદ રૂપી શબ્દો ધારણ કર્યા છતાં પણ, સાધારણ રીતે સામાન્ય વર્તારા રૂપે ફળાદિશમાં પણ, ફળાદિશ રૂપે 'એ વિદ્યાની અનૂકુળતાની મહત્વતા તો રહી પણ તે વિશેનો ઝાંખો ખ્યાલ પણ દર્શાવવાને પછાત પડે તો કાંઈ આશ્ચર્ય જેવું છે? ! અને એવી ફળાદિશ રૂપી શિક્ષણની અધમ-ગતિ માટે પ્રસંગાનૂસાર, અંગ્રેજી જ્યોતિષ તરફ આકર્ષણ ધરાવનારા બંધુઓ "સારી પેઠે ખબર" લેતા રહે તો તે વિના કારણે અને ગયરવાજબી કહેવાય ? ! ત્યારે વાસ્તવિક રીતે અદ્યાપી સમજવામાં અને સમજાવવામાં આવે છે તેમ ખુદ જોશીરાજોની અમુક પ્રકારની સમજશકિતનાં રહ્યુ કરતાં પણ, પંડિતાઇ જ્યોતિષ ફળાદિશ ના અભ્યાસ-ક્રમનું રહ્યુ વધુ ઢિલું માલુમ પડે છે, અને તે સબબે તે દ્વારે, અનેક સનદાદિ સ્વ-મહત્તતા દર્શક ઉપનામે ગ્રહણ કર્યા છતાં પણ, તેઓને અમુક ઝાહેર બાબતમાં એ વિદ્યાની યોગ્યતા પૂરવાર કરવાને ઠેકાણે, નિ-ષ્ફ-ળ-તા આથડતી રહે તો તેમાં આશ્ચર્ય જેવું શું હોય ? !

એ લેખક બંધુ જોશી સોમેશ્વરે, સ્વ-અભ્યાસ દ્વારે પોતે સંપાદન કરેલા અમુક અનૂભવિક સિદ્ધાંત તરીકે, ભાર મેલીને સૂચવેલું યાને તે પ્રત્યે

વાંચક વર્ગનું લક્ષ ખેંચવાનું વાજબી ધારેલું દિસે છે કે, મૂળ જન્મ કુંડળી કરતાં નવમાંશ કુંડળીમાં ગ્રહો આદિ બાબતોનું બળાબળ ફરી ગયું હોય, વગેરે બાબત ઉપર પ્રથમ લક્ષ આપી નિર્ણય યોજવો-કેમકે, નવમાંશથી મૂળ જન્મનાં ફળમાં મોટો ફેરફાર થાય છે, આદિ, ઈત્યાદી.

જેવી રીતે પંડિતજી ફળાદિશમાં દર્શાવવામાં આવે છે તે મુજબ (સંકુચિત હાલતે), નવમાંશમાં માત્ર ગ્રહો ઉચ્ચ નીચના થવાથી જોવાની પદ્ધતિનો સંકુચિત ક્રમ હું સ્વિકારતી નથી, છતાં ઈન્સાફને ખાતિર તે માન્ય રાખું તો સવાલ એ ઉઠે છે કે, પેલી જન્મ કુંડળીઓ જોડે, વાસ્તવિક રીતે જ્યોતિષ ફળાદિશના અભ્યાસ દ્વારે તેની તૂળના રૂપે, એક અભ્યાસીને અભ્યાસ વધારવો હોય તો, વળી જન્મ કુંડળીઓનું ફળાદિશ ફરેલું હોય (એ મહંત ભાગે દરેક વ્યકિતનું ફરેલુંજ રહે છે) તો પછી, માત્ર જન્મ કુંડળીઓ દ્વારેજ. દર્શાવેલું તે ફળાદિશ પ્રાપ્ત થયું હોય એવો વાસ્તવિક ભાવાર્થ કયાંથી રહે ? ! એ કારણે નવમાંશ કુંડળીઓ પુસ્તકમાં કયા પાને પ્રગટ થયલી છે તે, (સામાન્ય બંધુઓએ શ્રમ ઉઠાવવાની કૃપા કરવી નહિ પરંતુ) જેઓએ પુસ્તક દ્વારે જ્યોતિષ ફળાદિશનો વાસ્તવિક અભ્યાસ કરીને, અથવા બીજા શબ્દોમાં દર્શાવ્યે તો જોશી રાજેશ્રીઓએ ફળાદિશની અનૂકુળતા વિશે પોતાની પ્રસંશા સહિત ઝાહેર વર્ગનું ને પ્રત્યે લક્ષ ખેંચી ભલામણ કરવાનું યોગ્ય ધારી દ્રઢતા દર્શાવી છે તેઓએ જણાવવાની કૃપા કરવી-જેથી તેઓએ, હાલની અને ભવિષ્યની પ્રજાને અમુક માર્ગે દોરવ્યા પૂર્વે, તેનું વાસ્તવિક અવલોકન કરી, પોતાની નિમાર્ણ થયલી ફરજ અદા કરી છે એવું જન-સમૂહને પ્રદર્શીત થાય.

જો એમ નહિ હોય તો, તેઓએ પોતાની વાસ્તવિક ફરજ અદા કરવાને બદલે, "તેનાં કાગળો, બાઇન્ડીંગ, છપાઈ ને સુંદરતા હોવાથી તે એક લાઈબ્રેરીના શૃંગાર તરીકે થઈ પડે " (!) એવી વસ્તુઓ ઉપર અભ્યાસિક દ્રષ્ટિ નાંખી પોતાની ફરજથી નિવૃત થઇ, સાથે જન-સમૂહને પણ તે વસ્તુને તેજ રૂપમાં સ્વિકારવા અને તેથી તેઓનો ઉદ્ધાર થવાનું દર્શાવવા વાજબી વિચાર્યું હોય (! ! ! (એવું વાસ્તવિક અભ્યાસિક નઝરે જોઈ તે દ્વારે શિક્ષણ સંપાદન કરવાની અભિલાષા ધરાવનારને સ્હેજે હાસી આવે તો આશ્ચર્ય જેવું શું હોય ? !

ઉપર પ્રમાણે ફળાદેશ, તેનો અભ્યાસ–ક્રમ, પ્રસંશા, ફરજ, આદિ સામાન્ય વિષયો ઉપર ભવિષ્યના ફાયદા તરીકે જન–સમૂહને સહાયકર્તા થાય એવા સદ્ હેતુથી તત્વાર્થ રૂપે થોડાક શબ્દો દર્શાવ્યા છે.

હવે એ વિદ્યાદેવીના પૂંજારી ભાવિક બંધુ તરફ અંગત રીતે બે બોલ લખવાની જીજ્ઞાસા થોભાવી શકું તો પ્રસંગોપાત ફરજમાં કચાશ રહે.

જેઓએ કશું નથી કર્યું, અથવા જેઓએ એ માર્ગ ગ્રહણ કરી કશું કર્યું હોય, તેઓ જોડેની અંગત સરખામણીમાં જોતાં, તો એ બંધુએ જે શ્રમ નહિ પરંતુ, પરિશ્રમ ઉઠાવી, સંસ્કૃત જેવી અઘરી ભાષા, અને વળી આ જ્યોતિષિ ફળાદેશ રૂપી સમજવાને કઠિન શ્લોકો ભાવાર્થમાં ગુંત રહેલા સઘળા સાર–અસારને પ્રગટમાન કરી તે જાણવાને સરળતા કરી આપી છે તે માટે, અને ગણિત વિષય ઉપર બહુ મથન કરી "ભૂખ્યાને તૈયાર લાડુ ખાવાનો મળે" એવો માર્ગ યોજી પોતાના તરફનો વાસ્તવિક હિસ્સો જન–સમૂહને અર્પણ કર્યો છે તે માટે એ બંધુને વિદ્યાદેવીના પૂંજારી તરીકે ધન્યવાદ આપી શકાય છે.

વિદ્યાદેવીના પૂંજારી તરીકે આ બંધુએ આટલો પરિશ્રમ ઉઠાવી, વખતનો ભોગ આપ્યા બાદ, એ કાર્યના ઝાહેર આશ્રય તરીકે રાજા રજવાડા આદિ શ્રિમંત સ્થળેથી શી વ્યવસ્થા થઇ અને તેથી એ બંધુને પોતાના ઉઠાવેલા પરિશ્રમનું કાંઈક ફળ પ્રાપ્ત થયું હોય તે જાણ બાહેર છે. માત્ર પ્રસંશા રૂપે કલમ અને શાહીમાં તે આવી અટક્યું હોય તો શોચનિય છે. સાંભળ્યા પ્રમાણે એ બંધુ સરળ, સદાચરણી, લોભ રહિત, ભલી નિષ્ઠા ધરાવી નેક–માર્ગી વૃતિથી વર્તન ધરાવનારા વર્ગમાંના એક છે.

અંગ્રેજી પુસ્તકો ઉપરથી મથન કરી "ધી પ્રેકટીકલ એસ્ટ્રોલૉજી" નામનું પુસ્તક, પારસી બંધુ દી૦ શા૦ હોમીયાર તરફથી રચાઇ બાહેર પડેલું જોવામાં આવે છે. મુજ પ્રત્યે અચુક માનની લાગણીથી જોનારા એ મારા ભાવિક અભ્યાસિક બંધુએ, પોતાની નિર્માણ થયલી ફરજ, જે દ્રઢતા અને સદ્ હેતુથી અભ્યાસિક દ્વારે બજાવી છે તે માટે એ બંધુને વાસ્તવિક ધન્યવાદ આપવા જોડે, મુજના ઉદ્ધાર દ્વારે મેળેલાં પગલાં માટે એ બંધુની અહેશાનમંદ રહીશ.

પંડિતાઇ શ્લોકી ફળાદિશ અભ્યાસ- ક્રમ સંબંધી, અને એને લગતી અનેક બાબતો સંબંધી એ બંધુએ જે વૃતાંત, વાંચક વર્ગ અર્થે પુસ્તક દ્વારા રજુ કરવાનું વાજબી વિચાર્યું છે તે, પ્રસંગોપાત મનન કરવા યોગ્ય છે એમ મને દર્શાવ્યા વિના છુટક હોય નહિ. એ પુસ્તકને વાંચક વર્ગમાંથી કદાપિ કોઈએ તે "ઉપરટપકે"થી જોઈ જવાનું વાજબી ધાર્યું હોય તો, તે ફરીથી મનન પૂર્વક વાંચી જવાની હું યોગ્યાનુસાર ભલામણ કરૂં છું. એ બંધુ દર્શાવે તેવી નિર્બળ, અધમ કાર્યગતિ રહે અને વળતો તે માર્ગને સંસ્કાર મળતો રહે, તેનાં થોડાક અર્થસૂચક કારણો, ઉપર પ્રમાણે થોડીક તત્વાર્થિક શબ્દોમાં, મારી સમિપ ઉભેલી ફરજ અદા કરવાના સદ્ હેતુથી, દર્શાવી ચુકી છું તે ઉપરથી, એ બંધુની તેમજ અન્ય વર્ગની શંકા દૂર થતી જશે એવી મુજ ધારણા છે. હાલમાં એ વિશે વધુ બોલવાની અનવસ્યકતા હોય એમ ધારતું નથી.

એ બંધુએ અનેક પ્રકારના પસંગોપાત ટિકા, સદ્ હેતુ સહિત કરેલા હોવાથી, પુસ્તકમાં એક સ્થળે એ બંધુ દર્શાવે છે કે, :—"આ પુસ્તકમાં અંગ્રેજી જ્યોતીષ વિધ્યાને પ્રસંશા આપી, **બીજી જયોતીષ** રીતરઢીઓ માટે કેટલીક વાર ટીકા કર્યા છે, જે ટીકકા કોઈ પણ જાતના દવેશભાવથી, કે બીજી વિધ્યાઓને તોડી પાડી હલકી ઠેડવવાના વિચારથી કરવામાં આવ્યા નથી. લખાણની ધુનમાં વખતે સખ્ત ટીકકા પણ થવા સંભવીત છે, જે સુજ્ઞ વાંચકે ક્ષમાની નજરથી જોવા, તથા તેના સત્ય માટે શોધ કરવી એવી ભલામણ છે."

એ બંધુનું દર્શાવવું યોગ્યાનુસાર હોવાથી હું સ્વિકારૂં છું, તેમજ વાંચક વર્ગને સ્વિકારવાની ભલામણ કરૂં છું, કેમકે, ફરજ રૂપે એક વસ્તુ સમિપ આવીને ઉભીજ રહે ત્યારે તો સદ્ હેતુથી તે વિશે બે-શબ્દો દર્શાવવાજ પડે.

વાંચક વર્ગને આ વેળા ફરીથી યાદ દેવરાવવાની આવસ્યકતા છે કે, કુદરતનો કાનૂન છે કે, કાર્ય કરતી બે શકિતયો અમુક રૂપે સામસામી આવી અમુક સદ્ હેતુથી આપ-લેના નિયમ મુજબ ટક્કર ઝિલે છે ત્યારેજ નવીન કાર્ય પ્રગટવાનો માર્ગ યોજાય છે.

(હુ નારી જાતિ હોવાથી, મને સ્વાભાવિક સવાલ ઉદ્દભવે છે કે, શું "તમો" નર જાતિયો જે પોતાને, "અમો" નારી જાતિયો કરતાં, દરેક પ્રકારની સમજશકિત આદિ બાબતમાં વધુ પ્રબળ તરીકે ઓળખાવી, તમારી મુછના આંકડા (!) મરોડતા રહો છો—અને, ' બાયડાં કરતાં ભાયડામાં પરમેશ્વરે કાંઈ વધુજ બક્ષેલું હોય છે! " એવું દર્શાવી, એવા અનૂમાન સહિત "અમો"ને "તમો", અનેક વેળા ઝાનામાનાં રાખવાનું વાજબી વિચારો છો: તો શું "તમો" માં એટલું પણ સમજી તે દ્વારા સહન કરવાનું બળ નથી કે, મારા પૂંજારી બંધુ લેખકને, સદ હેતુંથી સામાન્ય વર્ગનાં ભલાં તરીકે એક કાર્ય કરેલું હોવા છતાં પણ, ઉપર પ્રમાણે ક્ષમાની નઝરથી જોવરાવવાની આવશ્યકતા (?) વિચારવી પડી!?)

" કુદરતના મહાન કાનૂન પ્રમાણે બને તેટલુ સમાંતર અને સમાબળ જાળવી, લક્ષ્યબિંદુ તરીકે કોઇપણ વસ્તુનો વાસ્તવિક તત્વાર્થિક અભ્યાસ-ક્રમ દર્શાવવાનો મારો સ્વતા: ધર્મ રૂપે ઉદેશ હોવાથી; એ બંધુના શબ્દોમાં કહુ તો " લખાણની ધુન" જેવું મારા સોડે હોય નહિ, અને તેમ હોવાથી, મને (નારી જાતિયે) તેઓ (નર જાતિયો)ની ક્ષમાની નઝર માંગવાની કશી આવશ્યકતા હોય નહિ.

એ બંધુ ખુલ્લો યકરાર કરે છે કે, "હિંદી જ્યોતિષ " ઘણુંજ મહાભારત, અને શ્રેષ્ટ છે, પણ તેનો કાર્યસાધક ઉપયોગ કરવાને તથા તે સંપૂર્ણ રીતે સમજીને સમજાવવાને આજના મહાન ગણાતા જોશી મહા-રાજો શકિતવાન નથી, અને થશે પણ નહીંજ, ... આદિ, ઇત્યાદિ.

એ સઘળાંનું કારણ અનેક રીતે એ બંધુ તેમજ વાચક વર્ગ મુજ દ્વારે જોઈ ગયો છે. અતિશય લંબાન થવાના ભયથી ટુંકમાં મૂળ મુદ્દા ઉપર આવીશ.

એ બંધુ પારસી કોમને લગતો હોવાથી કહેવાની આવશ્યકતા છે કે, જરથુસ્ત્રી ધર્મ-મહઝબ રૂપે જોતાં પણ, એ બંધુએ જયોતિષ ફળાદિશ વિશે પુસ્તકમા વર્ણવેલી સ્થિતિ, જેવીજ તે બાબેની સ્થિતિ છે. અને એ બંધુ પણ

આટલી અભ્યાસિક દ્રષ્ટિ ધરાવવા છતાં પણ, હજી મૂળ તત્વાર્થને પુગેલા જણાતા નથી. એ બંધુ તેમજ વાંચક વર્ગ આ પુસ્તકમાં દર્શાવેલા એ માટેના તત્વાર્થિક અભ્યાસથી વધુ સમજવાને શકિતમાન થશે.

કુદરતની ઝાહેર અને બાતેન કર્મગતિને, કુદરતના ચોકશ કાનૂન ઉપરથી તેના તત્વાર્થિક અભ્યાસ દ્વારે ઓળખવાનાં મૂળ મહઝબ રૂપી ઉચ્ચ શિક્ષણ, અને તે શિક્ષણ દર્શાવનારી અભ્યાસિકશાળાને-કાંઈ ઉદર-નિર્વાહ રૂપી "ધર્મ-ક્રિયા" અને તેનું સ્થળનાં નામ હેઠળ મેળી દેવામાં આવલું હોવાથી, "આંધળો આંધળાને દોરવે" એવું બનતુ રહે એ સ્વાભાવિક હોય છે. એ માટે "પારસી ફ્રેડકિલ કૃત તત્વાર્થિક જરથુસ્ત્રી ધર્મ-અભ્યાસ-ક્રમ "દ્વારા વધુ પ્રદર્શિત થશે.

હવે અંગ્રેજી જ્યોતિષ અને હિંદી જ્યોતિષ ફળાદિશ આદિ જોવાની સરળ રૂઢિ ઉપર આવતાં, એ બંધુનું તેમજ વાંચક વર્ગનું લક્ષ ખેંચું છું કે, એ બંધુના શબ્દોમાં કહું તો અંગ્રેજી જેવીજ સરળ રૂઢિ, અને તેથી પણ કેટલીક બાબતમાં ઉંચ્ચ દરજ્જેની રૂઢિ, (સ્વર્ગવાસી) વકીલ શાકરલાલ શંભુલાલ દેશાઇ તરફથી બાહેર પડેલાં "તાજક જ્યોતિશ ફલ દર્પણ" નામના પુસ્તકમાં જોવામાં આવે છે. એ બંધુએ એનો જોઈયે તેવો અભ્યાસ કર્યો હશે નહિ એમ માનવાને કારણ મળે છે. એ નાનકડાં પુસ્તકનો જો મથન પૂર્વક અભ્યાસ કર્યો હોત તો, એ બંધુને મોટાં મોટાં અંગ્રેજી પુસ્તકોનો મથન પૂર્વક પરિશ્રમ ઉઠાવવા પહેલાં, અનેક વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહેતે નહિ. વળી પંડિતાઇ જ્યોતિષ ફળાદિશ અને તે માર્ગને ગ્રહણ કરનારા જોશીરાજો, એ બંધુને અનેક શંકા રૂપે ચક્ર ઉપર ચઢવાને કારણ આપે-તે પહેલાં, તેના મૂળ તત્ત્વાર્થને પોતાના વાસ્તવિક અભ્યાસ દ્વારે એ બંધુ તેજ વેળા પામી ગયા હોત કે--મૂળ ખામી ક્યાં છે.

વાસ્તવિક વાત એમ છે કે, પવિત્ર ઋષિ મુનિયો, પયગમ્બરો આદિ શક્તિયોના એ વિદ્યા સંબંધીના ઉચ્ચ તત્વાર્થિક અભ્યાસ-ક્રમ ઉપર વખતના વહેવા જોડે, વાસ્તવિક તેવા દરજ્જેના અભ્યાસ વિના, પંડિતાઇ ફળાદિશ રૂપી (મતાંધ) પડ ચઢી ગયાં, અને તે સબબે તેની

સ્વાભાવિક અધમગતિ થવાથી, હાલમાં જેમ બને છે તેમ, એ વિદ્યા સંબંધીનાં ફળાદિશનો ઉંટડો ગમેતેમ બેસતો રહેવાથી, તે વેળા એમાં યોગ્ય સુધારાવધારા તરીકેનું મુખ્ય કાર્ય, **મોહમેદન** કોમના એ વિદ્યાને અનુસરનાર બંધુઓએ જે રૂઢિયે બજાવ્યું, તે રૂઢિ અંગ્રેજી જ્યોતિષમાં અંગ્રેજી રૂઢિ તરીકે સ્વિકારેલી સ્પષ્ટ માલુમ પડે છે. [યોગ્ય સુધારાવધારાનાં એમ થવાનાં કુદરતી કારણ તરીકે, આ પુસ્તકમાં માત્ર ઈશારા રૂપે દર્શાવેલું જુવો કર્ક અને મકર રાશીનું કાર્ય.]

ઉપલાં પુસ્તકમાં ભાર મેળીને જણાવવામાં આવ્યું છે કે, આ રૂઢિયે ફળાદિશ જોવાનો માર્ગ ખરો, વધુ અનૂકુળ અને સરળ છે, સબબે આ માર્ગ યવનો (મુસલમાન બંધુઓ)થી યોજાયો છે એવું સમજી, મતાંધ રહેવા કરતાં વાસ્તવિક સ્વિકાર કરવો. અને તેનાં કારણમાં એ ફળાદિશની ખોડખાપણ દર્શક વાત પણ દર્શાવેલી છે. વળી એ અમુક પદ્ધતિયે જોવાની વરસ ફળ- તરીકેની રૂઢિ, મૂળ જન્મ કુંડળીને પ્રથમ લાગુ પાડીને તપાસી—તે દ્વારે જે જે વસ્તુ નિર્બળ સબળ હોય તે તે વસ્તુને બીજ રૂપે રહેલી સમજી, દર વરસે દરમાસે તેની નિર્બળ સબળ ગતિ તપાસતા રહેવું--આદિ, ઇત્યાદિ.

ઉપલી સરળ પદ્ધતિમાં, અંગ્રેજી જ્યોતિષમાં જણાવેલી અંશાદિ એસ- પેકટો, કન્જંગશનો, ડાઈરેકશનો, ત્રાન્ઝીત આદિ સઘળી બાબતોનો, લાંબાં પિંજણનાં કરતાં, સંક્ષેપ્તમાં સમાવેશ થઇ જાય છે. માત્ર એક અભ્યાસીની તર્કશક્તિ તેનો વાસ્તવિક ઉપયોગ કરવાને માટે ખિલેલી હોવી જોઈયે. વળી પેલું "નસીબ" (The Part of Fortune) અને તેનું ફળ, આ બંધુને કાંઇ નવીન રૂપે ભાસ્યું હોય, પરંતુ એથી પણ ઉંચ્ચ (સૂક્ષ્મ) માર્ગે જોવાનું છે, જે અંગ્રેજી જ્યોતિષમાં આઢળતું નથી, તે પેલાં "સહમ" રૂપી રહેલાં મૂળ બીજોનું ગણીત અને ફળ છે. અલબતેહ, ન્યાય ખાતિર કહેવું જોઈયે કે, એ બંધુ પોતે સ્વિકારે છે તેમ " હિંદી જ્યોતિષ ઘણુંજ મહાભારત અને શ્રેષ્ટ છે " એટલો તત્વાર્થ એ બંધુ પામ્યા છતાં, તેના યથાયોગ્ય અભ્યાસને સ્વતાઃ પુગી શક્યા નહિ, અને એમનો અતિશય તે માટે પ્રયત્ન છતાં, એમની ઇચ્છાનૂસાર કાર્યસાધક રીતે

કોઇ પણ સનનાદિ સંપાદન કરેલા જોશી રાજેશ્રીઓ એમને પુગાડી શક્યા નહિ હોય, તો ખરેજ તે મુજ (નરી જાતિ) માટે "કપાળે હાથ દેવા" બરાબર છે. એ સહમ કેવાં ગણીતથી ઉપજાવવામાં આવે છે તે, સમજી લઇ તેનાજ માત્ર તત્વાર્થને એ બંધુ સ્વતા: અભ્યાસિક દ્રષ્ટિયે નિહાળશે તો, પછી "નસીબ" જેવી એક સંકુચિત સ્થિતિમાં સંતોષ માનવા કરતાં કાંઈ વિશાળ અભ્યાસિક વરતું, એ બંધુ સન્મુખ આવીને ઉભી રહેશે. અમુક ગણીત રૂપે પદ્ધતિ સિવા એ માટે વધુ ઉચ્ચ દરજ્જે હાલના પંડિત જનો સમજાવી શકે એ વિશે શંકા છે. પરંતુ અમુક દરજ્જે સ્વતા: અભ્યાસિક દ્રષ્ટિ ખિલેલી હશે તો, એ બંધુ તેને યથાયોગ્ય સ્વરૂપે નિહાળી શકશે.

વળી પેલી ત્રાઈન, સ્કવેર આદિ સબળ નિર્બળ એસપેકટસોમાં પણ, હિંદી જ્યોતિષ સૂક્ષ્મ દરજ્જે વધે છે. સ્વાભાવિક રીતે ત્રાઈન (ત્રિકોણિક) એસપેકટસ અને તેનું ફળ સારૂંજ કલ્પાય છે. પરંતુ ત્યાં હિંદી જ્યોતિષ વધુ સૂક્ષ્મ પ્રકારે જઇ, વાસ્તવિક સમજ દ્વારે, એસપેકટ કરનારા ગ્રહોની શિઘ્ર (ઉતાવળી), અને મંદ (થોડી) ચાલવાની ગતિ લક્ષમાં લઈ, તે ફળને ચોકસ દરજ્જે ખંડિત રૂપે ઉલટાવવાનું વાજબી વિચારે છે. જે સમજનો અંગ્રેજી જ્યોતિષ ફળાદિશમાં હજી ઓછાઈ છે. વળી એજ પ્રમાણે બુરી એસ-પેકટનું ફળ પણ ઉલટાવાનું હોય છે. એ ટુંકમાં ઈશારા રૂપે ટાંકી દર્શાવ્યું છે, જો કે, એ વિશે દર્શાવવાનું ઘણુંએ છે. જેમ ધર્મ-ગુરૂ કહેવરાવનારા વર્ગ અને તેમના અનુયાયિયોમાં હોય છે તેમ, એમાં પણ વાસ્તવિક અભ્યાસ વિના, પંડિત જનો "ભાષા-શાસ્ત્રી" સિવા વધુ તે શું સમજાવી શકે! પરંતુ એ બંધુએ કાંઇક નિરાશા વચ્ચે દર્શાવ્યું છે, અને તેમ દર્શાવવાને એ બંધુને કારણ હતું અને છે. તે "કહેવાતાં કેશવિ ગણીત" સંબંધી મારે બોલવાનુ છે.

વાસ્તવિક રીતે એ "કહેવાતું કેશવિ ગણીત" તરીકે અમુક પદ્ધતિ રૂપે માત્ર જોવાનું નથી. પરંતુ ખરી રીતે એનામાં શમાયલા તત્વાર્થિક અભ્યાસ-ક્રમને, ધાર્યા મુજબ, ખુદ અંગ્રેજી જ્યોતિષિયો પણ પુગ્યા નહિ,

અને એ બંધુને અનુભવ મળ્યો છે તેમ પંડિત મહારાજો "ઉપર ટપકે" સિવા કાંઇ વધુ તેઓને પુગાડી શકયા નહિ, ત્યારે તેઓએ પણ, નિરર્થક ધારી લઇ, એ વસ્તુ રૂપી સૂક્ષ્મ પદ્ધતિ સમજી સમજાવવાના આંખ-વિચામણા કરવામાં, વધુ ડહાપણ વિચાર્યું હોય એ સ્વાભાવિક હોય છે.

એ બંધુને તેમજ વાંચક વર્ગને ખાતરી આપવાની આવશ્યકતા છે કે, એનો અભ્યાસ, હાલમાં દર્શાવવામાં આવે છે, તેવી રીતે નહિ, પરંતુ, બહુ ઉંચ્ચ (સૂક્ષ્મ) પ્રકારે જુદી જુદી વસ્તુઓની તૂળના કરવામાં, અને તે દ્વારે અમુક નિર્ણય ઉપર આવવાને ઘણો ઉપયોગી હોય છે. એ વસ્તુની પણ અંગ્રેજી જ્યોતિષમાં મોટી ખોટ છે.

રંગો અને રંગનાં ઝવાહિર !

જ્યોતિષ વિદ્યાની જે અસલ સર્વોપરિ મહત્વતા છે જે અદ્યાપિ, એ બંધુના શબ્દોમાં દર્શાવું તો, હાલના મોટા મોટા સત્તાસમાન લેખાતા જ્યોતિષિયો, સનદ ગ્રહણ કરેલા હિંદી પંડીત જોશી મહારાજો, મોટી મોટી ઓબ્ઝરવેટરીઓ, મોટાં મોટાં દુર્બિનો, મોટા મોટા ભાષા-શાસ્ત્રીઓ, મોટા મોટા કવિયો, મોટા મોટા ભાષણ કર્ત્તાઓ, મોટા મોટા ધર્મગુરૂઓ આદિ કહેવરાવનારાઓ, મોટા મોટા અમેરિકાના છેડે ખુણે જનારાઓ, મોટા મોટા ઈરાનના ગુફામાં વશી આવનારાઓ, મોટા મોટા વાદવિવાદ ચલાવનારાઓ, વગેરે એ વિદ્યાના સંબંધમાં અનેક પ્રકારનું મથન કરી, તેની મહત્વતા, ઉપયોગ આદિ અનેક બાબતનું રહસ્ય જુદેજુદે રૂપે દર્શાવનારા અનેક કામી વ્યક્તિયો ("તમો" નર જાતિયો), એટલું મહત્ પ્રયાસ રૂપે કર્યા છતાં પણ, પવિત્ર ઋષિ મૂનિયો અને પયગમ્બરો તરફથી રચના થઇ તૈયાર રૂપે મળેલી વાસ્તવિક વસ્તુ, અને તેના અભ્યાસને ઓળખી શકવાને, એ વિદ્યાના વાસ્તવિક ઉંચ્ચ અભ્યાસની ગેરહાજરીમાં, પછાત રહ્યા હોય એ સ્વાભાવિક છે. એમ હોવાથી હવે "તમો" (નર જાતિયો) ને તે વસ્તુનાં દર્શન કરાવવાની અને તે દ્વારે તમોને વધુ ઉચ્ચ અભ્યાસ-ક્રમે લઇ જવાની, અચુક ફરજ મુજ હસ્તમાં મેળાયલી હોવાથી, એ મારાં ભાવિક બંધુઓ ! પ્રથમની તમારૂં લક્ષ તે

પ્રત્યે ખેંચવાની માત્ર શરૂઆત તરીકે, મારા "કોમળ" કર વડે, હાલ તરત તો તમારા કપાળે ટિળક દેવાની "હું" (નારી જાતિ) તક વિચારૂં છું. એ પછી તત્વાર્થિક અભ્યાસ-ક્રમ રૂપે હું તમોને અન્ય પુસ્તક દ્વારા, તે અનેક રંગાદિ ઝવેરાતોથી શૃંગારીશ.

. . . . .

જ્યોતિષ સંબંધીનાં અનેક દેશી તથા અંગ્રેજી પુસ્તકોમાં ગ્રહો અને કિમતિ ઝવેરાતને લગતું લંબાનથી દર્શાવેલું છે, તેથી વાંચક વર્ગ જાણકાર હોવાથી તે વિશે વધુ કહેવાની જરૂર નથી.

. . .

બંધુઓ ! ગમે તેવી ભલી નિષ્ઠા છતાં પણ, એક વસ્તુના તત્વાર્થિક અભ્યાસ વિના "ગીતે પોતાને ઠગે" એવી હાલત સ્વાભાવિક ઉભી રહે છે તેનો એથી વધુ પૂરાવો શું હોય ! ?

. .

કિમતિ ઝવેરાતો ! બંધુઓ, બરાબર મનન કરશો મજકુર "ધિ પ્રેકટીકલ એસ્ટ્રોલૉજી"માં "ગ્રહ અને કિમતિ ઝવેરાતની અસરો" એ મથાળાં હેઠળ અંગ્રેજી સંશોધન પ્રમાણે લંબાનથી દર્શાવેલું જોઈ જવાની ભલામણ કરૂં છું. દેશી જ્યોતિષમાં એ માટે ટુંકમાં પતાવેલું માલુમ પડે છે. એ બંધુ અનેક વિગતો જોડે એમ પણ દર્શાવે છે કે:—"રવિ માટે માણેક, ચંદ્ર માટે મોતી, મંગલ માટે પરવાળું, બુધ માટે પાનુ, ગુરૂ માટે પોખરાજ, શુક્ર માટે હીરો, શનિ માટે લીલમ, રાહુ માટે ગોમેધર અને કેતુ માટે લસણીઓ; એવી રીતે દેશી જ્યોતિષ નબલા ગ્રહોની શાંતિ માટે નંગ પહેરવા દર્શાવે છે. હવે આ સાધારણ છે, અને એઓની અસર કેટલાક પ્રમાણમાં જ્યારે જુદી જુદી રાશીનાં હોય ત્યારે પરસ્પરથી ઉલટી હોય છે. જેથી દેશી ગ્રહ નંગ ઈચ્છીત ફળ આપી શકતું નથી. અંગ્રેજી ગ્રહ નંગ ખુદ નંગની ઉત્પતિના બંધારણ તત્વ સાથ ખુદ રાશીઓના તત્ત્વને મળતાં તત્ત્વોનાં હોય છે, જેથી તેઓ સ્વભાવિક વધુ અસર કરી શકે તેમ છે."... ... ... આદિ ઈત્યાદિ.

વળી એ બંધુ એમ પણ દર્શાવે છે કે, "ગ્રહ અને કિમતિ ઝવેરાતની અસરો" એવું મથાળું વાંચી, વળી આપણા પેલા મહાન વિદ્વાનો

"છટ નોન્સન્સ તે હમ્બગ" વગેરે દર્શાવવાને શરૂ કરશે, પણ જે સત્ય છે, તેને તે કોણ ખોટું પાડી શકનાર છે. જેમ હરેક વસ્તુને પરસ્પર તત્વ અને પરમાણુઓ દ્વારા સંબંધ હોય છે, તેમ હીરા, મોતી આદિ સરવે ઝવેરાત, ધાતુઓ આદિને પણ સંબંધ છે, જે માટે કેમિસ્ત્રી, એસ્ટ્રોનોમી, તારાઓની વિદ્યા તેના સાહેદતો પુરીપાડે છે"......... વગેરે.

પ્રથમ સામાન્ય દ્રષ્ટિયે નિહાળતા, એ સઘળું આપણને વાસ્તવિક ભાસે છે. પરંતુ સવાલ માત્ર એ છે કે, જેને રંગાદિ કિમતિ ઝવેરાત હાલમાં સમજી સમજાવવામાં આવે છે---અને જેનાં સંશોધનિક તત્વાર્થને માટે એ બંધુએ અંગ્રેજી ઉપરથી પૃથ્થકરણી સઘળું દર્શાવ્યું છે, તે અનેક રંગાદિ "કિમતિ ઝવેરાત" ને તો, પવિત્ર ઋષિ મૂનિયો, પયગમ્બરો આદિ જ્ઞાનિ નર-નારી જાતિયોયે, તેને માત્ર "પત્થરા" તરીકે અંકાતી; (એ બંધુના શબ્દોમાં બોલું તો, નંગનો ભાગ એવી રીતે જડાવવો કે તે ખુદ શરીરની ચામડીને વારંવાર લાગ્યા કરે જેથી શરીર ઉપર તેનાં પુષ્કલ અસર થાય છે.) એવું દર્શાવવાને ઠેકાણે, સામુ તેવી વસ્તુઓનું ઈચ્છા રૂપે આકર્ષણ ઘર્ષણ તો શું, પણ તેની બને ત્યાં સુધી 'અડાસે પણ જવું નહિ' એવું દર્શાવવાનું યોગ્ય ધારેલું છે. વળી તેઓ સારી પેઠે સમજતા હતા કે, એવા દટાયલા પત્થરા ઝમીનમાંથી ખોદવાનું, મેળવવાનું, ગ્રહણ કરવાનું, તે વડે શૃંગારવાનું વગેરે કાર્ય તો સામાન્ય મનુષ્યો શારીરિક સ્વભાવ પ્રમાણે કર્યાજ જાય છે અને કરતા રહેવાના ત્યારે જ્યોતિષ વિદ્યા જેવી ઉચ્ચ વિદ્યા સંપાદન કરી, મનુષ્ય જેવી અતિ ઉત્તમ વસ્તુ અને તેના રંગોને, માત્ર પત્થરાદિ વસ્તુઓના રંગો જોડે મેળવી,, તેથી તેઓનો ઉદ્ધાર દર્શાવવાની પોતાની ફરજ વિચારે, અને તેવુંજ સંકુચિત ડહાપણ ડોલી જાય એ સાધારણ અક્કલ પણ કબૂલ ફરમાવે! વળી જો એમ થતું હોય તો એવાં "કિમતિ ઝવેરાત" મેળવવાની આર્થિક સ્થિતિ ધરાવનારો તો, કુદરતમાંથી તે દ્વારે મોટો ફાયદો ઉઠાવી, પોતાનાં રંગાદિ કાર્યને જાણ્યુ અજાણુ એકદમ ઉદ્ધાર ગતિ આપી દઈ શકે, અને તેવી આર્થિક સ્થિતિ નહિ ધરાવનારાંઓ, તે જાણ્યા છતાં પણ, મોઢું જોતાં રહે--એવો કુદરતનો ન્યાય આવી અટકે!

પવિત્ર ઋષિ મૂનિયો, પયગમ્બરોએ કુદરતનું તત્વજ્ઞાન અનેક પ્રયાસે સંપાદન કરી--વનવાસ દરમયાન એવાંજ 'કિમતિ ઝવેરાત" (!) ની રચના રચ્યા કરી હશે !

બંધુઓ ! વાસ્તવિક રીતે એ વિદ્યા દ્વારે, જે "કિમતિ રંગાદી ઝવેરાતો" નંગ રૂપે એવા મહાન વ્યકિતઓ તરફથી તમોને અર્પણ થયલાં છે, તેને આકર્ષણ અને ઘર્ષણ રૂપે (વિના દામ ખરચ્યે) ગ્રહણ કરવાને ઠેરવી શકાય છે. અને તે મુત્યુ બાદ પણ મનુષ્ય જોડેજ રહે છે. (એ માટેનો અભ્યાસિક ઇશારો આ પુસ્તકમાં દર્શાવેલો હોવાથી વાંચક વર્ગ વધુ જાણી શકશે.)

ઝમીનમાં શમાયલા રંગાદિ પત્થરા રૂપી કિમતિ ઝવેરાતુ તો હવે સમજયાં; પરંતુ મનુષ્ય માત્રે એ વિદ્યાના વાસ્તવિક ઉંચ અભ્યાસ દ્વારે, સ્વ-રંગાદિ તત્વને અનૂકુળ હોય એવાં; વાસ્તવિક રીતે જોતાં, માત્ર " કિમતિ " તો શું પણ, "અમુલ્યવાન" રંગાદિ ઝવેરાત રૂપી નંગ મુકરર કરી, તેનું માત્ર બાહેરથી શરીરને આકર્ષણ-ઘર્ષણ તો શું, પણ કુદરતની સંબંધ જોડી તેને નિભાવી વધારો કરતી રહેનારી કાર્યગતિ અનૂસાર, સૂક્ષ્મ પ્રકારે આકર્ષણ-ઘર્ષણ કરતું રહેવાનું હોય છે. જેથી યથાયોગ્ય રીતે મનુષ્યની પ્રાણ-પ્રભા રૂપી રંગો ગળાતા અને ઉંચ્ચ દરજ્જેના બનતા રહે છે. એ કારણે રૂહ-આત્માને પુષ્ટિ મળી ભવિષ્યના ઉંચ્ચ જ્ઞાનિ માર્ગો ખુલવાને સાધન મળતું જાય છે. વળી એ જોડે તત્વાદિક નિર્બળ ગતિ દર્શક ગુણ-દોષ, ભાવના વગેરે બાબતો (જેને સામાન્ય રીતે "અજ્ઞાનતા" તરીકે ઓળખ્યે છીએ તે) વડે જે પોતાને દુ:ખદાયક સ્થિતિ ભાસ્તી રહે છે, જેને નર્ક, દોઝખ આદિ નામથી સમજવામાં આવ છે, તેમાંથી બાહેર નિકળવાનો માર્ગ યોજાતો રહે છે. અને એમ થતું રહેવું એનોજ અર્થ સ્વાભાવિક એ હોય છે કે, રૂહાદિક સબળ ગતિ દર્શક ગુણ, ભાવના વગેરે બાબતો (જેને સામાન્ય રીતે "જ્ઞાનતા" તરીકે ઓળખ્યે છીએ તે) વડે આનંદદાયક

સ્થિતિ ભારતી રહે છે; જેને સ્વર્ગ, બહેસ્ત આદિ નામથી સમજવામાં આવે છે; તેમાં દાખલ થવાનો માર્ગ યોજાતો રહે છે.

એ કાર્ય, પેલા "કિમતિ ઝવેરાત" રૂપી પત્થરા, નિર્બળ ગતિ રૂપી અસર મટાડવાને માટે, વાસ્તવિક રીતે કરી શકતા નથી. કેમકે; તેઓ એ કાર્યને માટે નિર્માણ થયેલા હોતા નથી. કેમકે, મનુષ્ય-વ્યવહારના તત્વાર્થિક અભ્યાસ-ક્રમ પ્રમાણે જોતાં તો, તેઓ સામુ આંખનું આકર્ષણ કરાવી, મનુષ્યને નહિ ઈચ્છવા જોગ માર્ગ યોજવાનું સુઝાડે છે. યાને સ્વ-કાબુ રહિત બનાવવાને અનુકુળ થઈ પડે છે. જ્યારે પવિત્ર ઋષિ મુનિયો, પયગમ્બરો આદિ વ્યક્તિયોયે કુદરતના તત્વાર્થિક અભ્યાસ-ક્રમ દ્વારે જ્ઞાની ખાણમાંથી, ઝમીનનાં તળ્યાંને બદલે આકાશનાં ઉચ્ચ શિખરમાંથી, અનેક રંગાદિ રચી ઘડી તૈયાર કરી મેળવી આપેલાં "અમુલ્યવાન્" ઝવાહિરો, સ્વ-કાબુ રહિતને બદલે સ્વ-કાબુ સહિત બનાવી આપે છે. વળી તેઓ પત્થરાદિ નંગો પ્રમાણે સ્વતાઃપ્રકાશમાન રહી, ગ્રહણ કરનારને અપ્રકાશમાન રાખી મેળવાને બદલે; સામા પોતાનો પ્રકાશ, ગ્રહણ કરનાર વ્યક્તિને આપી તેને પ્રકાશમાન બનાવતાં રહે છે.

ત્યારે જ્યોતિષ વિદ્યા દ્વારે, એ વિદ્યાનો અભ્યાસ કરનારા સત્તાસમાન ગણાતા જોશીરાજો પણ, હજી એ વસ્તુને યથાયોગ્ય ઓળખવાનો માર્ગ સમજી શકેલા જણાતા નથી. એવી રીતે અનેક વિષયો છે, પરંતુ તે સઘળું અત્રે યથાયોગ્ય દર્શાવી શકવું અશકય હોવાથી, "ધી પ્રેકટીકલ એસ્ટ્રોલૉજી યાને દુઃખમાં દીલાસો, આફતમાં અગમચેતી, ભવિષ્યમાં ભુસકો, યાને અંગ્રેજી જ્યોતિષ" રચી પ્રસિદ્ધ કરનાર એ મારા ભાવિક પારસી બંધુને, તેમજ વાચક વર્ગને જાણવાને મળે એવી રીતે ઇશારા રૂપી જાણ કર્યું છે.

એ બંધુના લખાયલા શબ્દો ફરીથી યાદ કરાવું છું કે "અત્રે મારે કબુલ કરવું જોઈએ કે 'હિંદી જ્યોતિષ' ઘણુંજ મહાભાત, અને શ્રેષ્ટ છે, પણ તેનો કાર્યસાધક ઉપયોગ કરવાને તથા તે સંપુર્ણ રીતે સમજીને

સમજાવવાને આજના મહાન ગણાતા જોશી મહારાજો શક્તિમાન નથી, અને થશે પણ નહીંજ,..........." આદિ, ઈત્યાદિ.

એ બંધુ હવે એ ઉપરથી જોઇ શકશે કે, આજના મહાન ગણાતા જોશી મહારાજો. જે રીતે શક્તિમાન નથી, તેમ અંગ્રેજી રૂઢિયે 'સત્તાસમાન ગણાતા જોશી મહારાજો પણ હજી એને યથાયોગ્ય ઓળખી કાર્યસાધક માર્ગે આવી પુગેલા નથી.

"અને થશે પણ નહીંજ" એટલી નકાર રૂપી દ્રઢતા ઉપર આવી જવાની ઉતાવળી ગતિ, સ્વતા: અભ્યાસી હોવા છતાં, એ બંધુમાં કેમ ઉદ્દભવિ આવી એ આશ્ચર્યકારક છે! અમુક વ્યક્તિયોને જુદે જુદે દરજ્જે યદોત્તર નિહાળી તે ઉપરથીજ અમુક સિદ્ધાંત ઉપર આવી જવા પૂર્વે, દરેક મનુષ્યને. સૃષ્ટિ-ક્રમના કાનૂન ઉપર અભ્યાસિક દ્રષ્ટિ નાંખવાની ખાસ આવશ્યકતા હોય છે.

પવિત્ર ઋષિ મૂનિયો, પયગમ્બરોનાં વાસ્તવિક ઉંચ્ચ રંગાદિ અસરકારક, મનુષ્ય માત્રે સ્વાનૂકુળતા પ્રમાણે નક્કી કરી, તન-મન જોડે આકર્ષણ અને ઘર્ષણ રૂપે ગ્રહણ કરતા રહેવાનાં ઝવાહિરો તે, પરમેશ્વર, ખુદા, અલ્લાહ રૂપી સરજનહાર મહાન શકિતનાં, જુદી જુદી રંગાદિ કાર્યગતિ ધરાવી તે દ્વારે કુદરતનો ઉંચ્ચ તત્વ મેળવવાનાં કાર્યસાધક નામ (નંગો) હોય છે. પરમેશ્વર રૂપી વેદાંતિ મંત્રાદિ શબ્દો, દાદાર અહુરમઝદનાં એકસોને એક નામ, ઈમામના મોતી વગેરે સ્વાનૂકુળતા પ્રમાણે રંગાદિ ઉંચ્ચ તત્વ મેળવી આપનાર અનેક ઝવાહિરો મોઝુદ છે.

ઉપર પ્રમાણેના ઝવાહિરોમાંથી, કોણને કયા ઝવેરાતના નંગની અનૂકુળતા ઠરાવી વાસ્તવિક સહાયભૂતિ કરાવી આપવી, વગેરે સઘળું યોગ્ય તત્વાર્થિક રીતે, બીજી કોઈપણ વિદ્યા દર્શાવી શકતી નહિ હોવાથી, તે જ્યોતિષ વિદ્યા દ્વારે જોઇ શકાય છે. વળી તેમ અનૂકુળતા થયા બાદ, તે અનુસંધાન બીજ રૂપી નંગ ઉપર આકર્ષણ-ઘર્ષણ રૂપી સિંપણ ચાલુ રહેવાથી, તેનો છોડ ક્યારે ઉગી નિકળશે, વૃક્ષ ક્યારે બનશે, ફુલ-ફળ ક્યારે લાગશે, તે સિંપણ

કરનાર સ્વતાઃ ક્યારે ચાખશે અને અન્યને ક્યારે ચખાડશે, તે વખત રૂપી સાધન પણ એજ વિદ્યા દ્વારે જોઈ શકાય છે.

એ વિદ્યામાં એવું અનેક પ્રકારનું મહત્વ' હોવા છતાં પણ, અમુલ્યવાન ઝવાહિરોનાં જુદાંજુદાં નંગેનો રંગાદિ તંત્રાર્થિક અભ્યાસ, એ વિદ્યાના અનુયાયિયોમાં નહિ હોવાથી; તેઓ સ્વતાઃ શું સમજે અને અન્યને તેનો લાભ દર્શાવી શકે !

એમ થવાથી, અને અભ્યાસમાં જોશો તેમ "હોજરીબાઈ"નાં સંકુચિત કાર્યના પ્રતાપથી, વખતના વહેતા જોડે, ધર્મ રૂપી ફ્લવા, ફળાદિશ રૂપી ફ્લવા, ઋષિ મુનિયો, અને પયગમ્બરોના નામ-દર્શક ફ્લવા, અને તે દ્વારે વધતાં વધતાં, (સરળ, સિધા વાસ્તવિક જ્ઞાનિ-માર્ગને બદલે) ધર્મ-ક્રિયા રૂપી ફ્લવા—અને એ ફ્લવાનો અનેક રૂપે સંગ્રહ થતાં, સેવટે કિલ્લા અનુભવવાના, ચાખવાના પરસ્પરને સ્વકોમમાં મળતા રહે તો આશ્ચર્ય જેવું શું હોય ! ?

જ્યોતિષ સંબંધી હિંદી ગણત્રી.

જ્યોતિષ ફળાદિશ બરાબર અનુકુળ આઢળતું જણાતું નહિ હોવાથી, જ્યોતિષ સંબંધી હિંદી ગણત્રી ખોટી છે અથવા નિર્બળ ગતિ દર્સક હોવી જોઈયે, એવાં અનુમાન ઉપર આવનારાં મારાં ભાવિક બંધુઓ, હવે તમો જોઇ શકયાં છો કે, હિંદી જ્યોતિષની મૂળ રૂપે ગણીતમાં ખાપણ નથી પરંતુ, તે દ્વારે યોજવામાં આવતા અમુક પ્રકારના ફળાદિશ રૂપી અભ્યાસ—ક્રમની નિર્બળ ગતિ હોય છે. અને એમ હેવાથીજ તે સ્વતાઃ એક ઉત્તમ ચઢતે દરજ્જેની વસ્તુ હોવા છતાં પણ, તે કાર્યસાધક ઉપયોગ કરવાને, સમજી સમજાવવાને શક્તિમાન થઈ શકી નથી. (એ માટેનો સામાન્ય ખુલાશો આ પુસ્તકના પાછલા ભાગે પ્રગટ થયલા લેખ ઉપરથી વધુ જાણી શકાશે.)

કેટલાંક મારાં ભાવિક બંધુઓની, તેમજ હાલના ગણાતા આચાર્યોની એવી માન્યતા જોવામાં આવી છે કે, હિંદી જ્યોતિષ ગણીતને રચાયાને હજારો વર્ષ થઈ

ગયલાં હોવાથી, તેની ગણત્રી રૂપી પદ્ધતિમાં ફેરફાર રહેવોજ જોઈએ. વળી જ્યોતિષ વિદ્યાની ગણત્રી જાણવાનાં હાલના સુધારા વધારાનાં સાધન તરીકે, મોટી મોટી ઓબ્ઝરવેટરી, દુર્બીનો વગેરે અનૂકુળ સાધનો પણ તેઓની ઉપલી માન્યતાને, ગ્રહો, રાશી આદિ બદલે વગેરે ગણત્રીમાં ફેરફાર દર્શાવી, પુષ્ટિ આપતાં રહે છે. વળી અગાઉ જોઈ ગયા તે પ્રમાણે, વધારામાં ફળા-દિશની અનૂકુળતા બરાબર આઢળવામાં પણ નિર્બળ પુરાવો ઝાહેરમાં જન-સમૂહને મલતો રહેવાથી--એ માન્યતામાં વધારો થતો રહે; શંકા અને ગુંચવણ ઉભી થતી રહે એ સઘળું સ્વાભાવિક હોય છે.

• • •

અનેક રીતે એ મૂળ વસ્તુને જોઇ ગયલાં હોવાથી, ટુંકમાં દર્શાવવાનું કે, સઘલી વસ્તુઓ સંજોગને આધિન બનતી રહી છે. હઝારો વર્ષ તો શું પણ લાખો વર્ષ વહી જાય, અને તે જોડે પૃથ્વિ સ્વતા: ઘસાઇ પીસાઈ-જઇ રૂપાંતર બદળતી રહે, છતાં પણ, એ આકાશી અચળ ગણત્રી મૂળ રૂપે, પોતાનો માર્ગ છોડી અન્ય માર્ગ મેળાવાની નથી--એવા ધરખમ માર્ગે એ ગણત્રીની યોજના, તેવાજ ધરખમ વ્યક્તિયો તરફથી યોજાયલી હોવાથી, એ પોતાનો ચઢત પ્રકાર દર્શાવવાને શક્તિમાન હોય એ સ્વાભાવિક છે.

મજકુર લેખક બંધુ કબૂલે છે તેમ "હિંદી જ્યોતીષ ઘણુંજ મહાભારત અને શ્રેષ્ઠ છે" તો જાણવું કે, તેનું ગણીત પણ ઘણુંજ મહાભારત અને શ્રેષ્ટ છે--- એમ જાણ્યાથી હવે એ બંધુને સંતોષ થયા વિના રહેશે નહિ.

કુદરતનો ભેદ સમજવાની યોગ્યતા અને જ્ઞાન, એ બંને અમુક દરજજે જેઓને સંપાદન થયલાં હશે તેઓ સ્હેજે કલ્પિ શકશે કે, આકાશી અચળ ગણત્રી અને પવિત્ર ઋષિ મૂનિયો અથવા પયગમ્બરો, એ સ્વતા: કાંઈ જુદી જુદી વસ્તુઓ નહોતી. મૂળ રૂપે તે આકાશી ગણત્રીનો સમૂહ સ્વતા: અમુક વ્યક્તિ રૂપે પ્રગટમાન થતો રહયો હતો. અને જ્યારે એક વસ્તુ સ્વતા: જેવી યથાયોગ્ય રીતે પોતાને ઓળખાવી શકે તેવી, અન્ય સાધન દ્વારા, અન્ય વ્યક્તિ તેટલે દરજજે તેને યથાયોગ્ય ઓળખાવવાને કાંઈક અંશે પછાતજ રહે એ સ્વાભાવિક હોય છે.

જો એમ નહિ હોય તો સામાન્ય શબ્દોમાં તમો બંધુઓ દર્શાવો છો તેમ, કોણની મધ્યે સુંઠ ખાધી કે, લક્ષો અને કરોડો માઈલના એવાં ગણીતને એવે દરજ્જે (વિના સાધને) પુગવાને સામાન્ય વ્યકિતયો શકિતમાન થાય !

. . . . .

એ બંધુ વધુમાં દર્શાવે છે, કે હિંદી જ્યોતિષ પોતાની કુંભકર્ણની ઉંઘમાંથી હજી તો જાગરિત થાય છે, વગેરે. જાણવું કે, કુદરતનો એક બાજુથી અભ્યાસ કરવો અને બીજી બાજુથી વિસ્મયતા પામતા જવું એ બંને એકીવેળા વાસ્તવિક રીતે હોતું નથી. એમ થવાથી સ્વતાઃને અભ્યાસની ઓછાઈ હોય એમ માલુમ પડી આવે છે. એક વસ્તુ જે વેળા અદ્રસ્યમાન ગતિ દર્શક બને છે, તેજ વેળા તેની જોડેંજોડ, તેનાં પેટામાં, અમુક વખતે પ્રગટમાન ગતિ દર્શક બનવાનું, નિર્માણ થયલું હોય છે. એ હિસાબે અમુક વસ્તુને અન્ય જોડેની સરખામણીમાં, થોડો વધુ વખત પણ લાગે એ સ્વાભાવિક હોય છે. કેમકે, પ્રથમ જેની અદ્રસ્યમાન ગતિ, જે વખતે જેવા પ્રકારે જેટલે દરજ્જે, થયલી હોય છે, તે વખતે તેવા પ્રકારે તેટલે દરજ્જે, તે દ્રસ્યમાન ગતિ તરીકે પ્રથમ પ્રગટ થાય છે. વળી પાછળથી જેની અદ્રસ્યમાન ગતિ, જે વખતે જેટલે દરજ્જે જેવા પ્રકારે થયલી હોય છે તે, તે વખતે તેવા પ્રકારે તેટલે દરજ્જે, પાછળથી દ્રસ્યમાન ગતિ તરીકે પ્રગટ થાય એ કુદરતી કાનૂનને અનુસરીને હોય છે.

હવે તૂળના તરીકે જોઈ જવાને એક બાબત ઉપર તમો બંધુઓનું લક્ષ ખેંચી એ વિષયને સમાપ્ત કરવાની રજા માંગું છું.

ઇતિહાસ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે, જ્યોતિષ વિદ્યાની ફળાદિશા આદિ રૂઢિની, અનેક બાબતમાં અધમ-ગતિ થવાથી, તેના ચોકશ, સરળ, અનૂકુળ સુખ, સુધારાવધારા તરીકેની પદ્ધતિયે, (જે પદ્ધતિ આંગ્રેજી જ્યોતિષે માન્ય રાખેલી અથવા સ્વિકારેલી તરીકે જોઇ આવ્યાં છીએ તે રૂઢિયે), એ વિદ્યાને અનુસરનારા મુસલમાન બંધુઓએ મહત્ પ્રયાસે, વખતના વહેવા જોડે મેળી હતી. વળી રમળ-વિદ્યા (હાલમાં સામાન્ય રીતે અનેકો જોઇ

જાણે છે, સમજાવી જાણે છે તેવી પદ્ધતિની નહિ પરંતુ) જે જ્યોતિષ વિદ્યાનો, ઉંચ્ચ દરજ્જો દેખાડનારો, એક ભાગ હોય છે, તેની સૂક્ષ્મ પદ્ધતિની સ્થાપના પણ એજ બંધુઓ તરફથી થયલી હોવા છતાં, એ બંધુઓને સામાન્ય માન્યતા તરીકે, કેવા સંજોગને અનુસરીને; (તે કિરતાર જાણે, પરંતુ) સમજાવી દીધેલું જોવામાં આવે છે કે, એ બંધુઓએ જ્યોતિષ વિદ્યાનો યથાયોગ્ય લાભ એ વિદ્યાને અનુસરીને ઉઠાવવો, એ કાંઈક ધર્મ વિરૂદ્ધ કર્તવ્ય તરીકે લેખાય છે. સવાલ એ હોય છે કે, એમ હતે તો એજ બંધુઓ તરફથી એવું વાસ્તવિક સંશોધન, આવકારદાયક સુધારાવધારા એ સઘળું ક્યાંથી થયું હતે !?

વળી "હમામનાં મોતી" જેવાં અમુલ્ય ઝવાહિરોનાં નંગ, જેઓને જુદા જુદા રંગ રૂપી અલ્લાહની શક્તિ તરીકે, રમળ-વિદ્યા જે જ્યોતિષ વિદ્યાનો ઉંચ્ચ દરજ્જા તરીકેનો મુખ્ય ભાગ છે તે દ્વારે, તે ઝવાહિરના અને મનુષ્યના રંગની અનૂકુળતા મેળવી આપી શકાય છે, વગેરે મહત્વતા દર્શક જ્ઞાન, એ વિદ્યા દ્વારે ક્યાંથી પ્રદિપ્ત થયું હતે !?

કદાપિ એ બનવા જોગ હતું કે, એ વિદ્યાને અનુસરનાર મુસલમાન બંધુઓએ, એમાં ઉંચ્ચ દરજ્જેનો સુધારો વધારો સંશોધન આદિ કર્યા બાદ; તે વેળા તે જોડે ફરજ વિચારી, એવાં શિક્ષણ રૂપી માન્યતાનો પ્રસાર કર્યો હોય કે, હવેથી પંડિતાઈ ફળાદિશ જેવી નિર્મળ સમજ રૂપે એનો ઉપયોગ નહિ કરવો—કેમકે, એમ થવાથી મનુષ્ય સ્વાભાવિક રીતે, પોતાનો ઉંચ્ચ દરજ્જા રૂપી માર્ગ છોડીને, અધમ ગતિનાં આકર્ષણ અને ઘર્ષણ રૂપી સંકુચિત બુદ્ધિનાં પગથ્યે મેળાતો રહે !

એ ઉપરથી ચોકસ અનૂમાન ઉપર આવી શકાય છે કે, એ વિદ્યાનો, ઉંચ્ચ દરજ્જેની સમજ મેળવવા અર્થે, જાણવા અર્થે, અમળ કરવા અર્થે, સ્વતઃ લાભ ઉઠાવવા અર્થે, આદિ વાસ્તવિક ઉપયોગ કરવાને એ બંધુ-ઓને બાધ તે ક્યાંથી હોઇ શકે !?

એ કારણે તત્વાર્થિક અભ્યાસ-ક્રમ લક્ષમાં રાખી, એ વસ્તુનો યથા-યોગ્ય જ્ઞાન રૂપી લાભ બને તેટલો, સઘળી કોમના બંધુઓએ સંપાદન કરવો; કરતા રહેવું, કરાવતા રેહેવું એવી નમ્રતા પૂર્વક વિનતિ છે.

જ્યોતિષ વિદ્યા અને જ્યોતિષિ.

મસ્તક પરિક્ષક વિદ્યા, જેના વડે મનુષ્યનાં માથાંની ખોપરી, તેના જુદા જુદા વિભાગોની વધુ ઓછી ખિલવણી આદિ તપાસી, તે વડે મનુષ્ય-સ્વભાવ (ગુણ-દોષ) વગેરેની પરિક્ષા કરી શકાય છે. એ વિદ્યાનો પ્રસાર સુધારા વધારા સહિત અમેરીકા આદિ સ્થળે મોટાં પ્રમાણમાં થયલો માલુમ પડે છે. હિંદમાં તેનો કાંઇક અંશે પડઘા રૂપે પરિચય થતો જણાય છે. એ વિદ્યાને સંપાદન કરી તેને વિશાળ માર્ગ મેલાય એવા હેતુથી, એ વિદ્યાનો અભ્યાસ ધરાવનારા હિંદુ બંધુઓ (મસ્તક પરિક્ષકો) તરફથી, એ વિદ્યાનાં ઉપયોગીપણાં વિષે લંબાન સહાદતો દર્શાવવામાં આવેલી જોવામાં આવી છે. એ સહાદતો વિદ્યાદ્વારે રચાયલી હોવાથી, તેનો મહત ભાગ વ્યવહારૂ રીતે અભ્યાસ કરવા જોગ હોય એ સ્વભાવિક છે. એ બંધુઓ એમ પણ દર્શાવે છે કે, "જનસ્વભાવની કે સમાજની સુધારણામાં આ વિદ્યા અનુપમ પ્રકારનો ભાગ ભજવી શકે તેમ છે, પણ દુર્ભાગ્યે આપણા દેશમાં આવી મહાન વિદ્યા તરફ હજી લોકોનું બહુજ દુર્લક્ષ્ય છે. આ વિદ્યામાં ફલીત જ્યોતિષ કે રમલ કે હસ્તરેખાના ગપોડાં જેવું કંઇપણ નથી. તેનાં બધા સિદ્ધાન્તો સાયન્સ, પદાર્થવિજ્ઞાન, શારિરશાસ્ત્ર અને માનસશાસ્ત્રના નિયમો દ્વારા અને પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ કરવામાં આવેલ છે..........................." આદિ, ઈત્યાદિ.

અન્ય વિદ્યા માર્ગે, પણ તત્ત્વાર્થિક અભ્યાસ કરનાર હિંદુ બંધુઓને, પેલું પંડિતાઈ ફળિત જ્યોતિષ, રમળ, હસ્તરેખાનાં "ગપોડાં" માલુમ પડવા લાગ્યાં એ આવકારદાયક છે. એમ થવાનું સ્વાભાવિક કારણ પ્રસંગોપાત જોઇ આવ્યા છીએ. હવે વાંચક વર્ગ તેમજ એ વિદ્યા સંપાદન કરનાર બંધુઓને એ "ગપોડાં" માટે શંકાશિળ, વધુ ગુંચવણમાં રહેવાનું કારણ ઉભું રહેશે નહિ એવી આશા ધરાઉં છું.

એ મસ્તક પરિક્ષક વિદ્યાનાં બધાં સિદ્ધાંતો, જણાવ્યા પ્રમાણે સાયન્સ, પદાર્થવિજ્ઞાન, શારિરશાસ્ત્ર અને માનસશાસ્ત્રના નિયમો દ્વારા અને પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ કરવામાં આવેલાં છે--યાને એ માર્ગે એનો અભ્યાસ અન્ય

કરતાં ઉચ્ચ પગથ્યે મેળાયુલો છે; છતાં પણ જ્યોતિષ વિદ્યા તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમ સંપાદન કરનાર સ્હેજે જોઈ શકે છે કે, ઉપલા નિયમે અને પ્રત્યક્ષ પ્રમાણ કરતાં પણ, હજી એથી પણ વધુ ઉચ્ચ નિયમો અને પ્રત્યક્ષ પ્રમાણો જ્યોતિષ વિદ્યામાં ઉભેલાં છે; જે દ્વારે હજી એ વિદ્યાનો પગ પુગી શક્યો નથી.

એ તેમજ અન્ય વિદ્યાનો ઉપયોગ કેરવેલી હદમાં યાને સંકુચિત રીતે થઈ શકે છે; જ્યારે જ્યોતિષ વિદ્યાનો ઉપયોગ સૂક્ષ્મ પ્રકારે વિશાળ-પ્રમાણમાં થઈ શકે છે. એ બંધુઓ તેમજ વાંચક વર્ગ એ માટેનાં સામાન્ય ઉદાહરણ તરીકે, એ પુસ્તકના પાછલા ભાગમાં વર્તારા રૂપે દાખલ થયલા લેખ ઉપર નઝર નાંખી, તેના તત્વાર્થિક દર્શન તરીકે મનન કરશે---વળી તે જોડે પારસી કોમમાં વરસ દરમયાન ઉદ્‌ભવેલી વસ્તુઓ, જે સઘળી અનધારેલી યકાયક વિચિત્ર પ્રકારે બની ઉભેલી હોય એમ સામાન્ય દ્રષ્ટિયે જોઈ શકાય છે, અને જે માટે મુદત પૂર્વે વાસ્તવિક રીતે કોઈને સાધારણ રીતે ખ્યાલ હોય નહિ, તે સઘળી વસ્તુઓની રચનિય તુલના કરી જોવામાં આવશે તો; સઘળાં જોડે એમ પણ જોવામાં આવશે કે, પારસી કોમી-મસ્તક તરીકે, કદાપિ પાંચ દશ હઝાર પારસી મસ્તકો એ પહેલાંનાં તપાસવામાં આવેલાં હતે----અથવા તેમ બન્યું પણ હોય----તોપણ, પારસી કોમમાં આ વરસે એવી વસ્તુઓ, અગાઉ નહિ બનેલી એવા વિચિત્ર પ્રકારે બનીને ઉભી રહેશે એવાં અનેક પ્રકારનાં તત્વાર્થિક સિદ્ધાંતે, એ મસ્તક પરિક્ષક વિદ્યા પોતાના અનેક નિયમો અને પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થયલી હોવા છતાં પણ, પાંચ દશ હઝાર વ્યક્તિયોનાં મસ્તક તપાસવાનો મહાન પરિશ્રમ ઉઠાવી વખતનો ભોગ આપ્યા છતાં પણ, જ્યોતિષ વિદ્યાનાં જેવાં સૂક્ષ્મ અને વિશાળ પ્રમાણદર્શક કાર્ય અને અર્થસૂચક તરીકનાં, ભવિષ્યનાં સિદ્ધાંતોને પ્રદર્શિત કરવાને શક્તિમાન થાય એ, એ વિદ્યા માટે કેવળ અશક્ય કાર્ય હોય છે. કેમકે, ગમેતેવું એ વિદ્યાનું ઉચ્ચ મથન હોવા છતાં એનું પ્રમાણ અમુક હદનું સંકુચિત હોય છે.

વાંચક વર્ગ સ્વાભાવિક સવાલ ઉઠાવે કે, ત્યારે જ્યોતિષ વિદ્યા અને જ્યોતિષિ કેવા પ્રકારે ઓળખાય છે ? એ બંનેની ઓળખ તરીકે, અનેક

વ્યક્તિઓ તરફથી અનેક પ્રકારે સૂચન થયલાં એ પહેલાંનાં તમો જોઇ ચુક્યાં છો. એ માટે સર્વોપરિ તૂળના તરીકે દર્શાવ્યું છે કે, શરીરનાં જેમ નેત્રો (આંખો) હોય છે તેમ જ્યોતિષ વિદ્યા એ સઘળી વિદ્યાઓમાં નેત્રો સમાન છે, જેના વડે, દર્પણમાં ચહેરો જોવાય છે તેમ સઘળું જોવાય છે. સવાલ એ હોય છે કે, નેત્રો તો આંધળાં પણ હોય છે (!) વળી કુળ-દર્પણ રૂપી આયનામાં તો સ્વતાના ચહેરા હોય તેવા દેખાય એ સ્વાભાવિકજ હોય છે.

જ્યોતિપ વિદ્યાની તૂળના સંકુચિત હાલતે મતાંધ રૂપે હોતી નથી. કોઇપણ નામ હેઠળની વિદ્યાના યથાયોગ્ય તત્વાર્થિક અભ્યાસ-ક્રમ વિના, તે વસ્તુને પ્રદર્શિત કરનાર વ્યક્તિ તરફથી, તે મતાંધ રૂપે સ્વાભાવિક રીતે મેળાતી રહે છે. એજ માર્ગ ધાર્મિક બાબતોને પણ લાગુ પડતો રહે છે. એવું યોજાતું, પ્રદર્શિત થતું રહે ત્યારે વાંચક વર્ગે સ્વાભ્યાસ તરીકે, સમાંબળે અને સમાંતરે કુદરતના કાનૂન પ્રમાણે રહેવા માટે, હાથી સમિપ ઉભા કરેલા આંધળાઓની અર્થસૂચક વાત લક્ષમાં રાખતા રહેવું પ્રસંગોપાત હોય છે.

કહેવામાં આવે છે કે, એક હાથીની પરિક્ષા કરવા, યાને હાથી વાસ્તવિક રીતે કેવો હોય છે તેનું વર્ણન દર્શાવવા, છ આંધળાઓને હાથી સમિપ લઇ જઇને ઉભા કર્યા. તેઓને હાથી કેવો હોય છે તે જણાવવાનું કહેવામાં આવતાં, જેના હાથમાં હાથીનો પગ આવ્યો તે બુમો પાડી ઉઠયો કે, તમો શું જોયા કરો છો ? હાથી તો મોટા થાંભલા જેવો છે (!) જેના હાથમાં કાન આવ્યા તે કહેવા લાગ્યો કે, હાથી તો સૂપડા જેવો હોય છે (!) વળી સૂંઢ આવી તે પોકારી ઉઠયો કે, હાથી તો જાડાં દોરડાં જેવો છે એમ પ્રત્યક્ષ હોવા છતાં શું બોલો છો ? સારાંશ કે મૂળ રૂપે હાથીને જોવાની શકિતની ગયરહાઝરીમાં, જેના હસ્તમાં હાથીના શરીરનો જે ભાગ આવ્યો તેને તે, ખરા હાથી તરીકે પોતે સ્વિકારી અન્યને દર્શાવે એ સ્વાભાવિક હોય છે. તેની નિષ્ઠા તેવી રીતે અન્યને ઠગવાની હોતી નથી; પરંતુ જોવાની શક્તિની ગયરહાઝરીમાં પોતે ઠગાય અને તે જોડે અન્ય પણ ઠગાતાં રહે એ સ્વાભાવિક હોય છે.

જ્યોતિષ વિદ્યા એ વાસ્તવિક રીતે સઘળી વિદ્યાઓના તત્વો સહિત મૂળ બીજ રૂપે, મધ્યબિંદુએ રહેલી એક અનુપમ વિદ્યા છે. સામાન્ય રીતે એ

એક વિદ્યા રૂપે સંપૂર્ણ "હાથી" છે. જેઓને એ વિદ્યાનો યથાયોગ્ય રીતે તત્વાર્થિક અભ્યાસ-ક્રમ હોય અને તે દ્વારે, એ "હાથી" ને ઓળખવાની દ્રષ્ટિ સંપાદન કરેલી હોય; તેઓને અન્ય વિદ્યાનાં નામ રૂપે હાથીના શરીરનો જુદો જુદો ભાગ ઝાલી, અથવા સ્વાભાવિક રીતે તેમ પોતાના હસ્તમાં અન્ય માર્ગે આવી જવાથી, હાથી એવો છે-તેવો છે, વગેરે મતાંધ રૂપે દર્શાવવાની આવશ્યકતા રહેતી નથી.

જ્યોતિષ વિદ્યા એ સઘળી વિદ્યાઓના તત્વો ધરાવી, તેઓનાં મૂળ બીજ રૂપે રહેલી વસ્તુ છે. એ બીજના જે તત્વો ઉપર જોવા વખતે, જેવી રીતે પાણીનું સિંચન કરી ઉછેરવાનું મન્થન થાય છે, તેવા નામ રૂપી ફણગા તે બીજમાંથી ફૂટતા રહે છે. પછી તેનું વૃક્ષ બની તેવા પ્રકારની ફળ-ફળાદિ મળતી રહે છે.

જ્યોતિષિ તરીકે ઓળખાવતાં, એ જ્યોતિષ વિદ્યા રૂપી હાથીને જાણનાર હાથીના માહવત તરીકે હોવો જોઈયે. જે વખતના વહેવા જોડે, હાથીના પગ, સૂંઢ આદિ દરેક અવયવો (ફણગા રૂપી દરેક વિદ્યાઓ) ઉલ્લંઘિ, સેવટે હાથીના મસ્તકે ચઢી બેસી, હાથીનાં બળે પોતે આગળ વધતો રહે.

હાલના ઝમાનામાં જ્યોતિષ અને જ્યોતિષિનાં નામોની ખોટ નથી! અને એવી અધમ-ગતિ થવાથી સામાન્ય રીતે જન-કહેવત બોલાય છે કે, "માગતાં ન આવડે ભીખ, તો વૈદ અને જોશી થવાનું શીખ"!

"ઘઉંમાં કાંકરા"!

કુદરતની કાર્યગતિ મુજબ ગોજાયલો તત્વાર્થિક અભ્યાસ-ક્રમ, તેને અનુસરનાર વ્યક્તિને, સ્વતાની ભલી નેમ પૂર્વક, કુદરતી કાનૂનને અનુસરીને, અને તેટલી સમાંતર અને સમાબળની આંકણીએ લઈ જવાને કાર્યસાધક થઈ પડે છે. એની ગયરહાઝરીમાં, સામાન્ય વ્યક્તિને, અમુક રૂપે પોતાની ભલી ધારણા છતાં પણ, કુદરતી કાનૂનને અનુસરીને, અને તેટલી સમાંતર અને સમાબળની આંકણીએ લઈ જવાને કાર્યસાધક થઈ પડવાને બદલે, તેમાં સામી ભૂળથાપ આપી તેથી દૂર લઈ જવાને સહાયકર્તા થઈ પડે છે.

પોતાના સ્વધર્મ પ્રત્યે અનુસરનાર વ્યક્તિયોની પણ, તે વિષેના

તત્વાર્થિક અભ્યાસ-ક્રમ ની ગયરહાઝરીમાં, તેઓની ભલી ધારણા છતાં પણ, તે સમાંતર અને સમાબળે આવી કાર્યસાધક થઈ પડવાને બદલે, સામી તેઓને ભુળથાપ આપી (મતાંધ રૂપે) દૂર લઇ જવાને સહાયકર્ત્તા થઈ પડે છે.

. . . .

અમુક બાબતના સ્વ-અભ્યાસ વિના તે બાબેની ભલી નેમ ધરાવવા છતાં પણ, માત્ર પરાધિનતાએં પાછળ હિંડતાં મનુષ્યો જો સ્હેજ વિચાર કરવા થોભે કે, આપણે એમ દોડયાં જઇયે છીએ------ પણ આગળ હિંડનાર અને તેમ કરીને પાછળ સઘળાંને દોરવવાને યોજાયલો શખ્સ પોતેજ પ્રથમ પાયેથી દિશા ભૂલેલો હોય તો પછી કેમ? એવો વિચાર યોજી તેનો તત્વાર્થિક અભ્યાસ-ક્રમ લક્ષમાં લાવવાને મહત ભાગે જન-સમૂહ થોભતો નથી. એમ થવા જોડે અને વખતના વહેવા જોડે તે ભૂળથાપ આપી, ખરાંને ઠેકાણે ઘુસી જનારી ખોટી વસ્તુ પણ, ખરાં તરીકે રજુ થનારી રૂઢિ તરીકેની બની ઉભી રહે છે. અને તે પાછળથી એટલી પાકે પાયે ચણાઇ તૈયાર થઇ જાય છે કે, તે ભૂળથાપ આપનારી વસ્તુના અનેક વેળા દર્શન થવા છતાં, તે પ્રત્યે તેને રજુ કરનાર તેમજ તેને અનુમોદન આપનાર વ્યકિતયોનું સ્વાભાવિક રીતે પણ લક્ષ ખેંચાતું હોતું નથી. ના, એટલુંજ નહિ, પણ તેઓ તેને ખરાં તરીકે સ્વિકારવા જોડે અન્યને તેમ સ્વિકારવાને દર્શાવતા રહે છે. એવું સઘળું મિશ્રણ બનતું રહેવાનાં અનેક સિદ્ધાંતો આપણે જોઇ આવ્યાં છીએ.

પારસી કોમી વર્તમાન પત્રો દ્વારે, ઝાહેર લેખકો દ્વારે, અન્ય કોમના લેખકો દ્વારે, આદિ અનેક વ્યકિતયો દ્વારે લખાયલું, બોલાયલું, ભાર મેળીને દર્શાવેલું, અનેક વેળા પારસી બંધુઓના વાંચવામાં, સાંભળવામાં આવ્યું હશે કે,---

જ્યારે પારસી કોમમાંથી કોઈના હાથે કાંઇ સખાવતી કાર્ય, વિદ્યા હુન્નર-ને લગતું કાર્ય, અથવા જનસમાજને ઉપયોગી થઇ પડે એવું પ્રસંશાપાત્ર કાર્ય યોજાય છે, હાર પડે છે--------જેવું કાર્ય અન્ય કોમમાં જવલેજ માલુમ પડે છે, વગેરે બને ત્યારે, તેવાં બનતાં રહેતાં કાર્યની સરખામણી,

પ્રસંશા આદિ દર્શાવતી વેળા સ્વકોમી તૂળના તરીકે પારસી વર્તમાન પત્રો, લેખકો અથવા ભાષણકર્તાઓ તરફથી દર્શાવવામાં આવે છે કે, આપણે (પારસી કોમ) અન્ય કોમ જોડે સરખાવતાં "ઘઉંમાં કાંકરા" સમાન (જેવા) હોવા છતાં———————!

હિંદુ તેમજ મુસલમાન બંધુઓ પણ ઉપર મુજબ તે કાર્યની પ્રસંશા પોતાના કોમી બંધુઓને દેખાડી, તેનું અનૂકરણ તેઓ કરવા શીખે એવા સદ્‌હેતુથી, તેઓને આંકણી રૂપે દર્શાવતા માલુમ પડે છે કે, હિંદની અનેક કોમ જોડે જોતાં, પારસી કોમ "ઘઉંમાં કાંકરા" સમાન હોવા છતાં પણ, તેઓ આવાં કાર્ય પાર પાડે છે, વગેરે, વગેરે.

એ પ્રમાણે રજુ કરનાર અને તેને અનુમોદન આપનાર દરેક વ્યકિતની નેમ શુભ છે એ કબૂલ રાખીશ. પરંતુ તે તત્વાર્થિક અભ્યાસ–ક્રમે જોતાં, આંકણી રૂપે સમાંતરે અને સમાજે કાર્યસાધક રીતે કેટલે વારતવિક દરજ્જે આવી ઉભું રહે તે તપાસીશું.

"ઘઉંમાં કાંકરા" સમાન! દેશ વિદેશની અન્ય કોમની સંખ્યા જ્યા ઘઉં જેટલી અતિ ઘણી છે ત્યારે પારસી કોમની સંખ્યા તે અન્ય કોમારૂ ઘઉંમા ભેળાયલા કાંકરા જેટલી નજીવી સંખ્યાદર્શક છે.

હવે ઘઉં અને તેમાં ભેળાયલા કાંકરાના ઉપયોગીપણાં, કિમત, યોગ્યતા આદિ મહત્વતા દર્શક કાર્યને તૂળના રૂપે તપાસી જઇશું.

ઘઉં જ્યારે અતિ મોટી સંખ્યા ધરાવવા જોડે ઉપયોગી, આવકારદાયક હોય છે, ત્યારે તેમાં ભેળાયલા કાંકરા નજીવી સંખ્યા જોડે નિરોપયોગી, મોટી સંખ્યાની વસ્તુમાંથી ચુંટીને સામા ફેંકી દેવાના, દૂર કરવાના હોય છે. વળી ઘઉના સુધારાવધારાને બદલે તેમાં સામો બિગાડો કરી તેને અધમ રૂપે રજુ કરનાર કાંકરા હોય છે. વળી જે પોતે નાની સંખ્યા દર્શાવવા જોડે, મોટી સંખ્યામાં મિશ્રિત થવાને આવકારદાયક હોતા નથી. ઘઉં જોડે સર્વ પ્રકારની સરખામણીમાં જોતાં અધમ, નિરર્થક, નિરોપયોગી આદિ તત્વાર્થ દર્શક તેઓ જોડે મિશ્રિત થયલા કાંકરા હોય છે. એ સામાન્ય દ્રષ્ટિયે પણ જોઇ શકાય એવું છે. એમ છતાં પણ, પારસી કોમની મહત્વતા તે "ઘઉંમાંના

કાંકરા " જોડે થાય છે અને તેને સંસ્કાર મળતો રહે છે. યથાયોગ્ય અભ્યાસની ગયરહાઝરીમાં, માત્ર ભલી નિષ્ઠાનો લાભ લઈને, એક નિરર્થક વસ્તુ પણ પોતાની સરખામણી કયાં લઈ જઇ મેળી મેળાવે છે તેનો આ સામાન્ય પૂરાવો નથી ? ! એવીજ સ્થિતિ રૂપે, પારસી કોમની તેમજ અન્ય કોમની, માત્ર તેઓની અમુક અમુક બાબતની ભલી નિષ્ઠાનો લાભ લઈને, ધર્મ અને કર્મ રૂપે ઉચ્ચ સરખામણીમાં, નિરર્થક વસ્તુ પણ તે સરખામણી–માં પોતે અંકાવી લઈ જઇ મેળી મેળાવે છે. અને સ્વતા: તત્વાર્થિક રીતે "ઘઉંમાં કાંકરા " જેટલી દરેક બાબેની યોગ્યતા, બળ ધરાવવા છતાં, તે નિર્બળ સમજ રૂપી વસ્તુ પોતે ઘઉંથી પણ ચઢિયાતી હોય એવો સંસ્કાર "ફરજ " રૂપે મેળવતી રહે છે.

એક નાની સંખ્યા, અતિ મોટી સંખ્યા જોડે મિશ્રિત હોવા જોડે, તે નાની વસ્તુ તૂળના રૂપે મોટી સંખ્યાથી વધુ મહત્વતા આદિ પ્રદર્શિત કરતી હોય, અને તેમ થવા જોડે તેની તૂળના દર્શાવવી હોય તો, વાસ્તવિક રીતે "ઘઉંમાં કાંકરા "ને બદલે, "રેતીમાં મોતીના દાણા ", "માટીમાં સોનાની રજકણો ", "પત્થરના ઢગમાં હીરા " વગેરે તૂળના રૂપે દર્શાવ્યાથી યથાયોગ્ય ભાવાર્થને પુગી શકાય છે.

સામાન્ય અભ્યાસ અને તત્વાર્થિક અભ્યાસ–ક્રમ દરમયાન, એક વસ્તુને યથાયોગ્ય દર્શાવવાને, કેવો કેટલો તફાવત હોય છે તે ઉપલા ઈશારાથી વાંચક વર્ગ જાણી શકશે એવી આશા છે. (અમુક કાર્ય ઉપરથીજ, કોમી–વ્યક્તિઓની, સુલટ પ્રકાર દર્શક તૂલના દર્શાવવી એ કાર્ય વસ્તવિક જ્ઞાનિ–માર્ગનું હોતું નથી.)

પારસી–ઝેડકિલ કૃત જયોતિષ વિદ્યા તત્વાર્થિક અભ્યાસ–ક્રમ.

ઉપર પ્રમાણેનું, આ તેમજ હવે પછીનાં પુસ્તકોનું નામ જોવામાં આવશે.

પારસી–ઝેડકિલ= અગાઉ ટુંકમાં જોઈ ગયા તે મુજબ, સંજોગાધિન ઓળખ તરીકે રજુ થયલો કાર્યદર્શક વ્યકિત.

કૃત= આ માટે જુવો આ પુસ્તકમાં અને હવે પછીનાં પુસ્તકોમાં રજુ થયલા સિંહ અને કન્યા રાશીનાં સંબંધી કાર્ય આદિ બાબતોનો

તત્ત્વાર્થિક અભ્યાસ–ક્રમ.

જ્યોતિષ વિદ્યા:— એ પહેલાં તેમજ અભ્યાસમાં અનેક પ્રકારે દર્શાવવામાં આવી છે એવી અનુપમ. વિદ્યા.

તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમ:— કુદરતના કાનૂનને સમાંતરે, સંભાળે નિહાળી–દર્શાવી, તે વિશેનું જ્ઞાન સંપાદન કરી–કરાવી, લાભ મેળવી–મેળવાવી, અનુભવ ચાખી–ચખાડી, કુદરતને ઓળખી–ઓળખાવી, પરમેશ્વરને મેળવી–મેળવાવી, અજ્ઞાનતાને દૂર કરી–કરાવી, નર્ક (દોઝખ)ને અંધકાર (સિહાઈ) માં હડસેલી મેળી–મેળાવી, સ્વર્ગ (બહેસ્ત)ને અજવાળાં (રોશની)માં પ્રદર્શિત કરી-કરાવી, વગેરે અનેક પ્રકારે કુદરતની સહાયભૂતિ લાવી આપી તે જોડે એૈકયતા (હમશરીક) કરી આપનાર સીધો, સરળ, કાર્યસાધક (વ્યવહારૂ સાધન રૂપી) માર્ગ.

પારસી–બંધુઓ જોડે બે–શબ્દો.

પ્રસંગાનુસાર પારસી–બંધુઓ જોડે બે–શબ્દો દર્શાવવાની રજા માગું છું.

પારસી–બંધુઓ ! તમો મારૂં દર્શાવવું એ પહેલાંનું અનેક પ્રકારે જોઈ આવ્યા છો. મારી મુખ્ય ધારણા, કાર્ય આદિ અનેક વિષયોની "ચાસ્ણી" તમોને સંક્ષેપ્તમાં કરી કરાવી છે.

નમ્રતા પૂર્વક તમો બંધુઓને ભલામણ કરવાની આવસ્યકતા વિચારૂં છું. ઉતાવળી અથવા મંદ ગતિયે તે ઉપર મનન કરશો નહિ, પરંતુ સમાન (યથાયોગ્ય) ગતિયે તર્ક શકિત દોડાવવાની કૃપા કરશો.

યાદ રાખવાનું છે કે, ભલી નેમ હોવા જોડે, જાણુ અથવા અજાણુ પણુ હાથમાં પીતળ ઝાળી, સોનુ છે, સોનુ છે, એવું સમજી સમજાવ્યાથી તે ઝાલેલું પીતળ કોઈ કાળે પણુ સોનુ બનવાનું નથી, અને વખત આવવે સોનાનું કામ તે બજાવી શકવાનું નથી. સોનાની ગરજ તો તેને રહેવાની, અને તે માટે તેને તેવી વેળાએ બીજા પાસે સોના માટે હાથ લંબાવવાની જરૂરત સ્વાભાવિક આવી ઉભી રહેવાની.

હવે એવી ઝરૂરત વેળાએ બીજો તેને વાસ્તવિક રીતે સોનું હાથમાં પકડાવે છે કે, તે બીજો પણ તેવીજ પીતલ જેવી ઝાળેલી વસ્તુ પેલાના હાથમાં કેસવી દઈ તેને સંતુષ્ટ છે તે, પેલો વાસ્તવિક રીતે જોઈ શકતો હોતો નથી; કેમકે, એ પહેલાં તેણે પોતે પણ સોનું કેવું હોય તેની વાસ્તવિક "ચાશ્ણી" કરેલી હોતી નથી, અને તે કારણે સ્વાભાવિક રીતે પોતાની તેવી (પરાધિનતા) સ્થિતિ થવાથી, તે માટે તેને હાથ લંબાવવો પડયો હતો.

એવી સ્વાભાવિક સ્થિતિ રજુ થતી રહેવા છતાં પણ, મહત્ ખૂબી એ હોય છે કે, જાણુ અથવા અજાણુ, પણ પીતળ ઝાળી, સોનુ છે, એવું સમજી સમજાવનાર સ્વતઃ માટે ખાતરિપૂર્વક સમજી સમજાવે છે કે, સોનુ હું રાખતો આવ્યો હતો, બચાવતો આવ્યો હતો; સમજતો આવ્યો હતો, સમજાવતો આવ્યો હતો, "ચાસ્ણી" કરતો આવ્યો હતો, કરાવતો આવ્યો હતો; બીજા પાસે સોનુ ખરીદતો આવ્યો હતો, ખરીદાવતો આવ્યો હતો;--વગેરે.

ઉપલી સ્થિતિ જેવા ભાવાર્થ દર્શાવનારી સ્થિતિ, જરથુસ્ત્રી ધર્મ, તેના અનૂયાયિયો, તેના અભ્યાસીઓ, તેનું રક્ષણ કરનારાઓ, તે એક ઉચ્ચ માર્ગ રૂપી ધર્મ હતો એવું વાસ્તવિક સમજનારાઓ-----વગેરે તે જોડે ધાડો પરિચય પાડનારાઓની, તેઓની તે પ્રત્યે ભલી નેમ છતાં પણ, સ્વાભાવિક ભાસી આવે છે.

જરથુસ્ત્રી ધર્મ રૂપી કોમમાં, એક માત પિતાને પેટે, સાધારણ રીતે સ્વતઃ એક પાણીના બુંદ રૂપે હતો ત્યારથી મિશ્રિત થઈ, આટલો બધો પરિપક્વ થઈ, તેજ ધર્મમાં પ્રવેશ કરી, તેનાજ આચરણ-વિચરણ આદિ અંતર-બાહેર વસ્તુઓથી સંપૂર્ણ થઈ રહેવા બાદ; જો તે એમ દર્શાવે કે, હું દીનચાશીદાર છું, હું ધર્મ પાળનાર પળાવનાર છું, સમજનાર સમજાવનાર છું, ફાયદો મેળવનાર મેળવી આપનાર છું, "ચાસ્ણી" કરનારછું કરાવનાર છું, વગેરે અનેક વસ્તુઓ તે વિશે પ્રદર્શિત કરે, તેવો હક ઈલાકો રાખે રખાવે, તો તે સઘળું સ્વાભાવિકજ હોય છે. વળી વાસ્તવિક રીતે તેમ બનવું બદારત કહેવાય છે.

હવે એટલું સ્વતઃ ખાતરિપૂર્વક થવા છતાં, સ્વતઃ જોડે સોનુ ઝાળેલું છે, સોનુ ઝાળેલું છે એવું સમજી સમજાવવા છતાં,-----વાસ્તવિક રીતે જે વેળા સોનાની "ચાસ્ણી"ની આવશ્યકતા પડે ત્યારે તો, ઉપર જણાવેલી જેવી પરાધિનતા સ્થિતિ આવી ને ઉભી રહે! યાને તે સોનાનો વાસ્તવિક તત્ત્વાર્થ સમજવાને, પરજ્ઞાતિના વ્યક્તિ (જેને ઉપર મુજબમાં કહ્યું 'પરિપકવ થયું નથી તે) સોડે હાથ લંબાવી, સૂચવવામાં આવે કે, મારા હાથમાં ઝાળેલાં સોના વિશે હું સઘળી રીતે (ટુંકમાં ઉપર મુજબ) પરિપકવ છું, તે અને હું બન્ને એકજ છીએ એવી સ્થિતિ છે-----છતાં તું મને તેનો "કશ" ખેંચી આપ।

એવી સ્થિતિ જો સ્વાભાવિક રીતે બને તો, સવાલ એ આવીને ઉભો નથી રહેતો કે, ભલી નેમ છતાં પણ, એક વસ્તુને સમજવાનાં, સમજાવવાનાં આદિ તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમમાં, પીતળને ઝાળી સોના તરીકે તેને સ્વિકારી અનુમોદન અપાતું નહિ રહ્યું હોય ?!

હવે એવી સ્વાભાવિક પોતાની સ્થિતિ દરમયાન, અન્યકોમી બંધુ તે વળી તેનો "કશ" તે શું ખેંચી આપવાનો હતો? વળી તે જોડે તેણે ખેંચેલો "કશ" વાસ્તવિક દરજ્જેનો સંતુષ્ટકારક, કાર્યસાધક છે એવો પરિક્ષા કરીને અનુભવસિદ્ધ તે કોણ દર્શાવવાનું?

એક પિતા, પોતાનો પુત્ર સાંસારિક સમજમાં આવ્યા બાદ, તે પુત્રને એવું કહે કે, બેટા! હું એટલા વરસની વયનો હતો ત્યારથી તારી માતા સોડે પરણ્યો હતો. તેણીની સંગાતે ત્યારથી દરેક પરિચયમાં આવતો રહયો છું. અને તેમ થવાથી સઘળી બાબતે હું પરિપકવ થતો રહયો છું. અલ્બત્તેહ, એવી સ્થિતિમાં હોવાથી, કુદરતી કાનૂન મુજબ હું જેટલી તારી માતાને ઓળખું તેટલું તું કયાંથી પામી શકવાનો?! પણ મેં બાહેરથી સાંભળ્યું છે કે, સ્ત્રી-ચારિત્ર ઉપર યોજાયલાં ઘણાં પુસ્તકો વાચી, તું ભાષાના તરજુમા કરવાને શક્તિમાન થયો છે તો, તે દ્વારે તારી માતાને, તેણીનાં બળાબળ, ગુણદોષ, સૌંદર્ય આદિ યોગ્ય રીતે ઓળખવાનો "કશ" તું મને કાઢી આપ।

એવી સ્થિતિ દરમયાન સ્વાભાવિક રીતે પિતા કેટલું સમજેલો અને સમજતો આવેલો; તેમજ પુત્ર કેટલું કેવું સમજાવશે અને તે ઉપરથી વળી પિતા કેટલું સમજી શકવાને સમર્થ થશે તે, તુલના કર્યાથી રહેજે સમજી શકાશે.

"એકડા વિનાના મિંડાં નકામા" એ કહેવત મુજબ. જરથુસ્ત્રી ધર્મ-માર્ગ વાસ્તવિક રીતે સમજવાની કુદરતી વિદ્યાના ઉંચ્ચ અભ્યાસની ગયરહાઝરીમાં ઉપર પ્રમાણે (નિર્બળ) ગતિદર્શક સ્થિતિ આઢળતી રહે, અને તેને સંસ્કાર મળતો રહે એ સ્વાભાવિક હોય છે.

ગાહમ્બારની ચાસ્ણી, જશનની ચાસ્ણી, ગુઝરેલાંઓની ચાસ્ણી, જીવતાંઓની ચાસ્ણી.આદિ યથાયોગ્ય વસ્તુઓની, ધર્મ-કર્મ (ધર્મ-ક્રિયા) રૂપે, કુદરતી અભ્યાસિક દ્વારે, કુદરતની પયદાયશો ઉપરથી કુદરતનું જ્ઞાન પ્રદિપ્ત થાય તે તત્ત્વાર્થિક માર્ગે ચાસ્ણી કરાવવાની, જે જરથુસ્ત્રી ધર્મ રૂપે અનુપમ કાર્યસાધક શિક્ષણ પદ્ધતિ હોય છે; તેના વાસ્તવિક ઉંચ્ચ દરજ્જેના શિક્ષણ-માર્ગને બદલે, તે ધર્મગુરૂ કહેવાતા વર્ગ અને તેમના અનુયાયિયોમાં, રસોઈઆ-પદ્ધતિ (પકાવી ખાવું-ખવરાવવું એ) ઉપર સઘળું આવી ઉભેલું માલુમ પડે છે. "ભણવું" એવા હેતુ હેઠળ અનેક કલામો ઉચ્ચારી જવા, સમિપ કુદરતની પયદાયશોની વસ્તુઓ લાવી મેળવી, અને તેવે પ્રસંગે ખાવું અને ખવરાવી દેવું; એનો અર્થ જરથુસ્ત્રી ધર્મ-કર્મ રૂપે ચાસ્ણી કીધી અને કરાવી દીધી. વધુ થાય તો "ભણ્યા" તેમાંથી યાદ આવે તો થોડાક શબ્દોના તરજુમા સમજાવી દીધા !

એવું અનેક પ્રકારે થતું નઝરે નિહાળ્યા બાદ, મનન કરનાર કેટલાક પારસી બંધુઓનું લક્ષ્ય ખેંચાઈ તેઓ સ્વાભાવિક સવાલ ઉઠાવે કે, ફરજ્યાત આમ બધું શાને માટે હશે ? ! વગેરે.

તેવા બંધુઓની ધર્મ પ્રત્યે લાગણી હોવાથી, તેઓની ભલી નિષ્ઠા હોવાથી, તેઓ તે રૂઢિ આદિ ક્રિયાને ઓળખવાને મથન કરે છે. હવે એવી વેળાએ, તેને વાસ્તવિક ઓળખવાને જે માર્ગ રૂપી વિદ્યા, તેના ઉંચ્ચ અભ્યાસની ગયરહાઝરીમાં, તેઓ સ્વમથનમાંથી એવું સમજી સમજાવી

સંતોષ મેળવતા માલુમ પડે છે કે, "આશાતો" અને ભણ્યા આદિ બાબતોથી ધ્રુજારી (!) (અંતર અને બાહ્ય સ્ફુર્તિ?) ઉત્પન્ન થઈ આપણી કોમમાં (મુવાં-જીવતાંના) કાંઈ કાંઈ ફાયદાઓ (!) ઉભા થતા હશે; ઇંડાંના કોટલાં તુટે તેમ ફડાફડ રંગોના પરદા તુટતા હશે; ટુંકમાં કાંઇ એવું ગેબી ગેબી બન્યા કરતું હશે જે આપણુને સમજ નહિંજ પડે !

ના, બંધુઓ ! હાલમાં જુઓ છો તેવી ક્રિયાઓ માટે પોતે પોતાને ઠગવામાં કશો લાભ હોય નહિ. તમો ધારો છો તેવી રીતે બનવાનું અથવા બનાવવાનું કશું છેજ નહિ; સબબે તેવું સ્વાભાવિક પણ બનતું નથી. જો વાસ્તવિક રીતે તેવું હતે અથવા હોય તો, કહેવત પ્રમાણે "ભણી ભણીને ડોસા થયા" તેવા વર્ગ અને તે ક્રિયાને અનૂસરનાર વર્ગની હાલત આજે ક્યાં, કેવાં, કેટલાં જ્ઞાને, કેવી આત્મિક સબળ સ્થિતિયે કુદરતીજ મેળાયલી હતે તેનો ખ્યાલ કરો !

બંધુઓ ! ટુંકમાં દર્શાવવાનું કે, જે જે બાબતની ધર્મ-કર્મ (ધર્મ-ક્રિયા) રૂપે "ચાશણી" કરવાની તમો તમારી મુખ્ય ફરજ વિચારો છો, અને જે વર્ગ તે પ્રમાણે "ચાશણી" કરી પછી છુટકારાવવાનો દાવો રજુ કરે છે; તે હાલમાં ખાવું અને ખવરાવવું એ સ્થિતિ ઉપર આવી ઉભેલું છે-પરંતુ જ્યારે એ ફરજ રૂપી પદ્ધતિ તેના યથાયોગ્ય તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમમાં (ખરા બ્હારમાં) હતી હશે ત્યારે, કુદરતનું શું આલા શિક્ષણ, તમો બંધુ રૂપી કોમ (પારસી કોમ) સંપાદન કરવાને શકિતમાન થયલી હશે--તેનો માત્ર ખ્યાલ કરતાં, "હું" બાઈ-માનસનું અંતઃકરણ આનંદના દર્યામાં લ્હેર મારી રહે છે ! અને તેની તુલના જોડે હાલનો ખ્યાલ કરતાં, તે દિલગીરીના મહાસાગરમાં ગોતું મારી રહે છે !

ઉપલી વિગતોનો ઈશારો છે, પરંતુ એજ પ્રમાણે ધર્મ-ક્રિયા, સુદરેહ--કુશ્તી આદિ અનેક બાબતો વિશે સમજવાનું હોય છે.

એ પ્રમાણે કુદરતની પયદાયશો, કાર્યગતિ, આદિ બાબતોની તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમે "ચાશણી" કરતાં જતાં, કરાવતાં જતાં, એક ધર્મગુરૂ અથવા તેને અનૂસરનાર સેવટે "ગીધ"ની ચાશણી કરવા અને કરાવવા ઉપર (સ્વકાણુ-બળદર્શક રીતે) આવી ઉભો રહે છે. હવે "ચાશણી" એટલે ખાવું-

ખવરાવવું એવી સમજ રૂપી શિક્ષણ ઉપર આવી અટકેલું હોવાથી, તે ઉચ્ચ શિક્ષણની ગયરહાઝરીમાં, તેવાં બળાબળ વિના, એક હાલના ધર્મગુરૂને એવું સ્વાભાવિક ભાસે કે, "શું ગીધની ચાશ્ણી એટલે ગીધને ખાવો ખવરાવવો ?!" એવું તેની સામાન્ય અકલ પણ નાકબૂલ રાખતી હોવાથી, તે સ્વાભાવિક તાત્પર્ય ઉઠાવે કે, ગીધ "ની" ચાશ્ણી કરવી એમ હોય નહિ પણ," ગીધ "ને" "ચાશ્ણી કરાવવી "એમ હોવું જોઈએ. અને "ની" અને "ને" એ બે શબ્દોમાં, આગળ જોઈ ગયા તેમ, એક બાબતની ભલી તેમ છતાં પણ, "ઘઉંમાં કાંકરા" આવીને મિશ્રિત નથી થઇ જતા ? ! અને એક વસ્તુની યોગ્ય સમજની કોતાહિમાં, તે નિરોપયોગી, નિરર્થક કાંકરા સ્વાભાવિક રીતે ઘઉં ઉપર (ધર્મની ફરજ રૂપે) સરસાઈ દર્શાવવાનો દાવો નથી કરતા ? !

યાદ રાખવાનું કે, હાલમાં અનેક કોમોમાં રૂઢિ છે તે પ્રમાણે, અગ્નિ--દાહ સૂર્ય-દાહ, ભુમિ-દાહ, જળ-દાહ, એવી રીતે મુડદાંની દેશકાળને અનુસરીને વ્યવસ્થા કરવાની જુદીજુદી સ્વિકારેલી માત્ર ઉપલક રૂઢિયો છે--જ્યારે "દોખ્મુ" અને "ગીધ"ની ચાશ્ણી એનો, જીવતાંએ કુદરતનું શિક્ષણ સંપાદન કરવાનો વ્યવહાર સમજપૂર્વકનો માર્ગ, અને તે દ્વારે મેળવેલી સ્વકાર્યદર્શક અનુપમ વસ્તુઓ છે. વળી "સગ-દીદ" તત્વાર્થિક અભ્યાસ-ક્રમે વાસ્તવિક રીતે થવું, એના જેવું કુદરતનું જ્ઞાન સંપાદન કરી, "હું કોણ છું, ક્યાંથી આવ્યો છું, કયાં જવાનો છું, મારી સ્થિતિ એવી દુ:ખી કેમ, પેલાની તેવી સુખી કેમ ?" આદિ અનેક શંકારૂપી કેટલાક પારસી બંધુઓ સવાલ ઉઠાવી, તે માટે અનેક અવતારી કર્મ-ફળ રૂપી કથા દેખાડી, તે શંકાને ઉકળાવવાને મથન કરે છે, તે સઘળાંનો જવાબ "ટુંકું અને ટચ" રીતે મળી જઈ, કુદરતના મહાન બંધન-માર્ગ જાણવાને, તેમાંથી મોકળા થવાનું મોટું શિક્ષણ રૂપી સાધન એથી બીજું કયું હોય !?

એવો અનેક પ્રકારનો આલા ઉંચ્ચ અભ્યાસ-ક્રમ, "કાલબુદ" જેવી વસ્તુ જોડે કેવા પ્રકારે, કયા માર્ગે મિશ્રિત થઇ જવા પામ્યો, અને તેની યોગ્ય સમજની કશી નામ નિશાન રહી નહિ એ શોચનિય વાત છે.

એ અને એ સિવાની અનેક બાબતો તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમે સમજ-વાને, પારસી બંધુઓ, તમો શક્તિમાન થાઓ, તે વસ્તુઓ શિક્ષણ રૂપે તમો સમિપ રજુ થાય ---તે પૂર્વે, એ પુસ્તકમાં દર્શાવેલો ટુંક અભ્યાસ સંપાદન કરી સમજવાને મથન કરતા રહેવાની કૃપા કરશો; જેથી ભવિષ્યમાં, 'ઉપલી અનેક વસ્તુઓ સમજવાને તમોને કઠિનતા જેવું જણાશે નહિ. એવી તમો બંધુઓને મારી નમ્ર વિનતિ છે.'

"હિરાની પરિક્ષા ઝવેરીજ કરી શકે"!

અમુક વસ્તુને યથાયોગ્ય ઓળખવાને, તે વિષેનાં યોગ્યતા અને જ્ઞાન બંનેની દર્શાવણી તરીકે, ઉપલા કહેવતનો ઉપયોગ સામાન્ય પ્રકારે કરવામાં આવે છે.

અનેક વેળા, એવું બનતું રહેલું જોવાનું, સાંભળવાનું અને શીખવાનું જનસમાજને મળતું રહયું છે કે, વાસ્તવિક પ્રકારે એક વસ્તુ, તેજ પ્રકારની વસ્તુઓ જોડેની સરખામણીમાં, ઉચ્ચ દરજજેની હોવા છતાં તે, ઉચ્ચ દરજજેની વસ્તુ તે વેળા યથાયોગ્ય ઉચ્ચ સંસ્કાર પામવાને, અને એ પૂર્વે નિર્બળ પ્રકારની વસ્તુઓ સંસ્કાર પામી ચુકેલી હોય, તેને પગથ્યે પણ પુગી શકવાને શક્તિમાન થવાને બદલે, સામી પછાત પડતી રહી હોય; અને વખતના વહેવા જોડે, પાછળથી તેનો ઉત્સાહપૂર્વક સંસ્કાર થતો આદર્યો હોય; એવી વેળાએ પણ ઉપલી કહેવત સમજી સમજાવી મન મનાવવામાં આવે છે કે, પ્રથમ તે વેળા એમ થવાનાં કારણ તરીકે, તે વસ્તુને ઓળ-ખનારાની સંખ્યા જવલેજ હશે (!) તેથી એવું સ્વાભાવિક બન્યું હોય (!) જો કે આ કારણમાં કાંઈક દરજજે વાસ્તવિકપણું સામાન્ય દ્રષ્ટિયે માલુમ પડી આવે છે, પણ તે વેળા એના કરતાં પણ વધુ સબળ કારણો અનેક હોતાં રહે છે એમ, સૃષ્ટિ ક્રમનો અભ્યાસ કરનાર સ્હેજે શોધી શકે છે.

જ્ઞાનિજનોનાં અનેક પ્રકારનાં વચનો, શિક્ષણ, અભ્યાસ, કવિતા, ભજનો આદિ અનેક વાસ્તવિક દરજજે ઉચ્ચ બળદર્શક વસ્તુઓ, તેને તે સ્વરૂપમાં પ્રગટમાન ગતિ મળી તે વેળા, યથાયોગ્ય સંસ્કાર મળે એવું તે પ્રત્યે લક્ષ્ય અપાવવાને બદલે, તે, તે વેળા અલબડાઇએ મેળાઇ રહે એવી રીતનું દુર્લક્ષ્ય અપાઈ ----તે પૂર્વેની તેવી વસ્તુઓની સરખામણીમાં, તે સામા નિર્બળ

ગતિદર્શક નિરોપયોગી વસ્તુ હોય એવો તે પ્રત્યે ભાસ આભાસ, તે પ્રસંગે રજુ થતો રહેલો માલુમ પડી આવે છે. એમ થયા બાદ, વખતના વહેવા જોડે, હાલમાં તેવી વસ્તુઓને અનેક પ્રકારે આમથી તેમથી ઢુંઢી (સંશોધન કરી), આવકારદાયક લેખી લેખાવી, તેને તે વિષેના વાસ્તવિક ઉંચ્ચ અભ્યાસાર્થે સ્વિકારવામાં આવે છે.

ત્યારે એમ ઉલટસુલટ "થતું રહેવાનાં સ્વાભાવિક કારણો તરીકે જોઈ જઇશું:--

૧–તે પ્રસંગે તે વસ્તુને યથાયોગ્ય દ્રષ્ટિયે ઓળખી ઓળખાવવાની, યોગ્યતા અને જ્ઞાનની, ઉપલી કહેવત પ્રમાણેની, જનસમાજની કાંઇક દરજ્જેની ન્યૂનતા.

૨–માત્ર તે વસ્તુ પ્રત્યેજ લક્ષ્ય આપી તેનું અવલોકન કરવાને ઠેકાણે, તે રજુ કરનાર વ્યક્તિ પ્રત્યે અપાતું વધુ અંગત લક્ષ્ય.

૩–સ્વકોમાભિમાન રૂપે, પ્રસંગાનુસાર રંગાદિ ભેદાભેદિક વસ્તુઓ ઉપર અપાતું વધુ લક્ષ્ય.

૪–" હાજરીબાઈ " નાં સંકુચિત કાર્ય ઉપર અપાતું વધુ લક્ષ્ય. અને તેમ થવાથી તેનાં કાર્ય–માર્ગ (ઉદર–નિર્વાહ)માં ખલલ પુગવાના ઠાલી ભય ઉપર અપાતું વધુ લક્ષ્ય.

૫–આ ઉંચ્ચ દરજ્જેની વસ્તુને વધુ પ્રસાર મળતાં, એ પૂર્વે એ વિષયને લગતી અમે સમજી સમજાવેલી વિગતોને નિર્બળ ગતિ મળશે. અને તેમ થવાથી તે દ્વારે મેળવેલાં અમારાં સ્વમાનને ધોકો પુગશે" (!) એવા થોડા વખતના ઠાલી ખ્યાલ ઉપર અપાતું વધુ લક્ષ્ય.

૬–તે તે વસ્તુઓને પ્રગટમાન ગતિ આપનાર તે તે વ્યક્તિયોની, તે તે વસ્તુઓનું જ્ઞાન હોવા છતાં, કુદરતના મહાન કાનૂન પ્રમાણે, પ્રથમમાં રહેતાનું સમાંતર અને સમાબળ જાળવવાની અમુક દરજ્જેની યોગ્યતાના ઓછાઈ. અને તે કારણે, તે વ્યક્તિયો માટે સ્વકોમ અથવા અન્ય કોમમાં ઉભો થતો રહેલો ભેદાભેદિક વિચાર.

૭-તે તે વસ્તુઓનાં યોગ્યતા, જ્ઞાન તે તે વ્યક્તિયોને હોવા છતાં, તેઓને પ્રગટમાન ગતિ આપવામાં આવે તે પ્રસંગે, કુદરતના કાનૂન પ્રમાણે, તેઓને આપ-લેના નિયમે અન્ય વર્ગ જોડે અનુસંધાન કરી આપનાર માર્ગ, જે પ્રગટમાન ગતિ આપનાર વ્યકિતયોની (પોતાની) "અંતર-ધારણા" તરીકે સ્વાભાવિક રીતે હોય છે, તે સ્વાર્થ રહિત, જ્ઞાતિભેદ, જાતિભેદ વિનાની વિશાળ, (અભ્યાસમાં જોવામાં આવશે તેવી રીતે) મેષ, ધન અને સિંહ રાશીના પ્રકારદર્શક ગુણ, ખાસ્યત (રંગાદિ) ને માર્ગે યથાયોગ્ય મેળાવાને ઠેકાણે, અન્ય રાશીઓનાં પ્રકારે વધુ મેળાયલા હોય.

ઉપર દર્શાવ્યા પ્રમાણેનાં મુખ્ય કારણો, અને તે જોડે અનેક નાહના કારણો મિશ્રિત હોય છે, ત્યારે વાસ્તવિક પ્રકારની ઉચ્ચ વસ્તુને પણ, અગાઉ જોઇ ગયા તે મુજબ, યથાયોગ્ય સંસ્કાર મળવામાં વાંધા વિધ્નિ આઢળે છે; તેમજ તેના માર્ગમાં, જુદાંજુદા કારણો હેઠળ તેવી વાંધાદર્શક હરકતો તેવા વર્ગ તરફથી સ્વાભાવિક રીતે લાવી મેળવામાં આવે છે.

એમ થવા બાદ, વખતના વહેણ જોડે, તે તે વસ્તુઓને પ્રગટમાન ગતિ આપનાર વ્યક્તિયો, તથા ઉપલાં કારણો હેઠળ સ્વાભાવિક રીતે વાંધાદર્શક વર્ગ, આદિ અદ્રસ્યમાન ગતિ (અલોપતા) પામે છે----યાને સાધારણ શબ્દોમાં બોલ્યે તો મરણ પામે છે; અને તે ઉંચ્ચ તત્ત્વાદિ કાર્ય રૂપી વસ્તુઓ માત્ર રહી જાય છે.

૭ અને સાત આંકનાં દર્શાવેલાં કારણોનો ભાગ મહત્ દરજ્જે ઓછો હોય, અને તે સિવાનાં અન્ય કારણોએ એમ થવામાં વધુ ભાગ ભજવેલો હોય તો, ઉપર પ્રમાણે બનતાં, સ્વાભાવિક રીતે સઘળાં કારણો નાબુદ થતાં રહે છે; અને તે વસ્તુઓને તેઓના દરજ્જા પૂર્વક વાસ્તવિક અનુમોદન મળવાનું શરૂ થતું જાય છે.

આ દેશનો ચાલુ ઝમાનો, કેળવણી, સુધારાવધારામાં આગળ કાંઇક અંશે વધ્યાથી, ઉપલાં અનેક કારણોમાં ઝાઝો ભાગ ભજવવામાં ઓછું પ્રમાણ દર્શાવી શકે છે; પણ આંક પાંચમાં દર્શાવેલું કારણ, જે મહત્ ભાગે સમજુ કેળવાયલા કહેવાતા વર્ગ તરફનુંજ ઉભેલું હોય છે; તેમાં ઝાઝો ભાગ

એક યા બીજા મર્ગે તે કારણુ રૂપે ભજવાય તો, તે બહુ હાનિકારક શોચનિય વસ્તુ થઈ પડે એ સ્વાભાવિક હોય છે. એવી વેળાએ સૃષ્ટિક્રમનો અભ્યાસ તેઓ લક્ષ્યમાં લેવાની કૃપા કરે તો, સ્હેજે પામી શકે કે, એ તેઓનો ખ્યાલ માત્ર થોડા વખતનો ઠાલો ભરમ દર્શાવનારો હોય છે. કેમકે, મથાળે દર્શાવેલા અર્થસૂચક કહેવત પ્રમાણે જોતાં, "હિરાની પરિક્ષા ઝવેરીજ કરી શકે"! યાને એક વસ્તુને તેના યથાયોગ્ય સ્વરૂપમાં નિહાળી, તેની વાસ્તવિક તુલના આંકવી, અંકાવવી, જરથુસ્ત્રી ધર્મ-શબ્દો પ્રમાણે દર્શાવું તો "ચાસ્ણી કરવી, કરાવવી;" અનુમોદન આપવું, અપાવવું; વગેરે તેને લગતી અનેક પ્રકારદર્શક કાર્યગતિ દર્શાવનારો પોતા તરફનો ભાગ આપવો તે પણ, તે તે વસ્તુને પ્રગટમાન ગતિ આપનાર વ્યક્તિયોના સમિપ દરજ્જે, આપ-લેના કુદરતી નિયમે આવી ઉભેલા તરીકેનુંજ કાર્ય હોય છે. (પારસી બંધુઓએ, જરથુસ્ત્રી ધર્મ-ક્રિયા રૂપે, એ વ્યક્તિયોને સામસામી બેસી, ઉભા રહી, વગેરે ક્રિયા દર્શક ભાસ આભાસ રૂપે "ભણતા" તો જોયા હશે----પણ તેના તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમ તરીકે, તે ઉપરથી સ્વતઃ શું "ભણી", પોતાનાં યજમાનો તરીકેના પારસી બંધુઓને, પોતા તરફનાં (તે દ્વારે સંપાદન કરેલાં ફળ રૂપી આચરણાર્થે), પ્રત્યક્ષ ઉદાહરણ તરીકે "ભણાવતા" આવ્યા હોય તેનું સંશોધન તો "ભણેલા"જ બંધુઓ કરી લે તો પૂરતું છે!!!)

સામાન્ય ઉદાહરણ તરીકે જોતાં, એક "અમુલ્ય" વસ્તુ હાથમાં પ્રાપ્ત થઇ હોય; તદાપિ તેને ઓળખી ઓળખાવી, સંપાદન કરી કરાવી, તે પ્રત્યે અમળ કરી કરાવી, આદિ તેને લગતાં વાસ્તવિક યોગ્યતા અને જ્ઞાનનાં પગથ્યે મેલાયા વિના—માત્ર 'ઉપરટપકે'થી તે "અમુલ્ય" વસ્તુથી પણ અર્થ શું સરવાનો હતો?! ચલને દો! પૃથ્વિની ફરવાની ગતિ ઉલટીજ હોય છે, સબબે ઉલટી ગતિદર્શક શિક્ષણ તે જોડે સ્વાભાવિક રીતે ભેળાઇ જવામાં, અને તેથી તેની ગતિની સહાયભૂતિ વડે આગળ ધસી જવામાં, કદાપિ ઉતાવળ્યો ઉદ્ધાર મેળવતું રહ્યું હોય તો, તે તેના ધર્મ-કર્મને અનુસરીનેજ હોય છે! અને દરેક કોમી વ્યકિતયોમાં તેવો બીજ રૂપી પ્રસાર વધી જવાથી, પાછળથી તેનાં વૃક્ષો બની જવાથી----હાલમા દુનિયાનો ઈતિહાસ શું (મીઠાં!) ફળ ચખાડી રહ્યો છે!:તે એજ કે, ગમે તેવું તેટલું હોવા છતાં, તેઓ માટે "એકડા વિનાના મિંડાં નકામા" તેમ એક મૂળ વસ્તુ વિના, ના સ્વતાનો અર્થ સરે ના અન્યનો સરાવી શકે!

વિવિધ ફળિત જ્યોતિષ વિષયાદિ ભોજન-ગૃહ !

"માંગતાં ન આવડે ભીખ, તો (સેવટે ?) વૈદ નહિ તો જોશી થવાનું શીખ"! એવી કાંઈક કહેવતમાળા વિશે જોઇ આવ્યાં છો. અનેક પ્રકારના ભયંકર રોગને, અભ્યાસિક વૈદિક, તબીબો મદદ વિના, એક તડાકે અને કડાકે જડમૂળથી (દુનિયાથી?) ઉખેડી નાંખનારી કેટલાક પેટંટ દવાઓની રંગ-બેરંગી જાહેરખબરો, તે (દવા)ને પ્રગટમાન ગતિ આપનાર (પેટંટ!) વ્યકિતયો તરફથી, જન-સમૂહનાં માત્ર ભલાં અને તેઓની તે ખોટ પૂરવાનેજ માટે (!) દેશ વિદેશથી, મોટા ખર્ચના ભોગે (કાંઈ પણ હાસલ વિના !) અપાતી, જોવામાં જાણવામાં આવતી રહેતી હતી, રહી છે અને રહેશે:

કેટલાક સંસાર-વ્યવહારના અનૂભવિયો એવું દર્શાવતા માલુમ પડયા છે કે, હાલનો ઝમાનો એવોજ છે, અને તે તેવુંજ માંગે છે. હોય ! "ભણેલ કરતાં ફરેલ વધે, અને ફરેલ કરતા કહેલ વધે"! તેમ તેઓનું દર્શાવવું કાંઇક દરજ્જે પણ અર્થસૂચક તો હોવુંજ જોઇએ.

મથાળે દર્શાવેલી જન-સમાજની કહેતી મુજબ જોતાં, જયારે એવા "મામા" ઓ, એવો માર્ગ ગ્રહણ કરી "લાડુ" પ્રાપ્ત કરવાને શકિતમાન થતા રહ્યા છે, થાય છે આદિ જોવાનું, સમજવાનું, શીખવાનું (તેઓના જોડયા) "ભાણુજા"ઓના જાણમાં આવે અને તેવા મામાઓને પગલે તેવા ભાણુજાઓ ચાલે નહિ તો પછી, "હાલનો ઝમાનો એવોજ છે, અને તે તેવુંજ માંગે છે" એવું, સંસાર-વ્યવહારના અનૂભવિયોનું દર્શાવવું, વધુ પ્રમાણમાં અર્થસૂચક ઠરે કયાંથી ? ! ફળિત જ્યોતિષનો જન-સમૂહે લાભ (!) પ્રાપ્ત કરી લેવાને હવે જરાપણ પછાત રહેવું નહિ—કેમકે, તેવી પેટંટ દવા અને તેવા પેટંટ વ્યકિતયો રૂપી "મામા"ઓની ખોટ જોડે, તેવું ફળિત જ્યોતિષ અને તેવા "ભાણુજા"ઓની પણ સાથે લાગી ખોટ, ઝમાનાને માલુમ પડતી જવાનો સંભવ આવી ઉભો હોય—તેવી કાંઇક રંગ-બેરંગી જાહેરખબરોનાં કૌતુકો એ વિદ્યા માટે પણ, ઉપર પ્રમાણેનાં, અર્થસૂચક કહેવતના પગલે ચાલવાનાં કાર્ય તરીકે માલુમ પડતાં રહે છે !

હોય, નવિન ઝમાને-નવિન બ્હાર ! પરંતુ જયારે એક વસ્તુની હદ ઉલ્લંઘે, તેવાં ઉલ્લંઘન ઉપરાંત પણ અતિશ્યોક્તિ ભર્યું થઈ પડે; ઉદર-નિર્વાહ ઉપરજ લક્ષ્ય આપનારોમાં ધંધા રૂપી હરીફાઈ તો સર્વેમાં હોય ! પણ તેની હદ પણ ઉલ્લંઘે, હાલનો ઝમાનો કાંઈ છેકજ "હમ્બગ" પગથ્યે આવી પુગી જરૂર જોગું પણ સમજવાને અશકત થઇ પડયો હોય, તેવું કાંઈક ચિત્રવિચિત્ર મિશ્રણ તેઓ સખ્પિ રજુ કરી આમંત્રણ દેવામાં આવે ત્યારે, તે પ્રત્યે બે-શબ્દો દર્શાવવા ઉપર લક્ષ્ય ખેંચાયા વિના તે કેમ રહે ?!

સાધારણ રીતે જોતાં, તેવાં ફળિત જ્યોતિષનો લાભ ઉઠાવવાનું કાર્ય તો પોતાનાં કર્માધિન હોય છે, પણ પ્રથમ પાયે જાહેરખબરોનો તત્ત્વાર્થિક અભ્યાસ કરવાનું કામ તો (વિના દામે) પોતાના હસ્તમાં મેળાયલું હોય છે; તો તેનોજ (મુફતમાં મળતો) અભ્યાસ કરતા રહેવાને ભલામણ કરેલી પ્રસંગોપાત કહેવાશે.

સર્ટીફીકેટો-----અનેક ધંધા રૂપી બાબતોમાં હોય છે તેમ એમાં પણ ફળિત જ્યોતિષનાં પ્રસંશાપત્રો મળેલાં અથવા માંગવામાં આવેલાં જોવામાં આવે છે. બેશક, ધંધા રૂપી મદદમાં એ સ્વતાને ઉપયોગી થઈ પડે એમ હોય છે. જેમ એકાદ દવાએ અમુક વ્યક્તિને અમુક પ્રમાણમાં ગુણ દર્શાવ્યો હોય, તેથી તે કાંઇ સઘળાંને તેજ પ્રમાણે ફાયદો દર્શાવશે એવું ખાતરિભર્યું હોતું નથી; તેમ એકે એકાદનું ભવિષ્ય કાંઇક પ્રમાણમાં સત્ય ભાખ્યું હોય તેમ સઘળાંનુંજ ભાખશે એવું ભરૂશાપાત્ર હોતું નથી. વળી કેટલીક બાબતો એવી હોય છે કે, સ્વાભાવિક રીતે તે વિષેનાં પ્રસંશાપત્ર જોડે તેનેજ લગતાં અપ્રશંસાપત્ર પણ તે વ્યક્તિને આઢળતાં રહેવાંજ જોઇયે; તો જ્યારે સફેદ બાજુજ દર્શાવવામાં આવે તો આસપાસની કાળી શિલાઇ કયાં ઉડી જાય એ એક સવાલ થઈ પડે છે!

અમુક વ્યક્તિનું ખાસગીમાં ભવિષ્ય ભાખવાનાંજ માત્ર સંકુચિત કાર્ય-ભાગ તરીકે જ્યોતિષ વિદ્યાની મહત્ત્વતા શમાઈ જતી નથી એમ અનેક પ્રકારે જોઇ આવ્યાં છો. એ કારણે એમાં ખાસ તેવું પ્રસંશાપત્ર જેવું હોવું જોઇયે એવું પણ હોતું નથી. કેમકે, પોતાનાં અમુક વખતનાં ખાસગી

કાર્ય તરીકે, એક વ્યક્તિયે અમુક પ્રસંગે તે માટે અમુક એકને દર્શાવેલું પ્રસંશાપત્ર, વખતના વહેવા જોડે, તે વ્યક્તિને, કદાપિ સીધી રીતે નહિ તો આડકત્રી રીતે પણ, તે વિશેનું પોતાનું મત ફેરવવાની ફરજ આવી ઉભી રહે છે. એવા સંખ્યાબંધ દાખલાઓમાંથી, માત્ર ઉદાહરણ તરીકે એક રજુ કરવાનું વાજબી વિચારૂં છું. જોકે ખાસગી સર્ટિફિકેટ જેવી વસ્તુની મહત્વતાને હું સ્વતઃ તો, તેને, ધંધા રૂપી સાધન સિવા વધુ ચઢત પ્રકારે સ્વિકારતી નથી, છતાં તમોને મનન કરવાને ખુરાક આપશે એવા હેતુથી દર્શાવું છું.

એક કેળવાયલા ગૃહસ્થ જે સોલિસિટર છે, અને તે જોડે, સ્વતાને શોક હોવાથી કાંઈક દરજ્જે જ્યોતિષનો પણ અભ્યાસ ધરાવતા હોય એવું માલુમ પડે છે. જો કે, તે ગૃહસ્થને નજરે જોવાનું માન પણ મારો "લેખક" અદ્યાપિ ધરાવતો નથી.

મજકુર ગૃહસ્થના કાંઈક સાંભળવામાં આવ્યાથી, સ્વાભવિક રીતે, પોતાનાં લંબાન વખતનાં ખાસ કાંઇ કાર્યના નિર્ણય માટે, અન્ય ગૃહસ્થ જે મારા "લેખક" ને કાંઈક દરજ્જે ઓળખતો હતો, તેના મારફતે જાણવા માંગ્યું. તે ગૃહસ્થ મારફતે લેખિત જવાબ વાળવામાં આવ્યો કે, એ કાર્યનો નિર્ણય અમુક મુદ્દત બાદ તમારી વિરૂદ્ધનાએ આવી ઉભો રહેશે, અને પરિણામમાં તમોને તે કાર્યને પડતું મેળવુંજ પડશે, વગેરે.

જવાબ લઇ જનાર ગૃહસ્થ, થોડાક દિવસ બાદ મુજ "લેખક" ને મળ્યા ત્યારે જણાવવામાં આવ્યું કે, એ વાર્ત તે ગૃહસ્થના ધ્યાનમાં ઉતરી નહોતી. કેમકે, તેવું બનવું કેવળ અશક્યજ હતું. વળી જવાબ લઇ જનાર ગૃહસ્થે વધુમાં પોતાનાં મત તરીકે સૂચવ્યું કે, "તમોએ એમાં ભૂળથાપ ખાધેલી મને પણ લાગે છે, કેમકે, (તે બાબતનાં અંગત કારણો દર્શાવી) એવું છે તો શું તમો પણ એવું બની ઉભું રહેશે એમ માની શકો?" વગેરે. ટુંકમાં જવાબ વાળ્યો કે, હશે, મેં સ્વતઃ કોઈને ઓળખીને જવાબ આપ્યો નથી, તેમજ તેવી રીતે જવાબ આપવાનો મારો ધર્મ નથી. જે ગણીત રૂપી વસ્તુ તમો મુજ સમિપ લાવ્યા હતા તેજ

ઉપર મારું લક્ષ્યબિંદુ હતું, અને તેણે (ગણીતે) જે જવાબ આપ્યો તે મેં પ્રગટ કર્યો. દર્શાવેલી મુદત જવા દો, જે તે માલુમ પડી આવશે, વગેરે.

ઉપલી વાત ભૂલી જવામા આવી. સાત્ આઠ માસ પસાર થઈ ગયા. એક દિને, વ્યવહાર રીતે નહિ જણાયલા એવા અજાણ્યા જેવા અક્ષરનું પરબીડું ટપાલમાં આવી મળ્યું. માંહેથી મારા લેખકને શો ખજાનો મળ્યો હશે વારૂ?

ખજાનો એ આઢળ્યો કે, તમોને પુછેલા કાર્યના નિર્ણય માટે, પાંચ છ વરસથી મુબંઇના તેમજ અનેક જોશીઓને અજમાવ્યા હતા, 'અને તેઓમાં માત્ર એકલા "તમેજ હતા" જેણે એવો જવાબ આપ્યો હતો. તે વેળા મેં ખરાં તરીકે તે સ્વિકાર્યું નહોતું, કેમકે તે પહેલાંના દરેકો અમુક બાત તરીકેનાં સિદ્ધાંત ઉપરજ "એકમત" હતા. મારી ભારે અજાયબી વચ્ચે તમોએ દર્શાવેલું તેવુંજ પરિણામ આવી ઉભું રહયું છે, અને તેવાજ પ્રકારે બન્યું છે. હવે ભવિષ્યમાં કયો કેવો માર્ગ યોજાશે તે જણાવશો, વગેરે.

એ તો સઘળું બન્યું! પરંતુ મૂળ મુદ્દાની વાત જોઈશું. જેટલી જેવા પ્રકારે મજકુર ગૃહસ્થને વિસ્મયતા ઉપજી હશે તેનાં કરતાં પણ, મારા "લેખક"ને થોડા માસ બાદ જુદાજ માર્ગે કાંઈ વિચીત્ર પ્રકારે વિસ્મયતા સ્વાભાવિક આઢળી! તે એ કે મજકુર ગૃહસ્થ તરફથી, એ પૂર્વેની અપાયલી, એક જોશીરાજ દ્વારે (ફળિત જ્યોતિષ માટે) પ્રગટ થયલી સર્ટિફિકેટ (?) વાંચવામાં આવી. હશે! તે વેળા યોગ્ય વિચારી તે ગૃહસ્થે તેમ કરવાની પોતાની ફરજ વિચારી હશે. પરંતુ પાછળથી તે ગૃહસ્થને તેમનાજ દર્શાવ્યા પ્રમાણે શો અનુભવ મળ્યો તે સ્પષ્ટ માલુમ પડી આવે છે.

વાંચક વર્ગ સ્વાભાવિક સવાલ ઉઠાવશે કે, ત્યારે કેવા પ્રકારની પ્રસં-શા તરીકે, જ્યોતિષ વિદ્યાની મહત્વતા પૂરવાર કરવાને, અમુક વ્યક્તિને વાસ્તવિક રીતે આવશ્યકતા હોય છે, અથવા રહેવી જોઈયે.

ઉપલા સવાલનો જવાબ સ્હેલો સુતરો કુદરતી કાનૂન પ્રમાણે સમાબળે અને સમાંતરે હોય છે તે એ કે, એ વિદ્યાના અમુક ઉચ્ચ અભ્યાસ તરીકે,

કોઇપણ વ્યક્તિયે પોતાનું બળ દર્શાવવું હોય તો, કોમના, દેશના, વિદેશના મહત્વતા દર્શક બનાવો, જે ભવિષ્ય માટે બનનારા તરીકે, દર વરસની શરૂ- આત તરીકે, પ્રથમમાં અંધકારમાં હોય----અને જે માટે સામાન્ય વ્યક્તિયો અનૂમાન ખેંચી શકતા નહિ હોય, તેવા બનાવોને, સ્પષ્ટ સમજ પડે એવી રીતે, તેનો ભાસ આભાસ ખેંચી શકાય એવી રીતે પ્રગટ કરવા,, કરાવવા ----જેથી તેની સામાન્ય કસોટી• ઝાહેર વર્ગને મળતી રહે અને તેઓ તે દ્વારે તેનો "કશ "ખેંચતા રહે.

યાદ્ર રાખવાનું છે કે, એવા્ વેળાએ, શાસ્ત્રમાં ઉંટ ઉપર મકર સંક્રાતિ આવે તો એવું ફળ મળશે એમ કહેલું છે, ઘોડો જશે તો ગાય જનશે, અને સ્ત્રી પુરૂષ પરણશે તો છૈયાં થશે, રાજાનું એ ફળ, પ્રધાનનું તે ફળ અને સેવકનું તે ફળ, વગેરે એકાવેળાએ ઉલટસુલટ મિશ્રણ રૂપી ફળ; જે પંચાગાદિ વર્તારા તરીકે જોવામાં આવે છે; અને જે ફળ તેવાં સ્વરૂપ- માં કાંઇક દરજ્જે પણ આઢળે અથવા નહિ આઢળે, તે ઉપર લક્ષ્ય આપવાને બદ્દળે, એવું એવું સઘળું શાસ્ત્રમાં કહેલું છે, દર્શાવેલું છે, આદિ શાસ્ત્રને સ્વરક્ષણાર્થે ઢાળ તરીકે સમિપ કરી, (રડતાં બાળકને છાનુ રાખવા માટે સમજાવી લેવામાં આવે છે તેવા પ્રકારે જન-સમૂહને થોડા વખત માટે સમજા- વી દેવા તરીકે) સ્વતાનો આળ ટોપલો શાસ્ત્રને મસ્તકે ચઢાવી દેવાનો નથી ----પરંતુ ત્યાં તો જ્યોતિષ ફળાદિશની અનકુળતાની મહત્વતા દર્શક તરીકે, પોતાનાં અમુક દરજ્જેનાં જ્ઞાન, યોગ્યતા, અનૂભવ, કસોટી રૂપે ઝાહેરમાં મેળતા રહી, તેની તુલના રૂપે "કશ" સામાન્ય ઝાહેર વર્ગ કરતા રહેવાનું છે. એમ થવાથી ફળિત જ્યોતિષ અને તે વ્યકિત વિશે પ્રસંશાપત્ર તરીકે બે- મત ઉભાં રહેશે નહિ.

એવા માર્ગે પ્રયોજન યોજાયું હોય અને તેથી ઝાહેર સામાન્ય "કશ" તરીકે યોગ્યતા પૂરવાર થતી રહી હોય તો તેનું નામ સર્ટિફિકેટ ! સિવા અન્ય માર્ગે તો એમાં ભેદાભેદિક અનૂકુળતા મોટાં પ્રમાણમાં ઉભેલી હોય છે અને તેથી વાસ્તવિક તુલના હોઇ શકતી નથી. વળી જોશીરાજોના યજમાનો એ પણ, તેઓને તેમ વર્તતા રહેવાની ભલામણ કરતા રહેવાની પોતાની ફરજ વિચારતા રહેવું. જેથી અમુક દરજ્જે સંકુચિત અભ્યાસે પડી રહી તેટલામાંજ "મોજાં" મારતા રહેવાના માર્ગને ઠેકાણે, તેઓ કાંઇક વિશાળ

દરજ્જેનાં જ્ઞાન–માર્ગે સ્વાભાવિક મેળાતા રહે; અને તે વિશેનું અભ્યાસિક મથન કરતા રહેવાની આવશ્યકતા આઢળતી રહેવાથી, પોતાની ધારણુ કરેલી સનનાદિ દર્શક અમુક નામ રૂપી મહત્ત્વતા જોડે, તેવી યોગ્યતા પણુ પૂરવાર કરતા રહે.

એમ થવા જોડે, યજમાનોએ જે મુખ્ય લક્ષ્ય આપવાનું હોય છે તે એ કે, તેઓએ ઉપર મુજબ જાહેર વર્તારા રૂપે દર્શાવેલા બનાવોમાં ખરાં તરીકેની કેટલી કેવા પ્રકારે અનૂકુળાતા, તે મુદત દરમયાન તેઓને જાણુવાની, અનૂભવવાની મળી તેની તુલના કરતા રહી, જેટલે દરજ્જે "ઢમ ઢોલ, માંહે પોલ" જેવું આઢળે, તેટલે દરજ્જે તે વસ્તુ ઉપર તેઓનું જાહેર લક્ષ્ય ખેંચી તેમ થવાનાં કારણો ઢુંઢવાને દર્શાવતા રહેવું જોઇએ. માત્ર 'મુખ જોઇને ચાંદલા કરવા "ની રૂઢિને બદલે, એમ વાસ્તવિક માર્ગે યોજાતું રહેશે તોજ, અગાઉ દર્શાવેલું જોઈ ગયાં છો તેમ "હિંદી જ્યોતિષ ઘણુંજ મહાભારત, અને શ્રેષ્ટ છે, પણુ તેનો કાર્યસાધક ઉપયોગ કરવાને, તથા તે સંપૂર્ણ રીતે સમજીને સમજાવવાને આજના મહાન ગણાતા જોશી મહારાજો શકિતવાન નથી, અને થશે પણુ નહીંજ, ..." આદિ, ઇત્યાદી અર્થસૂચક શબ્દોનો પડઘા પણુ કાંઇક દરજ્જે ઓછો થતો જશે.

ઉપલું દર્શાવવુ, અંગ્રેજી જ્યોતિષ ઉપરથી મથન કરી "ધિ પ્રેકટીકલ એસ્ટ્રોલૉજી" નામનું પુસ્તક બાહેર પાડનાર પારસી–બંધુનું છે, એમ વાચક વર્ગ, તેનાં કારણુ સહિત સઘળું જોઈ આવ્યો છે.

એ બંધુને મરણુ રૂપે અમુક ચોકસ કારણુ જાણુવાની અભિલાષા થતાં, એ બંધુ એ પુસ્તકમાં એક સ્થળે જણાવે છે કે, "અને મોટી મોટી જાહેર છાપામાં જાહેરાત આપનારા, તથા ખુશામતથી મેળવેલી હજારો સરટીફીકેટ ધરાવનારાઓ માંહેલા કેટલાક પાસે હું ગયો......—........ ......જે કાંઈ સવાલ કરતો તેના એવા જવાબ મલતા કે મને કેટલીક વખતે ગુસ્સો, કેટલીક વખતે તેઓની મુર્ખાઈ પર હસવું, અને ઘણીક વખત તેઓની ગજવું ભરવાની રૂઢી તરફ તીરસ્કાર, અને તેઓનાં અજ્ઞાનપણુા માટે દયા પણુ આવતી હતી..................................." આદિ, ઇત્યાદિ.

"ગામ ત્યાં ઢેડવાડો પણ હોય" એ કહેતી પ્રમાણે જોતાં, આગમજ-થીજ છાપીને તૈયાર કરી મેળેલું ફળિત જયોતિષ મોકલી આપવાની રૂઢિ ધરાવનારા કેટલાક અંગ્રેજી જોશીબાવાઓ (?)ની સર્ટિફિકેટ રૂપી "મોટી મોટી જાહેર છાપામાં જાહેરાત" ક્યાં નથી આઢળતી?! પરંતુ વાસ્તવિક રીતે જોતાં, અગાઉ દર્શાવવામાં આવ્યું છે તે પ્રમાણે, એમાં એવી સર્ટિફિકેટ દ્વારે મહત્ત્વતા જેવું હોતુંજ નથી--વળી સઘળીજ વાતમાં સઘળાઓ માટે "ખુશામતથી મેળવેલી હજારો સર્ટિફિકેટ" જેવું વાસ્તવિક હોતું નથી; તો પણ કેટલીક વેળા, તે વિષેનાં યથાયોગ્ય જ્ઞાનની ગેરહાજરી છતાં પણ, કેટલીક બાબતોમાં કેટલાકો માટે, હિંદુ બંધુઓના અર્થસૂચક શબ્દોમાં બોલું તો, પરસ્પર ધર્મા-કર્મિ દ્રષ્ટાંત રૂપે, તે પ્રસંગને અનુસરીને, સર્ટિફિકેટ આપવાનું અને મેળવવાનું સ્વાભાવિક બનીને ઉભું રહે છે. એવું એવી બાબતોમાં અનેક પ્રકારે ભેદાભેદિક હોવાથી, સર્વેમાં શ્રેષ્ટ માર્ગ, ઉપર દર્શાવ્યો. તે ગ્રહણ કરવાનો પ્રસંશાપાત્ર વાસ્તવિક રીતે હોય છે. એ વિદ્યા દ્વારે સ્વતાનાં સંપાદન કરેલાં જ્ઞાન, યોગ્યતા, અનુભવ, અભ્યાસ આદિ વિષયો ઉપર સ્વાતાનેજ વિશ્વાસ હોય તો પડવું મયદાને! પરંતુ યાદ રાખવું કે, "ઓરંગા-મારૂ" જેવું સ્હેજે પસાર થઈ જવું સંભવિત રહેશે નહિં. કેમકે, કોઈક વળી ખૂણામાં બેસીને સઘળાંની તુલના રૂપે અભ્યાસ કરીને, સારાંશ રૂપે નિર્ણય દર્શાવવાને મથન કરી રહે, એવું પણ એ જોડે બનતું રહે એ સ્વાભાવિક હોય છે.

મુજ "લેખક"ને વિટમણા!

આ મુજ ભાવિક "લેખક" ને, બહેનપણીઓના શબ્દોમાં દર્શાવું તો, કાંઈક "રડન-કુટન" રૂપે, પોતાની સરળ કાર્યગતિમાં સ્વાભાવિક રીતે, અનધાર્યાં વિટમણા આઢળતાં રહ્યાં, અને તેના પ્રતાપે, મને યથાયોગ્ય દરજ્જે રજુ કરવામાં, પ્રસંગાનુસાર નડતળો મારા ઘટાડા તરીકે ઉભી થતી રહી; એ વિશે અગાઉ ટુંક ઇશારો દર્શાવી ગઈ છું. એ માટેની કાંઇક નોંધ લેવાનું, અન્ય વિષયો જોડે, પ્રસંગોપાત વિચારૂં છું.

ત્રણ વર્ષની વાત ઉપર, યાને સને ૧૯૧૩ માં, મુજ 'લેખક" ને, મને તમો બંધુઓ સમિપ અભ્યાસાર્થે, પુસ્તક રૂપે રજુ કરવાના પ્રથમ "વિચાર" તરીકે ઉત્કંઠા ઉદ્ભવિ આવી. તે માટે તે દ્વારે મથન રૂપે પ્રારંભ યોજવામાં

આવ્યો. "વખત પોતાનું કાર્ય કર્યો જશે" એવા હેતુથી તે પ્રત્યે ધીમું લક્ષ્ય અપાતું રહ્યું. બીજે વરસે યાને સને ૧૯૧૪માં (સ્વતાઃ સમિપ કાંઈક ટક્કર ઝિલાવે એવાં રૂપે ઉભેલું જોઈ), અને તેમ ત્વરિત કાંઇક દરજ્જે હાર પડે એવાં કારણથી તે પ્રત્યે વિષેસ લક્ષ્ય સ્વાભાવિક રીતે અપાયું. સઘળું પ્રયોજન છતાં, એ વરસનાં સપ્ટેમ્બર માસની શરૂઆતમાં, કુદરતી કાનૂન મુજબ, પૂર્વેથી નિર્માણ થયલું, પેલું ટક્કર ઝિલાવનારૂં ભૂત સમિપ આવી ઉભું !

સામાન્ય રૂઢિયે એવી ગતિ થવા જોડે, અનેક પ્રકારે કારણ દર્શાવવામાં આવે છે તેમ, કોઇનું અનધાર્યું અકાળ મૃત્યુ થયું હશે તેથી અટકી રહેવું પડયું હોય ! કોઈકે "લાયબલ"નો બાહુ ઉભો કરી ઘસડયાથી એવું બન્યું હોય ! કમરકશી બાંધે ડંગોરો ઉઠાવી ધર્મનું તોડ-જોડ રક્ષણ (?) કરવા બાહેર નિકળી પડયા હોય અને માર ઝિલાવી ઝિલવો પડયો હોય તેના પ્રતાપે અશક્ત થઇ ગયા હોય ! ઘર ગાંઠનું ખાઇ પરનિંદા યોજવામાં ગુંતાઇ જવાથી પોતાનાં કાર્ય રૂપે વખતનું ભાન નહિ રહ્યું હોય ! "હમભી નવાબ ભરૂચકે", "મેરી અઘેલી મત ભૂલ્યો" અથવા હાલના ઝમાનાની કાંઇ નવીન નાટકી કહેવત દર્શાવવામાં આવે છે તેમ "મતલબ-બડી પ્યારી ચિઝ હય" ! આદિ, ઈત્યાદિ કાંઇક સંસાર-વ્યવહાર કારણદર્શક મહત્વતા (!) ભર્યા માર્ગના કાદવ કિચળમાં સ્વાભાવિક રીતે ખુંતી ગયા હોય અને તેના પ્રતાપે, પોતાના ધારેલાં ઘરના બારણે આવી પુગવાની નેમ ચૂકી ગયા હોય ! એવાં એવાં અનેક કારણો (?) ઉભાં થવાથી એવી ઢિલ ઉપરાંત ઢિલ થતી રહે એ બનવા જોગ હોય ! અને એવા સંજોગ રૂપે પેલું ટક્કર ઝિલાવનારૂં ભૂત સમિપ આવી ઉભું હોય. એવા હાલના ઝમાનાને જાણવાને, જોવાને મળતાં અનેક કારણો માંહેલું એકાદ એ પણ હોય, એવું વાચક વર્ગ ધારી લે તો આશ્ચર્ય જેવું નહિ તો !

ના, બંધુઓ ! એવા પ્રકારનાં કારણોને સ્હેજે મચક આપવાનું વાસ્તવિક ધારે, અથવા તેવા માર્ગ યોજવાનું પ્રયોજન વિચારે એવું મુજ દ્વારે મળતું શિક્ષણ હોતું નથી તો !

એ કાર્યગતિ લંબાવવામાં જે ચિઝની મુખ્ય આવશ્યકતા, જેની સહાય વિના

એક ડગલું પણ આગળ વધવાને શક્તિમાન હોય નહિ; તેજ વસ્તુને વિચિત્ર સંજોગ વચ્ચે, તે વેળાએ શારીરિક દુઃખ-દર્દ ઉભરી આવ્યું. એ પૂર્વે આખી જીંદગીના ઈતિહાસ દરમયાન, એક ક્ષણ માત્ર માટે પણ, એવું દુઃખ-દર્દ અનૂભવવાનું મળ્યું નહોતું. મસ્તક દુઃખવાની અસહ્ય વેદના થવા જોડે, ડાબી આંખ લાલચોળ અગ્નિતત્વ સ્વરૂપે બની રહી. ડૉકટરી મત એવું જણાયું કે, "ગ્લોકોમા" છે, અને ઉપાયમાં આંખનું ઑપરેશન!

અનેક તબીબી મતનો સાર રૂપી સંગ્રહ કર્યા બાદ, એવો સ્વતાનો નિશ્ચય યોજાયો કે, ઑપરેશન, (વૈદિક શસ્ત્રોપચાર)ના જોખમમાં ઉતર્યા કરતાં, ત્વરિત વેગા દવાનાં 'ડ્રૉપ્સ" (વૈદિક આંખોપચાર) ઉપર નિભાવવું. વાંચવા, લખવાનું કામ અભડાઈએ ફરજ્યાત મેળાયું!

કોઇ પણ વ્યક્તિની ચાલુ સ્વ-ઇચ્છા કરતાં, તેની પૂર્વેની નિર્માણ તરીકે રચાયલી ઈચ્છા, જેને 'ઇશ્વર-ઇચ્છા" તરીકે સાધારણ પ્રકારે ઓળખવામાં આવે છે તે વધુ પ્રબળ હોય છે.

એવા સંજોગ હેઠળ લગભગ છ માસ ગયા બાદ, સને ૧૯૧૫ના માર્ચ માસની શરૂઆતમાં "પ્રેસ-કાકા"ની મુલાકાત લઈ, હવે વિના ઢીલવે કાર્યનો પ્રારંભ કરી દેવાની સૂચના કરવામાં આવી. 'ભગવદ (બાઈ) ચોપડીનું કામ હાથ ઉપર ચાલુ છે તે માસ, દોઢ માસમાં ખલાશ થવે અવશ્ય તમારૂંજ કામ હાથ ધરીશું અને,———અને ત્રણ માસ દરમયાન તો તમારે સઘળું કમ્પ્લીટ લઈ લેવું", વગેરે સંતુષ્ટવામાં આવ્યું

"ઇશ્વર-ઈચ્છા" વધુ પ્રબળ હોય છે! ઉપલી મુદત પૂર્ણ થાય, અને સઘળું કમ્પ્લીટ જોઈ લેવાનો પ્રસંગ આવે તે પૂર્વે, વળી તે પિસાચ (શયતાન) તોપના ધડાકા-કડાકા જોડે વળતો, જાણે વધુ કોપાયમાન થયો હોય તેમ આવી ઉભો!

તબીબી મત અને દવાઓ, એ વિષે સંપાદન થયલાં, અને એવા ચાલુ પ્રસંગ દરમયાન આઢળતાં રહેલા અનૂભવિક-જ્ઞાનને લગતું મનન કરવા યોગ્ય અભ્યાસિક રહસ્ય, બીજા પ્રસંગે યોગ્ય રીતે દર્શાવવું હોવાથી; અત્રે ટુંકમાં દર્શાવવાનું કે, તબીબી મતને આધિન થઈ, વળી તે જોડે, પાંચ કહે તે પરમેશ્વર

કહે, એવી કલ્યાણ કાકાની કહેતીનું કેટલાક શુભેચ્છક બંધુઓએ સ્મરણ કરાવ્યાથી; એટલી હદનું દુઃખ-દર્દ થયા છતાં, કુદરતે રહેમ દિલે અદ્યાપિ બચાવી રાખેલી લગભગ ચઉદ આની ડાબી આંખની જોવાની શક્તિ, ઑપરેશન-નથી એજ પાચે બચાવી લેવી, જેથી ભવિષ્યમાં જમણી આંખને કાંઇ હોય તે વેળા એ બચાવેલું બહુ કાર્યસાધક થઇ પડે, એવાં દર્શાવવામાં આવેલાં ભરૂશાપાત્ર તબીબી સિદ્ધાંતને નમન ગુઝારીને; સ્વતાનો અમુક માર્ગે અમુક પ્રકારે યોજાયલો નિશ્ચય તરત વેળા બાજુએ મેળાયો.

મને ૧૯૨૫ના જુલાઈ માસની આખરીએ ડાબી આંખને ઑપરેશન કરાવ્યું. ઑપરેશન કરાવવાની છેલ્લી ઘડી સુધી, ઉપર પ્રમાણે આંખની જોવાની કુદરતી શક્તિ (ચક્ષુરિંદ્રય) હતી. ઑપરેશનથી તેમાં કદાપિ સુધારો થાય પરંતુ ઘટાડો તો નહિજ થાય, એવી અનૂભવી તબીબી મત તરીકેની ખાતરી અપાઇ હતી. કયો ઘેલો પુરૂષ હોય કે, એવો લાભ ઉઠાવવાને બદલે, પોતાના જુદા માર્ગના સ્વમતરૂપી નિશ્ચયને એટલું જાણ્યા છતાં વળગી રહે !

ઑપરેશનનો પ્રયોજન રૂપી લાભ શો આદર્યો ? ઑપરેશન બાદ, એ પહેલાં જે ચ-ઉ-દ આની આંખનું "તેજ" (વિઝહન) હતું, તેમાં-થી ચ-ઉ-દ કોડી જેટલું પણ રહ્યું નહિ—અને ડાબી આંખ માત્ર બાહેરથી શોભા તરીકે રહી ગઇ !

ઑપરેશન, તેનાં બચ્ચાં-બાળાંની સારવાર, હવાની ફેરબદલી કરવી આદિ બાબતોમાંથી ડિસેમ્બરની આખરીએ મોકળા થયા ! વળતા નવીન વરસની શરૂઆત તરીકે "પ્રેસ-કાકા" સમિપ જઇ ઉભા. સઘળી વિગત દર્શાવી કામ હાથમાં લેવાનો આગ્રહ કર્યો. ભારે અજાયબી વચ્ચે જોયું કે, પ્રથમની નડતળ તરીકે ઉભેલી પેલી "ભગવદ્" બાઈ તો હજી પૂરી થઇ નહોતી !

"શું કર્યું ભાઇ ! તમારૂં કામ પણ ન થયું અને અમારૂંએ થોડાંને માટે અટકી રહ્યું !" તમારે માટે એમ બનવાનું કારણ ? "તમો કાંઈ ગયા વરસને ભરૂશે ના રહેતા—કાગળોજ ક્યાં છે મળતાં ? ત્રણ ઘણા ભાવ આપો તોયે નડે છે કા-ગ-ળની મો-ઘ-ણ ! કાગળ સસ્તાં થાય ત્યાં સુધી થોભી જાવો તો—કેમ ?"

ના, ના ! હવે થોભવાની કે લોભવાની વાત ઉપર લક્ષ્ય આપવુંજ નથી ! ગમે તે ભોગે-જોગે કાર્યના અમુક દરજ્જેના આરંભ તરીકે પણ એ બાહેર મેળાવુંજ જોઈયે. સઘળા સંજોગ લક્ષ્યમાં લઈ, પરસ્પર એવાં સારાંશ રૂપી સિદ્ધાંતે આવવાનું વાજબી, વિચાર્યું કે. સઘળા પ્રકારના અભ્યાસને. એકીવેળા એક પુસ્તક દ્વારે રજુ કરવાનું સંજોગાધિન અશક્ય અને ગુંચવણ ભર્યું હોવાથી, પૃથક પુસ્તક દ્વારે તેં રજુ કરવો, આદિ, ઇત્યાદિ.

પણ એટલાં વિટંબણા ગુઝારી તે પિમાચ ધરાયો નહોતો ! ઉપલી વાતચિત થયાં પછી થોડા દિવસે તે શયતાન, ડાબી આંખની ઉપર પ્રમાણેની કફોડી સ્થિતિ હોવા છતાં, જમણી આંખે પોતાનો કાંઈક અંશે હાથ લંબાવતો હોય એવું સ્વભાવિક આઢળતું માલુમ પડવા લાગ્યું. "સુખ દેખ્યો તો શીર આઘયો !" તેમ હવે એ આંખનો શો ઉપાય યોજવો તેની સ્વાભાવિક ચિંતા ઉભી થઈ. "પાંચ કહે તે પરમેશ્વર" ! એવી કાકા કહાણની કહેવતનું સ્મરણ કરાવનારા શુભેચ્છક બંધુઓ સ્વતા : પણ, એ કહેવતનું એ વેળાએ સ્મરણ કરાવવાનું ભૂળી જઈ, સામા વિચારમાં લિન થઈ ગયા !

એ સઘળા ગુંચવાડા દરમયાન એક હિંદુ-મિત્ર, જેણે અનેક પ્રકારે શારીરિક, માનસિક લીલી-સૂકી વેઠી, અનૂભવ-પ્રૂફ અભ્યાસિક માર્ગે મેળાયલા માલુમ પડતા રહ્યા છે, તે મિત્ર-બંધુએ મુજ "લેખક"ને "અજમાવવામાં ગયું શું" એવા ઉદ્દેશ સહિત, એક હિંદુ વૈદરાજ સમિપ રજુ કરવાનું વાજબી વિચાર્યું.

વૈદરાજે સઘળો ઇતિહાસ લક્ષ્યમાં લઈ, આંખોનું અંજન અને ગળવાની ગોળી એવા બે પ્રકાર દર્શક ઉપચાર શરૂ કરી, કાંઇ પણ ફેરફાર વિના તેજ ઉપચાર પ્રસંગાનૂસાર વાપરતા રહેવાનું દર્શાવ્યું; જે અદ્યાપિ ચાલુ છે. ડાબી આંખનું "તેજ" ઉપર મુજબના સંજોગને અનૂસરી કુદરતને આધિન મેળાયલું, મનુષ્યાધિન અદ્યાપિ તો થયું નથી--પણ હાલમાં કાંઈક અંશે દુ:ખ-દર્દનો વેદના રૂપી રાક્ષસ દબાતો રહે, એવું બળ તે ઉપચારોથી માલુમ પડતું રહયું છે. સંપૂર્ણ સિદ્ધાંત રજુ થયા વિના એક

વસ્તુની પ્રસંશા તેમજ અપ્રસંશા દર્શાવી દેવી એ યોગ્યાનૂસાર નહિ હોવાથી, મૂળ મુદ્દા રૂપી કારણ દર્શાવવાને, એટલું પ્રદર્શિત કરવાની આવશ્યક્તા વિચારવી પડી છે.

એ ભયંકર નડતળ રૂપે આવી ઉભેલાં નિમિતે, દર વર્ષના નિયમાનૂસાર તમો બંધુઓ સમિપ, દેશ વિદેશના તેમજ પારસી કોમના વર્તારા રૂપે મને રજુ કરતા રહેવાના પ્રસંગાનૂસાર કાર્યમાં પણ, આ વરસે મુજ "લેખક"ને પ્રતિકૂળતા આંઢળી છે; પરંતુ મુજ દ્વારે એ આશા રાખે છે કે, એનો ખંગ પ્રસંગાનૂસાર બેવડાં પ્રમાણમાં, પરમાત્માની સહાયતાથી વાળી આપવામાં આવશે.

પારસી-કોમી વર્તારા !

"જેનું કામ તે કરે (કરી શકે), બીજાં કરે તો ગોતું ખાય" ! એવી કાંઈક જનસમાજ તરફની કહેવતનો ઉપયોગ થતો જોવામાં આવતો રહ્યો છે. મહત્ ભાગે એ કહેવતનો વ્યવહારૂ રીતે એવી વેળાએ ઉપયોગ થતો જોવામાં આવે છે કે, અમુક વ્યકિતની અમુક કાર્યને પગલે ચાલવાની નકલ, અન્ય વ્યકિત તરફથી (બાહેરનાં તેવાં સૂચન વિના), સ્વતાની ઈચ્છાનૂસાર કરવામાં આવી હોય; અને તેમ કરવામાં તે અન્ય વ્યકિતને કાંઈક ભાગે તે કાર્યમાં નિષ્ફળતા આઢળેલી માલુમ પડી આવી હોય. એમ થવા જોડે ત્રિજો શખ્સ, અમુક કાર્ય કરનાર વ્યકિત અને તે કાર્યની નકલ કરનારનું પરિણામ તુલના રૂપે જોઇ ઉદાહરણ તરીકે, તે વેળા મજકુર કહેવતનો ઉપયોગ કરી સારાંશ દર્શાવે છે.

એવી વેળાએ એ કહેવતનો ઉપયોગ કરવો યથાયોગ્ય હોતો નથી એમ માલુમ પડી આવે છે. કારણ કે, સૃષ્ટિ-ક્રમના અભ્યાસ દ્વારે તપાસતાં, એમ બનતું રહેવું સ્વાભાવિકજ હોવું જોઈયે.

મનુષ્યમાં રહેલા અમુક પ્રકારના, અમુક દરજ્જેના અંતર-બળ રૂપી તત્ત્વના (અંશના) પ્રતાપે, અમુક વ્યકિતનું કાર્ય નિહાળી, સાંભળી તેની નકલ રૂપે સ્વતાને મેળતા રહેવું, એવું (બાહેરનાં સૂચન વિના) માત્ર સ્વતાની ઈચ્છાનૂસાર ઉદ્ભવતું રહેવું, તે ઉપર તેવીજ રીતે અમલ થતો રહેવો,

આદિ, ઈત્યાદિ વસ્તુઓ વાસ્તવિક રીતે માત્ર "નકલ" રૂપે હોતી નથી, પરંતુ બાહેરનાં તેવાં સૂચન વિના તેમ બનવું એ અમુક અંશની "પ્રેરણા" રૂપે હોય છે. અને એવી કુદરતી 'પ્રેરણા" થઈ તે દ્વારે જયારે તેવે વાસ્તવિક દરજ્જે મથન થતું રહેવું, એ તે વ્યક્તિ માટે અમુક દરેજ્જેનું કાર્ય હાર પાડવું, યાને સંફૂળતા આંઢળતી રહેવી, એવી તે વિષેની, કાંઇક દરજ્જેની રચતાની "નિર્માણ ગતિ" રચાયલી હોય એવું દર્શાવે છે.

એવી અમુક બાબેની કુદરતી "નિર્માણ ગતિ" વિના, માત્ર બાહેરનાં તેવાં સંજોગાધિન સૂચન રૂપી આકર્ષણથી, તેવાં કાર્યની લગામ અમુક વ્યક્તિ કદાપિ ઝાળવાનું વાસ્તવિક વિચારે, અને તેમાં તેને મહતૂ ભાગે નિષ્ફળતા આંઢળતી અન્યને માલુમ પડી આવે, તો એવી વેળાએ, મજકુર કહેવત, કુદરતની અમુક દરજ્જેની અમુક અમુક કાર્ય રૂપે અમુક અમુક વ્યક્તિઓ માટેની, "નિર્માણ ગતિ"ની તુલના દર્શક રૂપે, વધુ યથાયોગ્ય માલુમ પડી આવે છે.

અગાઉ જોઈ આવ્યાં છો તેમ, જરથુશ્ત્રી કોમ માટેના વર્તારાની પ્રથમ પાયેની પહેલ તરીકેનું કાર્ય, કોઈ પણ પ્રકારનાં તેવાં બાહેરનાં સૂચન રૂપી આકર્ષણ વિના, નવ વર્ષ પૂર્વે (૧૯૦૭ના માર્ચમાં) મુજ 'લેખક" તરફથી, માત્ર કુદરતી "પ્રેરણા" રૂપે યોજવામાં આવ્યું હતું. એ કાર્યના પ્રારંભ જોડેના, તે વેળા સ્વાભાવિક ઓળખ તરીકેનાં સૂચન રૂપે રજુ થયલાં નામની વિગત પણ જોઈ આવ્યાં છો તે પ્રથમ પાયેની પહેલ તરીકેનાં કાર્ય રૂપી વર્તારા જોડે, નિચે પ્રમાણે અર્થસૂચક શબ્દો તેજ વેળા દર્શાવવામાં આવ્યા હતા; તે હાલમાં પણ ફળિત જયોતિષ-મહારાજો, વાચક વર્ગ તેમજ અંગ્રેજી જયોતિષ ઉપરથી મથન કરનાર આદિ અનેક બંધુઓને મનન કરવા યોગ્ય થઈ પડશે, એવા હેતુથી દર્શાવવાનું વાજબી વિચારું છું:—

"હિંદુસ્થાનમાં વસ્તી સઘળી કોમ માટેનો સામાન્ય વર્તારો વિદ્વાન જયોતિષિયો તરફથી દર વરસે બાહેર પડે છે, તે જરથુસ્ત્રી વાંચક વર્ગમાં અજાણ્યું હશે નહિ. પણ દરેક કોમના સંસારિક તેમજ ધર્મ સંબંધી જુદા જુદા આચાર વિચાર હોવાથી, તે દરેક કોમને ચોકસ બાબતોમાં લાગુ પડવો અસંભવિત થઇ પડે છે. દાખલા તરીકે, એક ગ્રહ એક

કોમને નુકશાનકર્તા હોય, તેજ બીજી કોમને ફાયદોકર્તા હોય છે. સબબે ખાસ જરથુસ્ત્રી કોમને લાગુ પડતો વર્તારો,- જરથુસ્ત્રી વાંચક વર્ગને કાંઈક જાણવાનું પૂરૂં પાડશે એવી આશાથી જાહેર કરવાનું વાજબી વિચરૂં છું. જરથુસ્ત્રી કોમનો સંબંધ પાક ખુરશીદ (સૂર્ય) સાથે વધુ હોવાથી, આ વર્તારો પાક ખુરશીદ પોતાના ઉચ્ચ બરોજ (રાશી) માં દાખલ થાય, ત્યારથી બારે બરોજ ફરી રહે ત્યાં સુધીનો ગણીતથી નક્કી કરી, જ્યોતિષ શાસ્ત્રની મદદ લઇ, તેમજ કેટલુંક મારૂં પોતાનું બુદ્ધિબળ વાપરી સારૂં નરસું ફળ ઉપજાવ્યું છે. જ્યોતિષનો લાંબા વખતથી ખાસ અભ્યાસ તેમજ અનૂભવ ધરાઉ છું, એ ઘણું કોને રોશન હશે. પણ ચોકશ બારિક બાબતોમાં ઉતરવાની મારી પહેલીજ કોશીશ હોવાથી, જરથુસ્ત્રી વાંચક વર્ગ વિચારની નઝરથી જોશે એવી ઉમેદ છે. સાધારણ રીતે મે માસથી એપ્રિલ ૧૯૦૮ સુધીનો વર્તારો સમજવો, ..." આદિ ઈત્યાદિ.

" સબી ઘોડા બારા ટકે " ! એવી અર્થસૂચક કહેવત પ્રમાણેનાં, હિંદુ મરનાક પરિક્ષક બંધુઓના શબ્દોમાં દર્શાવ્યું તે, " ફલિત જ્યોતિષનાં ગપોડાં " ને (ચલાવી લેવાને) બદલે, કંઇ જુદાજ (સૂક્ષ્મ) પ્રકારે, જ્યોતિષ વિદ્યાના અભ્યાસિક તત્ત્વાર્થને પુગવાને સુજ ભાવિક "લેખક " મથન કરી રહ્યો હતો, એ ઉપલા અર્થસૂચક શબ્દો ઉપરથી વાંચક વર્ગ સ્હેજે અનૂમાન કરી શકશે.

મુંબાઇ ખાતે પ્રગટ થતાં દૈનિક વર્તમાન પત્ર " સાંજ વર્તમાન " તરફથી, અનેક વરસોથી એ પત્રના ખાસ અંક તરીકે, પારસી કોમના પતેતી હિંગામ વેગા, " ખાસ પતેતી અંક " દર વરસે પ્રવર્તાવામાં આવે છે. એ ખાસ અંકને તેનાં ' નામ પ્રમાણેનાં કામ " તરીકે, વિવિધ વિષયો, ચિત્રો, ફોટા, આદિથી શૃંગારવામાં આવે છે. એ સઘળી વિવિધતાની જોડે, તે અંકના શૃંગારમાં કાંઈ વધુ દિપાયમાન, આવકારદાયક, જાણવાયોગ્ય થઇ પડે એવા સદ્દહેતુથી, એ પત્રકાર બંધુ તરફથી, એ વરસથી પારસી કોમ માટેના વર્તારા રૂપે, કાંઈક નવીન માર્ગનો પ્રારંભ થયલો જોવામાં આવે છે.

અગાઉ જોઇ આવ્યાં છે તે મુજબ, અન્ય પત્રકાર બંધુ સોડે હું

સ્વાતા: રાજીખુશીથી ચાલી ચલાવી જવાની મુજ ફરજ વિચારૂં, અને તેનાં પરિણામમાં વળતો મુંગે મોંઢેનો અધિકાર પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી (?) નિવડું ! તેનાં કરતાં તો, આ બંધુનો અન્ય માર્ગેનો પ્રયાસ, મુજની ઉદ્ધાર થવાની કાર્યગતિમાં, બેશક આશ્ચર્યકારદાયક. સહાયકર્તા (કાર્યસાધક) થયલો નિહાળી, એ પત્રકાર-બંધુનાં મુજ પ્રત્યે (અન્ય માર્ગે). થયલા અચુક અહેશાન માટે, **સદાનો આભારી. રહીશ**, એમ દર્શાવવું અતિશયોક્તિ ભર્યું કહેવાશે નહિ.

મજકુર બંધુના, રવિવાર તા૦ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૦૫ના ' ખાસ પતેતી અંકમાં " પારસી કોમ માટેનો, જણાવ્યા પ્રમાણે " રાજગુરૂ હરેશ્વર મહાદેવ પંડિતે ખાસ કહાડેલો વર્તારો " જોવામાં આવે છે. એ માટે એ બંધુ પ્રસંગાનુસાર દર્શાવે છે કે:--

" પારસીઓનું આજે બેસતુ નવું સાલ કેવું નીવડશે તે વિષે જોતિષ વિદ્યાના આધારે અમારી ખાસ અરજ ઉપરથી મુંબઈના પંકાયલા અને મશહુર જોષિરાજ રાજગુરૂ હરેશ્વર મહાદેવ પંડિતે નીચલો વર્તારો કહાડયો છે, જે જેઓ જોતિષ વિદ્યા માને છે તેઓને વાંચવા લાયક થઈ પડશે. "

એ પત્રકાર બંધુની ખાસ વિનતિ (સૂચન) ઉપરથી, મજકુર જોષિરાજે પારસી કોમને, એ વર્ષ માટે વર્તારા રૂપે, જ્યોતિષ વિદ્યાધારે નિહાળવાનો પ્રયાસ ઉઠાવેલો માલુમ પડે છે.

જ્યોતિષ વિદ્યાને, પ્રથમમાં અનેકો એક "હમ્બગ" વિદ્યા તરીકે સ્વિકારતાં માલુમ પડે છે. કેટલાકો હિંદી જ્યોતિષ નિર્બળ ગતિ પામેલું, જ્યારે અંગ્રેજી જ્યોતિષ સબળ ગતિ પામેલું માને મનાવે છે. કેટલાકો ફળિત જ્યોતિષ "ગપોડાં" જેવું લેખે લેખાવે છે. એવી જન-સમૂહની ભિન્નભિન્ન ભેદભાવ દર્શક થઈ પડેલી સ્થિતિ દરમયાન, જ્યોતિષ વિદ્યાધારે ખાસ નિકળતા વર્તારા, કયાં તો તેઓ સ્વમતમાં ખરાં છે એવું દર્શાવવાને વધુ પુષ્ટિકારક થઇ પડતા હોય, અથવા કયાં તો તેઓનું એવું ધારવું વાસ્તવિક દરજ્જે હોય નહિ, એવો મનન રૂપી ખુરાક તેઓની સમિપ ધરતા હોય !

ઉપર પ્રમાણે હમ્બગ, નિર્બળગતિ, ગપોડાં જાણનાર ભિન્નભિન્ન કોમી વર્ગે

પોતાની અમુક હરજજેની માન્યતાની તુલના રૂપે, સ્વાભાવિક એવો સામાન્ય પ્રકાર દર્શાવતો સવાલ ઉઠાવે કે, "તા૦ ૧૨મી સપ્ટેમ્બર ૧૯૧૫થી પારસી કોમમાં બનેલી અનેક પ્રકારના મુખ્ય બનાવો જેવા કે (સ્વર્ગવાસ) સર ફિરોઝશાહ મહેતા અને (સ્વર્ગવાસ) સખી વુઝુર્ગ જહાંગીર પીટીટનાં મરણો, કેળવણી આપનાર વર્ગને ખમવી પડેલા ખોટ, કોમમાં પ્રસરેલા ઉલટસુલટ વિચારો, "તેરી મેરી" તરીકે ચાલેલી કલમ અને ઝબાનની અસાધારણ છુટ, પારસી કોમી યાદગાર સભાઓ, અમુક પ્રકારના માર્ગો યોજવાની નિર્ણય ગતિયો આદિ, ઇત્યાદિ અનેક પ્રકારના બનાવો, જેને માટે ખુદ વર્તમાન પત્રોનાંજ શબ્દોમાં દર્શાવ્યે તો, એ વરસ પારસી કોમમાં, આગળાં સઘળાં વરસોને ભૂળાવે એવા બનાવોનું તરીકે પારસી ઇતિહાસ પોથીમાં નોંધાઈ રહેશે," વગેરે. (સામાન્ય પ્રકારે, વાંચક વર્ગ પારસી કોમમાં ગત પતેતીથી બનેલા ઈતિહાસિક બનાવોથી જાણીતો છે; તેવું સઘળું મિશ્રણ નઝર સમિપ ધરી, ઉપર દર્શાવેલો શંકાશિળ વર્ગ વધુમાં સવાલ ઉઠાવે કે,) "પારસી કોમમાંથી તાજ વિનાનો રાજા જેવો મહાન નર મરણ રૂપે દૂર થઇ ગયો, જેને માટે સકળ દેશ વિલાપ દર્શાવ્યો, આદિ અનેક બાબતોની કોમી મહત્વતા દર્શક બનાવોની, સ્પષ્ટ રીતે નહિ બની શકે એવું હોય તો પણ તે વિષે ઝાંખો ખ્યાલ દર્શાવી વાંચક વર્ગને જાણવાનું કરી આપે, એવાં જ્યોતિષ વિદ્યાધારે નિકળતા ખાસ વર્તારામાં તે વિષેની "બારાખડી" જેવું પણ આઢળે નહિ તો પછી, જ્યોતિષ વિદ્યામાં મહત્ ખૂબી (!) શમાયલી છે એવું પૂરવાર કરી આપનાર બળ અમે કયાં ઢુંઢવા જઈયે? અને "તમારૂં" દર્શાવવું વાજબી છે, અને "અમારૂં" એ વિશે હમ્બગ, નિર્બળ ગતિવાળું, ગપોડાં આદિ ધારવું વાજબી નથી એવાં પ્રત્યક્ષ દર્શન રૂપી પ્રમાણો, એ દ્વારે કોણની તરફેણમાં આવીને ઉભાં રહે છે, તે તમોજ કહોની?!" આદિ, ઇત્યાદિ.

બંધુઓ! એમ સ્વાભાવિક બનનાં રહેવાનાં કારણો તરીકે, હું તમને અનેક બાબતે તત્વાર્થિક ખંડન રૂપે દર્શાવી આવી છું, એટલે તમને એ માટે વધુ શંકાશિળ રહેવાનું કારણ રહેશે નહિ.

વળી જાણવું કે, જ્યોતિષ વિદ્યાધારે એવી રહેલી રીતે, વાસ્તવિક અર્થસૂચક વર્તારા નિકળતા હોતા નથી. તમો માટે અથવા તમારાં બાળકો

માટે જન્મોત્રી (ટપકા) આદિ તમોએ તૈયાર કરાવેલું હશે.——તે ઉપરથી સ્હેજે ખ્યાલ કરશો કે, માત્ર એક શખ્સ માટે ગણીત રૂપે તૈયાર કરેલું સાધન, કદાપિ સવા બાર વાર (!) ની લંબાઈ દેખાડે, એટલું એટલા પ્રકારનું ગણીત વાસ્તવિક રીતે તૈયાર યોજવાનું જ્યોતિષ શાસ્ત્ર દર્શાવે છે તો, શું તેજ શાસ્ત્ર એક કોમ જેટલી સંખ્યાનાં ભિન્નભિન્ન કાર્ય રૂપી વર્તારા માટે, એટલો સ્હેલો સુતરો ગણીત રૂપી માર્ગ યોજવાનું, અને તે દ્વારે અનૂમાનો ખેંચવાનું દર્શાવવા વાજબી ધારતું હશે ? !

મુસલમાન બંધુઓ કહે કે, આજે અમારો નવીન વર્ષ પ્રવેશ કરે તે અમુક દિવસ છે, અંગ્રેજ બંધુઓ, હિંદુ બંધુઓ, તેમજ પારસી બંધુઓ ઉપર મુજબ પોતપોતાના નવીન વરસ પ્રવેશનો દિવસ દર્શાવે, તે ઉપરથી તે તે દિવસના સૂર્યઉદય વેળાના ગ્રહો કુંડળી રૂપે માંડી, તેનું સામાન્ય ભાવફળ દર્શાવી જવું એ, તે તે કોમ માટેના અર્થસૂચક વર્તારા હોતા નથી.

વર્તારા રૂપે ભિન્નભિન્ન પ્રકારના યોજવાનાં ગણીતો, તે ઉપરથી નિર્ણય રૂપે અમુક અનૂમાન ઉપર આવવાના સિદ્ધાંતો, આદિ જ્યોતિષ. વિદ્યાધારેની વાસ્તવિક દરજ્જેની મથનપૂર્વક જુદીજુદી કુંચીઓ, બંધુઓ ! ભેજાં–દુઃખાવન અને આંખો–ગુમાવન (?) બંને પ્રકારદર્શક હોય છે. વાસ્તવિક દરજ્જે ભાવનાપૂર્વક જે વ્યક્તિ એની જોડે અનુસંધાન યોજે છે, તેને એ (જ્યોતિષ વિદ્યા તત્ત્વાર્થિક અભ્યાસ–ક્રમ) સાધારણ રીતે "મોજ્યાં" મારવાનો અવકાશ બહુ ઓછો લાવી આપે છે તો !

પારસી કોમી ધર્મગુરૂ વર્ગમાં અમુક રૂઢિ મુજબ, એવું જોવામાં આવે છે કે, અનેક વેળા ધર્મ–ક્રિયા રૂપે "ભણ્યા" બાદ, સેવટે 'તંદરૂસ્તી' ભણી અનેક પ્રકારની દુવા ગુઝારવી. એ દુવા રૂપે ઈચ્છિત શબ્દ–રચનામાં એવું જોવામાં આવતું નથી કે, એકીવેળાએ ભલી અને બુરી શક્તિયો (શયતાન અને ખુદા, અસૂર અને દેવ) ને આરાધિ, યાદ કરી, બંનેને "ભલું" કરવાની "ફરમાયશ" કરવામાં આવી હોય.

મજકુર પારસી પતેતીના વર્તારાની હેઠળ, પારસી કોમને રાજગુરૂ તરફથી

શુભ આશિર્વાદ દેવામાં આવ્યા છે તે માટે, એમની ભલી નિષ્ઠા તરીકે પારસી કોમ તરફથી એમનો ઉપકાર માનવો વાજબી છે. એ આશિર્વાદ એ મુજબ જોવામાં આવે છે:——

."श्लोक"—कल्याणानि दिवामणिः॥

ઇતિવચનાત્-સૂર્ય બધાનું કલ્યાણ કરો—ચંદ્રમા તેજયશની વૃદ્ધિ કરો—પૃથ્વીના પુત્ર મંગળ જલદી શાંતતા કરો અને લક્ષ્મીની પ્રાપ્તી કરો—બુધ બુદ્ધિની વૃદ્ધિ કરો—ગુરૂ દીર્ઘાયું કરો બધાને આનંદીત કરો—શની ઘેર ઘેર જયઘોષ કરો—રાહુ બધાને ઉત્કર્ષ તથા આનંદીત કરો—કેતુ બધાને ઇચ્છીત ફળ આપો. આ મારા આશીર્વાદ સકલ જન પારસી બાંધવ તથા ભગીની બાનુઓને આમીન ! આમીન ! આમીન !"

શુક્રને ભૂલી જવામાં આવ્યો છે ! પરંતુ નવ ગ્રહોમાં જ્યોતિષ શાસ્ત્રાધારે જોતાં, એક ક્રૂર ગ્રહ, ચાર શુભ ગ્રહ અને ચાર પાપી ગ્રહ દર્શાવવામાં આવેલાં છે. રવી ક્રૂર, મંગળ, શની, રાહુ, કેતુ એ પાપી ગ્રહો દર્શાવેલા છે. શાસ્ત્રાધારે દર્શાવ્યા મુજબ એ જો મૂળે પાપીઓ યાને શુભ ફળની વિ-રૂદ્ધમાં ઉભા રહેનારા હોય તો, કેવી રીતે શુભ ગ્રહોની માફક, શુભાદિક ઇચ્છામાં સહાયકર્ત્તા થઈ પડી, પોતાની મૂળ રૂપ તરીકે યોજાયલી નિર્માણ ગતિ (પારસી કોમ માટે ?) ત્યજી દે એ એક વિચારવા જોગ સવાલ ઉભો રહે છે।

હવે મૂળ મુદ્દાની વાત ઉપર આવતાં, પ્રથમ એ મુખ્ય જાણવાનું હોય છે કે, મોટી સંખ્યા ધરાવતી કોમો વચ્ચે, ઘણીજ નાની સંખ્યામાં મિશ્રિત થયલી એવી "પારસી કોમ" એ કયા પ્રકારની એક "વસ્તુ" છે. વળી એ કોમને, ખાસ કેવી પદ્ધતિથી યોજાયલું જ્યોતિષ ગણીત હોય, જે વાસ્તવિક પ્રકારે અનૂકુળ થઇ પડી, કુદરતી અસર કોમ જે અનેક માર્ગે મેળવતી હોય, તે માર્ગની રચનાનું સબળ-નિર્બળ, સારૂ-નરસું અનૂમાન ખેંચવાને કાર્યસાધક થઈ પડતું હોય.

આ પુસ્તકના છેલ્લા ભાગ ઉપર આપેલા લેખોમાં, નંબર બીજાનો વર્તારો

રૂપી લેખ, મુંબઇ ખાતે પ્રગટ થતાં દૈનિક પત્ર "પારસી" (હાલનાં પ્રજા-મિત્ર અને પારસી)ના બે અંકમાં, અનૂક્રમે શનિવાર તા૦ ૨૦-માર્ચ ૧૯૧૫ ના, અને એજ બંધુના પ્રગટ થતાં અઠવાડિકના (બીજા દીવસના) અંકમાં, તે વેળા પ્રગટ થઈ ગયલો માલુમ પડશે.

હિંદી જ્યોતિષ ગણીતની ગણત્રી વિષે શંકાશિળ થનાર બંધુઓએ જાણવું કે, એ તેમજ દેશ વિદેશના, અનેક વેળા પ્રગટ થયલા સઘળા અર્થસૂચક વર્તારા, નક્ષત્રાદિ આકાશી અચળ ગણત્રીનાં સાધન રૂપી ગણીતથીજ ઉપ-જાવવામાં આવ્યા હતા; અને પંડિતાઈ જ્યોતિષ ફળાદિશ શ્લોકોને બાજુએ મેળી, જ્યોતિષ વિદ્યા તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમની પદ્ધતિ મુજબ, તે ગણીત ઉપરથી ભવિષ્યના બનનારા બનાવોનાં અનૂમાનો ખેંચવામાં આવ્યાં હતાં. એ પ્રત્યક્ષ પ્રમાણ ઉપરથી હિંદી જ્યોતિષ વિદ્યા, તેનું અચળ નક્ષત્રાદિ ગણીત, તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમ રૂપી ફળાદિશ, વગેરે કેવી, કેટલી મહત્ત્વતા ધરાવવાને સમર્થ હોય છે તેની તુલના કરવાનું કાર્ય તમો બંધુઓનું છે. માત્ર મેં મારી ફરજ વિચારી, તત્ત્વાર્થિક ખંડન રૂપે તમો સમિપ, તમો બંધુઓની એ માટેની અનેક પ્રકારની શંકા દૂર થતી રહે એવા સદ્ હેતુથી, વિવિધ મિશ્રણ રજુ કરવાનું વાજબી વિચાર્યું છે.

ગુજરાતી ભાષા અને પારસી લેખક વર્ગ.

ગુજરાતી ભાષા એ, હિંદુ બંધુઓના અમુક ભાગની માતૃભાષા તરીકે હોય છે. એમ હોવાથી બોલવા, લખવા આદિ સઘળાં વ્યવહારૂ સાધનમાં, તેઓ તરફથી એ ભાષાનો બને તેટલો સરળ માર્ગે ઉપયોગ થાય એ સ્વાભાવિક હોય છે. એ બંધુઓના પરિચયમાં આવ્યા પછી; પારસી કોમ તરફથી પણ એ ગુજરાતી ભાષા, તેઓની માતૃભાષા હોય એવા પ્રકારે, સઘળાં વ્યવહારૂ સાધનમાં તેનો ઉપયોગ થતો આવેલો જોવામાં આવે છે.

પારસી કોમ સ્વતાઃ નજીવી સંખ્યાદર્શક હોવા છતાં, કુદરત તરફથી તેને માટે, કોમી-અંશ રૂપી મળતી રહેલી "નિર્માણ ગતિ" મુજબ, પોતાથી બને તેટલો ઉચ્ચ હિસ્સો, દેશનાં ઉદ્ધાર થવાનાં કાર્યમાં, ભિન્ન-ભિન્ન માર્ગે તે આપતી રહી છે. દરેક કોમી સંખ્યા જોડે સંજોગાધિન

તુલના કરી જોતાં, સ્વાભાવિક માલુમ પડી આવે છે કે, પરસ્પર કોમી પરિચયથી, પારસી કોમ જેટલું સ્વતઃ માટે, કુદરતે યોજેલા આપ-લેના નિયમ પ્રમાણે, પ્રાપ્ત કરવાનું સમજે છે, તેટલું, તદાપિ તેથી કાંઇક વધારેજ અંશે, તેવા પરસ્પર પરિચય માર્ગથી, સામાન્ય ન્યાય દ્રષ્ટિએ નિહાળી, પ્રાપ્ત કરાવી આપવાનું પણ સમજતી આવી છે.

એવી રીતે કુદરતે બક્ષેલી અને તેણે નિભાવેલી "કોમી-અંશ"ની નિર્માણ ગતિ માટે, (હાલમાં કાંઈક પ્રમાણમાં કોઈક સ્થળેથી સડારૂપે જોવામાં આવે છે, તેમ હોજરીબાઈનાં સંકુચિત કાર્ય રૂપે) એ કોમે ગર્વાધિન થઈ નહિ જતાં, પરમાત્માનો પાડ માનતા રહી, સામા તે અંશની નિર્માણ ગતિમાં વધારો થતો રહે, એવા ભાવનાનું અનુકરણ સંપાદન કરતા રહેવામાં, કુદરતની સહાય વધુ મળતી રહે છે.

ગુજરાતી ભાષા વિષેની વાત ઉપર આવતાં દર્શાવીશ કે, એ ભાષાના હિંદુ સાક્ષરો તરફથી, અનેક વેળા એવી કડવી ફર્યાદ ઉઠાવતા રહેવાનું સમજવામાં આવતું રહે છે કે, ગુજરાતી ભાષાનો ઉપયોગ કરનારા પારસી લેખકો, એ ભાષાની સુધારણામાં જોઇયે તેવી રીતે કાર્યસાધક થઈ પડતા નથી. વળી કેટલાકો તો પોતાને "લેખક" એવાં ઉપનામથી ઓળખાવ્યા છતાં, ભાષા લખવામાં એવું ધમસાણ કરી મેલે છે કે, તેની સુધારણા તો બાજુએ રહી, પરંતુ સામુ તેને સવા લક્ષ પગલાં પાછળ હઠતા રહેવાનું પ્રયોજન તૈયાર યોજી આપતા હોય!

તેઓની એ ફર્યાદમાં, મહત્ ભાગે વાસ્તવિક અંશ આઢળે છે; તેઓને એમ ફર્યાદ કરવાને મુખ્ય કારણો હોય છે, એમ કબુલ રાખવાને, એ ભાષા પ્રત્યે કાળજી ધરાવી તેને વાસ્તવિક પ્રકારે સમજવાને, દર્શાવવાને મથન કરનારો પારસી લેખક વર્ગ ના પાડી શકશે નહિ.

"લેખક" તરીકેની પોતાની મુખ્ય ફરજ વિચારી, તે (ભાષા)

પ્રત્યે કાળજી ધરાવી તેને વાસ્તવિક પ્રકારે સમજવાને, દર્શાવવાને, તેવી સુધા-રણા રૂપે તેનો પ્રસાર થવાનું યોજાતું રહે એવું મથન કરનારા સમજુ પારસી લેખક વર્ગના અમુક ભાગથી; એક ગુજરાતી "લેખક" તરીકેની પોતાની ઓળખ દર્શાવવા છતાં, તે (ભાષા) પ્રત્યે નિષ્કાળજી ધરાવી, સ્વતાયે નિશાળે અથવા અન્ય પુસ્તક દ્વારા શીખેલી, સમજેલી, વાંચેલી સામાન્ય પ્રકારની ગુજરાતી ભાષા પણ ભૂળી ગયા હોયે, અને ઘરનાં ખાસગી ઓરડામા અથવા પવન-ચક્કીને પગથ્યે બેસવાથી ભાષાના શબ્દ-રચના રૂપી પડઘા કાને આઢળ્યા હોય તે, જાણે સ્વાભાવિક "લખાન" અને લેખક રૂપે રજુ થતા રહયા હોય, તેવું ધમસાણ કરનારા પારસી લેખક વર્ગના અમુક ભાગની સંખ્યા, વધુ જોવાની આઢળતી રહે, એ તેઓની કોમ રૂપે અન્ય કાર્યગતિ જોડે સરખાવતાં, તેઓ માટે મુખ્ય શોચનિય વસ્તુ છે એમ ના પાડી શકાશે નહિ.

"ઘણાજ ઉંચ્ચ પ્રકારે ગુજરાતી ભાષા રજુ કર્યે છીએ" એવી સ્વધારણા પ્રત્યે આકર્ષાઈ જઈ, જેમ કેટલાક હિંદુ લેખક બંધુઓ, એવી વેળાએ એકસો શબ્દોમાં લગભગ એવા પચીસ શબ્દો, સંસ્કૃત જેવી સામાન્ય રીતે લેખાતિ અઘરી ભાષાના, જે વ્યવહાર કાર્યસાધક રીતે જવલેજ ખુદ હિંદુ વાંચક વર્ગને પણ સમજવાને, જાણવાને, તેના યોગ્ય ભાવાર્થને પુગી શકવાને આઢળતા રહ્યા હોય, તેનો ઉપયોગ કરવાનું વાજબી વિચારે છે. તેમ કેટલાક પારસી લેખક બંધુઓ, બનતા પ્રયાસે યથાયોગ્ય ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવાને ઠેકાણે, "એવું લખેલું સામાન્ય પારસી વાંચક વર્ગ શું સમજવાનો હતો!" (જાણે થોડાજ દિવસ થયા (હાલમાં) અરબસ્તાનના જંગ-ળમાંથી આવી, યથાયોગ્ય ગુજરાતી ભાષાની પરિચયમાં પારસી વાંચક વર્ગ આવતો હોય તેમ!) એવી સ્વધારણા પ્રત્યે આકર્ષાઈ જઈ; લખાન તરીકે વાસ્તવિક દરજ્જે ઉપયોગ થવા ઘટારત ગુજરાતી ભાષાની પણ સામી ખાલ ઉખેડાતી રહે, એવો ભાષા રૂપી માર્ગ યોજવાનું વધુ વાજબી વિચારતા માલુમ પડે છે.

આ પુસ્તકમાં, બનતા પ્રયાસે, ભાષાનું સમાંતર અને સમાબળ જળવાય રહે એવી વાસ્તવિક સંભાળ લેવામાં આવી છે. ગુજરાતી ભાષા પ્રત્યેના

લક્ષ્ય જોડે, વળી બીજું આ પુસ્તકમાં મુખ્ય લક્ષ્ય આપવાનું હોવાથી, બને તેટલું ભાષાનાં મધ્ય સ્થળે રહેવાની આવશ્યકતા વિચારી છે; કારણ કે, આ પુસ્તક, ગુજરાતી ભાષાનો કાર્યસાધક ઉપયોગ કરનાર દરેક કોમી વર્ગને ઉપયોગી હોવાથી, એનો લાભ મેળવવાને દરેક કોમ તરફથી મથન થાય એવું સ્વાભાવિક હોવાથી, સામાન્ય પ્રકારે તેઓ દરેકને, એ ભાષા દ્વારે એ વિષેની અનૂકુળતા આઢળતી રહેવી જોઈએ

પ્રથમ વ્યક્તિ, "લેખક" અનેકોની સહાયતા વડે, પોતાનો હાથ ધરેલો વિષય લખી કાઢે છે. બીજો વ્યક્તિ, "ભાષાશાસ્ત્રી" તે સુધારી આપે છે. ત્રીજો વ્યક્તિ, "પ્રેસ-કાકા" તેનાં પ્રુફ-શીટ સુધારવાની કાળજી ધરાવે છે. અને ચોથો વ્યક્તિ, "પ્રસ્તાવના લખનાર", પ્રથમ "લેખક" અને તેને સહાયતા આપનારાઓનાં, તે વિષયને લગતાં સમૂળગાં વિચાર, ઈચ્છા અને કાર્યનું તં-ત્વાર્થિક રહસ્ય દર્શાવવાને, (જાણે તેઓની તે વિષયને લગતી અંતર-સ્ફુરણા પોતાનામાં આવી શમાઈ હોય તેમ) વાજબી વિચારે છે.

લેખક વર્ગમાં, ઉપર પ્રમાણેનો દેખાદેખીનો બઝારૂ સોદો થતો, કોઇક સ્થળે નિહાળવાનો મળતો રહે છે. એવી વેળાએ સવાલ એ હોય છે કે, એક "લેખકે" અમુક વિષય યથાયોગ્ય પ્રદર્શિત કરવાનાં પરિપકવ સ્વબળ વિના, એટલી ઉતાવળી ગતિ તે માટે શા કામ ગ્રહણ કરવી? કદાપિ ઉદર-નિર્વાહ અથવા તેવાં કાંઈ ફરજયાત કારણે તેવો માર્ગ યોજવાની આવશ્યકતા આવી ઉભી હોય તો, બનતાં સુધી બાહેરના ઉપલકયા શૃંગા-રથી સજજ થઈ અન્ય સમિપ રજુ થવા કરતાં તો, સ્વબળે જે કાંઈ પરમા-ત્માની સહાયતાથી સંપાદન થયું હોય, સંપાદન કર્યું હોય તે, તેજ સ્વરૂપમાં "લેખક" તરીકેની સ્વતાની "પ્રમાણિક દ્રઢતા" થી રજુ કરવું વધુ આવકારદાયક હોય છે.

વાંચક વર્ગને ખાતરી આપવાની આવસ્યકતા વિચારૂં છું કે, તમો સમિપ આ વિવિધ વિષયાદિ યોજન, તેની ભાષા, અભ્યાસ આદિ અનેક રૂપે રજુ કર્યું છે, તે સઘળું મુજ ભાવિક "લેખકે" (કોઇ પણ પ્રકારની અન્યની સહાયતા વિના) જેવી રીતે સ્વતાથી રાંધી શકાયું, તેવીજ રીતે તેજ સ્વરૂપમાં તમો સમિપ પિરસવાનું, "લેખક" તરીકેની સ્વતાની "પ્રમાણિક દ્રઢતા" થી વાજબી વિચાર્યું છે.

કીમિયો અને કીમિયાગર !

દંતકથા રૂપે અથવા સ્વતાને કાંઈક અંશે તે માટે પ્રત્યક્ષ પ્રમાણુ આઠળેલાં હોય એવી રીતે દર્શાવતાં, અનેકો તરફથી વાંચક વર્ગને સમજવાનું મળતું રહેલું હશે કે, "કીમિયો અને કીમિયાગર" એવી વસ્તુની ખ્યાતિ અર્વાચિન કાળથી હોતી આવી છે, અને ચાલુ સમયમાં પણુ તે સજીવન ગતિ ભોગવે છે. પરંતુ ચાલુ સમયમાં તેનો અંશ બહુ જવલેજ, એટલે-ઇશ્વરી શકિતને પુગેલા જ્ઞાનિ–સાધુ સંતો, ખુદાના વલ્લી જેવાઓજ સોડે હોય છે. (જાણે એ ચાલુ સમય પૂર્વે સામાન્ય વર્ગ પણુ એ અંશ ધરાવવાને ભાગ્યશાળી રહેતો આવેલો હોય !)

વધુમાં દર્શાવવામાં આવે છે કે, એવાં પદને પામેલા વ્યક્તિયો તરફથી તે વસ્તુનો બહુ જવલેજ ઉપયોગ થતો રહે છે. વાસ્તવિક દરજ્જેનાં જરૂરી કારણુ વિના, સ્વતાને સંપાદન થયલી એ વસ્તુનો ઉપયોગ કરવાને તેઓ જેમ અયોગ્ય ધારે છે, તેમ પ્રસંગાનૂસાર જોઇયે તે કરતાં વધુ પ્રમાણુમાં તેનો ઉપયોગ કરવાનું પણુ ગયરવાજબી વિચારે છે. એવાં મુખ્ય કારણો હોવાથી, ખરો "કીમિયો અને કીમિયાગર" કોઇકના પૂર્વેનાં નિર્માણુ થયલા ધર્મા–કર્મિ નિમિ-તે આવીને મળે તો મળે !————નહિ તો ?

અનેક બાબદોમાં બને છે તેમ એમાં પણુ લાંબી–ચોડી સાંભળી, તે વસ્તુના તત્ત્વાર્થિક અભ્યાસ–ક્રમની ગયરહાઝરીમાં, પ્રથમમાં આશાવંત બની એ વસ્તુ સ્વતાને સંપાદન થાય. અથવા તે દ્વારે મોટો આર્થિક લાભ (વિની પ્રયાસે) થઇ જાય, એવી શોધમાં લાંબો વખત મચી રહી, પાછળથી (અનૂભવ-સિદ્ધ) નિરાશાએ આવી ઉભેલાં તેવા વર્ગનું (સ્વતાનું મન સંતુષ્ટવા અર્થે) ઉપર પ્રમાણે, અને તે જોડે એ વિષે અનેક પ્રકારે દર્શાવવું હોય છે. "લોભ્યો ભોલે નહિ મરે, તો ધૂતારો ભુખે મરે" એવી અર્થસૂચક કહેવતનો ઉપયોગ પણુ એ નામ હેઠળ, તેવા વ્યક્તિયોને કરતા રહેવાને "ઠગ–વિદ્યા" રૂપે ઠીક સંપાદન થતો રહે છે !

સારાંશ એ હોય છે કે. કીમિયો કહેતાં, કાંઈક જંગળની વનસ્પતિ (જડી-બુટિ) અથવા અન્ય ધાતુની બનાવેલી કોઇક કાર્યસાધક તેવી વસ્તુથી,

તાંબુ આદિ હલકી કિમતની ધાતુને, (વિના ખર્ચે અને નજીવા પ્રયાસે) સોના જેવી કિમતિ ધાતુમાં, રંગ રૂપ, કસ, વજન આદિ દરેક પ્રકારે ફેરવી, તાંબુ સ્વતાઃ સોનુ બનીને ઉભું રહયું છે, તે સમાન દરજ્જે અંકાવી સોના રૂપે ચલાયમાન ગતિ પામવાને શક્તિમાન થયું છે, આદિ તાંબાને યથાયોગ્ય સોનાને દરજ્જે વ્યવહાર (કાર્યસાધક) સાધને પ્રદર્શિત કરનારો અમુક પ્રકારનો (સામાન્ય પ્રકારે જન–સમૂહથી અદ્રશ્ય રહેલો એવો) હુન્નર !

કીમિયાગર કહેતાં, સામાન્ય પ્રકારે અદ્રશ્ય રહેલા મજકુર હુન્નરને, દ્રશ્યમાન ગતિ મળે એવા માર્ગ માટે નિર્માણ થયલો સાધન રૂપે વ્યક્તિ !

તત્ત્વાર્થિક અભ્યાસ–ક્રમે જોઇ ગયાં છો તે પ્રમાણે, જેમ પવિત્ર ઋષિ મૂનિયો, પયગમ્બરો આદિ મહાન શક્તિદર્શક વ્યક્તિયો, અને તેઓ દ્વારે પ્રગટમાન ગતિ પામેલી જ્યોતિષ વિદ્યા સંબંધી આકાશી અચળ ગણુત્રી, એ બન્ને ભિન્નભિન્ન ભેદભાવ દર્શક વસ્તુઓ નહોતી; તેમ "કીમિયો અને કીમિયાગર" એ પણ વાસ્તવિક પ્રકારે એકજ વસ્તુના બે પ્રકાર હોય છે. વાસ્તવિક રીતે સ્વતાઃ કીમિયા રૂપે હોઇ તે જોડે અદ્રશ્ય હોય તો, તેને દ્રશ્યમાન ગતિ આપનાર કીમિયાગર સ્વાભાવિક રીતે આવી તેમાં સમાઇ રહે.

(યુરોપમાં રસાયન વિદ્યા દ્વારે, સોનુ બનાવવાનું મથન થયલું જાણવામાં આવેલું હશે. પરંતુ એ સોનુ, પૃથ્વિનાં પેટાંમાંથી કુદરતી મળી આવતાં સોના કરતાં, તે પ્રત્યે થતા ખર્ચ રૂપે વધુ કિમતિ થઇ પડતું હોવાથી કાર્યસાધક હોતુ નથી.)

"કીમિયો અને કીમિયાગર" માટે વાસ્તવિક રીતે અર્થસૂચક દર્શાવેલું મળી આવે છે કે,:——

"સિમાબ કુસ્તા હોવે તો મિસકુ તિલા કરે"

સારાંશ કે, પારો જો (કાર્યસાધક રીતે) ખાક (ભસ્મ, રખ્યા) થાય (થયો હોય) તો, (તે વડે) તાંબાને સોનું બનાવે (બનાવી શકાય).

ઉપર પ્રમાણેની તાંબાને સોનામાં ફેરવનારી, વ્યવહારૂ (શકય) રૂપને ઠેકાણે, દંતકથા (અશકય) રૂપે હયાતિ ભોગવતી એ પારાની ખાકને, એ માર્ગે મથન કરનારો વર્ગ, "અકસીર" એવાં નામથી સામાન્ય પ્રકારે ઓળખતો, ઓળખાવતો રહે છે. વળી વધુમાં દર્શાવવું હોય છે કે, જે વસ્તુ "માયા" રંગે, તેજ વસ્તુ "કાયા" પણ રંગી શકે. અર્થાત જે "અકસીર" દ્વારે તાંબાને સોનામાં ફેરવી શકાય, તેજ વસ્તુના ઉપચાર દ્વારે ગમેતેવી (અસાધ્ય) રોગી (નિર્બળ) દેહને પણ નિરોગી (સબળ)માં પળટાવી શકાય.

ગમે તે હોય ! પરંતુ એ સઘળો તાત્પર્ય (આગળ જોઈ ગયા તે મુજબ "ગ્રહો અને કિમતિ (પત્થરાદિ) રંગાદિ ઝવેરાત"ના ભાવાર્થિક પગથ્યેજ) માંયિક અને કાયિક (કંચન અને કામિનિ)ની હદે ઉભેલો હોય છે, એમ તત્ત્વાર્થિક અભ્યાસ–ક્રમના અનુંસરનારોને માલુમ પડયા વિના રહેશે નહિ.

ઉપંર પ્રમાણેનું માયિક અને કાયિક કીમિયાગરનું દર્શાવવું સાંભળીને, કુદરતી (સત્ય) જ્ઞાન, વિદ્યા દ્વારે જેને પ્રદિપ્ત થયું છે, અને તે વડે, કુદરતના કાનૂન મુજબ સ્વતાને (આ પુસ્તકના પાને ૭૮થી "બંદગી–ભકિત" આદિ બાબતો વિષે દર્શાવ્યું છે તે પ્રમાણે) સમાંતરે, સમાબળે, પ્રસંગાનૂસાર કાર્ય કરી શકે એવા પ્રકારે યોગ્યાનૂસાર રચી રાખનાર, (જરથુસ્ત્રી ધર્મ–શબ્દોમાં દર્શાવું તો, નિરંગ, નિરંગ–દીન, ક્રિયા, નિરંગને સાચવનારી રખ્યા (?) (ભસ્મ) આદિથી સ્વબળે, સ્વકાબુએ આવી, સ્વતા: કુદરતી "કીમિયો અને કીમિયાગર" એવા એક વસ્તુના બે પ્રકાર દર્શક પગથ્યે ઉભેલા) રૂહાદિ બળ પામેલા જ્ઞાનિજને પ્રતિયુત્તર વાળ્યો કે, ભાઇ કીમિયાગર ! તારૂં દર્શાવવું વાસ્તવિક હોય તો, (સ્વાભાવિક રીતે જેમ દરેક વિદ્યા તેનાં શોધન વેળા નિચી દ્રષ્ટિએ જોવરાવે છે, (ત્યારે) જ્યોતિષ વિદ્યા સ્વાભાવિક રીતે તેમ કરનારને ઉંચી દ્રષ્ટિએ (આકાશ પ્રત્યે) જોવરાવે છે, તેમ) શોધન રૂપે નિચી મુંડિએ સઘળું યોજાયલું માયિક અને કાયિક, સ્વઇચ્છાનૂસાર તે પદને પુગ્યા છતાં પણ, સ્વાભાવિક રીતે તેના ધર્મ–કર્મ રૂપી તાત્વિક બળ મુજબ નિચેજ પડયું રહેશે; પરંતુ તેં દર્શાવેલા સ્વતાના ભરોસાપાત્ર (નિચા) માર્ગ દ્વારે, હું તને ઉચ્ચ માર્ગનું સ્મરણ કરાવવાની ફરજ વિચારૂં છું, તે ઉપર યથાયોગ્ય મનન કરશો તો જાણી શકશો કે, તું પ્રયત્ન કરે છે તેવાં માયિક અને કાયિક બળવાન સાધન

ઉપરાંત વધુ ચઢત પ્રકારનું વાસ્તવિક પ્રબળ (સૂક્ષ્મ) કાર્યસાધક (ઉચ્ચ દ્રષ્ટિ કરાવનારૂં) સાધન ઉભેલું હોય છે. તારૂં દર્શાવવું છે કે:—

"સિમાબ કુસ્તા હોવે તો મિસકુ તિલા કરે"

કુદરતનાં પરસ્પર (અનુસંધાન રૂપે) ઉભેલાં સહાયભૂત દર્શક, તારાં સ્વતાનાં દર્શાવેલાં પ્રત્યક્ષ ઉદાહરણ ઉપરથી, સારાંશ એ નિકળે છે કે, જો પારો ખાક (ભસ્મ, રખ્યા) થાય તો તાંબાને સોનું બનાવે. યાને તાંબા માંહે શમાયલા અતિ સૂક્ષ્મ પ્રકારના સુવર્ણ રૂપી અંશને, પારાની ખાકના અનુસંધાન વડે એટલી પ્રબળ ગતિ મળે, કે તે (અંશ)તે તાંબા રૂપી મળિન હલકી ધાતુને, સ્વતાઃ (સુવર્ણ) રૂપી સ્વચ્છ, કિમતિ ધાતુમાં પળટાવી શકે.

એક મનુષ્ય કેવળ શુદ્ધિ રહિત હાલતે પડેલો છે. તેની કોઈ પણ પ્રકારની શારીરિક ચળવળ નહિ હોવાથી, તેના શ્વાસ આદિ સૂક્ષ્મ ચળનવળનથી ભાસ ખેંચી શકાય કે, તેનામાં સજીવન ગતિનો અંશ (જીવ) રહેલો છે. એ મનુષ્યની સરખામણી શુદ્ધિ સહિત હાલતે ઉભેલાં મનુષ્ય, જે સ્વતાઃ કાર્ય કરી શકે એવાં ગતિ દર્શક છે, તેની જોડે કરી જોતાં, શુદ્ધિ રહિત મનુષ્ય જ્યારે, સજીવન ગતિનો અંશ ધરાવવા છતાં, તાંબા રૂપે છે, ત્યારે શુદ્ધિ સહિત મનુષ્ય, તેવોજ અંશ ધરાવવા છતાં, સુવર્ણ રૂપે હોય છે.

હવે એવી પેલાની બેશુદ્ધ સ્થિતિ દરમયાન, એવી ઉપચાર રૂપી વસ્તુનું તે (મનુષ્ય) ની જોડે અનુસંધાન યોજવામાં આવ્યું હોય, જેના વડે તેનામાં શમાયલા (રહેલા) ચૈતન્યિક અંશને એવી પ્રબળતા મળે કે, તેની સ્વાભાવિક પ્રથમની શુદ્ધિ રહિત (તાંબા રૂપી) સ્થિતિ મટી જઇ, શુદ્ધિ સહિત (સુવર્ણ રૂપી) સ્થિતિયે આવી સ્વતાઃ કાર્ય કરી શકે.

તાંબાની સ્થિતિ શુદ્ધિ રહિત મનુષ્યનાં જેવી કલ્પવામાં આવેલી હોય છે. તેમાં સજીવન ગતિ રૂપી સુવર્ણનો અંશ હોવા છતાં, તે એવી સ્થિતિ દરમયાન સ્વતાઃ સુવર્ણનું કાર્ય કરી શકતું નથી. પરંતુ તે અંશને પારાની ખાકથી અનુસંધાન (મિશ્રણ) રૂપે ઉપચાર યોજવામાં આવતાં, શમાયલા

સુવર્ણના અંશે એવી પ્રબળતા મળે કે, તેની સ્વાભાવિક રહેલી (તાંબા રૂપી) બેશુદ્ધિ મટી જઈ, શુદ્ધિ સહિત (સુવર્ણ રૂપી) સ્થિતિયે આવી સ્વતા: તે પ્રમાણેનું કાર્ય કરી શકે.

કીમિયાગર ભાઈ ! ઉપર મુજબનો તારો દર્શાવેલો કીમિયો, તેના તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમે લક્ષ્યમાં લઈ, હું વળતો સવાલ કરીશ કે, જો એમ થવાથી વિસ્મયતા પમાડે એવું બનીને ઉભું રહે છે તો, એજ ઉદાહરણ ઉપરથી તું મનન કર કે,:-----

" અગરચે દિલ કુસ્તા હોવે, તો ખુદા જાને વોહ શખ્સ કયા કરે ! ?"

પારો (મરે) ભસ્મ થાય તો (ઉપર પ્રમાણે) તાંબાને સુવર્ણ બનાવે. એ પ્રમાણે જે વ્યક્તિનું દિલ મરે યાને કુસ્તો થાય, તે ખુદા જાણે શું નહિ કરી શકે ? !

સારાંશ કે, આગળ જોઈ ગયા તેમ તાંબામાં રહેલા અતિ સૂક્ષ્મ સુવર્ણના અંશ પ્રમાણે, મનુષ્યમાં રહેલા અતિ સૂક્ષ્મ જીવનશક્તિ રૂપી અંશ જોડે, પરમાત્માનાં અનેક અંશાદિ શક્તિદર્શક નામમાંથી, પોતાને અનુકૂળ હોય એવાં નામ રૂપી અંશનું અનુસંધાન થાય, અને તેમ થતાં રહેવા જોડે, તે (અંશ)ના નૂરથી તે જીવનશક્તિ રૂપી અંશને એવી પ્રબળતા મળે કે, તે (મનુષ્ય) સ્વતા: તે (પરમાત્માના) અંશનું નૂર બનીને ઉભું રહે. એ સ્થિતિયે જ્યારે એક મનુષ્યનું દિલ "કુસ્તો" બની રહે, ત્યારે તે મનુષ્ય સઘળાં ઈચ્છિત કાર્ય કાં નહિ કરી શકે ? એવા પોતાના "કુસ્તા"ના પ્રતાપે અન્ય (તાંબા રૂપી) વ્યક્તિયોને સુવર્ણમાં કાં નહિ પલટાવી શકે? "કીમિયો અને કીમિયાગર" બને એકજ સ્વરૂપમાં હોય છે.

પારસી બંધુઓએ શાંત વૃત્તિયે, એ સઘળું તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમે લક્ષ્યમાં લઈ, અતિ સૂક્ષ્મ પ્રકારે મનન કરવાનું છે.

આ પુસ્તકમાં દર્શાવેલા રાશીઓના ગુણદોષ, રંગ, સગાઈ આદિ દરેક બાબતનો યથાયોગ્ય અભ્યાસ મથનપૂર્વક ધ્યાનમાં રાખવાની આવશ્યકતા છે. કુદરત અને મનુષ્ય-બંધારણની પરસ્પર અનુસંધાન રૂપે ઉભેલી તત્ત્વાદિ

સહાયભૂતિ, તેનાં ધર્મ અને કર્મ રૂપે ફેકળાવવવાને એ વિદ્યા અન્યથી વધુ દરજ્જે કાર્યસાધક હોય છે. એમ થવાથી, હાલમાં અનેક પ્રકારે, નિરર્થક, નિર્બળ, ઉલટા તત્ત્વાદિ બાહ્ય વસ્તુઓ જોડે ફાંફાં (!) મારવા જેવી સ્વાભાવિક સ્થિતિ આફળતી રહે છે, તેમાં યથાયોગ્ય સુધારો થવા જોડે, કુદરતમાંથી વાસ્તવિક લાભ પ્રાપ્ત થતો રહે.

મેષ અને વરખ રાશી એ બંનેની, સગાઈ, ગુણદોષ, રંગ, તત્ત્વ, ભૂવન આદિ યથાયોગ્ય લક્ષ્યમાં રાખવું. એની સામેની તોલા અને વૃશ્ચિકનું પણ ઉપર મુજબ સઘળું ધ્યાનમાં લેવું. એમ વાસ્તવિક રીતે થયા બાદ ચારેનું યથાયોગ્ય મનનપૂર્વક તપાસી જવું.

જરથુસ્ત્રી ધર્મ કુદરતી વિદ્યા દ્વારે, શિક્ષણ રૂપે વાસ્તવિક રીતે શું સમજાવી, (ધર્મ) ફરજ રૂપે શું અને કેવા માર્ગે સંપાદન કરતા રહેવાનું શીખવે છે, તે સંભાળપૂર્વક જોવાનું છે.

પારસી બંધુઓ! "મેંઢું નિર્દોષ અને ગરીબ છે તેથી તેનાં ઉનની કુસ્તી બાંધવી" (!!?) એવો ઉચ્ચ કુદરતી શિક્ષણ પદ્ધતિ રૂપી સાર (!) જાણ્યાથી "મુજ" [નારી જાતિ]ને સ્વાભાવિક હાસ્યવિનોદ (!) પ્રાપ્ત થતો રહે એમાં વિસ્મયતા જેવું છે? વળી તે નિર્દોષ અને ગરીબ પ્રાણીને ધર્મ-ક્રિયા માટે ક્ર———! ચાલો, હાલમાં તો જવા દો! પરંતુ, તે કુસ્તી શરીરના મધ્ય સ્થળે બાંધવી તે————?! ભલી નિષ્ઠા ધરાવનારા પારસી બંધુઓ! પેલો બાહ્યથી મેળવેલો નિરંગ, તે બિગડી નહિ જાય એવા હેતુથી તે જોડે મિશ્રિત કરેલી રખ્યા (કુસ્તા), આદિ વસ્તુઓની, જરથુસ્ત્રી ધર્મ-ફરજ રૂપે, (ઉદર-નિર્વાહ રૂપે ?) પ્રાચિન કાળથી, જર અને જહેમતના ભોગે બહુ જાળવણી કરતા આવ્યા છો——તે વિશે અર્થસૂચક શબ્દોમાં વધુ બોલવાની આવશ્યકતા ધારતી નથી. પરંતુ એ જોડે, સ્વાભાવિક સવાલ એ ઉદ્‌ભવે છે કે, કુદરત અને મનુષ્ય-બંધારણ દ્રષ્ટિએ, તમો પોતાનામાં, કુટુંબો (ખાનદાની), કોમી વગેરે શમાયલા અંતર-નિરંગ, રખ્યાની વાસ્તવિક જાળવણી અને તેનો ઉદ્ધાર કોણ કયા માર્ગે કરશે ?!

"કુસ્તી"! ઉદર-નિર્વાહ અર્થે બે આના પ્રાપ્ત થાય એવા ઉદ્દેશથી, નારી જાતિયો અમુક પદ્ધતિયે તે બનાવી તૈયાર કરી આપે છે. અમુક પ્રકારની

હસ્તકૃત રૂઢિ સિવા તેઓ વધુ કશું, તે માટેના તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમે સમજતી હોતી નથી. તે(કુસ્તી) ને બાંધનાર નર-નારી જાતિ વર્ગ, સ્વતાને પારસી, જરથુસ્ત્રી અને વધુમાં (હાલમાં) બસ્તેકુસ્તીઆન કોમ તરીકે ઓળખાવવા તરીકે તેનો ઉપયોગ કરે છે.

. . . .

કાર્યસાધક અભ્યાસની ગયરહાઝરીમાં, કેટલાકો હવે પોતાને જરથુસ્ત્રી નહિ પણ બસ્તેકુસ્તીઆન તરીકે ઓળખાવે છે ! ગમે તે નામે ઓળખાવે તે જોડે ઝાઝું સ્નાન-સૂતક જેવું હોતું નથી. માત્ર "નામ"થી કોઇ વસ્તુ પ્રાપ્ત થઇ જતી નથી----પણ "કામ"થી હોય છે. તો બસ્તેકુસ્તીઆન ઓળખાવનારા વર્ગે, "કુસ્તી" દ્વારા (માત્ર મોઢેનો નહીં પણ) કેવો કાર્યસાધક, "કુસ્તો" સંપાદન કર્યો, તે સામાન્ય પ્રકારે પારસી, જરથુસ્ત્રો, તરીકે ઓળખાવતા વર્ગે જાણવાનું રહયું છે.

મનુષ્ય, ધર્મે પ્રથમ "વિચાર" (અદ્રશ્ય, મરણ) રૂપે હોય છે. કુદરતના ચોકસ કાનૂન મુજબ, ક્રમે અનુસંધાન મળતાં, જન્મ રૂપે પ્રગટમાન ગતિ દર્શાવે છે. વખતના વહેવા જોડે મરણ રૂપે પ્રથમની સ્થિતી પ્રાપ્ત થાય છે. એ સઘળી વસ્તુઓ, કુદરત અને મનુષ્ય-બંધારણ મુજબ, સઘળા પ્રકારના તત્ત્વાદિ મિશ્રણ રૂપે, કેવા પ્રકારે (સ્વધર્મે-કર્મે) પરસ્પર અનુસંધાન મેળવી, પ્રગટમાન ગતિ મેળવે છે, આદિ સઘળું (પ્રત્યક્ષ નકશ-રૂપી) સમજ તરીકેનું ઉંચ્ચ શિક્ષણ "કુસ્તી બનાવવાનું" હોય છે.

ચાલુ સમયને માટે બોલવું નથી, કેમકે હાલમાં જુદીજ ગતિ ઉપર આવી ઉભેલું હોય છે. પરંતુ જરથુસ્ત્રી કોમની નારી જાતિયોમાં, એવી શિક્ષણ રૂપી પદ્ધતિ સ્વધર્મ પ્રત્યેના ફરજ રૂપે પ્રવેશ થયલી માલુમ પડે છે, તે ઉપરથી સ્હેજે અનુમાન ખેંચી શકાય છે કે, એક વખત એવો હતો હશે કે, કુદરતના તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમે, અન્ય કોમી નારી જાતિયો કરતાં, એ બ્હેનપણીઓ કાર્યસાધક માર્ગે વધુ મેળાયલી હોવી જોઇએ.

પરણનાર નર-નારી [વર કન્યા] ની, જ્યોતિષ વિદ્યા દ્વારે "રાસ" જોવરાવી, તેઓનું જોડાણુ યોજવામાં આવે છે. વાસ્તવિક રીતે 'રાસ' રૂપે પરસ્પરની અનુકૂળતા જોવાનો માર્ગ જુદાજ પ્રકારનો હોય છે.

પંડિતાઇ ફળિત જ્યોતિષની એ "રાસ" જોવાની હાલની પદ્ધતિ નિર્બળ ગતિ દર્શક માલુમ પડી આવે છે. એ માટેની અંગ્રેજી ફળત જ્યોતિષ રૂઢિ કાંઇ વિશેષ દરજ્જે સરસ માલુમ પડે છે. પરંતુ જે મુખ્ય વસ્તું એ" રાસ" જોવા દરમયાન હોવી જોઇયે તે બંનેમાં સ્વાભાવિક માલુમ પડતી નથી.

તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમ દ્વારે "રાસ" જોઇ, વર કન્યાનું અનુસંધાન યોજી આપ્યાથી, તેઓનાં તત્ત્વાદિ સ્વધર્મ-કર્મ રૂપે, કુદરતી સહાયતા રૂપી ફળ સ્વાભાવિક મલતું રહેવાનું જુદુંજ માર્ગનું હોય છે.

એ વાસ્તવિક સમજની કોતાહિમાં, "રાસ જોવાના ફેસ્તા" (!) સ્વાભાવિક પ્રાપ્ત થતા રહે અને રહેશે," એમાં આશ્ચર્ય જેવું કશું હોય નહિ.

અનેક પ્રકારે જોઇ આવ્યા છો તે પ્રમાણે, અમુક વસ્તુ માટે અનેકોની ભલી નિષ્ઠા હોવા છતાં પણ, તે વસ્તુ જો સ્વતઃ "ઘઉંમાં કાંકરા" જેવી વાસ્તવિક રીતે મહત્વત્તા (!) રૂપે ઉભેલી હોય, તો તેવી અધમ-ગતિ દર્શક વસ્તુ, જ્યારે જ્યારે અમુક માર્ગે તેઓ તરફથી પોતા પ્રત્યેનાં શિક્ષણ, રહસ્ય, સમજ વગેરે દર્શાવનારા સંકલ્પ રૂપે પ્રગટમાંન ગતિ મેળવે, ત્યારે ત્યારે મહત્ ભાગે, તેનાં યથાયોગ્ય સંતુષ્ટકારક કાર્યસાધક પરિણામને ઠેકાણે, "તેરી-મેરી જોડી બની---!" અથવા તો "તેરી ભેંસા ને મેરી ખિચાં પાડી !" એવી કાંઇક અર્થસૂચક કહેવતને પગલે, તે (વસ્તુ તેના સત્વાર્થ પ્રમાણે) સ્વાભાવિક મેળાતી રહે એ બનવા જોગ હોય છે.

થોડા વખતની વાત ઉપર, એક વયે વૃદ્ધ પારસી ગૃહસ્થ જોડે મુજ "લેખક" ને કેટલોક સંવાદ થયો હતો; તે તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમને અનૂસરનાર વાંચક વર્ગ (મુખ્યત્વે પારસી વાંચક વર્ગ) ને, તે પ્રત્યે વધુ મનન કરવા યોગ્ય જાણવા જોગ થઇ પડે, એવા હેતુથી તેની ટુંક નોંધ અત્રે ટપકાવી લેવાને વાસ્તવિક વિચારૂં છું.

મજકુર ગૃહસ્થને સ્વધર્મ પ્રત્યે સ્વાભાવિક વધુ પ્રમાણમાં અંતર-લાગણી હોવાથી, "સમય સાચવે તે સાવધાન"(!) એવી અર્થસૂચક કહેવતને

પગલે ચાલી, "ઉપલકયા દીનચાશીદારી" દર્શાવી તે વિષેનું તોડ–જોડ ધર્મ રક્ષણ (!) યોજવાને ઠેકાણે, સ્વસમજ પ્રમાણે તે પ્રત્યે બને તેટલું આચરણ પણ ધરાવતા માલુમ પડયા હતા.

એ ગૃહસ્થે એક વેળા મુજ "લેખક" સોડે આવી, એક રમુજી ચોપાન્યાના બાહેર પડેલા ખાસ અંકમાં આપવામાં આવેલાં ચિત્ર (ફોટા) પ્રત્યે લક્ષ્ય ખેંચી દર્શાવ્યું કે, "જુઓની, પારસી થઈને આ જરથોસ્તી ધર્મની દાઝ ! એક બાજુ પેપરમાં કાંઈ લખીને ધર્મ–શિખામણ આપે અને બીજી બાજુ (ચોપાન્યામાં) એવું પિકચર આપે ! [કેટલીક વધુ વાતચિત કરીને) તમો તો ઘણું સારૂં લખી શકો છો, તો એ વિષે કાંઇક "સારી ઝાટકણી" નિકળે એવું વિગતવાર લખાન મને લખી આપો તો મોટી મહેરબાની થશે," વગેરે.

એ ચિત્રમાં એવું દર્શાવવામાં આવેલું જોવામાં આવતું હતું કે, ધર્મ–ક્રિયા કરનાર વર્ગમાંનો એક શખ્સ, રૂઢિ મુજબની વસ્તુઓ સમિપ મેળી "ભણવા" બેઠા છે. "ભણતાં–ભણતાં" સમિપ મેળેલી વસ્તુઓમાંથી એક "ઘડું" ગુપચુપ પોતાનાં મુખમાં ઠેસી દે છે. એ વેળા તેવીજ ધર્મ–ક્રિયા (!) કરી જાણનાર બીજો શખ્સ આવી પેલાની પીઠેથી, પ્રસંગાનૂસાર (યોગ્યતાનૂસાર ?) ચેતવણી રૂપે એવી મતળબનો સવાલ કરે કે, તું આ સત્રણું શું કરી રહયો છે? ! [એવી વેળાએ વપરાયલા વિશેષણિક શબ્દોનો ઉપયોગ અત્રે દર્શાવવો વાજબી ધાર્યો નથી. ગમે તેવું હોય, તોપણ સામાન્ય પ્રકારે ગણાતા એક ધર્મ–ગુરૂ તરીકેના કોમી–વર્ગ માટે એવા શબ્દોનો ઝાહેરમાં ઉપયોગ કરવો, એ તેવા પારસી લેખક વર્ગ માટે, પ્રથમ તો સ્વતાને નિચું જોવરાવનારૂં હોય છે. એવું છતાં પણ, મહત્ ખૂબી એ આઢળતી રહી છે કે, તેજ [ક્રિયા કરનાર] વર્ગના અમુક ભાગ તરફથી, સામો તેવી વસ્તુને આવકાર (!) મળતો રહેતો હોય, એવા માનની નઝરથી તે (લેખક વર્ગ) પ્રત્યે સહાયભૂતિથી જોવાય છે ! પૃથ્વિનું ચક્ર ઉલટું ફરે છે એવું એથી વધુ પ્રત્યક્ષ ઉદાહરણ, સમજુ વર્ગને જાણવાનું શેષમાં શું રહેવાનું? !]

મજકુર વૃદ્ધ ગૃહસ્થની લાગણી એથી બહુ તિક્ષ્ણ બનેલી માલુમ પડી આવી. તેમની ક્રોપાયમાન વૃત્તિ અનેક ઉપચારે શાંત પાડવામાં આવી. અનેક

પ્રકારે તત્ત્વાર્થિક દ્રષ્ટાંતો રજુ કરી સમજાવ્યા બાદ, એ વિષે વધુમાં જણાવવામાં આવ્યું કે, હવે તમો જોઈ શકશો કે, એમાં મજકુર ચિત્રનો, તેને પ્રગટમાન ગતિ આપનારનો, ચોપાન્યાનો કે અમુક વ્યકિતનો, વાસ્તવિક પ્રકારે દોષ (વાંક) હોતો નથી. જેવો રંગ તેવો સંગ, અને તે પ્રમાણે બંગ-ભંગ હોય છે. હાલની ધર્મ-ક્રિયા રૂપી સમજવામાં આવતી વસ્તુ વાસ્તવિક રિત્યે જેટલો, જેવો પ્રભાવ, સત્વ આદિ ધરાવતી હોય, તેટલે દરજ્જે તેવા પ્રકારે (યથાર્થ નેગેટિવ) સ્વતાનો પ્રત્યક્ષ્ય દર્શનિક ફોટો રજુ કરે એ સ્વાભાવિક, કુદરતી નિયમાનુસાર હોય છે.

એક વસ્તુને યથાયોગ્ય સમજવાને બદલે, તેને નિર્મળ ગતિએ મેળી, "કીમિયો અને કીમિયાગર"નો ફોટો લેવા માંગશો, તો યથાર્થ સત્વ રજુ કરનાર કુદરતી યાંત્રિક કળા, પોતાની નિર્માણાર્થે મેળાયલી અચ્યુક કાર્યગતિ દર્શાવ્યા વિના તે કેમ રહેશે ! ?

હાલના ચાલુ ધર્મ-ક્રિયા પદ્ધતિ માર્ગે અનુસરનાર વર્ગને, અન્ય સામાન્ય વર્ગ કરતાં, તે વધુમાં શું પ્રાપ્ત કરાવી આપે છે તે જોઈશું. મહત્ પ્રયાસે તેઓ માયિક અને કાયિક એ બે અર્થસૂચક વસ્તુઓની પ્રાપ્તી તે માર્ગે કાંઈક કરી શકે છે. માયિક કહેતાં, કુટુંબી પોષણાર્થે કાંઇક નાણું મેળવતા રહે છે. અને કાયિક કહેતાં, શારીરિક પુષ્ટિ અર્થે તેવી ખાવાની પુષ્ટિકારક વસ્તુઓ સંપાદન કરતા રહેવાને શકિતમાન હોય છે.

કુદરતના આપ-લેના નિયમ પ્રમાણે, તેઓ જેવે માર્ગે જે વસ્તુઓ પ્રાપ્ત કરવાને સબળ હોય છે, તેવે માર્ગે તે વસ્તુઓ સ્વાભાવિક રીતે, તેમના અનૂયાયિયોને પ્રતિપાદન થતી રહે છે,

ગમે તેવી ભલી નિષ્ઠાથી હોય, ધર્મ-ક્રિયા એવાં મહત્વત્તા દર્શક ઉપનામ હેઠળ હોય, પરંતુ કુદરતના કાનૂન મુજબ તે વસ્તુ સ્વતાનો વાસ્તવિક ગુણ-દોષ રજુ કર્યા વિના રહે નહિ. ખાવાની સ્વાદિષ્ટ વસ્તુ નજર સમિપ મેળાયલી રહેવાથી, શારીરિક સ્વભાવ મુજબ તે પ્રત્યે કાયિક આકર્ષણ રહેવું જોઈયે. વળી તે માર્ગે ઉદર-નિર્વાહ, કુટુંબી પોષણાર્થે ધંધા રૂપે મેળાયલી સ્વતાની નિર્માણ ગતિ, માયિક આકર્ષણ રૂપે વણિક બુદ્ધિ (સાચીજુઠી કરી આજીવિકા ચલાવનાર)ના પગથ્યે લઈ જઈ મેળે તો આશ્ચર્ય જેવું શું હોય ? !

એ પ્રમાણે અનેક પ્રકારે સઘળું મિશ્રણ સ્વાભાવિક રચાઇ તૈયાર બની ઉભેલું હોય, ત્યારે અમુક વ્યક્તિનો તે વિષે મુખ્ય વાંક તે ક્યાંથી હોય ? અમુક વ્યક્તિ માટેનાં ગુણદોષ દર્શક લખાનથી કશું સાર્થક હોતું નથી. કુદરતનો અભ્યાસ એમ દર્શાવે છે કે, અમુક વસ્તુની સ્થિતિ સાધારણ ચક્ષુએ નિહાળી, મનના તરંગ રૂપે તે પ્રત્યે આકર્ષાઇ જઇ, તેવું વર્તન પ્રદર્શિત કરવાને બદલે, પ્રથમમાં તે વસ્તુને તત્ત્વાર્થિક અભ્યાસ-ક્રમે તેના વાસ્તવિક સ્વરૂપે નિહાળવાનો પ્રયત્ન થવો જોઇયે.

એમ વાસ્તવિક રિત્યે થવા બાદ, અને તમો પોતે હાલમાં કાંઈક સમજવાને શક્તિમાન થયા છો તે પછી, એક નિરર્થક પદ્ધતિ રૂપે મેળાવલી વસ્તુ હોય એવું તમને કદાપિ ભાસ્યા પછી, શું તમો તે માટે કમર કશી હાથમાં કલમ (કે ડાંગ ?) લઇ, તે નિરર્થક જોડે નિરર્થક ભેજાં-દુઃખાવન માર્ગ યોજવાનું વાજબી વિચારશો ?

પરમાત્માની સહાયતાથી અમુક વ્યક્તિયે કાંઈ વધુ સંપાદન કર્યું હોય, તો તેને માટે યોગ્ય માર્ગ એ હોય છે કે, તે વસ્તુને બને તેમ યથાયોગ્ય રિત્યે, અન્યને તે પ્રત્યે અભ્યાસીક મનન કરવાને બની આવે, એવા સદ્‌હેતુથી રજુ કરવી. "શોધો અને જડશે" એ અર્થસૂચક શબ્દોની જીજ્ઞાસાએ જેઓ સ્વધર્મ-કર્મે આવી ઉભેલા હશે, તેઓ સ્વાભાવિક રિત્યે તે દ્વારે સ્વતાનું સાર્થક યોજવા જોડે અન્યનું પણ યોજાવતા રહે.

મનુષ્ય માત્રનો શારીરિક સ્વભાવ એવો હોય છે કે, કોઇપણ સંજોગાધિન સ્વતાયે રાજીખુશીથી માન્યતા રૂપે અમુક માર્ગે ઝાળેલી વસ્તુ, સ્હેજે પડતી મેળવાનું વાજબી વિચારે નહિ; કેમકે, તેમાં તે સ્વતાની " મોજ " સમજે છે. શાહ "શાહી"માં જેવી માન્યતા સહિત મોજ સમજે છે, તે મુજબ ફકીર " ફકીરી"માં મોજ માને છે.

એવી જનસમાજની સ્વાભાવિક પ્રકૃતિ હેઠળ, યથાયોગ્ય ઉચ્ચ દરજ્જેની વસ્તુ તેની કાર્યસાધક સમજ રૂપે તેઓ સમિપ મેળ્યા વિના, આ છોડી દો, આ તજી દો, આ હાનિકારક છે, આ શરમિંદગી ભર્યું છે, આ ધર્મ-સ્પિરિટ (દારૂ?)થી ઉલટું છે, આ તો અસલી ઝમાનાનું છે, આ પરકોમનું છે, આ તો સુધારા રૂપે છે, આ તો કુધારા રૂપે છે, આ

અયોગ્ય છે, આદિ, ઈત્યાદિ માત્ર ઉપલકયાં બુમરાણ અથવા તેવાં લખાણ—નથી, વાસ્તવિક રિત્યે કોઈ બગડી જતું નથી, તેમ કોઇ સુધરી જતું પણ નથી. સાર્થક બંને પક્ષને હોતું નથી.

એક બાળકે સ્વસમજ પ્રમાણે, સંજોગાધિન એક નિરોપયોગી વસ્તુ ઝાળી હોય, અને ભલી નિષ્ઠાથી તેને ઉપયોગી અંકાવે એ બનાવ બનવા જોગ છે. એવી વેળાએ એ નાંખી દે, ફેંકી દે, એવાં ઠાલી બુમરાણથી તેના હસ્તમાંથી તે ઝુંટવી લેવાને તે બાળક સ્હેજે મચક આપે નહિ; કેમકે, તેના હસ્ત ખાલી પડે. તેની ભલી નિષ્ઠાથી માનેલી તે પ્રત્યેની મોજ જતી રહે એવું સઘળું તે જોડે સ્વાભાવિક ઉભેલું હોય છે. માત્ર પક્ષાપક્ષી અને હારજીત રૂપે નહિ——————પરંતુ જો તમે જાણી શકતા હોવ કે, એ બાળકે ઝાળેલી વસ્તુ વાસ્તવિક રિત્યે નિરોપયોગી છે, અને જે માર્ગે એ અંકાવે છે તેવો સત્વ એમાં નથી, તેથી ભવિષ્યમાં એ બાળકની ભલી નિષ્ઠા છતાં પણ, એ દ્વારે એ સ્વતાનો અર્થ ના સારી શકશે, ના અન્યનો સરાવી શકશે. એવી વેળાએ તમારી સરળ માન્યતાના જોડે તમારાંમાં તે વિષેની યોગ્યતા અને જ્ઞાન બંને હોય, તો તે વિષેની વાસ્તવિક ઉપયોગી ચઢત પ્રકારની વસ્તુ નઝર સમિપ મેલો, કે તેનાં પ્રત્યક્ષ્યં દર્શન થતાં રહેવાથી, વખતના વહેવા જોડે, તે બાળક તે ઉપર મનન રૂપે દ્રષ્ટિ ખિલવી, સાર ગ્રહણ કરી અસાર દૂર કરી, સ્વાભાવિક માર્ગે પોતાની ઝાળેલી નિરોપયોગી વસ્તુ પડતી મેળવાનું વાજબી વિચારશે.

કુદરતનો વાસ્તવિક દરજ્જેનો અભ્યાસ ધરાવનાર વ્યક્તિ, અમુક પક્ષ, મંડળ, કોમ રૂપે અન્યોને કુધારવાનો કે સુધારવાનો, ધર્મનું તોડ-જોડ રક્ષણ કરવાનો "ઠ્ઠાંકો" ધરાવી, તેવું વર્તન આચરવાના માર્ગે સ્વતાને મેળવાનું વાજબી વિચારતો હોતો નથી. સ્વતાની નિર્માણ થયલી ફરજ રૂપે, "બ્રાહ્મણને લોટો આપ્યો, પછી તે————————"! એવી અર્થસૂચક કહેવત પ્રમાણે, જનસમાજને તે વસ્તુ અર્પણ કરવાનું વાસ્તવિક ધારે છે. "ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવું" એ મુજબ તેનો સ્વિકાર કરી કરાવી તેનો ઉચ્ચ માર્ગે ઉપયોગ કરવો, અથવા "શેઠ કયાં? તો કે જ્યાંના ત્યાં!" એવી સ્વાભાવિક પ્રાપ્ત થયલી સ્થિતિમાંજ "મોજ" માનતા રહેવું, એ તેઓ (જનસમાજ) ના હસ્તમાં હોય છે.

મજકુર વયે વૃદ્ધ ગૃહસ્થ, સ્વતાની ધર્મ પ્રત્યે દૃઢ નેમ હોવા છતાં, પ્રથમથી વાસ્તવિક (કાર્યસાધક) સમજ માર્ગે મેળાયલા નહિ હોવાથી, એટલી વય સુધી કુદરતમાંથી ધર્મ–માર્ગે યથાયોગ્ય વસ્તુ સંપાદન કરવાને નિષ્ફળ રહ્યા હતા, તે સઘળું થોડીજ મુદ્દતમાં, કાર્યસાધક માર્ગે સ્વતાને મેળી, કુદરતની સહાયતાથી પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી નિવડયા. એમ થવા જોડે, એટલી લાંબી મુદ્દત સુધી મહત્ પ્રયાસે, પુસ્તક રૂપે રચી મેળેલી ભિન્ન–ભિન્ન ભેદભાવ દર્શક પોતાની "જરથુસ્ત્રી ધર્મ લાઈબ્રેરિ" ને એકસોને એક વેળા (!) નમન ગુઝારી, તે માર્ગ પ્રત્યે સ્વતાયે ગુમાવેલો વખત, ઉડાવેલો શ્રમ અને તે દ્વારે પ્રાપ્ત થયલો લાભ, (?) આદિ સઘળી અર્થસૂચક વસ્તુઓની તુલના, પાછળથી પોતાને પ્રાપ્ત થયલાં ફળ જોડે કરી જોવાની ફરજ એ ગૃહસ્થ સમિપ આવી ઉભી. અને એવી સ્થિતિ દરમયાન સ્વાભાવિક શું બોલીને દર્શાવ્યું હશે ?! તે એજ કે, "એકડા વિનાના મિંડાં નકામા ! હવે 'હું' સમજ્યો કે, એક જરથુસ્ત્ર જેવા મહાન જ્ઞાનિ પયગમ્બરના ખુદ લગભગ સવાસો પ્રકાર દર્શક ફોટા (? !) જોવાના આઢળતા રહે, ભાતભાતના જરથુસ્ત્રને વખતના વહેના જોડે ફોટા રૂપે પ્રગટમાન ગતિ સ્વાભાવિક અપાતી રહે; તો તેવો મહાજ્ઞાનિ નરના દર્શાવેલા જરથુસ્ત્રી ધર્મ–માર્ગના તેથી પણ વધુ સંખ્યામાં ભિન્નભિન્ન ભેદભાવ દર્શક ફણગા (ફાંટા) ફુટતા રહે; વળી અગાઉ જોયા તેવા પેલા યથાર્થ નેગેટિવ સ્વતાના પ્રત્યક્ષિય દર્શનિક ફોટા રજુ કરતા રહે, આદિ, ઈત્યાદિ બનતું રહે તો, તે સ્વધર્મ–કર્મે સ્વાભાવિક હોવાથી, તેમાં આશ્ચર્ય પામવા જેવું શું હોય ?!"

વૈદરાજ સંબંધી ખાસ નોંધ.

એ પુસ્તકને લગતી સરળ કાર્યગતિમાં, મુંજ "લેખક" ને નડતર રૂપે આઢળેલાં વિટમણાં આદિ દર્શાવી આવી છું. એમાં આંખોએ મુખ્ય ભાગ ભજવેલો હોવાથી, એ આંખો જોડે સંબંધ જોડનાર એક હિંદુ વૈદરાજ વિષે આગળ દર્શાવવામાં આવ્યું છે પરમાત્માની કૃપા અને વૈદરાજનાં અભ્યાસિક મથનથી, અદ્યાપિ ચાલુ રહેલી ડાબી આંખની કફોડી સ્થિતિ, કદાપિ પાછળથી કાંઇક સંતોષકારક માર્ગે મેળાય, તો તે પ્રત્યે તે વેળા બ્રાન્તિ રૂપે નિહાળવામાં આવે, તે માટે યથાયોગ્ય તુલના કરી જોવામાં પાછળથી ફચાશ માલુમ પડે, એવું સ્વાભાવિક હોવાથી, વૈદરાજ જોડે થયલી વાતચિત

અને તેમની તરફથી મળેલા સંચારાનો સારાંશ ટપકાવી લેવાને વાજબી વિચારૂં છું.

સદરહુ વૈદરાજ, ચુનીલાલ જેકીશનદાસ ચટપટ એવાં નામથી ઓળખાય છે. સુરત ખાતે હવાડીઆ ચકલે, "શ્રી લક્ષ્મિ–નારાયણ" નામે ઔષધાલય ધરાવે છે. જણાવ્યા પ્રમાણે એમના વંશથી ઉતરી આવેલો એ ધંધો નથી. પરંતુ ન્હાની વયથી "પ્રેરણા" રૂપે તે પ્રત્યે લક્ષ્ય ખેંચાતું રહેવાથી, લાંબા વખતથી સ્વપ્રયાસે સંશોધન રૂપે પ્રાપ્ત કરેલી અનેક પ્રકારની વસ્તુઓ ધરાવે છે દેશી, યુનાની, અંગ્રેજી, ફકીરી આદિ માર્ગે વૈદિક અભ્યાસ–દ્રષ્ટિ, ધીમે પણ મક્કમ પાંયે કાર્યસાધક રિત્યે ખિલવેલી હોવા છતા, તેટલાંમાં સંતોષ માની બેસી રહેવાનું પસંદ નહિ કરતાં, હજી બને તેટલા ઉચ્ચ (સુક્ષ્મ) માર્ગે એ વિષેનું પ્રયોજન યોજતાં રહેવાનું એમની તરફથી અનેક માર્ગે મથન થતુ રહે છે, એમ પરિચયમાં આવનાર સ્હેજે જોઇ શકે છે.

વૈદરાજનું કુળ અન્ય માર્ગે સામાન્ય પ્રકારે જાણીતું માલુમ પડે છે. એમના દાદા શરાફી ધંધામાં વિખ્યાત હતા, જ્યારે એમના પિતા વકીલ તરીકે સારી નામના મેળી ગયલા જણાવવામાં આવે છે. પરિચયમાં આવનાર વકીલ મંડળ તેમજ તેવા ગૃહસ્થો તરફથી તેમને માટે સ્વાભાવિક રીતે દર્શાવવામાં આવતું રહ્યું હતું કે, અનેક મુખ્ય બાબતોમાં "અલૌકિક વકીલ" તરીકે માલુમ પડતા રહ્યા હતા. એમ હોવાથી એક બળવાન કુટુંબી અંશ અન્ય માર્ગે પ્રદર્શિત થાય એ બનવા જોગ હોય છે.

એટલી વૈદરાજ સંબંધી ઓળખ દર્શાવ્યા બાદ, મૂળ વાત ઉપર આવતાં જણાવીશ, કે પ્રથમ પાયેજ મુજ "લેખકે" વૈદરાજને સઘળો ઇતિહાસ રજુ કરી જણાવ્યું હતું, કે આંખને માટે ખાસ ગણાતા અમુક તબીબોથી એવું મત દર્શાવવામાં આવ્યું છે કે, ડાબી આંખનો સુધારાએ કશો ઉપાય રહ્યો નથી——તેથી જમણી આંખ માટે બહુ કાળજીવંત રહેવું, ઈત્યાદિ.

ડાબી આંખની નિર્બળ ગતિ થવા પછી, હાલમાં જમણી આંખે સતાવણી શરૂ થઇ છે. ઉપર મુજબ તબીબી મત હોવાથી હવે ડાબી

આંખ જોડે નિરૂપયોગી ફાંફાં મારવા કરતાં, જમણી આંખનુંજ યથાયોગ્ય [હાલમાં છે તેવીજ રીતે] રક્ષણ રહે એટલીજ મકસદ ધરાઉં છું, અને તેજ મુખ્ય વસ્તુ માટે આવ્યો છું. એટલું ભરૂશાપાત્ર બની શકતું હોય તો તેટલુંજ પુરતું ધારૂં છું, વગેરે.

વૈદરાજે સઘળું લક્ષ્યમાં લઈ, કેટલોક વિચાર કરી જણાવ્યું કે. એમ થવા જોડે——–—જો ડાબી આંખ પણ સંતોષકારક સ્થિતિયે મેળાયલી માલુમ પડે તો ? પરમાત્માની સહાયતાથી તેમ કરી શકીશું તો ?!

તો——? તો પછી એ સવાલનો નિર્ણય હાલમાં દર્શાવી શકવો અશક્ય છે. વખત આવવે વાત ! જવાબ વાળવામાં આવ્યો.

થોડો વધુ વખત તમને ધીરજ રાખવી પડશે. પછી તમો પોતેજ કહેશો કે, શું ફળ પ્રાપ્ત થયું છે.

એવા અનેક પ્રકારે સધ્યારાની વાત સાંભળી વિસ્મયતા જેવું આઢળે એ સ્વાભાવિક હોય છે.

બની આવતા પ્રસંગે, આંખની સુધારણા માટે તબીબી મત મેળવતા રહેવું એવો મુજ "લેખક" નો યત્ન હોવાથી, આંખના ખાસ ગણાતા એક મોહમેદન ડૉક્ટર, જેમની કુશળતા માટે સામાન્ય પ્રકારે બે-મત જેવું દર્શાવવામાં આવતું નથી. તેમની સોડેથી પણ કૃપા રાહે એવું મત મળવા પામ્યું છે કે, ઑપરેશન અથવા દવા એ બન્ને ઉપચારોથી પણ આંખમાં સુધારો થાય એવું અશક્ય હોવાથી———–—ભવિષ્ય માટે એજ સ્થિતિ ઉપર સંતોષ રાખવો વાસ્તવિક છે, વગેરે.

અગાઉ દર્શાવેલી વાતચિત થયા બાદ ઉપલું મેળવેલું મત, વળતું વૈદરાજ સમિપ મેળવામાં આવ્યું.

ઉતાવળી ગતિયે નિરાશામાં પ્રવેશ કરવાનું કશું કારણ નથી. પરમાત્માની સહાયતાથી અશક્ય વસ્તુ શક્ય માર્ગે કેવી રીતે મેળાય છે તે ધીરજથી તમારે તપાસતા રહેવાનું છે. પછી અનુભવસિદ્ધ મત ઉચ્ચારવાનું. તમને વાસ્તવિક થઇ પડશે, વૈદરાજે વિશ્વાસપૂર્વક પ્રતિયુત્તર વાળ્યો.

એવી ઉલટસુલટ આકળાની સ્થિતિ દરમયાન, " એક પંથ ઔર દો કાજ " રૂપે વૈદરાજ શું પરિણામ લાવી દર્શાવે તે ભવિષ્ય માટે ઉભેલું છે.

એ સઘળી વસ્તુના, અગાઉ દર્શાવી ગઈ છું તે મુજબ, વૈદરાજ સમિપ રજુ કરનાર આદિ બાબદમાં કારણભૂત થઈ પડેલા હિંદુ બંધુ નામે મનીભાઈ મકનજી દેશાઈ છે. કદાપિ એક મનુષ્ય બાહ્ય (કર્માધિન) રૂપે જોતાં, ગજવે ગરીબ અને સાધારણ ઉદર-નિર્વાહ માર્ગે (નોકરી, ધંધે) સંજોગાધિન મેળાયલો હોય, તદાપિ આંતરિક [ધર્માધિન] રૂપે જોતા, સરળ, દ્રઢ નેમથી વાસ્તવિક અભ્યાસિક મથને મેળતા રહેવાની, મનુષ્ય તરીકેની પોતાની યોગ્ય ફરજ વિચારી, તે પ્રત્યે બનતો પ્રયાસ ઉઠાવનાર મનુષ્ય, ઉપલી સંજોગાનુસાર કર્માધિને સ્થિતિયે હોવા છતાં ઘણુ, તેવી તથા તેથી સરસ બાહ્ય સ્થિતિયે મેળાયલા પોતાના સંયોગી બંધુઓ કરતાં, કેટલી કેવી વાસ્તવિક ઉંચ્ચ અભ્યાસિક સમજને પગથ્યે સ્વતાને લાવી મેળવાને શકિતમાન થતો રહે છે તેનો પ્રત્યક્ષ દાખલો, એ હિંદુ બંધુ તરફથી વાસ્તવિક રિત્યે જોઈ શકાય છે.

"કોમળ કર"થી પ્રહાર !

મુજ ભાવિક બંધુઓ ! અનેક માર્ગે અનેક પ્રકારે તમો મુજને નિહાળી આવ્યા છો. એ ઉપરથી સ્હેજે મનનપૂર્વક જોઈ શકશો કે, તમો અને હું કેવા કુદરતી ધાડા સંબંધથી ઐકયતા ધરાવ્યે છીએ. તમોને ગૃહસ્થાશ્રમ સ્થાપન કરવું હોય, ઔષધશાળા, ધર્મશાળા બંધાવવી હોય, પૂલ, તળાવ, કુવા આદિ લોકોપયોગી કાર્ય બનાવવું હોય, વગેરે પરગજુ શુભ કાર્ય રૂપી પાકે પાયેનું ચણતર ચણી લઈ, તે ઉપર ભવિષ્યમાં તમારી ઈચ્છિત બાંધણી ઉભી કરવી હોય, એવી વેળાએ યોજાયલું કાર્ય શરૂઆતથી અંત સુધી ઈચ્છાનુસાર હાર પડતું રહે એવા શુભ ઉદ્દેશથી, તે કાર્યની પ્રથમ પગથ્યેના શરૂઆતના શુકન (સગન) તરીકે, તેવી સૌભાગ્ય શુકનવંતિ નારીના કોમળ હાથથી, કાર્ય રૂપી પાયા (ભવિષ્યમાં ઉભી થનારી તમારી ઇચ્છિત બાંધણી) માટે, તે પ્રસંગ અર્થે ખાસ તૈયાર કરેલાં સોના ચાંદીના હથ્યાર વડે, પ્રહાર કરાવવાની તમારી મુખ્ય ફરજ વિચારો છો. એ દ્વારે ભવિષ્યમાં મીઠાં ફળ ચાખવા ચખાડવાનાં સ્વાભાવિક મળતાં રહેશે એવી તમારી શુભ

નેમથી, કોમળ કરથી થતા તે પ્રસંગાનુસાર પ્રહારને શુકનવંતા લેખી લેખાવી, તેને તમો તમારા આનંદિત જીગરે વધાવી લેવાનું વાજબી વિચારો છો.

મુજ ભાવિક "લેખક"ની પણ મુજ દ્વારે વાસ્તવિક દરજ્જે લોકોપયોગી કાર્ય બનાવવાની, ઉપર પ્રમાણે તમો સમાન શુભેચ્છા હોવાથી, તે માટેનું પાકે પાયેનું ચણતર ચણાઈ, ભવિષ્યમાં ઈચ્છિત બાંધણી ઉભી થતી રહે એવા સદ્‌હેતુથી, તે કાર્યના પ્રથમ પગથીયાના શરૂઆતના શુકન તરીકે, પ્રસંગાર્થે ખાસ તૈયાર કરેલાં કલમ, શાહી, કાગળ આદિનાં હથીયાર વડે, મુજ કોમળ કરથી યથાયોગ્ય (તત્ત્વાર્થિક ખંડન રૂપે) પ્રહાર કરવાની, મેં (પારસી – એડકિલ કૃત જ્યોતિષ વિદ્યાએ) મારી મુખ્ય ફરજ વિચારી છે. એ દ્વારે ભવિષ્યમા મીઠાં ફળ ,ચાખવા ચખાડવાનાં સ્વાભાવિક પ્રાપ્ત થતાં રહેશે એવી તમારી નેમથી, કોમળ કરથી થતા એ પ્રસંગાનુસાર પ્રહારને, તમારી સ્વતાની રીતિ મુજબ શુકનવંતા લેખી લેખાવી, તેને તમો તમારા આનંદિત જીગરે યથાક્રમ વધાવી લેવાનું વાસ્તવિક વિચારશો.

દેશને ફળદ્રુપ કરવો હોય, તો તે માટેનો વધુ સરળ માર્ગ એ હોય છે કે, દેશની માતાઓને જ્ઞાન આપવું. વળી જનની (માતા) એ જો જનવું હોય, તો ભક્તજન, દાતા અથવા શૂરવિરનો જન્મ આપવો, નહિ તો એ માર્ગે તેણીએ સ્વતાનું નૂર ગુમાવવાને બદલે, વાંઝણી રહેવાનું વધુ સારૂં હોય છે.

એ પ્રમાણેનાં અનુક્રમે શૂરવિર નેપોલ્યન અને ભક્તજન કબીરનાં કહેવાનાં સારાંશની, તમો દેશની માતા (જનની)ઓને વારંવાર યાદ કરાવી, તેઓથી તેવાં ફળની આશા ધરાવો ,એ સ્વાભાવિક હોય છે. તો જાણવું કે, હું સ્વતાઃ પણ તમારા દેશની તેવી માતા (જનની)ઓની માતા સ્વરૂપેજ (ઉત્પત્તિસ્થાન) છું.

એમ હોવાથી તમો બનતા પ્રયાસે, જેટલે ઉચ્ચ દરજ્જેના અભ્યાસિક કાર્યસાધક માર્ગે મને નિહાળવાનું મથન કરશો, તેટલે ઉચ્ચ દરજ્જેનાં ઉપર પ્રમાણેનાં કાર્યસાધક ફળ, તમોને મુજ દીકરીઓ (તમારા દેશની માતાઓ) દ્વારે, કુદરતી નિયમાનુસાર અચુક પ્રાપ્ત થતાં રહેશે તેવાં કોઈપણ પ્રકારના તમો પ્રત્યેનાં કાર્યસાધક વર્તન વિના, માત્ર તમારી (ઉપર પ્રમાણેની) મુખની

વાદથી, તેઓ (તમારા દેશની માતાઓ) તમો ઉપર તેવાં કાર્યસાધક ફળોનો નિસાર સ્હેલ્જે કરી દેવાને શકિતમાન હોતી નથી, એમ તમો સારી પેઠે સમજો છો.

"પ્રસ્તાવનાનો ભાગ બહુ લંબાન થઈ જવાનો ભય રહે છે"। "પ્રેસ-કાકા" તરફથી સૂચન થયું. સામાન્ય પ્રકારે જોતાં, વાંચક વર્ગને પણ એવો અર્થસૂચક સમાન ભાય (!) સાધારણ ચક્ષુએ ભાસી આવવાનું કાંઈક દરજ્જે સંભવિત હોય છે.

વાંચક વર્ગ સઘળો સાર મનનપૂર્વક નિહાળવાની કૃપા કરશે, તો સ્હેજે જોઈ શકશે કે, તેઓ સમિપ મેળાયલું મિશ્રણ, સામાન્ય ચાલુ રૂઢિ મુજબનું સ્વતાઃ મારેનું માત્ર "પ્રસ્તાવના રૂપ કથન" નથી, પરંતુ વાસ્તવિક રિત્યે તેમને અને તેઓના વંશને, ચાલુ સમયમાં તેમજ ભવિષ્યમાં સાર ગ્રહણ કરી અસારને દૂર કરતા રહેવાને સુગમ થઈ પડે, એવું તેઓ માટે યોજાયલું "વિચાર સિદ્ધ મથન" છે.

એક વસ્તુને તેનાં યથાયોગ્ય સ્વરૂપમાં નિહાળવી હોય, અન્ય સમિપ રજુ કરવી હોય, તો પ્રથમમાં બનતા પ્રયાસે, તે વસ્તુ ઉપર ચઢી ગયલાં અનેક પ્રકારનાં રંગાદિ પડોને દૂર કરવાની મુખ્ય આવશ્યકતા હોય છે. એ મુખ્ય આવશ્યકતાને તે દ્વારે યોજાયલાં વાસ્તવિક અભ્યાસી મથન અને તેવાં કથને પુગી શકાય છે. વળી જાણવું કે, એવાં યોગ્યાનુસાર સ્વિસ્તર કથનની દર્શાવણી શરૂઆતમાં થવી ઘટારત હોય છે. મુજ દ્વારે યોજાયલો સંપૂર્ણ અભ્યાસ એકથી વધુ સંખ્યા દર્શક પુસ્તકો દ્વારે રજુ કરવાની (અગાઉ દર્શાવ્યા પ્રમાણે ઉભેલી) સંજોગાધિન ફરજ કારણે, એ પ્રથમ પુસ્તકમાં તેવા વાસ્તવિક કથનનો ભાગ કાંઈક અંશે વધુ દેખાઈ આવે એ મજકુર નિમિત્તે સ્વાભાવિક છે. પરંતુ એ પછીનાં પુસ્તકોમાં એ અભ્યાસી કથન રૂપી વસ્તુની વાંચક વર્ગ અર્થે જાણવાની આવશ્યકતા સ્વાભાવિક નહિ રહેતી હોવાથી, તેઓને સ્વતાર્થે સુગમ અભ્યાસ-ક્રમ સિવા અન્ય વસ્તુ આઢળશે નહિ. પરંતુ અગાઉ દર્શાવ્યા પ્રમાણે શરૂઆતના શુકન તરીકે મુંજ કોમળ કરથી થયલા વિવિધ વિષયાદિ ફરજરૂપી પ્રહારને ઉપોદ્ઘાત, ખંડન (મુંડન ?) આદિ જે નામે તમો તેને ઓળખવાનું વાજબી વિચારો તે જોડે, તેનાં ખરાં સ્વરૂપમાં સ્વતાયે અભ્યાસાર્થે મનનપૂર્વક નિહાળવાની પ્રથમ આવશ્યકતા છે એમ કૃપા રાખે સમજતા રહેવું.

વાંચન દરમયાન કોઈક સ્થળે કાંઈ ભુળ-ચુક જેવું માલુમ પડે, તો તે મહત્ ભાગે "યાંત્રિક પ્રેસ-કાકા"ના છેલ્લી ઘડીના પ્રતાપ સમજી, વાંચક વર્ગે તે સુધારીને વાંચવાની કૃપા કરવી. વળી પ્રસ્તાવનાનાં પૃષ્ટ ૪૬માં, "ઘઉંમાં કાંકરા" રૂપી વિષય સમાપ્ત થાય છે, તેની છેલ્લી લીટીઓ એ પ્રમાણે સુધારી વાંચવાને વિનંતિ છેઃ-- (એમ હોવા છતાં પણ, માત્ર અમુક કાર્ય ઉપરથીજ, સામી વ્યકિતયોની પરસ્પર સુલટઉલટ (ઉંચ-નીચ) પ્રકારદર્શક તુલના દર્શાવવી, એ કાર્ય વાસ્તવિક જ્ઞાનિ-માર્ગનું હોતું નથી.)

પુસ્તક અને તેની કિંમત------અનેક વેળા એવું જાણવાનું મળતું રહે છે કે, અવલોકનાર્થે મળેલાં પુસ્તકનું કાંઈક દરજજે ખંડન દર્શાવ્યા બાદ, (મુંડન તરીકે ?) સાથે લાગી તેની કિંમતની પણ આંકણી દર્શાવવામાં આવે છે.

બેશક પરસ્પરનાં અનુસંધાન તરીકેનાં પરિચયિ માર્ગે સૃષ્ટિ-ક્રમ ચલાયમાન રહે છે. પરંતુ એવી આંકણી વેળાએ, પુસ્તક દ્વારે રજુ થયલી વસ્તુને વાસ્તવિક આંકણી રૂપે જોવાને ઠેકાણે, કેટલેક સ્થળેથી કાગળ, સુંદર ચિત્રો અને બાંધણી પ્રત્યે વધુ લક્ષ્ય અપાઇ, તેની કિંમત આંકવામાં આવે છે કે, "એટલાં બધાં પાનાનું એવું સુંદર પુસ્તક એટલી નજીવી કિંમતે ! એટલાં થોડાં પાનાનું એવું પુસ્તક હોવા છતાં એટલી બધી કિંમત !" વગેરે. "ભેંસ આગળ ભગવદ્ વાંચવી" ! એવી અર્થસૂચક કહેવત પ્રમાણે જોતાં, તેવી આંકણી તેવા વર્ગ તરફથી સ્વાભાવિક થતી રહે એમાં વિસ્મયતા પામવા જેવું હોતું નથી.

સમજુ વાંચક વર્ગે જે મુખ્ય જોવાનું તે એ હોય છે કે, માનસિક આવેશને અનેક પ્રકારે નિરર્થક ઉશ્કેરી મેળે, તે દ્વારે જ્ઞાન-તંતુને નિર્બળ ગતિ મળતી રહે, અને તેના પ્રતાપે સ્વાભાવિક સ્વકાબુ રહિત પગથે જનસમાજ મેળાતાં રહે, એવાં પ્યાર, વારસા-હિસ્સા, ખૂન-ફાંસી આદિ વિષયો દર્શક વાચનો (પિંજનો), પુસ્તકો, જેઓ તમારી તેમજ તમારાં કુટુંબની ક્ષણમાત્રની નિર્બળ માનસિક શક્તિને પંપાળી, ગિલગિલ્યાં લગાડી, તમારા તેમજ તમારા કુટુંબી ભોગે પોતાનો ઉદર-નિર્વાહ રૂપી જોગ સાંધતાં રહે છે,

એવાં વાચનો, પુસ્તકો તેઓની સુંદર બાંધણી અને ફોટા છતાં, ઓછી કિમત તો શું પણ વિના દામે (મુફતમાં) મળે, તો પણ તે તમારાં ઘરમાં આવકારદાયક હોતાં નથી.

પારસી વાંચક વર્ગ અને તેમાં, મુખ્યકરીને સ્ત્રી-વાંચક વર્ગમાં, ઉપર પ્રમાણેનાં સારાંશ રૂપી વાચનનો બહુ ઉત્સાહપૂર્વક ભાગ ભજવાતો જોવામાં આવે, એ ખરેજ એ કોમ માટે શોચનિય વાત છે. મુજ બ્હેનપણીઓની, મહત્ ભાગે એવી સ્થિતિ જોવાની આઢળતી રહે ત્યારે મને કહી દીધા વિના છુટક નથી કે, એમાં મોટો કસુર તેવા મુછાલાઓ (લેખકો)નો હોય છે. વાર્તા, નાટક આદિ રૂપે પણ કેવી વસ્તુઓ કેવા રૂપમાં સ્ત્રીઓ બ્હેનપણીઓ સમિપ મેળવી જોઇએ, તેનું વાસ્તવિક પ્રકારે કેટલાકોને તો સ્વભાન હોય એવું પણ જોવામાં આવતું નથી !

એક બાજુ જયારે એવું કાચું હોય છે, ત્યારે બીજી બાજુએ એ જોવામાં આવે છે કે, વાંચક વર્ગ તરીકે પોતાની ભલી નેમ છતાં પણ, કેવાં વાચનો અને પુસ્તકોને પોતાના ઘરમાં પોતા માટે, કુટુંબ માટે, ભવિષ્યનાં વંશ માટે આવકારદાયક લેખી તેને અનુમોદન આપતા રહેવું વાજબી હોય છે, એવું કેટલાક તેવા મુછાલાઓ (વાચકો)ને પણ વાસ્તવિક પ્રકારે સ્વભાન હોય એવું પણ જોવામાં આવતું નથી.

જમશેદ જેવા મહાજ્ઞાનિ શેહેનશાહની નશીઅતમાં પણ જોવામાં આવે છે કે, જ્ઞાનના વધારાની મુખ્ય કુચી તે વાચવું અને શીખવું હોય છે. જયારે એમ છે ત્યારે, એ જમશેદ પાદશાહના વંશ તરીકે ઓળખાવનારા ઉપર મુજબના બંને પ્રકારદર્શક કેટલાક પારસી મુછાલાઓ ! તમો પોતેજ મનન કરો કે, એવાં વાચનો મુજ બ્હેનપણીઓનાં હસ્તમાં મેળ્યાથી, તમો તમારી કોમ સમિપ તે દ્વારે કેવાં પ્રકારનાં (અ)જ્ઞાનની મુખ્ય કુંચીઓ રજુ કરી, તેથી તમારી કોમનો ઉદ્ધાર યોજવામાં કુદરત સહાયકર્તા થાય, એવું વાસ્તવિક પગલું મેળાતું રહે એવું દર્શાવવા માગો છો ? !

બંધુઓ, મુળ વાત ઉપર આવતાં હું દર્શાવીશ કે, એ પુસ્તકની ખર્ચેલી કિમત જરાપણ નિરર્થક જનાર નથી. યાદ રાખવું કે તમને,

તમારાં કુટુંબની બાનુઓને, અથવા તેઓ દ્વારે ભવિષ્યમાં તમને પ્રાપ્ત થનારાં ફળો (ફરજંદો)ને, એ વસ્તુનાં તાત્કાળિક દર્શન, એ તેમજ હવે પછીનાં પુસ્તક દ્વારા સમજવાનાં થતાં રહેવાથી, તમો માટે સ્વાભાવિક રિત્યે, કુદરતી નિયમાનુસાર એવા સંજોગ પ્રાપ્ત થતા રહેશે; જેથી ઘરમાં, કટુંબમાં, કોમમાં અથવા દેશમાં એ બીજથી. એવાં વૃક્ષો ઉગતાં રહેશે કે, આ તમારી ખર્ચેલી કિમતથી લક્ષ ઘણું ફળ તે દ્વારે ભોગવવાનું પ્રદિપ્ત થતું માલુમ પડતું રહેશે. સદ્‌વિદ્યાનો સદા વિજય હોય છે.

રૂસ્તમપુંગ, સુરત,
તા૦ ૧લી જુલાઇ
૧૯૧૬ ઈ૦ વાર
શનિ, ચાંદરાત.

લિ૦ હું છું,
મુજ ભાવિક બંધુઓ, આપની સતત્ હિતસ્વી,
પારસી-ઝેડકિલ કૃત્ જ્યોતિષ વિદ્યા.



પ્રકરણ ૧ લું.

રાશી તથા તેના અભ્યાસ બાબત.

રાશીઓની આકૃતિ અને તેના રંગ.

નિચે પ્રમાણે બાર રાશી છે.

(૧) મેષ	(૫) સિંહ	(૯) ધન
(૨) વૃષભ	(૬) કન્યા	(૧૦) મકર
(૩) મિથુન	(૭) તોલા	(૧૧) કુંભ
(૪) કર્ક	(૮) વૃશ્ચિક	(૧૨) મીન

ઉપર લખેલી બારે રાશી નિચે જણાવ્યા પ્રમાણેની આકૃતિ (આકાર)ની તથા રંગની હોય છે.

(૧) મેષ રાશી.

મેંઢાંના આકાર જેવી હોય છે અને એનો રંગ રાતો (લાલ) છે. એ રંગ મુખ્ય છે. એ આતશી રાશી છે.

(૨) વૃષભ (વરખ) રાશી.

એનો આકાર ગોધા (જરથોસ્તી ફિલસૂફી મુજબ "વરસ્યો"

અને હિંદુ ફિલસૂફી મુજબ "નંદી")ના આકાર જેવો હોય છે. એનો મૂલ રંગ ધોળો (સફેદ) હોય છે. એ રંગની ખાસ્યત બીજા રંગોને પોતા ઉપર સરસાઇ આપવાની યાને પોતાના મારફતે જાહેર થવા દેવાની હોય છે. એ રંગ, કાળો જે સર્વેથી ચઢીયાતો (પાકો) રંગ હોય છે અને જે પોતા ઉપર કોઇપણ બીજા રંગને સરસાઇ લેવા દેતો નથી યાને બીજા રંગને ચઢવા યાને જાહેર થવા દેતો નથી; તેવા કાળા રંગનું ઉલટું સ્વરૂપ છે. સબબે એ સફેદ (ધોળો) રંગ કાળા રંગ ઉપર કાબુ મેળવે છે ત્યારે બીજા રંગોને પ્રગટ થવાની જોગવાઇ મલે છે. ધર્મ ફિલસૂફી પ્રમાણે કાળો એ રંગ અંગ્રેમન્યુસ (અહેરેમન)નો ભાસ બતાવે છે જ્યારે તે ઉપર કાબુ ધરાવનાર યાને તેનાથી ઉલટું સ્વરૂપ સફેદ રંગ એ સ્પેંતો મન્યુશ, ખુદા, (અહુરમઝદ) પરમેશ્વરનો ભાસ બતાવે છે. કાળો રંગ ધરાવનારી તોલા રાશી જ્યારે રંગ છે ત્યારે ધોળો રંગ ધરાવનારી વરખ રાશી એ પોતેજ **નિરંગ** (નિ-રંગ) છે. એ બંને નો મહિમા હિંદુ, જરથોસ્તી તેમજ અનેક ધર્મમાં ગવાયલો છે. (નંદી, વરસ્યો, કૃષ્ણ (કાળો રંગ) આદિ, ઈત્યાદિ.) એ બાકી રાશી છે.

---

(૩) મિથુન રાશી.

સ્ત્રી અને પુરૂષ બંને સામસામા બેસી અનેક તર્ક વિતર્ક કરતાં હોય; તેમજ અનેક રંગરાગ ઉભો કરતાં હોય એવા સ્ત્રી તથા પુરૂષના જોડાવાલા આકારની એ રાશી છે. એનો રંગ થોડો ભાગ લાલ (મેષ રાશીનો) અને વધુ ભાગ પીળો (ધન રાશીનો) મિશ્રિત થયલો હોય એવો યાને **નારંગી** રંગ હોય છે. એ હવાઇ રાશી છે.

---

(૪) કર્ક રાશી.

કરચલાના આકાર જેવી આકૃતિ કર્ક રાશીની હોય છે. એનો

રંગ અર્ધ ભાગે લાલ (મેષ રાશીનો) અને અર્ધ ભાગે વાદળી (સિંહ રાશીનો) મેળવ્યાથી બનેલો હોય એવો એટલે જાંબુડો હોય છે. એ પાણીની રાશી છે.

(૫) સિંહ રાશી.

એ રાશીની આકૃતિ સિંહના જેવી હોય છે. એનો રંગ **વાદળી** હોય છે. એ રંગ મુખ્ય છે. એ આતશી રાશી છે.

(૬) કન્યા રાશી.

એક કુમારિકા (પરણ્યા વિનાની છોકરી) પોતાની અઢાર વર્ષની વયે પોતાનીજ (અંગત સમજશકિત જેટલી અને જેવી હોય તેવા પ્રકારે) સમજ પ્રમાણે અનેક સારા માઠા તુરંગ (કલ્પના) ઉભા કરી પોતાનાં ઉછલતા મદમાં હોય છે તેવી આકૃતિ કન્યા રાશીની હોય છે. એનો રંગ **ચિત્રવિચિત્ર** નાનાપ્રકારનો હોય છે. એ ખાકી રાશી છે.

(૭) તોલા રાશી.

એક પુરૂષ ત્રાજવાં (તોલવાનો કાંટો) લઈને તેનાં બંને પલ્લાં સરખાં રહે એવા હેતુથી ત્રાજવાંના કાંટા ઉપર મધ્ય ભાગે બરાબર લક્ષ આપી કાંઈ તોલી રહયો હોય એવી આકૃતિ એ રાશીની છે. એનો રંગ, લાલ (મેષ રાશીનો) અને પીળો (ધન રાશીનો) એ મિશ્રિત થયાથી બનેલો **નારંગી રંગ** (મિથુન રાશીનો); વાદળી (સિંહ રાશીનો) અને પીળો (ધન રાશીનો) એ મિશ્રિત થયાથી બનેલો **લીળો રંગ** (કુંભ રાશીનો); અને લાલ (મેષ રાશીનો) અને વાદળી (સિંહ રાશીનો) સમભાગે મિશ્રિત થયાથી બનેલો **જાંબુડો રંગ** (કર્ક રાશીનો); એ ત્રણ રંગ (નારંગી, લીળો અને

જાંબુડો) મિશ્રિત થયલો હોય એવો યાને **કાળો** છે. એ હવાઈ રાશી છે.

સારાંશ– ઉપર જણાવેલી તોલા રાશીનાં બળાબળ અને તેના રંગ ઉપર વાચક મનન કરશે તો જણાશે કે, મેષ, સિંહ અને ધન એ રાશીના અનૂક્રમે મુખ્ય રંગ લાલ, વાદળી અને પીળો એમાંથી બે રંગ અનુક્રમે મિશ્રિત થયાથી બનેલા નારંગી લીળો અને જાંબુડો, રંગ યાને મિથુન, કર્ક અને કુંભ રાશી મલ્યાથી બનેલી વસ્તુ એ તોલા રાશી છે. એ તોલા રાશીએ અનુક્રમે મેષ, મિથુન, કર્ક, સિંહ, ધન અને કુંભ એ છ રાશીનો તત્વ પોતાનામાં શમાવેલો છે.

---

(૮) વાશ્ચિક રાશી.

વિંછી (વિચ્છુ) ના આકાર જેવી એ રાશી છે અને એનો રંગ **સોના જેવો પીળો** છે. એ પાણીની રાશી છે.

---

(૯) ધન રાશી.

માથાંથી તે કમર સુધી એક પુરૂષના જેવો અને બાકીનો અર્દ્ધ ભાગ ઘોડાના જેવો એવી આકૃતિ ધન રાશીની છે. સારાંશ કે, પુરૂષને પગ નથી અને ઘોડાને મુખ નથી. ઘોડાના પગે પુરૂષ આગળ વધે છે અને પુરૂષની આંખે ઘોડો આગળ જુએ છે. એ પુરૂષ પોતાના હાથમાં તીર કમાન લઈને સામે નેમ ટાંકતો હોય તેમ જણાય છે. એનો રંગ **પીળો** છે. એ રંગ મુખ્ય છે. એ આતશી રાશી છે.

---

(૧૦) મકર રાશી.

મગર પાણીમાંથી ડોકું બાહેર કાઢીને જાણે આપણને આખાજ ગળી જવા ચાહતું હોય તેવી આકૃતિ એ રાશીની છે. એનો રંગ ભુરો,

તપખીરીઓ છે. એ ખાકી રાશી છે. એમાં મેષ અને ધનના મિશ્રિતથી બનેલા મિથુન રાશીના રંગ; તથા સિંહ અને ધનના મિશ્રિતથી બનેલા કુંભ રાશીના રંગ; એ એનું મુખ્ય મિશ્રણ છે.

(૧૧) કુંભ રાશી.

એક પુરૂષ પોતાના જમણા હાથની હથેલી ઉપર પાણીનો ઘડો મેલી તે આગળ કરી, અને ડાબી ખાંધ ઉપર મેલેલો એક ઘડો ડાબા હાથે સંભાળી દોડતો હોય એવી આકૃતિ કુંભ રાશીની છે. એનો રંગ, વાદળી (સિંહ રાશી) અને પીળો (ધન રાશી) એ મિશ્રિત થયા હોય એવો યાને લીલો રંગ છે. એ હવાઇ રાશી છે.

(૧૨) મીન રાશી.

બે મચ્છો (માછલા) નાં પરસ્પર એકનું માથું અને બીજાનું પુછડું, એકનું પુછડું અને બીજાનું માથું એમ સામસામી આવી તેની ગોળાકાર આકૃતિ બની હોય એવી આકૃતિ મીન રાશીની છે. એનો રંગ ભિન્નભિન્ન પ્રકારનાં અનેક માછલાં જેવો હોય છે. એ પાણીની રાશી છે.

નોંધ—જાણવું જોઈએ કે, રાશીઓની આકૃતિ એ કાંઇ, જડ વસ્તુ એટલે લાકડ, પત્થર વગેરે ચીજોની આકૃતિયો ઘડી મેલવામાં આવે છે તેવા ખરેખરા આકાર સમજવા નહિ—પરંતુ તેવી વસ્તુઓનો આભાસ હોય છે. રંગ તેવું રૂપ. મનુષ્યની જેમ પ્રાણપ્રભા (ઑરા) હોય છે; તેમ પૃથ્વિની પ્રાણપ્રભા તે રાશીઓ છે. મનુષ્યની ખાસ્યત, રહેણી કરણી, લક્ષણ પ્રમાણે તેની પ્રાણપ્રભાનો અમુક રંગ જે વધુ પ્રદિપ્ત હોય તે પ્રમાણે તે મનુષ્યની મુખાકૃતિ (મોઢાંના આકાર) નો આભાસ જોનારને માલુમ પડે છે; તેમ રાશીની ખાસ્યત, લક્ષણ પ્રમાણે તેનો અમુક રંગ જે વધુ પ્રદિપ્ત હોય છે તે પ્રમાણે તેની આકૃતિનો આભાસ માલુમ પડે

છે. ઉદાહરણ તરીકેઃ—મક્કમ વિચારનો; ઉદાર દિલનો, ખુલ્લા વિચારનો, ખંતથી કામ કરનારો, હિમતવાન વગેરે લક્ષણ ધરાવનારા મનુષ્યની મુખાકૃતિ, અન્ય મનુષ્યોની મુખાકૃતિની સમાન યાને આંખ, હોઠ, નાક, કાન વગેરેમાં સમાન હોવા છતાં, તેવા મનુષ્યમાં રહેલાં અંતરબળનો આભાસ જોનારને સિંહના જેવો માલુમ પડી આવે છે. એનું કારણ એ હોય છે કે, તેવા મનુષ્યની પ્રાણપ્રભામાં સિંહ રાશીના વાદળી રંગનું પ્રમાણ વધુ હોય છે અને તેના પ્રતાપે તેની મુખાકૃતિ જોડે તેનાં અંતરબળનો આભાસ જોનારને તેવો છાપ બેસાડે છે.

તોલા રાશીનું પલ્લું.

ઉપર લખેલી બાર રાશીઓના રંગો ઉપર આપણે મનન કરીશું તો જણાશે કે, મેષ, સિંહ અને ધન રાશીના અનુક્રમે લાલ, વાદળી અને પીળો એવા ત્રણ મુખ્ય રંગો છે. જેઓમાંથી બે અનુક્રમે પરસ્પર ભેળાઇને મિથુન, કર્ક અને કુંભ રાશીના રંગ ઉભા કરે છે. એ સઘળાંનું મિશ્રણ તોલા રાશી પોતે ધરાવે છે. એમ હોવાથી અનુમાન કાઢી શકાય છે કે, તોલા રાશીના ત્રાજવાંના બંને પલ્લાં સમાન નહિ રહયાં હોય, યાને મનુષ્યના જન્મ કાળે તેમજ દરેક કાર્યમાં અન્ય રાશીઓની સરખામણી જોડે તપાસતાં, એ રાશીનું બળ કયાં તો વધી ગયું હોય અથવા કયાં તો ઘટી ગયું હોય—મતલબ કે, બંને પલ્લાંમાં જેટલાં પ્રમાણમાં નિચાણ ઉચાણ થઈ ગયું હોય તેટલાં પ્રમાણમાં એ રાશી બીજી રાશીઓને ઉંધી મારી દે છે. અને તેમાં મુખ્યકરીને મેષ, મિથુન, કર્ક, સિંહ, ધન અને કુંભ એ રાશીઓને પોતાની મૂળ ખાસ્યત ગુણદોષ પ્રમાણે કાર્ય કરવા દે નહિ. આપણે દુન્યાના વ્યવહારમાં જોઈ શકયે છીએ કે, જેઓનું કોઈપણ બાબતનું સુકાન કયાં તો જોઇએ તે કરતાં ચઢી ગયલું હોય તો તે બાબે તે મનુષ્ય ચક્રમ જેવો યાને સીધા માર્ગને બદલે કાંઈ વિચિત્રજ માર્ગે ઉતાવળી

ગતિયે કામ કરતો માલુમ પડે છે. તેજ મુજબ સુકાન અમુક બાબતમાં જોઇયે તે કરતાં નમી ગયલું હોય તો તે પણ કાંઈ તેવીજ રીતે, પણ તેનાથી ઉલટું યાને ઉતાવળીને બદલે મંદ ગતિયે કામ કરતો માલુમ પડે છે.

એ રાશીના પલ્લાં જો સમાન રહેલાં હોય તો ઉપલી રાશીઓ બરાબર કાર્ય કરી શકે છે. કદાપિ મજકુર રાશીઓ કાંઇક નિર્બળ ગતિને પામી હોય અને તોલા રાશીનાં પલ્લાં જો સમાન હોય તો તેઓને સુધારી લે છે. પરંતુ તેઓ સુધરેલી હોય પણ એનું પલ્લું સમાન નહિ હોય તો તેઓને આડી અવળી ગતિયે મેલી દે છે જેથી તેઓ સબળ છતાં, પોતાનાં કાર્યમાં નિર્બળ બની જાય છે,

ઉદાહરણ તરીકેઃ—આપણે દરરોજના વ્યવહારમાં જોઈયે છીએ કે, એક મનુષ્ય સમજે છે કે, જુઠાં જેવું બીજું પાપ નથી. એ વીશેનો તેને અનૂભવ મલતો રહે છે છતાં તે તે પ્રમાણેનો અમલ કરી શકતો નથી. એક મનુષ્ય જાહેરમાં ભાષણ આપશે કે, બનતા સુધી લડાઇ, ટંટા અને જ્યાંથી ઝઘડાનાં બી રોપાતાં હોય ત્યાંથી દૂરી પકડવી. પરંતુ જ્યારે તેજ મનુષ્યની તેવી તેવી વાતમાંથી કસોટી લેવાશે ત્યારે તે પોતેજ તે ઉપર અમલ કરી શકવાને નિર્બળ માલુમ પડશે.

એ પ્રમાણે તોલા રાશીનો મહિમા બહુ વિચિત્ર પ્રકારનો મહત્વત્તા ભર્યો છે. કહેવામાં આવે છે કે, પરમેશ્વર કરતાં શયતાન, સ્પેંતમન્યુશ કરતાં અંગ્રેમન્યુશ અને દેવ કરતાં અસૂર બળવાન હોય છે, તેવી વાત છે. એ વિષે આગળ જતાં વધુ સમજ વાચકને પડતી જશે. તોલા રાશી એ સઘળી રાશીઓનું મધ્યબિંદુ છે. એનો રંગ કાળો (શિહાઇ) હોવાથી ધર્મશાસ્ત્રની ફિલસુફી પ્રમાણે એ શયતાન છે. પરંતુ જ્યારે આપણે ઉંડો ખ્યાલ દોડાવ્યે ત્યારે જોઇ શકયે છીએ કે, શયતાનની બરકતથી તો દુન્યાનાં મનુષ્યની પયદાયશ (માનવિની ઔલાદ) પરમેશ્વર (ખુદા) ને પહોં-

ચવાની અભિલાષા ધરાવી આગળ વધી રહી છે. જ્યાં સુધી એક મનુષ્યનું અમુક બાબતનું પલ્લું ઉંચું નિચું થતું અને તેથી થતી હાનિ બીજો માણુસ નિહાલે નહિ ત્યાં સુધી તે બાબેનું તેને જ્ઞાન આવે નહિ અને જોઇતો ધડો શીખી તે વાતથી તે ફરી પકડે નહિ. તેજ મુજબ શયતાનના ડરથી તો મનુષ્ય ઇશ્વરની પનાહ શોધતો ફરે છે. સારાંશ એ કે, મિશ્રિત થયલી શિહાઇરૂપી હવા એ આ જગત્‌નો રંગ છે અને મનુષ્યની મનરૂપી દેહ તે તેનું જગત્ છે. આ દેહ મારફતે તેને અનુભવ જ્ઞાન મેળવી આગળ વધવું છે.

તોલાનો નેગેટિવ.

વૃષભ (વરખ) રાશી જેનો આકાર ગોધા જેવો અને જેનો રંગ ધોળો છે. એ રાશી ઉપલી તોલા રાશીથી ઉલટો ગુણદોષ ધરાવનારી રાશી છે. પેલી જ્યારે શિહાઇ છે ત્યારે એ સૂફેદાઇ છે. પેલી જ્યારે રંગ છે ત્યારે એ નિરંગ છે. સારાંશ કે, રાત્ર અને દિવસ, અંધકાર અને રોશની, મન અને તન એવો ભાસ આપતી એ રાશી છે. અગાઉ લખ્યા મુજબ શિહાઇ ઉપર કાબુ ધરાવનારી એ રાશી છે. એક ચીજની હસ્તી શિહાઇ (અંધકાર) માં હોય તો અંધકાર ઉપર કાબુ ધરાવી હસ્તીને પ્રગટ થવા દેવાની શકિત એ રાશીમાં છે. ઉદાહરણ તરીકે:— એક મનુષ્ય અંધકારમાં ઉભો છે તેને અન્ય મનુષ્ય જોઇ શકતો નથી. પરંતુ તે અંધકારમાં ઊભેલો મનુષ્ય અવાજ કરશે તો તે અવાજના આધારે બીજો મનુષ્ય તેની હસ્તી અંધકારમાં પણ જાણી શકશે.

બાકી રહેલી (૬) કન્યા, (૮) વૃશ્ચિક અને (૧૨) મીન એ રાશીઓનાં રંગ અનેક પ્રકારના મિશ્રિત હોવાથી અને તેનું કાર્ય પણ તેવુંજ હોવાથી તે વિશે આગળ ચાલતાં પ્રસંગોપાત વધુ વિવેચન કરવામાં આવતું જશે.

નોંધ—ઉપર જણાવેલી બારે રાશીના આકૃતિના ફોટોગ્રાફ ખગોળ, જ્યોતિષ સંબંધીનાં અને પુસ્તકોમાં પ્રગટ થયલા અને

તેથી વાચક વર્ગ મોટે ભાગે જાણુકાર હોવાથી એ પુસ્તકમાં દાખલ કરવાની જરૂરત ધારી નથી. હાલનાં અંગ્રેજી જ્યોતિષમાં સઘળી રાશીઓની આકૃતિયોનો ભાસ ઉપર મુજબ મળતો દર્શાવવામાં આવેલો છે. માત્ર 'મકર રાશીની આકૃતિમાં મોટો ફેર છે. આપણામાં જ્યારે "મગર" છે ત્યારે અંગ્રેજી જ્યોતિષમાં "બકરો" હોય છે. સઘળો સારાંશ ખેંચતા "મગર" ની આકૃતિ એ રાશીનાં કાર્યને બરાબર બંધબેસ્તી માલુમ પડે છે જ્યારે "બકરા" ની આકૃતિ વાસ્તંવિક પ્રકારે તત્વાર્થ રજુ કરી શકતી નથી.

બારે રાશીમાં શમાયલા મુખ્ય ગુણદોષ.

ઉપલી બારે રાશીઓ નીચે પ્રમાણેના મુખ્ય ગુણોમાં શમાઈ જાય છેઃ—**ચર, સ્થિર અને દ્વિસ્વભાવ**. ચર એટલે અદ્રઢ, સ્થિર એટલે દ્રઢ અને દ્વિસ્વભાવ એટલે દ્રઢાદ્રઢ.

ચર.	સ્થિર.	દ્વિસ્વભાવ.
૧ મેષ	૨ વૃષભ	૩ મિથુન
૪ કર્ક	૫ સિંહ	૬ કન્યા
૭ તોલા	૮ વૃશ્ચિક	૯ ધન
૧૦ મકર	૧૧ કુંભ	૧૨ મીન

ઉપલો કોઠો ખાસ લક્ષમાં રાખવો જેથી આગળ જતાં અભ્યાસને બહુ ટેકો આપનારો રહેશે. "ચર" એટલે હમેશાં હિલચાલ કરતી રહેનારી યાને અસ્થિર. જેનામાં મુખ્યકરીને હમેશાં ચૈતન્ય રહેલું છે, અને જે બીજી રાશીઓને જાગરિત હાલતમાં રાખવાને સમર્થ છે. જેમ શરીરમાં પ્રાણ (જીવ) તેમ હરેક રાશીઓના જીવ તરીકે એ લેખાય છે. સબબે એ મુખ્ય રાશીઓ છે.

"સ્થિર" એટલે કાયમ કરનારી. જાહેરમાં દેખાય આવનારી. ચૈતન્યને પોતાનામાં શમાવી તેને કાર્યરૂપે પ્રગટ કરનારી યાને

જીવ અને શરીર. જેમ શરીર અથવા એવાંજ સ્થિર સાધન વિના જીવમાં ચૈતન્ય હોવા છતાં તે જાહેર થઇ શકતો નથી તેમજ કાર્ય કરી શકતો નથી, તેમ સ્થિર રાશી વિના "ચર" રાશી એકલી કાર્ય કરી શકતી નથી. દરેક કાર્ય અને બાબતનું મૂલરૂપ તરીકે "ચર" રાશી એ તેમાં શમાયલા જીવ તરીકે, જ્યારે સ્થિર રાશી એ તે બાબેનાં શરીર તરીકે છે.

દ્વિસ્વભાવ એ રાશીઓમાં ઉપલા બંને તત્વો હોય છે. સબબે એ રાશી ઉપલી બંને રાશીઓને જોડી આપવાનું કાર્ય બજાવે છે. એ **અનુસંધાન રાશીઓ** છે. જેમ એક મનુષ્યનાં શરીર અને જીવ એ બંનેનાં અનુસંધાન તરીકે તેનાં માબાપ હોય છે. યાને પોતાનાં માતપિતાના જોડાણુથી પોતાનો જીવ અને શરીર જોડાઇ જાહેર થઈ શકયો છે તેમ એ રાશીથી ઉપલી "ચર" અને "સ્થિર" રાશીઓનું પરસ્પર જોડાણ થાય છે. જેમ માતપિતામાં "ચર" અને "સ્થિર" જીવ અને શરીરના બંને ગુણો હોય છે તેમ એ અનુસંધાન કરનારી દ્વિસ્વભાવ રાશીમાં ઉપલા બંને ગુણો હોય છે.

એવી રીતે બારે રાશીનું ચક્ર પરસ્પર સાંકળની કડીઓની માફક એક બીજામાં અનુસંધાન થઇને કાર્ય બજાવે છે. આગળ જતાં વધુ સમજ પડશે, તેટલે જાણવું કે, એનું અનુસંધાન સિંહ રાશીથી શરૂ થાય છે. (૫) સિંહ (સ્થિર) રાશીથી આપણે તપાસીશું તો માલુમ પડશે કે, સ્થિર સિંહ રાશી અને (૭) તોલા ચર રાશી વચે (૬) કન્યા એ દ્વિસ્વભાવ રાશી સમાયલી છે. તે પછી (૮) વૃશ્ચિક સ્થિર રાશી અને (૧૦) મકર ચર રાશી વચે ધન દ્વિસ્વભાવ રાશી સમાયલી છે. એવા પ્રકારે મૂલ સ્થિર રાશીથી એનું અનુસંધાન અનૂક્રમે માલુમ પડતું જશે. સિંહ રાશીથી સેવટની કર્ક રાશી સુધી એમ ઉપર જણાવ્યા પ્રમાણેનું અનુસંધાન માલુમ પડશે.

હવે કર્ક (ચર) રાશીથી ઉલટી રીતે જોતાં એવાજ પ્રકારે અનુસંધાન માલુમ પડશે. પ્રથમ (૪) કર્ક ચર રાશી અને (૨) વૃષભ સ્થિર રાશી એની વચ્ચે (૩) મિથુન દ્વિસ્વભાવ રાશી. (૧) મેષ ચર રાશી અને (૧૧) કુંભ સ્થિર રાશી એની વચે (૧૨) મીન દ્વિસ્વભાવ રાશી સમાયલી છે. એવી રીતે કર્ક રાશીથી સિંહ રાશી સુધી ઉલટા પ્રકારે ગણતાં અનુસંધાન થતું માલુમ પડશે.

સારાંશ કે, કોઈ પણ ચર (અસ્થિર) રાશીથી અવળી (ઉલટી) રીતે ગણતાં રાશીઓનું અનુસંધાન યાને પરસ્પર જોડાણ થશે જ્યારે કોઇ પણ સ્થિર રાશીથી સીધી રીતે આગળ વધતાં રાશીઓનું અનુસંધાન થાય છે.

અવળી રીતે ગણવું યાને ઉલટી રીતે અનુસંધાન થવું એ ઉપરથી હેઠે (સૂક્ષ્મમાંથી જડ) ઉતરવા બરાબર છે અને સવળી આગળ વધતી રીતે જોડાણ થવું એ હેઠેથી ઉપર (જડમાંથી સૂક્ષ્મ) ચઢવા બરાબર છે. ચર રાશીથી અવળી રીતે જોડાણ થાય છે એટલે એક ચૈતન્ય (જીવ) હેઠે ઉતરે છે અને સ્થિર રાશી (શરીર) જોડે સંધાય છે. અને એ બેની વચ્ચે રહેલી દ્વિસ્વભાવ રાશી તેને જોડી તેનું જોડાણ ચાલુ રાખે છે.

સ્થિર રાશીથી સીધી રીતે ગણતાં હેઠેથી ઉપર ચઢવાનું હોય છે એટલે એક શરીર આગળ વધીને એક (ચર રાશી) ચૈતન્ય (જીવ) જોડે સંધાય છે અને તેઓ વચે દ્વિસ્વભાવ રાશી રહી તેનું જોડાણ કરી તેઓને ચાલુ રાખે છે.

સારાંશ એકે, પૃથ્વિની ફરવાની ગતિને લીધે જેમ દિવસ અને રાત્ર ચાલુ હોય છે તેમ રાશીઓનાં સવળાં અવળાં જોડાણથી જડમાંથી સૂક્ષ્મ અને સૂક્ષ્મમાંથી જડ એમ અનુસંધાન ચાલુ હોય છે.

સિંહ અને કર્ક રાશી.

પૃથ્વિની તમામ પયદાયશને નિભાવનારામાં સૂર્ય અને ચંદ્ર એ બે મુખ્ય છે. તમામ બીજા ગ્રહોની બે રાશીઓ હોય જ્યારે સૂર્યની પોતાની સિંહ અને ચંદ્રની કર્ક એમ એકજ રાશી દર્શાવવામાં આવેલી છે. અનૂમાન ખેંચીશું તો જણાશે કે, એ રાશીઓના પરસ્પર એકેકથી ઉલટસુલટ પ્રકાર છે. કર્ક રાશી અવળી રીતે સૂક્ષ્મને જડમાં લાવે છે તેમ સિંહ રાશી સીધી રીતે જડને સૂક્ષ્મમાં લઇ જાય છે. પુરૂષ અને સ્ત્રી જેમ હોય છે તેમ સિંહ અને કર્ક રાશી છે. જેમ એક પુરૂષ પોતાનાંમાં સમાયલી સિંહ રાશી રૂપી કાયમ દ્રઢ જીવનશકિતને, સીધી રીતે ગણતાં કન્યા રાશીનાં જોડાણથી ચર તોલા રાશી યાને મનરૂપી, દેહદર્શક રાશી જે શરીરમાં વિર્યરૂપે રહેલી છે તેમાં સૂક્ષ્મરૂપે (અસ્થિર) બનાવે છે; જ્યારે તે સૂક્ષ્મને એક સ્ત્રી પોતાનામાં શમાયલી કર્ક રાશી રૂપી અસ્થિર જીવનશકિતને, ઉલટી રીતે ગણતાં મિથુન રાશી (સ્ત્રી અને પુરૂષ બંને સામસામી બેઠાં હોય એવા આકારવાળી રાશીનાં જોડાણથી–એટલે કયાં તો છોકરો અથવા કયાં તો છોકરી રૂપી ફરજંદનાં જોડાણથી) વૃષભ રાશી જે સ્થિર, કાયમ છે તેની સાથે જોડે છે. યાને સૂક્ષ્મને જડમાં લાવે છે. અસ્થિરને સ્થિર કરે છે. અદ્રશ્ય (બાતેન)ને દ્રશ્ય (જાહેર કરે) છે. મન અને તનનું જોડાણ હોય છે. ગર્ભ રહે છે.

ઉપર પ્રમાણે જોતાં બંને રાશીનું કાર્ય એકજ ભાવનું માલુમ પડે છે પરંતુ તેના પ્રકાર ઉલટ સુલટ છે. નરની અર્ધાંગના (અર્ધ અંગ) નારી છે અને નારીનો અર્ધાંગના નર છે અને બંને પીઠેથી સમાન છે. એવો પ્રકાર સિંહ અને કર્ક રાશીનો હોય છે.

નોંધ—પારસી વાચકો, તોલા રાશીનો કાળો રંગ (શિહાઇ) અને વૃષભ ગોધાકાર રાશીનો સુફેદ રંગ (નિ–રંગ) શું કાર્ય

બજાવે છે અને તેનો યોગ્ય તત્વાર્થ શું ઊભો થાય છે તે ઉપલાં જોડે સહેજ મનન કરશે તો કાંઇક વધુ કલ્પિ શકવાને સમર્થ થશે.

એક માતા પોતે ચાહે તેવી રીતે યાને એક નર યા નારીરૂપી ફરજંદનો જન્મ આપી શકે. એટલે છોકરો કે છોકરી એ જણવું એ સ્ત્રીની ઇચ્છાનુંસાર બની શકે છે એવી શોધ હાલના ઝમાનાના પશ્ચિમના અનેક વિદ્વાનોએ કર્યાથી, તે કાંઇ આજના ઝમાનાની ખાસ કાંઈ નવીન અજવાળું નાંખનારી ચીજ હોય એવી રીતે તે તરફ અચરતીથી જોવાય છે. એ તો માત્ર એક ઉદાહરણ છે, પરંતુ એવી રીતે અનેક બાબતોમાં બને છે. હિંદુભાઇઓના અર્વાચિન કાળના ઋષિ મૂનિયો, જેઓ ઉત્તમ પ્રકારે જ્યોતિષનું જ્ઞાન ધરાવતા હતા; તેમજ જરથુીશ્ત્રી ધર્મને સ્થાપનાર મહાન પયગમ્બર સત અશો જરથુશ્ત્ર (જ્યોતિ જાણકાર) પણ કુદરતના અચલ (જાહેર) અને ચલ (બાતેન) કાનુનનાં જ્ઞાનને સંપૂર્ણ પુગ્યાથી તે નરે, એ વિશેની કુદરતની કાર્ય કરતી જાહેર અને બાતેન શકિતનું બ્યાન અને તેની સમજ ઝંદ અવસ્તા ઝબાનમાં દર્શાવેલી માલુમ પડે છે. મોટી દિલગીરી માત્ર એ છે કે, જેઓ એ ભાષાને ઉકલાવે છે તેઓને જ્યોતિષનું જ્ઞાન જોઇએ તે પ્રકારે હોતું નથી તેથી તેઓ લુખા શબ્દના તરજુમા સિવાય બાતેન બાજુ જોઇયે તેવી રીતે ઉકલાવી શકતા નથી. અને ગોમૂત્ર (તરા) ની ફિલસૂફી ઢુંઢી ઢુંઢાવી તે ઉપર મિથ્યા વાદવિવાદ ઉભો કરે છે. નિરંગ, મનુષ્યમાં, પોતામાંજ હોય છે અને તેને કેવા પ્રકારે પ્રબળતા આપી, સ્વરક્ષણ રાખી વૃદ્ધિને તબ્બકે પુગવું, પુગાડવું એ જુદોજ માર્ગ છે.

ઉપલી શોધ, છોકરો અથવા છોકરી ઇચ્છાનૂસાર જણવાની હાલના ઝમાનાની નથી પરંતુ જ્યોતિષ વિદ્યા (જાહેર અને બાતેન બંને કાર્ય કરતી કુદરતની શકિતનું જ્ઞાન આપનારી વિદ્યા) નું સંશોધન કરનારા અર્વાચીન કાળથી; તે પ્રમાણે કુદરતનો કાનૂન કામ કરી રહયો છે એમ ચોકશ જાણી શકેલા હોવાજ જોઇયે—કેમકે, તેજ પ્રમાણે તેઓએ એ વિદ્યાનું અનુસંધાન પણ રચેલું માલુમ પડે છે.

દિશા અને રાશી.

(૧) મેષ, સિંહ અને ધન, એ ત્રણ રાશી પૂર્વ દિશામાં બળવાન છે, કેમકે એઓ એ દિશા જોડે મુખ્ય સંબંધ ધરાવે છે.

(૨) વૃષભ, કન્યા, મકર એ ત્રણ દક્ષિણ દિશાએ ઉપર મુજબ સમજવી.

(૩) મિથુન, તોલા, કુંભ એ પશ્ચિમ દિશાએ સમજવી.

(૪) કર્ક, વૃશ્ચિક, મીન એ ઉત્તર દિશાએ સમજવી.

ઉપલી બાબત બરાબર લક્ષમાં રાખવી.

સૃષ્ટિનાં ભૂવનો અને દિશા.

(૧) પૂર્ણ દિશા એ આત્મિક ભૂવન છે.

(૨) દક્ષિણ દિશા એ ખાકી (સ્થૂલ) ભૂવન છે.

(૩) પશ્ચિમ દિશા એ માનસિક ભૂવન છે.

(૪) ઉત્તર દિશા એ (ગુપ્ત) કામ (કર્મ) ભૂવન છે.

રાશી અને ભૂવનો.

ઉપલા નિયમ પ્રમાણે મેષ, સિંહ અને ધન રાશી આત્મિક ભૂવનની રાશીઓ છે.

વૃષભ, કન્યા, મકર એ સ્થૂલ ભૂવનની છે.

મિથુન, તોલા, કુંભ, એ માનાસક ભૂવનની છે.

કર્ક, વૃશ્ચિક, મીન એ કામ (કર્મ) ભૂવનની છે.

રાશીઓમાં શમાયલા પોતાના તત્ત્વો.

મેષ, સિંહ અને ધન રાશીમાં પોતાના મૂળ તત્ત્વ તરીકે અગ્નિ તત્ત્વ હોય છે. એ આતશી રાશી છે.

વરખ, કન્યા અને મકર એ રાશીમાં પોતાના મૂળ તત્ત્વ તરીકે

ખાકી તત્ત્વ હોય છે. એ ખાકી રાશી છે.

મિથુન, તોલા અને કુંભ રાશીમાં પોતાના મૂળ તત્ત્વ તરીકે હવાઈ તત્ત્વ હોય છે. એ હવાની રાશી છે.

કર્ક, વૃશ્ચિક અને મીન એ રાશીમાં પાણીનો તત્ત્વ હોય છે. એ પાણીની રાશી છે.

સમજુતી—મેષ, સિંહ અને ધન એ ત્રણ આતશી તત્ત્વ ધરાવનારી રાશી છે. મેષ એટલે અસ્થિર આતશ. મેષ રાશીની જેવી વિગત જાણી ગયા તેવો આતશ સમજવો. બાતેન આતશ. સઘળે સ્થળે હિલતો ચાલતો રહેનારો આતશ. દ્રઢ (કાયમ) નહિ થયલો યાને જાહેર નહિ થયલો એવો આતશ. સૂક્ષ્મમાંથી જડમાં આવનારો આતશ. ઉપરથી હેઠે ઉતરનારો આતશ. એવી રીતે પોતાનાં બુદ્ધિબળે મેષ રાશીના ગુણદોષ પ્રમાણે એ આતશના તત્ત્વને સમજવો.

સિંહ રાશી એટલે કાયમ બનેલો યાને જાહેર થયલો આતશ. સ્થિર થયલો આતશ. જાહેર આતશ. જડમાંથી સૂક્ષ્મમાં જનારો આતશ. હેઠેથી ઉપર જનારો આતશ.

ધન રાશી એટલે એ બંનેનું જોડાણ કરી આપનારો આતશ. બન્નેને આપ લે કરનારો આતશ. બંનેનું જોડાણ ચાલુ રાખનારો આતશ.

ઉદાહરણ તરીકે—એક પુરૂષ અને સ્ત્રી, નર અને નારી જાતિ છે. તેઓ હૈયાત છે. એટલે બીજા દરેક તત્ત્વો જોડે ઉપલા ત્રણે આતશના તત્ત્વો પણ તેઓમાં હોય છે. તેઓમાંથી સિંહ રાશી કાયમ, દ્રઢ, જાહેર થનારો આતશી તત્ત્વ ઓછો થઈ જાય છે ત્યારે તેઓ મરણ પામે છે. યાને હેઠેથી ઉપર કહો, જડમાંથી સૂક્ષ્મમાં કહો, અથવા જાહેરમાંથી બાતેનમાં કહો એવી તેઓની સ્થિતિ થાય છે. જડ આતશ પોતે સૂક્ષ્મ રૂપ લે છે, યાને સિંહ રાશી મેષ રાશીનું રૂપાંતર ગ્રહણ કરે છે. હવે તે સ્ત્રી પુરૂષ યાને માબાપને પેટે ફરજંદો હોય છે યા બીજાં સગાંવહાલાં, ઘાડા સમાગમમાં આવનારાં હોય છે જેઓમાં સિંહ રાશી રૂપી દ્રઢ

આતશ હોય છે. એ દ્રઢ આતશને અને પેલાં ગુજરેલાં જેઓનું મેષ રાશી યાને અસ્થિર, બાતેન આતશનું રૂપાંતર બન્યું છે તેઓ જોડે, ધન રાશી જોડાણ ચાલુ રાખી શકે છે. કેમકે, ધન રાશીનું કાર્ય સ્થિર અને અસ્થિર આતશનું જોડાણ ચાલુ રાખવાનું હોય છે. એ વિશે આગળ જતાં વધુ સમજ મળતી જશે.

ઉપર પ્રમાણે ખાકી રાશી, હવાઈ રાશી અને પાણીની રાશી નું પણ સમજવું.

મકર રાશી એટલે સૂક્ષ્મ ખાકી તત્ત્વ, વરખ રાશી એટલે દ્રઢ કાયમ ખાકી તત્ત્વ અને કન્યા રાશી એટલે બંનેને જોડી તેને આપ લે કરનારો ખાકી તત્ત્વ.

તોલા રાશી એટલે સૂક્ષ્મ હવાઈ તત્ત્વ, કુંભ રાશી એટલે તેને સમાવી જાહેર કરનારો દ્રઢ હવાઈ તત્ત્વ અને મિથુન રાશી એટલે તેઓને જોડી ચાલુ રાખનારો હવાઈ તત્ત્વ.

કર્ક એટલે અસ્થિર પાણીનો તત્ત્વ, વૃશ્ચિક એટલે દ્રઢ પાણીનો તત્ત્વ અને મીન એટલે તેઓ બંનેને જોડી આપી ચાલુ રાખનારો પાણીનો તત્ત્વ.

ચર યાને અદ્રઢ રાશી જોતાં મેષ, કર્ક, તોલા અને મકર રાશી છે. અને તેઓ અનુક્રમે આતશ, પાણી, હવા અને ખાકનો સૂક્ષ્મ તત્ત્વ ધરાવે છે.

સ્થિર યાને દ્રઢ રાશી જોતાં વૃષભ, સિંહ, વૃશ્ચિક અને કુંભ રાશી હોય છે. અને તેઓ અનુક્રમે ખાક, આતશ, પાણી અને હવાનો તત્ત્વ દ્રઢ યાને કાયમ કરે છે યાને તેઓને પ્રગટ કરે છે.

દ્વિસ્વભાવ યાને દ્રઢાદ્રઢ રાશી જોતાં મિથુન, કન્યા, ધન અને મીન હોય છે અને તેઓ અનુક્રમે હવા, ખાક, આતશ અને પાણીનો તત્ત્વ ઉપલી બંને રાશીના પ્રકારનો એટલે સ્થિર અને અસ્થિર, દ્રઢ અને અદ્રઢ એમ બેઉ પ્રકાર ધરાવતી હોવાથી, ઉપલી બંનેનું અનુસંધાન કરી આપી તેઓને પરસ્પર ચાલુ રાખે છે.

મેષ રાશી યાને વિજલિક પ્રવાહ (આતશી તત્ત્વ) જે અસ્થિર યાને હવા, ખાક કે પાણીમાં અહોનિશ ચાલુ રહેલો છે, પરંતુ કાયમ અને જાહેર થયલો નથી. સિંહ રાશી એ કાયમ થયલો વિજલિક પ્રવાહ, અને જેમ પાણીમાંથી વિજલિક બળ મેલવવામાં આવે છે તે. અને ધન રાશી તેઓને પરસ્પર જોડાણથી ચાલુ ગતિમાં રાખે એવો બંને તત્ત્વ ધરાવનારો આતશી તત્ત્વ.

એ પ્રમાણે ચર, સ્થિર અને દ્વિસ્વભાવ રાશીઓ પોતપોતાના તત્ત્વો પરસ્પર એક બીજામાં મિશ્રિત થયાથી અહોનિશ કુદરતની ગતિને ચલાયમાન રાખી શકે છે.

એક ફરતું ચક્ર (ચાક) હોય છે. ફરતું હોય તે વેળા ફરવાની ગતિ એ ચર રાશી હોય છે. ફરતી વેળા તે ઉપર કાબુ ધરાવી તેને ફરતું જાહેર કરે એ સ્થિર રાશી હોય છે અને ફરવાની ગતિ અને તે ઉપરનો કાબુ બંનેનું અનુસંધાન તેજ પ્રકારે ચાલુ રાખે એ દ્વિસ્વભાવ રાશી હોય છે.

ગાડી, ઘોડો અને હાંકનાર હોય છે. ઘોડો એ ચર રાશી હોય છે, જે દોડવાની ગતિ આપી રહયો છે. ગાડી એ સ્થિર રાશી છે જે તે ઉપર કાબુ ધરાવી રહી છે અને હાંકનાર એ દ્વિસ્વભાવ રાશી છે જેણે બંનેનું અનુસંધાન કરી આપી તેઓની ગતિને સમાંતરે ચલાયમાન રાખી છે.

ઉપર પ્રમાણે જ્ઞાની સજ્જનોએ દરેક બાબતમાં જ્યાં જ્યાં ઘટે ત્યાં ત્યાં તે તે બાબત વિશે યથાયોગ્ય વિચાર ગોઠવી રાશીઓનાં કાર્યને ગોઠવવું.

ઉદાહરણ તરીકે:—કર્ક રાશી એટલે દર્યો, મહાસાગર જેની અહોનિશ ભરતી ઓટ વગેરે આગલ અને પાછલ હઠવાની હાલત હોય છે. વૃશ્ચિક રાશી યાને બાંધેલું પાણી જેવું કે તળાવ,

સરોવર કુવા વગેરે. મીન રાશી એટલે વહેતું પાણી જેમકે નદી, નહેરો, ઝરા વગેરે. જે બાંધેલાં પાણીને અને ચલાયમાન પાણી યાને કર્ક અને વૃશ્ચિક રાશીને અનુસંધાન કરી તેવી ચલાયમાન ગતિમાં સમાંતરે રાખી શકે છે. નદી નાળાં ઉલટાય તો સમુદ્ર શમાવે છે. સમુદ્રનું પાણી વાદળાં લે છે. વાદળાંનું પાણી (વરસાદ) કુવા, તળાવ ભરી જાય છે.

રાશીઓના બે પ્રકાર.

કુદરતના નિયમ પ્રમાણે જેમ નર અને નારી એમ બે પ્રકાર હોય છે તેમ રાશીઓમાં પણ બે પ્રકાર છે.

દરેક એકી રાશીઓ યાને (૧) મેષ, (૩) મિથુન, (૫) સિંહ, (૭) તોલા, (૯) ધન, (૧૧) કુંભ એ છ રાશી નર જાતિ તરીકે લેખાય છે. અને એ પોઝિટીવ છે.

દરેક બેકી રાશીઓ યાને (૨) વૃષભ, (૪) કર્ક, (૬) કન્યા, (૮) વૃશ્ચિક, (૧૦) મકર, (૧૨) મીન એ છ રાશી નારી જાતિ તરીકે ઓળખાય છે. એ નેગેટીવ હોય છે.

જાણવું જોઇયે કે, જેમ સિંહ અને કર્ક રાશીના એકજ ભાવના બે સ્વરૂપો જોયાં તેમ એ પણ નર અને નારી જાતિ એકજ ભાવના બે સ્વરૂપો હોય છે. એકી રાશી વિના બેકી રાશી અને બેકી રાશી વિના એકી રાશીનું કામ ચાલી શકતું નથી. પતિ અને પત્નિ, બાપ અને બેટી, મા અને બેટો, ભાઇ અને બહેન એવું અનુસંધાન એ નર અને નારી જાતિ રાશીઓનું હોય છે.

એકી રાશી ચલાડનારી હોય છે અને બેકી રાશી ચાલનારી હોય છે. શેઠ અને વાણોતર, બાપ અને બેટો એવી રીતે હોય છે. શેઠ હોય નહિ તો વાણોતર રાખે કોણ અને વાણોતર હોય નહિ તો શેઠ કહે કોણ. બાપ હોય નહિ તો બેટો આવે ક્યાંથી અને બેટો હોય નહિ તો બાપ કહેવાય ક્યાંથી. એવી રીતે એકી અને બેકી રાશી છે.

રાશીઓની સગાઇ.

નર રાશી પાસે આવેલી નારી રાશીની સગાઈ પરસ્પર પતિ પત્નિ તરીકે લેખાય છે. જેમકે,. મેષ (નર) રાશીની ડાબી બાજુએ આવેલી વરખ (નારી) રાશી બંને પતિ પત્નિ તરીકે હોય છે. મિથુન (નર) રાશીની પાસે ડાબી બાજુએ આવેલી કર્ક (નારી) રાશી પતિ પત્નિ તરીકે હોય છે. સિંહ અને તેની ડાબી બાજુએ બીજી રાશી કન્યાનું અનુસંધાન એજ મુજબ હોય છે. એ પ્રમાણે મૂળ પ્રથમ રાશી મેષ, પૂર્વ દિશાથી એવી રીતે અનુસંધાન થાય છે. હવે તોલા રાશી જે પશ્ચિમ દિશાની મૂળ શરૂઆત તરીકે ગણાય છે; તે (તોલા રાશી) પુરૂષ રાશીની પાસેની એટલે તેની **જમની** બાજુની વૃશ્ચિક રાશી પતિ પત્નિ તરીકે ગણાય છે. તેમજ ધન અને મકર, કુંભ અને મીન એ રાશીઓનું ધણી ધણીઆણી તરીકે જોડાણ હોય છે.

ટીકા—પૂર્વની પ્રજાનો અસ્લ રીવાજ કહો કે, કુદરત કાર્ય કરે તે પ્રમાણેની અસર કહો–પણ પતિ પત્નિનું અનુસંધાન (લગ્ન) થતી વખતે તેમજ કુદરતી વ્યવહારમાં પણ પોતાની સ્રીને ડાબી બાજુએ રાખી; કુદરતના કાનૂન પ્રમાણે ઓળખાવવાનો ચાલ છે. પાશ્ચાત્ય પ્રજામાં પતિની જમની બાજુએ પત્નિનું અનુસંધાન વગેરે ઓળખાવવાનો ચાલ છે.

ઉપર પ્રમાણે પતિ પત્નિનું, નર અને નારી જાતિ રાશીઓનું પૂર્વ અને પશ્ચિમનું સુલટ ઉલટ અનુસંધાન લક્ષમાં લીધા બાદ વાંચકે પુત્ર (બેટો) અને માનું અનુસંધાન લક્ષમાં લેવું.

પ્રથમ મેષ રાશી એ નર જાતિ છે. એનાથી ઉપર જોઇ ગયા તેમ ડાબા હાથ તરફની વરખ (નારી) રાશી એની ધણીઆણી તરીકે સગાઇ ધરાવે છે. હવે એ મેષ નર રાશીના જમણા હાથ તરફની યાને (૧૨) મીન (નારી) રાશી એ મેષ રાશીની મા

તરીકેનું જોડાણ રાખે છે. એ મુજબ (૩) મિથુન રાશીના જમના હાથ ઉપરની (૨) વરખ રાશી એ મિથુન રાશિની મા તરીકે જોડાણ રાખે છે. (૫) સિંહ રાશીની મા તરીકે (૪) કર્ક રાશી જોડાણ ધરાવે છે. હવે (૭) તોલા નર રાશી આવી. એનું પશ્ચિમનું અનુસંધાન હોવાથી જમની બાજુને બદલે ડાબી બાજુ શરૂ થાય છે. યાને (૭) તોલા નર રાશીની ડાબી બાજુની (૬) કન્યા જે નારી રાશી તે તોલાની મા. ધનની ડાબી બાજુની (૮) વૃશ્ચિક રાશી તે ધનની મા. (૧૧) કુંભ રાશીની ડાબી બાજુની (૧૦) મકર રાશી તે કુંભ નર જાતિની મા.'

એ પ્રમાણે પૂર્વની નર જાતિની શરૂઆત ડાબી બાજુની સ્ત્રી અને જમની બાજુની મા તરીકે થાય છે. જયારે પશ્ચિમની શરૂઆત એથી ઉલટી રીતે યાને જમની બાજુની સ્ત્રી અને ડાબી બાજુની મા તરીકે થાય છે. ઉદાહરણ તરીકેઃ—(૧) મેષ (નર) રાશી છે એની ડાબી તરફ (૨) વરખ (નારી) રાશી છે, અને જમની તરફ (૧૨) મીન (નારી) રાશી છે. જમની તરફ યાને થઇ ગયલો તે માતાનો સંબંધ, જયારે ડાબી તરફ થનારો તે સ્ત્રીનો સંબંધ.

હવે પશ્ચિમની અનુસંધાનની શરૂઆત (૭) તોલા રાશીથી થાય છે. (૭) તોલા (નર) રાશી છે એની ડાબી બાજુએ (૬) કન્યા નારી રાશી છે અને જમની બાજુએ (૮) વૃશ્ચિક નારી રાશી છે. ડાબી બાજુની કન્યા રાશી જે થઇ ગયલો સંબંધ તે માતા છે અને જમની તરફ થવાનો તે સંબંધ સ્ત્રી તરીકેનો હોય છે. એ પ્રમાણે દરેક નર અને નારી રાશીનો સંબંધ પુત્ર અને મા, પતિ અને પત્નિ તરીકે મુખ્ય રીતે પૂર્વનો જમનો અને ડાબો તથા પશ્ચિમનો એથી ઉલટો યાને ડાબો અને જમનો જોડાયલો હોય છે. પૂર્વની ડાબી બાજુ એટલે હેઠે ઉતરવું અને પશ્ચિમની ડાબી બાજુ એટલે હેઠેથી ઉપર ચઢવું. સારાંશ કે, એક પૂર્વની

નર જાતિનું અનુસંધાન જડ રીતે યાને આ દુન્યામાં સ્ત્રીથી આગળ વધે છે જ્યારે સૂક્ષ્મ રીતે યાને બાતેન દુન્યામાં માથી આગળ વધે છે. પશ્ચિમનું એથી ઉલટું હોય છે. તેમાં જમની બાજુ એટલે હેઠે ઉતરવું અને ડાબી બાજુ એટલે ઉપર ચઢવું એમ હોય છે. સારાંશ કે, એક પશ્ચિમની નર જાતિનું અનુસંધાન જડ રીતે યાને આ દુન્યામાં માથી આગળ વધે છે જ્યારે સૂક્ષ્મ રીતે યાને બાતેન દુન્યામાં સ્ત્રીથી આગળ વધે છે.

ટીકાઃ—ઉપલી સમજ **મુખ્યકરીને** આત્મિક અને માનસિક ભૂવન (આત્મા અને મનસ) ને લાગુ પડે છે જે આગળ જતાં વધુ સમજમાં ઉતરશે. પરંતુ એ પ્રમાણેનું તત્વ પણ પૂર્વ અને પશ્ચિમની નર જાતિમાં વિશેષ પ્રમાણમાં માલુમ પડે છે. ઉદાહરણ તરીકેઃ—**પૂર્વનો એક નર** હેઠેથી ઉપર ચઢવામાં યાને ખરી રીતે પોતાનો ઉદ્ધાર થયલો એ વાતમાં સમજે છે કે, એક માતાનો આંજ્ઞાકિત પુત્ર કહેવરાવવો—સર્વેમાં માતાને પ્રથમ નમન કરવું. સારાંશ કે, માતૃભક્તિને પ્રથમ સંભાળવી. **પશ્ચિમની નર જાતિમાં** એથી ઉલટું ત-ત્વ માલુમ પડે છે. જેમકે સ્ત્રીના આંજ્ઞાકિત ભરથાર તરિકે પ્રથમ લક્ષ આપવું—સારાંશ કે સ્ત્રીત્વ ભકિતને પ્રથમ સંભાળવી, અને તેમાં પોતાનો ઉદ્ધાર થયલો સમજે છે.

હવે પૂર્વની પ્રથમ નર જાતિ મેષ રાશી છે અને તેની પાસે આવેલી વરખ રાશી એ પ્રથમ પૂર્વની નારી રાશી છે. હવે એ નારી જાતિ રાશીનું આપણે નર જાતિની રાશી સાથે ઉપલાં ધોરણે જોડાણ જોઈશું તો માલુમ પડશે કે, એના જમના અને હેઠેથી ઉપર ચઢવા (સૂક્ષ્મ, બાતેન દુન્યા) તરફ મેષ રાશી યાને ધણીનું જોડાણ છે, જ્યારે ડાબી તરફ યાને ઊપરથી હેઠે ઉતરવા (જડ આ દુન્યા) તરફ (૩) મિથુન નર રાશી યાને પુત્રનું જોડાણ છે. હવે વરખ રાશીની બરાબર સામેની (૮) વૃશ્ચિક રાશી, પશ્ચિમનું

જોડાણુ એથી ઉલટી રીતે માલુમ પડશે. ઉદાહરણુ તરીકેઃ–(૮) વૃશ્ચિક નારી જાતિ રાશીના ડાબા હાથ તરફ યાને ઉપરથી હેઠે ઉતરવું, સૂક્ષ્મ બાતેન દુન્યા તરફથી જડ જોડાણુ કરવું એ સ્ત્રી ભરથારનું જોડાણુ છે, જ્યારે એ રાશીની જમની તરફ યાને હેઠેથી ઉપર ચઢવું એ (૯) ધન રાશી જોડે યાને મા પુત્રનું જોડાણુ છે. એવી રીતે પૂર્વ નારી જાતિથી ,પશ્ચિમ નારી જાતિનું ઉલટું અનુસંધાન હોય છે.

ટીકાઃ—નર જાતિ યાને ચલાવનારી અને નારી જાતિ યાને ચાલનારી. ઉપલી બાબત કાન (કર્મ) ભૂવન (એસ્ત્રલ પ્લેન) અને સ્થૂલ ભૂવનને લાગુ પડે છે જે આગળ જતાં વધુ સમજમાં આવશે. પરંતુ પૂર્વ અને પશ્ચિમની નારી જાતિમાં, આગળ જોઇ ગયા તેમ નર જાતિના દાખલા પ્રમાણે એમાં પણુ માલુમ પડી આવે છે. પૂર્વની નારી જાતિ (સ્ત્રીઓ) પોતાને હેઠેથી ઉપર ચઢવામાં પતિવૃતાપણુ, પતિની સેવાને મુખ્ય ગણે છે. સારાંશ કે, પતિ સેવામાં પોતાનો ઉદ્ધાર થયલો સમજે છે. પશ્ચિમની નારી જાતિ (સ્ત્રીઓ)માં એથી ઉલટું તત્ત્વ વિશેષ માલુમ પડે છે. તેઓ પુત્રને બને તેમ સર્વેથી શ્રેષ્ટ બનાવવો–યાને પુત્રભક્તિથી પોતાનો ઉદ્ધાર થયલો સમજે છે.

આપણે ઉપલાં સઘળાંનો સારાંશ ખેંચીશું તો માલમ પડશે કે, એક નર એક તરફથી નારી જાતિનો બેટો જયારે બીજી તરફથી નારી જાતિનો ભરથાર હોય છે. એક નારી એક તરફથી નર જાતિની સ્ત્રી તો બીજી તરફથી નર જાતિની મા હોય છે. એટલે કુદરતનાં કાર્યનાં તો બંને પલ્લાં સમાન જળવાયલાં રહે છે. પરંતુ મતળબ એ છે કે, પૂર્વ એક નર જાતિને માતૃભક્તિ શીખવે છે જ્યારે પશ્ચિમ એક નર જાતિને સ્ત્રીભક્તિ શીખવે છે. યાને એક માતાનો દરજ્જો કેવો ઉત્તમ પ્રકારે જાળવવો એ

એક પૂર્વનો નર પશ્ચિમના નરને શીખવે છે, જ્યારે એક સ્ત્રીનો દરજ્જો કેમ ઉત્તમ પ્રકારે જાળવવો તે પશ્ચિમનો નર પૂર્વને શીખવે છે.

એક પૂર્વની નારી પોતાના ધણીને કેવા ઉત્તમ પ્રકારે વફાદાર રહી અને તેનો દરજ્જો વધારવો એ પશ્ચિમની નારીને શીખવે છે, જ્યારે એક પશ્ચિમની નારી એક પુત્રને કેવા ઉંચ્ચ દરજજે લઇ જવો એ પૂર્વની નારીને શીખવે છે.

ઉપર પ્રમાણેની નર અને નારી જાતિની રાશીનું અનુસંધાન હમેશાનું અને કુદરતી સમજવું. સારાંશ કે, એ જોડાણ મુખ્ય હોય છે અને એની ગતિ જાહેર અને બાતેન દુન્યા (ગેતિ અને મીનોઇ)માં બહુ કાર્યસાધક અસર ચાલુ રાખે છે અને સૂક્ષ્મ તથા જડ રીતે જોડાણ કાયમ રહી માત્ર ફેરબદલી થાય છે. એ જોડાણ પુત્ર અને મા, પતિ અને પત્નિ. જેમ પૂર્વ અને પશ્ચિમ, દિવસ અને રાત્રનું જોડાણ હોય છે તેમ ઉપલું પણ મજબુત જોડાણ હોય છે. દિવસ પછી રાત્ર અને રાત્ર પછી દિવસ જેમ હોય છેજ તેમ ઉપલાં જોડાણની પણ અસર એક પછી એક હોય છેજ. જે નર જાતિ લગ્નની મોતેબરી તેમજ માની ભકિત જાળવતો નથી તે તેની ફરજમાંથી કદિ છુટી શકતો નથી. તેને આ માર્ગે કે, પેલે માર્ગે પણ પોતાની ફરજ અદા કરી આપવીજ પડે છે. જે નારી જાતિ ભરથાર અને ફરજંદ તરફની મોતેબરી જાળવી ફરજ અદા કરતી નથી તેણી પણ ઉપર મુજબ મુકત થઇ શકતી નથી.

બાપ બેટા તરીકેની સગાઇ—એ બંને નર જાતિની રાશી હોવાથી એનું અનુસંધાન કુદરતમાં ઝાઝું કાયસાધક અને સૂક્ષ્મ અને જડનું, આ અને પેલી દુન્યાનું સીધું જોડાણ રાખી શકતું નથી. એનું અનુસંધાન ખરી રીતે નારી જાતિથીજ થાય

છે. રાશીઓમાં (૧) મેષ રાશીનો બેટો (૩) મિથુન રાશી. (૩) મિથુનનો બેટો (૫) સિંહ રાશી. એવી રીતે અનૂક્રમે નર રાશી સમજી લેવી.

મા અને બેટી—એ બંને નારી જાતિજ હોવાથી ઉપર મુજબ એનાં પણ જોડાણનો સારાંશ સમજી લેવો. એનું ખરૂં અનુસંધાન નર રાશીથી હોય છે. (૨) વરખની બેટી (૪) કર્ક. કર્કની બેટી (૬) કન્યા. એ મુજબ અનૂક્રમે સમજી લેવું.

બાપ અને બેટી—એ નર અને નારી જાતિનું જોડાણ છે. (૧) મેષ નર જાતિ એની બેટી (૪) કર્ક રાશી. (૩) મિથુન રાશી એની બેટી (૬) કન્યા રાશી. એ મુંજબ નર રાશીથી ચોથી નારી રાશી એ તેની પુત્રી સમજવી. એ જોડાણ નર અને નારી રાશીનું હોવા છતાં પણ એ અનુસંધાનનું ફળ સૂક્ષ્મમાંથી જડ અને જડમાંથી સૂક્ષ્મ એમ સીધી રીતે ખાસ હોતું નથી. મા અને બેટીનાં સંધાનમાં જોશો તો સહેજે કલ્પિ શકાશે કે, (૨) વરખ (મા) અને (૪) કર્ક એટલે બેટીનાં જોડાણથી એ કર્ક રાશીએ નર રાશી (૧) મેષ જોડે સંબંધ ધરાવેલો છે. મેષ જેમ નર જાતિમાં મુખ્ય રાશી છે તેમ કર્ક પણ નારી જાતિમાં મુખ્ય રાશી છે. નર જાતિ (બાપે) જેમ પતિ તરીકે મુખ્ય ભાગ ભજવ્યો તેમ નારી જાતિ (બેટી)એ પણ પત્નિ, માતા તરીકે મુખ્ય ભાગ ભજવવો છે. દરેક નર રાશીથી રહેલી ચોથી રાશી તેની બેટી હોય છે. એ પ્રમાણે જોતાં દરેક નારી રાશીથી રહેલી દશમી રાશી તે તેનો બાપ હોય છે.

ભાઇ અને બહેન—એ પણ નર અને નારી રાશીનું જોડાણ છે. એ જોડાણ તો સઘળાં જોડાણોથી, નર અને નારી રાશી એ હોવા છતાં, તદ્દન નિર્બળ હોય છે. (૧) મેષ રાશીની બહેન તે (૮) વૃશ્ચિક રાશી. (૩) મિથુન રાશીની બહેન તે (૧૦) મકર રાશી. (૫) સિંહ રાશીની બહેન તે (૧૨) મીન રાશી. એ

પ્રમાણે નર રાશીથી આઠમી રહેલી નારી જાતિ રાશી તે તેની બહેન સમજવી. એ પ્રમાણે દરેક નારી રાશીથી છઠે રહેલી નર રાશી તે તેનો ભાઈ સમજવો.

ટીકા:—દુન્યાના વ્યવહારમાં બાપ અને બેટી, ભાઈ અને બહેન એ નર અને નારી જાતિનું જેવું જોડાણ હોવા છતાં ગુપ્ત (સૂક્ષ્મ) અનુસંધાન એઓનું હોઇ શકેતું નથી. તેમ રાશીઓમાં પણ એકથી ચોથે દશમે, એકથી છઠે આઠમે રહેલી રાશીઓનું સૂક્ષ્મ અનુસંધાન હોઇ શંકનું નથી. જેમ વંધારે જડ તેમ વધારે નિર્બળ—અને જેમ વધારે સૂક્ષ્મ તેમ વધારે સબળ એમ દરેક પ્રસંગે બુદ્ધિનૂસાર સમજી લેવું.

સમજુતિ—બાપ અને બેટા તરીકેની સગાઈ વિષે ઉપર જણાવી ગયા છે તે આત્મા અને મનસ તરીકે હોય છે. પૂર્વ અને પશ્ચિમ, બાપ બડા કે બેટા તેવે હિસાબે બંનેજ કાર્ય કરનારા હોવાથી બંનેનું કાર્ય અને અનુસંધાન છુટું પડી જાય છે. મા અને બેટીની સગાઇ વિશે બોલી ગયા તે કામ (એસ્ત્રલ) ભૂવન અને સ્થૂલ ભૂવન તરીકે હોય છે.

બાપ એ આત્મા, મા એ સૂક્ષ્મ શરીર, બેટો એ મનસ અને બેટી એ સ્થૂળ શરીર. એવી રીતે એ રાશીઓની કલ્પના કરી લેવી. બાપ અને માનું અનુસંધાન છેજ. બેટો પોતાનું જોડાણ બીજાંની બેટી જોડે કરી આગળ વધશે. જ્યારે બેટી બીજાંના બેટા જોડે અનુસંધાન કરી આગળ વધશે.

સારાંશ કે, આત્મા સુક્ષ્મ શરીરથી કાર્ય કરે છે, જ્યારે મનસ સ્થૂળ શરીરથી કાર્ય કરે છે. એ વિશે આગળ જતાં વધુ સમજ પડતી જશે.

સામસામી રાશીઓની સગાઇ—સામસામી રાશીઓની સગાઇ બહુ અદ્દ્ભુત પ્રકારની મનન કરવા જોગ હોય છે. દરેક

રાશીથી સાતમી રાશી તે તેનો સામેની રાશી હોય છે. જેમકે, મેષની સામે તોલા, વૃષભની સામે વૃશ્ચિક, મિથુનની સામે ધન, કર્કની સામે મકર, સિંહની સામે કુંભ અને કન્યાની સામે મીન. તોલાથી ગણ્યે તો તોલાની સામે મેષ, વૃશ્ચિકની સામે વૃષભ, ધનની સામે મિથુન, મકરની સામે કર્ક, કુંભની સામે સિંહ અને મીનની સામે કન્યા હોય છે.

સામસામી રાશીઓની સગાઈ, ગુરૂ--ચેલો, શિક્ષક--શિષ્ય, મહેતાજી--વિદ્યાર્થિ, દિક્ષા લેનાર--દિક્ષા આપનાર, જનોઈ પહેરનાર--જનોઈ પહેરાવનાર, સુદરેહ કુશ્તી પહેરનાર--સુદરેહ કુશ્તી પહેરાવનાર, આપનાર અને લેનાર, લેનાર અને આપનાર, પ્રગટ થનાર અને પ્રગટ કરનાર, શમાનાર અને શમાવનાર, છુપાનાર અને છુપાવનાર, કરનાર અને કરાવનાર એવી રીતે દરેક બાબત અને કાર્યમાં સામસામી રાશીઓની ગતિ હોય છે. સારાંશ કે, કુદરતની કાર્ય કરતી બે ગતિયો સામસામી આવીને એકજ કાર્ય કરવાનો હેતુ ધરાવે છે અને તેમાં આપનાર અને લેનાર તરીકેનો--"હું અને તું" એવા બે વિભાગ પાડે છે. તેઓ પરસ્પર એક બીજાને આપ લે કરે છે અને એવા પ્રકારે કુદરતની ગતિ સમાંતરે જાળવે છે. એવા પ્રકારે સામસામી આવી કુદરતનું કાર્ય કરતી ગતિયો જો પોતપોતાની યોગ્યતા બરાબર ધરાવતી હોય, અને હું અને તું એમ બે પ્રકાર હોવા છતાં એકજ હેતુથી કાર્ય કરતી હોય તો બહુ સંગીન અને નવીન પ્રકારનું કાર્ય પાર પાડી શકે છે. તેમજ તેઓ પરસ્પર એક બીજામાં ભેળાઇ જાય છે અને અનુભવ અને જ્ઞાન સહિત પોતપોતાની વૃદ્ધિ અને સંબંધમાં આગળ વધે છે.

એથી ઉલટું હોય યાને સામસામી આવી કાર્ય કરતી ગતિયો પોતપોતાની યોગ્યતા બરાબર ધરાવતી નહિ હોય, હું અને તું એવા બે પ્રકાર હોવા છતાં એકજ હેતુથી કાર્ય નહિ કરતી હોય તો, હોય તે કાર્યનો પણ વિનાશ કરી, વિના અનુભવ અને વિના

જ્ઞાને પોતપોતાની વૃદ્ધિ અને સંબંધમાં પાછળ હઠે છે. અને કહેવત મુજબ "લોભી ગુરૂ લાળચુ ચેલા, દોનો નર્કમે ઠેલમઠેલા." એ પ્રમાણે દરેક બાબત વિશે સમજવું.

નોંધ—વર, કન્યાને પરણાવતી વખતે પ્રથમ સામસામી બેસાડી, તેઓ દરમ્યાન હારજીતનું પાસું અજમાવવામાં આવે છે. પ્રથમ સામસામી બેસાડવું એ ઉપર પ્રમાણેની સામસામી આવી કુદરતની કાર્ય કરતી ગતિયોનું અનુમોદન છે. હારજીત એ કુદરતની સામસામી આવેલી ગતિયોની યોગ્યતાની કસોટી છે. સામસામી બેસાડવું એનો હેતુ એવો હોય છે કે, સ્ત્રી અને પુરૂષ તરીકે તો દેખાવો છો અને રહેશો—પરંતુ વચ્ચે ધરેલા "આડા અંતર" યાને બાતેન પ્રકારે તો ગુરૂ—ચેલા, શિક્ષક શિષ્ય વગેરે ઉપર લખેલી અને બીજી અનેક પ્રકારની વિગત પ્રમાણે અનુભવ અને જ્ઞાનની વૃદ્ધિ, બે છતાં એકજ કાર્યનો હેતુ, સંગીન નવાં કાર્યનું હાર પાડવું વગેરે દર્શાવવાનું હોય છે. એમાં ઉપર જણાવ્યા પ્રમાણે સમાન યોગ્યતા નહિ હોય તો, એકજ હેતુ નહિ હોય તો—દરેક કાર્યનો વિનાશ થઇ, અનુભવ અને વિના જ્ઞાને પોતપોતાની વૃદ્ધિ અને સંબંધમાં પાછળ હઠવું પડે છે. એ સામસામી થયા બાદ પુરૂષની ડાબી બાજુએ જગ્યા આપવી એ મેષ રાશીની વરખ રાશી સ્ત્રી, આગળ જોઈ ગયા એ મુજબ જાહેર કરે છે.

સામસામી રાશીઓનું કામ સમાનતાએ હોય તો બહુ ઉત્તમ હોય છે. ચઢ ઉતર હોય તો જે પાસું બળવાન્ હોય તે પરિણામ જાહેર થાય છે પણ મૂળ હેતુથી ઉલટું હોય છે.

વાંચકે, જેમ જન્મ કુંડળી કાઢવામાં આવે છે તેમ પ્રથમ મેષ રાશીથી મીન સુધી બારે રાશીને ગોળાકારમાં માંડી મેષથી કન્યા સુધી પૂર્વ અને તોલાથી મીન સુધી પશ્ચિમ એવી રીતે અનૂમાન ગોઠવવું.

રાશીઓનાં પોઝીટિવ, નેગેટિવ પ્રકાર અને કાર્ય.

અભ્યાસી જોઇ શકશે કે, એ સામસામી રાશીઓમાં એકી રાશી, જે પોઝીટિવ છે અને ચલાવનારી હોય છે તેમજ જે નર રાશી તરીકે કહેવાય છે; એ દરેકની સામે તેવીજ એકી રાશી, જે પોઝીટિવ છે અને ચલાવનારી હોય છે, તેમજ નર રાશી તરીકે કહેવાય છે તે આવેલી હોય છે. તેમજ બેકી રાશી, જે નેગેટિવ છે અને ચાલનારી હોય છે, તેમજ જે નારી રાશી કહેવાય છે; એ દરેકની સામે તેવીજ નારી જાતિ તરીકે ઓળખાતી તેજ પ્રકારની રાશીઓ આવેલી હોય છે. માત્ર તેઓના તત્ત્વ જુદા છે. ઉદાહરણ તરીકે:-(૧) મેષ જે નર જાતિ, પોઝીટિવ, ચલાવનારી વગેરે રાશી છે જ્યારે તેની સામે (૭) તોલા પણ નર જાતિ, પોઝીટિવ, ચલાવનારી વગેરે રાશી છે. માત્ર એઓના તત્ત્વમાં ફેર છે. પહેલી (મેષ) જ્યારે આતશી છે ત્યારે તેની સામેની (૭) તોલા હવાઈ છે. એ પ્રમાણે દરેક નર રાશીઓ આતશી અને હવાઇ સામસામી છે.

હવે બેકી રાશી, જે નેગેટિવ છે અને ચાલનારી હોય છે; તેના ઉદાહરણ તરીકે:-(૨) વરખ રાશીની સામે (૮) વૃશ્ચિક રાશી છે. એ બંનેના તત્ત્વમાં ફેર છે. એક જ્યારે ખાકી તત્ત્વ દર્શાવે છે ત્યારે બીજી પાણીનો તત્ત્વ દેખાડે છે.

સારાંશ કે, આતશી પોઝીટિવ રાશી તે આત્માની, હવાઇ પોઝીટિવ રાશી તે મનસની, પાણીની નેગેટિવ રાશી તે સૂક્ષ્મ શરીરની અને ખાકી નેગેટિવ રાશી તે સ્થૂલ શરીરની.

મેષ, સિંહ અને ધન એ ત્રણ આતશી પોઝીટિવ રાશીની અનૂક્રમે વૃશ્ચિક, કર્ક અને મીન પાણીની રાશીઓ નેગેટિવ છે. તોલા, કુંભ અને મિથુન એ ત્રણ હવાઈ પોઝીટિવ રાશીઓની અનૂક્રમે વરખ, મકર અને કન્યા ખાકી રાશીઓ નેગેટિવ છે.

હેઠલા કોઠા ઉપરથી બરાબર જોઈ શકાશે:—

આતશી.	પાણીની.	હવાઇ.	ખાકી.
પોઝીટિવ.	નેગેટિવ.	પોઝીટિવ.	નેગેટિવ.
(૧) મેષની	—(૮) વૃશ્ચિક.	(૭) તોલાની	—(૨) વરખ.
(૫) સિંહની	—(૪) કર્ક.	(૧૧) કુંભની	–(૧૦) મકર.
(૯) ધનની	–(૧૨) મીન.	(૩) મિથુનની	–(૬) કન્યા.

આગળ આપણે જોઇ ગયા છીએ તેમ, નર જાતિની રાશીથી આઠમી રહેલી નારી જાતિની સગાઇ નર અને નારી જાતિનાં જોડાણ છતાં એક સગાં ભાઈબેહેન તરીકેની હોવાથી તેઓ કુદરતનાં કાર્યમાં પરસ્પર ઉદ્ધાર તરીકે કાર્ય કરી શકતાં નથી; તેથી તેઓનું અનુસંધાન નિર્બળ ગણેલું છે. મેષ રાશીથી આઠમી રાશી વૃશ્ચિક છે. હવે મેષ રાશીને વૃશ્ચિક રાશી જોડે અનુસંધાન કરવું હોય તો એ સીધી રીતે કરી શકે નહિ. (દુન્યાનાં વ્યવહારમાં પણ એક સગાં ભાઇબેહેનનું સીધું અનુસંધાન હોતુ નથી.) ત્યારે એ મેષ રાશી પોતાનો આતશી અંશ પોતાના સામેની તોલા રાશીના હવાઇ અંશમાં આમેજ કરે છે. હવે એ તોલા રાશી પોતાના હવાઈ અંશ જોડે મલેલા મેષ રાશીના આતશી અંશ સહિત, (આગળ પશ્ચિમનાં પતિ પત્નિનાં અનુસંધાનનાં દ્રષ્ટાંતમાં જોઈ ગયા તેમ) પોતાની જમની બાજુની નારી જાતિ વૃશ્ચિક રાશી જોડે ધણી ધણીઆણી તરીકે સગાઈ સાંધે છે.

ઉપલીજ રીત પ્રમાણે તોલા રાશી પણ પોતાનો હવાઈ અંશ પોતાની સામેની મેષ રાશીના આતશી અંશ જોડે આમેજ કરે છે. હવે એ મેષ રાશી પોતાના આતશી અંશ જોડે મલેલા તોલા રાશીના હવાઇ અંશ સહિત, (આગળ પૂર્વનાં પતિ પત્નિનાં અનુસંધાનનાં દ્રષ્ટાંતમાં જોઇ ગયા તેમ) પોતાની ડાબી બાજુની વરખ નારી જાતિ સાથે ધણી ધણીઆણી તરીકે સગાઇ સાંધે છે. (દુન્યાના વ્યવહારમાં જોઇયે છે તેમ એકની પુત્રી અથવા બેહેન,

અને બીજાનો પુત્ર અથવા ભાઈનું જેમ નર અને નારી જાતિનું અનુસંધાન થાય છે તેમ આ પણ છે.)

ઉપર પ્રમાણે મેષ અને તોલાનું અનૂક્રમે વરખ અને વૃશ્ચિક રાશી જોડે અનુસંધાન થયા બાદ અગાઉ સામસામી રાશીઓની સગાઈ અને કાર્ય જોઈ ગયા તે મુજબ, વરખ અને વૃશ્ચિક એ બંને સામસામી આવેલી રાશીઓ, નેગેટિવ, નારી જાતિ એવાજ એકજ પ્રકારની હોવા છતાં પણ, ઉપર જોઈ ગયા તે મુજબ પોતાનામાં શમાવેલા અનૂક્રમે પોઝીટિવ મેષ અને તોલા નર જાતિના ભેગા અંશથી, પોતપોતે સામસામી આપ લે કરી શકે છે.

મેષ રાશી એ આત્મિક ભૂવન અને પૂર્વ દિશાની છે. તોલા રાંશી એ માનસિક ભૂવન અને પશ્ચિમની છે. વરખ રાશી એ સ્થૂલ ભૂવન અને દક્ષિણ દિશાની છે. અને વૃશ્ચિક રાશી એ કામ (કર્મ) ભૂવન અને ઉત્તર દિશાની છે એ મુજબ ચારે ભૂવન અને ચારે દિશાનું અનુસંધાન ચાલુ રહે છે.

ઉપર પ્રમાણે આતશી ચર, હવાઇ ચર જોડે મલી પાણીમાં સ્થિર થાય છે; જયારે હવાઇ ચર, આતશી ચર જોડે મલીને ખાકમાં સ્થિર થાય છે. બાદ ખાક અને પાણી પરસ્પર સામસામી મલીને પરસ્પર ભેલાઇને દોહન (કાર્ય) કરતાં રહે છે. જેમ શરીર હાંડમાંસ (વરખ) અને લોહી (વશ્ચિક), જીવ પ્રાણુતત્ત્વ (મેષ), અને દમ શ્વાસ (તોલા). એ પ્રમાણે આતશી અને હવાઇ ચર (મુખ્ય) રાશી પોતાની પાણી અને ખાકી સ્થિર રાશી જોડે ભેલાઇને કાર્ય કરી શકે છે.

ટીકા—ઉપલું જોડાણ, ઉપરથી હેઠે ઉતરનારૂં છે; કેમકે તે મુખ્ય મેષ અને તોલા, આતશી અને હવાઇ અંશ પોતે પાણી અને ખાકમાં આમેજ થાય છે. એ મિનોઇ તરફથી ગેતિ દુન્યા જોડેનું જોડાણ છે.

હવે પાણી અને ખાકની મુખ્ય (ચર) રાશીઓનું કાર્ય અને

પરસ્પર ભેલાવાનું તપાસીશું.

મકર રાશી પોતાનો ખાકી અંશ સામેની કર્ક રાશીનાં પાણીના અંશમાં આમેજ કરે છે. હવે એ કર્ક રાશી પોતાનામાં શમાયલા મકર રાશીના ખાકી અંશ સહિત; પોતાની પાસેની દ્રઢ નર જાતિની જે સિંહ રાશી તેના આતશી અંશને પોતાનામાં આમેજ કરે છે. એવી રીતે કર્ક રાશી પોતે ચર, નારી જાતિ અને નેગેટિવ હોવા છતાં પોતાનામાં આમેજ કરેલા સ્થિર, નર જાતિ અને પોઝીટિવ આતશી અંશથી પોતે 'કાર્ય' કરવાને શકિતમાન થાય છે.

એજ પ્રમાણે કર્ક રાશી પોતાનો પાણીનો અંશ સામેની મકર રાશીના ખાકી અંશમાં આમેજ કરે છે. હવે એ મકર રાશી પોતાનામાં શમાયલા કર્ક રાશીના પાણીના અંશ સહિત; પોતાની પાસેની દ્રઢ નર જાતિની જે કુંભ રાશી તેના હવાઇ અંશને પોતાનામાં આમેજ કરે છે. એવી રીતે પોતે ચર, નારી જાતિ અને નેગેટિવ હોવા છતાં પોતામાં આમેજ કરેલા સ્થિર, નર જાતિ અને પોઝીટિવ હવાઇ અંશથી પોતે કાર્ય કરવાને શકિતમાન થાય છે.

અગાઉ સગાઈ જોઇ ગયા તેમ આ જોડાણ અને અનુસંધાન મા બેટા તરીકેનું વાંચકને માલુમ પડી આવશે. મેષ અને તોલા રાશી જ્યારે પોતાના આતશી અને હવાઇ અંશ પરસ્પર આમેજ કરીને, વૃશ્ચિક અને વરખ રાશીનાં પાણી અને ખાકના અંશ જોડે અનુસંધાન જોડી તેઓ મારફતે કાર્ય કરાવે છે; જ્યારે મકર અને કર્ક રાશી પોતાના ખાકી અને પાણીના અંશને પરસ્પર આમેજ કરીને, કુંભ અને સિંહ રાશીના હવાઈ અને આતશી અંશને પોતાનાંમાં શમાવીને પોતેજ કાર્ય કરે છે.

એ જોડાણ દ્રશ્યને અદ્રશ્ય કરનારૂં હોવાથી ગેતિ તરફથી મિનોઇનું હોય છે.

ઉપર પ્રમાણેનાં ચર અને સ્થિર રાશીનાં દ્રશ્ય અને અદ્રશ્ય,

ગેતિ અને મિનોઇનાં જોડાણને, દ્વિસ્વભાવ રાશીઓ તેઓનાં અનુસંધાન કરી આપી તેઓને પરસ્પર તેવીજ ચલાયમાન ગતિમાં રાખે છે.

રાશીઓનું પ્રમાણ અને બળ.

જેવી બાબત અને જે વસ્તુ માટે રાશીઓનું પ્રમાણ ગોઠવવું હોય તે બુદ્ધિનૂસાર, વખતાનૂસાર ગોઠવવું. રાશીના પ્રકાર પ્રથમ લક્ષમાં રાખવા. જેમકે, ચર, સ્થિર અને દ્વિસ્વભાવ—અથવા તો અદ્રઢ, દ્રઢ અને દ્રઢાદ્રઢ. એ વિશે અગાઉ અનેક પ્રકારે સમજ જોઇ ગયા છીએ. હુવે મુખ્યરીતે કયા તત્ત્વ ધરાવનારી રાશી છે તે તપાસવી. જેમકે અગ્નિ, હુવા, પાણી અને ખાકી તત્ત્વ ધરાવતી રાશીઓ.

ઉદાહુરણ તરીકે બરફ લઇયે. બરફ એ મુખ્ય પાણી તત્ત્વ આપણને બતાવે છે, તો એને પાણી તત્ત્વ ધરાવનારી અનૂક્રમે કર્ક, વૃશ્ચિક અને મીન રાશી લાગુ પાડયે. એ ત્રણમાં વૃશ્ચિક રાશી સ્થિર હોવાથી બરફ એ વૃશ્ચિક રાશી એમ અનુમાન કર્યે, તો મીન રાશી એ પાણી, જે કાંઇક સ્થિર અને કાંઇક અસ્થિર એવી રીતે ઉપલાંનાં પ્રમાણમાં માલુમ પડશે. જયારે પાણીની વરાળ એ કર્ક રાશી તરીકે જણાશે જે ઉપલાં બંનેનાં પ્રમાણમાં તદન અસ્થિર માલુમ પડશે. વળી તેઓ જડ, જડ—સૂક્ષ્મ અને સૂક્ષ્મ એમ ત્રણ પ્રકાર પણ રજુ કરશે.

પૃથ્વિનાં પાણીને એ રાશીઓ લાગુ પાડી જોઇશું તો જણાશે કે, વૃશ્ચિક રાશી એ તળાવ, સરોવર, કુવા, ટાંકા વગેરે સ્થિર પાણી તરીકે માલુમ પડશે. મીન રાશી એ નદી, નાલાં, ઝરા, નેહેર વગેરેને લાગુ પાડી શકાશે જયારે કર્ક રાશી એ સમૂદ્ર, મહાસાગર એવાંને લાગુ પાડી શકાશે. પ્રથમ જયારે સ્થિર તત્ત્વ બતાવે છે, બીજું તેનાં પ્રમાણમાં કાંઇક સ્થિર અને અસ્થિર

એવા બંને પ્રકાર રજુ કરે છે. જ્યારે ત્રીજું તેનાં પ્રમાણમાં તદન અસ્થિર પ્રકાર રજુ કરે છે. વળી તેઓ ચઢ ઉતર પ્રમાણુ પણ દર્શાવશે. વૃશ્ચિક કરતાં મીન અને મીન કરતાં કર્ક, તળાવ કરતાં નદી મોટી અને નદી કરતાં સંમૂદ્ર મોટો.

ઉપરનાં ઉદાહરણ મુજબ દરેક રાશી દરેક બાબતને લાગુ પાડવી. પ્રથમ દરેક તત્ત્વ ધરાવનારી દ્રઢ, જડ રાશીથી તેનું અનૂમાન એંચવાની શરૂઆત કરવી. અને જ્યાંથી શરૂઆત કરી હોય ત્યાંથી સૂક્ષ્મ, વધુ બળવાન, વધુ પ્રમાણમાં તેને લાગુ પાડતાં જવું. દાખલા તરીકે, કુંભ રાશી લીધી. એ રાશી હવા વાયુની છે. એની ખાસ્યત દ્રઢ છે. ઘેરાયલી હવા તરીકે એની શરૂઆત કરી તો, મિથુન દ્વિસ્વભાવ રાશી વહેતી હવા તરીકે લેખાશે જ્યારે તોલા ચર રાશી સઘળે ચલાયમાન પ્રસરેલી હવા તરીકે માલુમ પડશે. કુંભ એ હવાના તળાવ તરીકે, મિથુન એ હવાની નદી તરીકે જ્યારે તોલા એ હવાના સમૂદ્ર તરીકે રજુ થશે. સારાંશ કે, દરેક હવાઈ વાયુના બાબતમાં જ્યાંથી શરૂ થયું હોય ત્યાંથી ચઢોત્તર પ્રમાણ દરેક બાબતમાં રજુ કરશે.

એજ પ્રમાણે આતશ અને ખાકની દ્રઢ રાશીથી લઇને તેનું પ્રમાણ પણ ચઢોત્તર લાગુ પાડવું.

જાણવું જોઇયે કે, કુદરતની દરેક પયદાયશમાં એ બારે રાશી પરસ્પર ભેળાઇનેજ કાર્ય કરતી હોવાથી દરેક પયદાયશમાં વધુ કે ઓછાં પ્રમાણમાં દરેક રાશીનો અંશ તો હોય છેજ—પછી તે નક્કર, પ્રવાહિ, વાયુ કે ઇથર રૂપી જાહેર કે બાતેન, દ્રશ્ય કે અદ્રશ્ય ગમે તે હોય. તેઓનાં પરસ્પર અનુસંધાન તો હોય છેજ.

જેમ જુદા જુદા તત્ત્વ ધરાવતી રાશીઓમાં પોતપોતાનાં અનૂક્રમે ચઢોત્તર, જડ, જડ—સૂક્ષ્મ અને સૂક્ષ્મ; સ્થિર, દ્વિસ્વભાવ અને ચર; બળવાન, વધુ બળવાન અને અતિ બળવાન વગેરે પ્રમાણ જોઈ ગયા છે તેમ ખુદ એક રાશીઓની ત્રગડીથી બીજી

રાશીની ત્રગડી પણ બળવાન સમજી લેવી.

સ્થિર કરતાં દ્વિસ્વભાવ અને દ્વિસ્વભાવ કરતાં ચર બળવાન સમજવી.

ખાકી રાશી કરતાં પાણીની વધુ બળવાન, પાણી કરતાં હવાની વધુ બળવાન અને હવા કરતાં આતશની વધું બળવાન સમજવી.

ઉપલા નિયમ પ્રમાણે ચાર ચર રાશીઓ સ્થિર અને દ્વિસ્વભાવ કરતાં વધુ બળવાન છે.

એનું બળ તપાસીશું તો જણાશે કે, મકર કરતાં કર્ક બળાવાન, કર્ક કરતાં તોલા બળવાન અને તોલા કરતાં મેષ બળવાન છે.

એજ નિયમ દ્વિસ્વભાવ અને સ્થિર રાશીને પણ લાગુ પડશે.

કોઈ પણ નક્કર સ્થિર વસ્તુને ખાકી સ્થિર રાશી વરખ લાગુ પાડી શકાશે. તેની જોડે કાંઈ પણ પ્રવાહિ જેવું હોય તો વરખ જોડે વૃશ્ચિક શામેલ થશે. તે બંને જોડે કાંઇ વાયુ જેવો મિશ્રિત હશે તો કુંભ રાશી અને અગ્નિ તત્ત્વ જેવું સાથે હશે તો સિંહ રાશી શામેલ થશે.

એ વસ્તુને કાંઇપણ ગતિ જેવું જણાયું કે, તેને ચારે ચર રાશીઓ લાગુ પડશે—અને તે ગતિને ચલાયમાન કરી આપનાર અને ચાલુ રાખનાર તરીકે ચારે દ્વિસ્વભાવ રાશીઓને શામેલ કરી શકાશે.

દાખલા તરીકે, એક એન્જીનને એ સઘળી રાશીઓ લાગુ પાડી જોઇયે. સઘળી નક્કર વસ્તુઓ વરખ રાશી તરીકે ગણાશે. માંહેનું પાણી વૃશ્ચિક રાશી, માંહે શમાયલી હવા કુંભ રાશી અને કોલસા સળગેલા એ સિંહ રાશી તરીકે ગણાશે.

ઉપલાંમાં શમાયલા મૂળ તત્ત્વ પ્રગટયા યાને પરસ્પર ગતમાં આવ્યા (અસ્થિર થયા) એ ચર રાશી. અને ઉપર પ્રમાણે મૂળ તત્ત્વને પ્રગટ કરનાર, પરસ્પર ગતિમાં લાવનાર, અસ્થિર બનાવનાર

અને તેજ પ્રમાણે તેનું અનુસંધાન રાખનાર દ્વિસ્વભાવ રાશી લાગુ પાડી શકાય છે.

દરેક સ્થિર રાશી આ દુન્યા (ગેતિ)ને લાગુ પાડવી. દરેક ચર રાશી પેલી દુન્યા (મિનોઇ)ને લાગુ પાડવી. અને દરેક દ્વિસ્વભાવ રાશી બંનેનાં અનુસંધાનને લાગુ પાડવી.

એ પ્રમાણે અને અગાઉ જણાવ્યા પ્રમાણે રાશીઓનાં મૂળ તત્ત્વ, પ્રકાર, રંગ, પ્રમાણ, ભૂવન, બળાબળ, ગુણદોષ વગેરે સર્વે બાબત લક્ષમાં રાખી તેનો અભ્યાસ પ્રસંગાનૂસાર યથાયોગ્ય વધારતા રહેવું જેથી કોઇપણ બાબત અને કોઈપણ વસ્તુનો તત્ત્વાર્થ ઉકળાવવાને કઠિનતા જેવું માલુમ પડશે નહિ.

વળી ચર અને સ્થિર રાશીઓ ગુરૂત્વાકર્ષણના નિયમ મુજબ ઉપર અને હેઠે કાર્ય કરે છે, જેઓનાં કાર્યને દ્વિસ્વભાવ રાશીઓ અનુસંધાન ચાલુ કરી ગતિમાં રાખે છે.

મનુષ્યનું બંધારણ અને રાશીઓ.

આદમકુ ખુદા મત કહો, આદમ ખુદા નહિ;
લેકિન ખુદાકે નૂરસે, આદમ જુદા નહિ.

મનુષ્ય પોતેજ કુદરતનો નકશો છે. મનુષ્ય અને જગતનું બંધારણ સમાન છે. સૃષ્ટિના સઘળા જડ અને ચૈતન્ય પરમાણુઓ મનુષ્ય ધરાવે છે. મનુષ્ય અને ઇશ્વરમાં જુદાપણું જેવું હોતુ નથી. જેમ અગાઉ આપણે એક વસ્તુના બે પ્રકાર (રાશીઓના અભ્યાસમાં) જોઇ ગયા તેમ, ઇશ્વર અને મનુષ્ય એ પણ એકજ વસ્તુના બે પ્રકાર જેવું હોય છે. આદમ ખુદા નથી પરંતુ ખુદાના નૂરથી આદમ જુદો નથી. સારાંશ કે, ખુદાનું નૂર એ આદમ છે. ખુદા એ પોઝીટિવ લઇયે તો નૂર એ નેગેટિવ હોય છે. અને નૂર એ પોઝીટિવ લઇયે તો ખુદા એ નેગેટિવ હોય છે. એજ મુજબ ઇશ્વર અને મનુષ્ય હોય છે. મનુષ્ય પોઝીટિવ બને

તો ઇશ્વર નેગેટિવ હોય છે અને ઇશ્વર પોઝીટિવ બને તો મનુષ્ય નેગેટિવ હોય છે. મતળબ કે, આપ લેનાં નિયમ મુજબ ભેળાઇને કુદરતમાં કાર્ય કરતી એ મહાન ગતિયો ઇશ્વર અને મનુષ્ય તરીકે ઓળખાય છે.

મનુષ્યનાં બંધારણમાં આપણે મુખ્ય ત્રણ ગતિયો જોઇશું. પ્રથમ "વિચાર શકિત", બીજી "ઇચ્છા શકિત" અને ત્રીજી "કાર્ય શકિત." એ વિશે દરેક ધર્મમાં યથાયોગ્ય દર્શાવવામાં આવેલું છે.

તમામ ચર રાશીઓ એ મનુષ્ય બંધારણ જોડે વિચાર શકિતનું કાર્ય કરે છે. દ્વિસ્વભાવ એ ઇચ્છા શકિત અને સ્થિર રાશી એ કાર્ય શકિતનું કાર્ય કરે છે.

વિચાર.	ઇચ્છા.	કાર્ય.
(૧) મેષ.	(૯) ધન.	(૫) સિંહ.
(૭) તોલા.	(૩) મિથુન.	(૧૧) કુંભ.
(૪) કર્ક.	(૧૨) મીન.	(૮) વૃશ્ચિક.
(૧૦) મકર.	(૬) કન્યા	(૨) વરખ.

ઉપલા કોઠામાં નિગાહ કરતાં માલુમ પડશે કે, વિચાર શકિતમાં આતશ, હવા, પાણી અને ખાક એ ચારે તત્ત્વ ધરાવતી રાશીઓ છે. ઇચ્છા અને કાર્યમાં પણ એજ પ્રમાણે છે. એનું ચઢોત્તર પ્રમાણ વગેરે દરેક બાબત અગાઉ જણાવેલા અભ્યાસ પ્રમાણે ગોઠવી લેવું.

પ્રથમ કયા ભૂવનની કઇ રાશીઓ છે, અને તે ભૂવનોનાં કયાં અને કેવાં કાર્યો હોય છે તેનો અનૂમાન ખેંચવો. ઉદાહરણ તરીકે:-(૧) મેષ (વિચાર), (૯) ધન (ઇચ્છા) અને (૫) સિંહ (કાર્ય) એ આતશી તત્ત્વ ધરાવનારી આત્મિક ભૂવનની રાશીઓ છે. હવે આત્મિક ભૂવનને લગતાં વિચાર, ઇચ્છા અને કાર્ય કેવાં હોય છે તેની કલ્પના કરી લેવી.

એક મનુષ્યને એવો વિચાર આવ્યો કે, મારે પરમેશ્વરની ભક્તિ (બંદગી)માં બેસવું છે. માત્ર એકલોજ એવો વિચાર આપણે જોઇશું તો બીજી દરેક વાતથી નિરાળો હોવાથી માત્ર "મેષ" ચર રાશીનોજ છે. એ વિચાર જોડે તે પ્રમાણે તેણે તે વિચારને અમળમાં મેલવાની ગતિ શરૂ કરી યાને તે માટેની તૈયારી કરી જે સ્થળે જવું હોય ત્યાં ચાલુ મેલ્યું, અથવા કોઇપણ પ્રકારે તે વિચારને ઇચ્છામાં ફેરવ્યો યાને શરીરને તે પ્રમાણે ચતન્ય આપ્યું એ "ધન" દ્વિસ્વભાવ રાશી છે જેમાં બંને પ્રકાર શમાયલા છે. હવે બંદગી કરવાની શરૂ કરી યાને કાર્ય આરંભ્યું એ "સિંહ" દ્રઢ રાશી છે. હવે જેટલો વખત બંદગી ચાલુ રહી તેટલો વખત ધન રાશીનું કાર્ય જેમ બંને વિચાર અને કાર્યને જોડાણ તરીકે હતું તેમ તેને તેવી ગતિમાં ચાલુ રાખવાનું પણ હતું. ઉપલું માત્ર આત્મિક ભૂવનનું કાર્ય થયું.

હવે કોઇ મનુષ્યને એવો વિચાર આવ્યો કે, મને ફરજંદ નથી તે મેળવવા માટે મારે પરમેશ્વરની ભકિત કરવી. અથવા મને પૈસા મળે કે એવાજ પ્રકારના કોઈ હેતુથી બંદગી કરવાનો વિચાર આવ્યો. એ વખતે આપણે કલ્પના કરી લેવી કે, એ વિચાર મકર રાશીનો છે કેમકે, આત્મિક ભૂવન ઉપર કાર્ય કરી પોતાનાં આત્મિક બળના વધારાનાં ફળનાં બદલામાં, માત્ર જડ સ્થૂલ ખાકી ભૂવન ઉપરજ તેનું બળ સંકોચાવી રાખવામાં આવેલું છે. પરમેશ્વરની ભકિત કરવી એ વિચાર, ઇચ્છા અને કાર્ય ખરી રીતે તો મેષ, ધન અને સિંહ એ રાશીનું આત્મિક ભૂવનનું છે; અને એક મનુષ્યનું તેવું કાર્ય જોનાર બીજા મનુષ્યને તે તેમજ ભાસ છે.આપે પરંતુ અગાઉ જોઇ ગયા તેમ તે અમુક ભૂવનનાં પ્રમાણુમાં સંકોચાયલી હદમાં હોવાથી તે તે ભૂવન સુધી પહોંચી શકતું નથી અથવા તો તેનું બળ મેળવી શકતું નથી. જેમ પીતળ ઉપર સોનાંનો રંગ ચઢાવ્યો હોય (ગિલ્ટ કર્યું હોય) તેવું બની જાય છે. જેમ એક શેઠની નોકરે સેવા કરી અને તેના બદલામાં શેઠે

અમુક રકમ આપી કે, બંનેનું અનુસંધાન ખલાશ થઇ ગયું તેવી તે બંદગી થઇ પડે છે. ચાહેલું ફરજંદ અથવા પૈસા મળ્યા; અથવા કામ પાર પડયું કે, તે બંદગીનું અનુસંધાન ખલાશ થઈ જાય છે. જે છેવટે એજ સ્થૂલ ભૂવન ઉપર રહી શકે છે. ટુંકમાં નીચે મુજબ એની સમજ વધુ ખુલ્લી રીતે લઇ શકાશેઃ–

કોઇ પણ બાબતનાં અંતરભેદ, જાતિભેદ, જ્ઞાતિભેદ વગરના, નિખાલશ, નિર્મળ, **સ્વાર્થ રહિત,** ઉદાર, વિશાળ વિચાર, ઇચ્છા અને કાર્ય તે મેષ, ધન અને સિંહ આતશી રાશીનાં આત્મિક ભૂવનનાં હોય છે. સાધારણ પ્રકારે જે વિચાર, ઇચ્છા અને કાર્યને આપણે ફરેસ્તાઇ ખસ્લતનાં તરીકે ઓળખ્યે છીએ.

ઉપર પ્રમાણે નિર્મળ, વિશાળ, ઉદાર વગેરે દરેક પ્રકારનાં, પરંતુ સ્વાર્થ રહિતને બદલે **સ્વાર્થ સહિત** જે વિચાર, ઇચ્છા અને કાર્ય તે તોલા, મિથુન અને કુંભ હવાઇ રાશીનાં માનસિક ભૂવનનાં હોય છે. સાધારણ પ્રકારે જે વિચાર, ઇચ્છા અને કાર્યને આપણે માનસાઇ ખસ્લતનાં તરીકે ઓળખ્યે છીએ. ઉદાહરણ તરીકેઃ–જેમાં બીજા જોડે પોતાનો પણ લાભ અથવા બદલો શામાયલો હોય એવાં વિચાર, ઇચ્છા અને કાર્ય.

પ્રથમ આતશી રાશીનું દર્શાવ્યું તેજ મુજબ **સ્વાર્થ રહિત;** પરંતુ ઉદાર, વિશાળ, અંતરભેદ, જાતિભેદ, જ્ઞાતિભેદ વગરનાને બદલે, એવા **ભેદ સહિત સંકોચાયલી** હાલતના વિચાર, ઇચ્છા અને કાર્ય એ કર્ક, વૃશ્ચિક અને મીન પાણીની રાશીનાં કામ (કર્મ) ભૂવનનાં હોય છે. સાધારણ પ્રકારે જોતાં એ કુટુંબી અથવા આસપાસનાંનુ બંધનકારક દર્શાવનારૂં હોય છે. ઉદાહરણ તરીકેઃ– એક માનસ એવું દર્શાવે કે, હું મારા માટે કશું ચાહતો નથી પરંતુ મારાં નાહનાં મોટાં, આસપાસનાં અનેક ખાનારાં પડેલાં છે તેની તરફ તો મારે જોવું જોઇયે કેની! વગેરે. સારાંશ કે, બે

માનસ ભુખ્યા હોય તો પોતાનાને પ્રથમ ખવરાવવું. પોતાને માટે નહિ પરંતુ સગાં સ્નેહિઓ માટે માત્ર શારીરિક લાગણીથી જે વિચાર, ઇચ્છા અને કાર્યનું આકર્ષણ થતું રહેવું એ એ રાશીનું હોય છે. સાધારણ પ્રકારે એ જાનવરી ખસ્લત તરીકે ઓળખાય છે. એ રાશીઓમાં જાનવરી ખસ્લત હોવા છતાં પણ આતશો રાશીનો જે મૂળ અંશ **સ્વાર્થ રહિત**ની જોડે એનું ભાઇ બેહેન, બાપ બેટી, મા બેટો એવું નાતું હોવાથી, (મેષ અને વૃશ્ચિક, ધન અને મીન, સિંહ અને કર્કની જુવો સગાઇ) જયારે તેઓ સંકોચાયલી હાલતના વિચાર, અંતરભેદ, જાતિભેદ, વગરની થાય છે ત્યારે આત્મિક ભૂવનનું કાર્ય કરી શકે છે. જેમકે એક મનુષ્ય કુટુંબનું ભલું ચાહી પાળન કરતાં મોહલ્લો, ગામ, શેહેર કે દેશનું ભલુ ચાહી પાળન કરનારો થઇ પડે છે. એક જાનવર પોતાનાં બચ્ચાંને પાસે લઇ બીજાંનાં બચ્ચાંને લાત મારી કાઢી મેલે છે. એક માતા પોતાના બાળકને ગોદમાં ચાંપી બીજાંનાંને હડસેલી દે છે. એક પિતા પોતાનાં બાળક માટે, તેવાજ એક બીજાં બાળકના પિતાના હાથમાંથી, કહો કે એક બાળકને માટે તેવાજ એક બાળકના મોઢાંમાંથી ઝુંટવી લાવી ખવરાવે છે–કુદરતની નઝરે (આત્મિક અને માનસિક ખસ્લતે જોતાં તો) બંને બાળક સમાન છે. પરંતુ એમ થવાનું કારણ, એક ચીઝ સ્વાર્થરહિત યાને પિતાએ નહિ ખાધેલું અથવા પોતાને માટેનો તેવો વિચાર નહિ હોવા છતાં, સ્વાર્થ રહિત ચીઝ સંકોચાયલી હાલતમાં હોવાથી–અને તેમ થવાથી અંતરભેદ, જાતિભેદ વગેરે પ્રબળ થવાથી–તેવું કાર્ય બનતું રહે છે. સારાંશ કે, એ કામભૂવન એ આત્મિક (પોઝીટિવ) ભૂવનનું નેગેટિવ ભૂવન છે.

મકર, કન્યા અને વરખ રાશીના વિચાર, ઇચ્છા અને કાર્ય એવાં હોય છે કે, જેમાં હવાઇ (માનસિક) રાશીમાં દર્શાવ્યું તેમ **સ્વાર્થ સહિત** અને તે જોડે સંકોચાયલી હાલતના વિચાર, ઇચ્છા

અને કાર્ય, (જાતિભેદ, જ્ઞાતિભેદ, અંતરભેદ વગરનાને બદલે) એ સઘળા **ભેદ સહિતના** હોય છે. મજકુર રાશી બાકી ભૂવનની હોવાથી સ્થૂલ ભૂવનના એ વિચાર, ઇચ્છા અને કાર્ય હોય છે. સાધારણ પ્રકારે એ દેવની (શયતાનની) ખસલત તરીકે ઓળખાય છે. એમાં **સ્વાર્થ** અને **અંતરભેદ** બંને શમાયલા હોવાથી, કહેવત મુજબ "કમાલ પુત કિસીકે નહિ" એવી હાલત દરેક બાબતમાં હોય છે. જ્યાં હોય ત્યાં પ્રથમ પોતા માટેજ વિચારવું, ઇચ્છવું અને કરવું. સર્વે બાબતમાં અંગત સ્વાર્થ પહેલાં જોવો. સગાં સ્નેહિ, મા બાપ, ભાઇ બહેન, પુત્ર પૌત્રી-ગમે તે હોય પરંતુ અંતરભેદ ધરાવવો-અને સ્વાર્થ પ્રથમ જોવો. એ રાશીઓ માનસિક ભૂવનની તોલા, મિથુન અને કુંભ (પોઝીટિવ) રાશીનું નેગેટિવ (સ્થૂલ) ભૂવન છે. એમાં મૂળ માનસિક ભૂવનની હવાઇ રાશીઓનો "પરમાર્થ જોડે સ્વાર્થ" (બીજાં જોડે પોતાનો પણ લાભ) નો અંશ શમાયલો હોવાથી, જ્યારે પોતાના અંગતભેદ, અંગત સ્વાર્થ આદિ સંકોચાયલી હાલત વિનાની થાય ત્યારે માનસિક ભૂવનનું કાર્ય કરી શકે છે.

મેષ, સિંહ અને ધન એ ફરેસ્તાઈ ખાસ્યત; તોલા, કુંભ મિથુન એ માનસાઇ ખાસ્યત; કર્ક, વૃશ્ચિક અને મીન એ જાનવરી ખાસ્યત અને મકર, વરખ અને કન્યા એ શયતાનની ખાસ્યત દર્શાવે છે.

ઉપલી બાબતમાં પણ ચઢોત્તર અકલાનૂસાર કલ્પિ લેવું. અમુકે માત્ર ફરેસ્તાઈ વિચાર (મેષ રાશી) કર્યો તેમાં કાંઈ વધુ સાર્થક થશે નહિ--અમુકે ફરેસ્તાઇ ઇચ્છા (ધન રાશી) કરી તેમાં તે કરતાં કાંઇક વધુ સાર્થક થશે પરતું તે પણ કાર્યસાધક જોઇયે તેવું હશે નહિ-પરંતુ અમુકે ફરેસ્તાઇ કાર્ય (સિંહ રાશી) આરંભ્યું, કર્યું તો તે વાસ્તવિક અસરકારક થશે. જો કે મૂળ રૂપે વિચાર વિના ઇચ્છા અને ઇચ્છા વિના કાર્ય હોતું નથી. પરંતુ અસર સ્થૂળ ભૂવન ઉપર તો કાર્ય-

નીજ હોય છે. વિચારને ઈચ્છાનુ રૂપ લેવા દેવું અને ઇચ્છાને વ્યવહારૂ રૂપ આપવું એ કાર્ય હોય છે.

માનસિક રાશીનું પણ ઉપલાંજ ધોરણે હોય છે. અમુક માનસાઇ વિચાર કરતાં, અમુક માનસાઇ ઇચ્છા વધુ કાર્યસાધક હશે. પરંતુ અમુક માનસાઇ કાર્ય વાસ્તવિક અસરકારક થશે. ઉપલાં બંને વ્યવહારૂં રૂપમાં આવકારદાયક લેખાશે.

હવે જાનવરી અને શયતાંની ખાયસ્તનું એથી ઉલટું હોય છે. એનું જેટલું (દ્રઢ રાશી) કાર્ય અમળમાં યાને વ્યવહારૂ રૂપ નહિ લે તેટલું સારૂં હોય છે. અમુકે જાનવરી યા શયતાની ખાયસ્તનો વિચાર કર્યો, ઇચ્છા કરી—પરંતુ કાર્ય યાને વ્યવહારૂ રૂપમાં નહિ મેલ્યું તેટલું આવકારદાયક લેખાશે.

ઉપર પ્રમાણે મનુષ્યનું બંધારણ, આતશ, હવા, પાણી અને ખાકના તત્ત્વં સહિત—ફરેસ્તાઇ, માનસાઈ, જાનવરી અને શયતાની ખાયસ્ત રૂપી—વિચાર, ઈચ્છા અને કાર્ય શકિતની સૃજતથી ગુંથાયલુ હોય છે. જે ચીઝ વધુ પ્રબળ તેવાં અંતર અને બાહ્ય મનુષ્યનાં લક્ષણ હોય છે. "લક્ષણ એજ મનુષ્યનું નશીબ હોય છે."

ભૂવનોનું જોડાણ.

અગાઉ જોઇ ગયા તે ચારે ભૂવનોના વખત અને જોડાણ સૃષ્ટિક્રમ મુજબ સામાન્ય રીતે નીચે મુજબ હોય છે.

પ્રાતઃકાળે, બામદાદે ચાર વાગાથી સહવારે દશ વાગા સુધી આત્મિક ભૂવનનો વખત હોય છે. સહવારે દશથી બપોરે ચાર વાગા સુધી સ્થૂલ ભૂવનના વખત હોય છે. ચારથી રાત્રે દશ વાગા સુધી માનસિક ભૂવનનો વખત હોય છે અને રાત્રે દશથી બામદાદે ચાર વાગા સુધી કામ (ગુપ્ત) ભૂવનનો વખત હોય છે. એમ સામાન્ય પ્રકારે દર છ કલાક ચારે ભૂવનમાં વહેંચાઈ જાય છે.

દિવસ પૂર્ણ થઈ રાત્ર પ્રગટવા દરમયાન વચ્ચે જે ઝઝકળુ જેવું હોય છે જેને સાંજ સંધ્યા તરીકે કહેવામાં આવે છે. તેમજ

રાત્ર પુરી થઇ દિવસ પ્રગટવા પહેલાં જે ઝઝકળું જેવું હોય છે તેને બામદાદ પ્રભાત કહેવામાં આવે છે. એ બંને, દિવસ તથા રાત્ર, અને રાત્ર અને દિવસનું જોડાણ (સંધી) દર્શાવે છે.

એજ મુજબ એક ભૂવન પુરૂં થઇ બીજું ભૂવન પ્રગટે છે તે દરમયાનનો દરેક ભૂવનનો આગલો પાછલો એકેક કલાક તેની સંધી (જોડાણ) તરીકે લેખાય છે.

એ હિસાબે જોતાં બામદાદના ત્રણથી પાંચ વાગા સુધીનો વખત કામ (ગુપ્ત) ભૂવન અને આત્મિક ભૂવનનું અનુસંધાન દર્શાવે છે. એ સંધી વેળાએ બંને ભૂવનોના દરવાજા ખુલ્લા રહે છે અને પરસ્પર આપ લેના નિયમ મુજબ પોતાનું કાર્ય ચાલુ રાખે છે.

સહવારે નવથી અગિયાર વાગા સુધી આત્મિક ભૂવનનું સ્થૂળ (ખાકી) ભૂવન જોડે અનુસંધાન ચાલુ રહે છે.

બપોરે ત્રણથી પાંચ વાગા સુધી સ્થૂળ ભૂવનનું માનસિક ભૂવન જોડે સંધાન ચાલુ રહે છે.

રાત્રે નવથી અગિયાર વાગા સુધી માનસિક ભૂવનનું કામ ભૂવન જોડે સંધાન ચાલુ રહે છે.

રાત્રે ત્રણથી પાંચ વાગા સુધી કામ ભૂવનનું આત્મિક ભૂવન જોડે અનુસંધાન રહે છે.

સામાન્ય પ્રકારે એ કુદરતી સંધીનો વખત બીજા વખત કરતાં બહુ પ્રબળ રહે છે—અને જયાં કુદરતી સાધન યોજવું હોય ત્યાં એ વખત અનૂકુળ હોય છે.

દાખલા તરીકે, નવઝોત કરવી, જનોઇ પહેરાવવી યાને આત્મિક ભૂવનને સ્થૂળ ભૂવન જોડે સાંધવું. એ ભૂવનોનો કુદરતી પરસ્પર કાર્ય કરવાનો વખત સહવારે નવથી અગિયાર વાગા સુધીનો માલુમ પડે છે. એ પ્રમાણે ઉપલા દરેક સંધીના વખતમાં

સુવેલાં અને જીવતાંની જુદી જુદી ક્રિયાઓ સાંધવામાં આવે છે. યાને કુદરતી થતાં જોડાણનાં વખતને અનૂસરીને તે વખતે તે મનુષ્યનાં પણ ભૂવનો જોડી આપે છે.

ઉપલો વ્યવહાર સામાન્ય રીતે સૃષ્ટિના વ્યવહારને અનૂસરીને સામાન્ય રીતે હોય છે. પરંતુ ખરી રીતે દરેક મનુષ્યની પોતાની વિચાર, ઇચ્છા અને કાર્ય શકિતને અનૂસરીને—અને પોતાના સૂર્ય ઉદય અને સૂર્ય અસ્તને અનૂસરીને-યાને પોતાના જન્મ અને મરણના વખતને અનૂસરીને; અને તે વખત અને તે પ્રમાણેની દરેક ભૂવનની સંધીને અનૂસરીને જોતાં દરેક મનુષ્ય માટે જુદો જુદો વખત, એ ભૂવનોનાં જોડાણનો મુખ્યકરીને નિર્માણ થયલો હોય છે. એ સઘળું જયોતિષ વિદ્યા સારી પેઠે દર્શાવી શકે છે.

જેવી રીતે ચારે ભૂવનો, ચારે દિશા, ચારે તત્ત્વ, ચારે ખાસ્યત વગેરેનું પરસ્પર અનુસંધાન ચાલુ રહે છે તેમ ચારે યુગ (સત્ય યુગ, ત્રેતા યુગ, દ્વાપર યુગ અને કળિ યુગ)નું પણ પરસ્પર અનુસંધાન ચાલુ રહે છે. જેનો જેવો વિચાર, જેવી ઇચ્છા અને જેવું કાર્ય તેવી તેની સૃજત ગુંથાય છે અને તેવો તેને યુગ ભાસે છે. ખાસ સઘળા યુગો પુરા થઇને કળિ યુગ આવ્યો નથી—અને સત્ય યુગ ચાલી ગયો નથી. ચારે ભૂવનોનો તત્ત્વાર્થ તેજ આ ચારે યુગોનો હોય છે. પૃથ્વિની ચલાયમાન ગતિને લીધે, પૃથ્વિના જુદા જુદા ભાગ ઉપર, જુદી જુદી વેળાએ, એની અસર વધુ ઓછી, અમુક વખત સુધી પ્રગટતી રહે છે.

રાશીઓના દરવાજા.

રંગ, સંગ, બંગ અને ભંગ.

બારે રાશીઓ એ કુદરતના ભિન્નભિન્ન કાર્ય કરતા દરવાજા હોય છે. જેમ આપણાં શરીરને સાંભળવાના, સુંઘવાના, ખાવાના,

જોવાના વગેરે જાહેર અને ગુપ્ત દરવાજા હોય છે તેમ રાશીઓ પણ પૃથ્વિ અને આકાશ, જડ અને સૂક્ષ્મના દરવાજા હોય છે. એના રંગ પ્રમાણે રૂપનો ભાસ આપે છે અને રૂપ લક્ષણ રજુ કરે છે. અને જેવાં લક્ષણ તેવાં કાર્ય બને છે. જેવો રંગ તેવો સંગ, જેવો સંગ તેવો બંગ અને જેવો બંગ તેવો ભંગ; અને જેવો ભંગ તેવો પાછો રંગ.

સબબે પ્રથમ રંગની ખાસ્યતનો અભ્યાસ બહુ ઉપયોગી હોય છે. રંગનાજ પ્રતાપે સૃષ્ટની પયદાયશો ભિન્નભિન્ન સ્વરૂપો રજુ કરી શકે છે. રંગથીજ પરસ્પર આકર્ષણ હોય છે અને એ આકર્ષણથી તેવો સંગ યાને જોડાણ ઉભું થાય છે. એ સંગથી બંગ યાને પરસ્પર કાર્ય ગોઠવાય છે અને જેવો બંગ તેવો ભંગ યાને તેવું તે જાહેર થાય છે અથવા તેવી રીતે તેનું સેવટ આવે છે. અને જેવી રીતે તેનું જાહેર થવું અથવા સેવટ આવવું બને છે તેવો તેનો વળતો રંગ જામે છે.

જેવો એક સ્ત્રી પુરૂષનો રંગ (રૂપ, લક્ષણ) હોય તેવો તેઓ સંગ (પરસ્પર આકર્ષણ) ઉભો કરે છે. જેવો સંગ તેવો બંગ ગોઠવાય છે. અને જે પ્રમાણે બંગ ગોઠવાયલો હોય તે પ્રમાણે તેનો ભંગ યાને જાહેર થાય છે. અને જે રીતે જે વખતે જાહેર થાય છે તે વખતે તેવો રંગ ગોઠવાય છે. યાને એક બાળક જન્મ લે છે તે વખતે તેનો રંગ ગોઠવાય છે. જેવો રંગ ગોઠવાયો તેવો તેનો ભવિષ્યનો સંગ હોય છે, અને જેવો સંગ તેવો બંગ, અને જેવો બંગ તેવો ભંગ હોય છે. અને સેવટે જેવો ભંગ તેવો વળતો રંગ જામે છે. અને જેવો રંગ જામે છે તેવો તેને સંગ મલે છે. યાને આ દેહનો ભંગ થયા બાદ જુદાજ રંગમાં હોય છે.

એ રંગ, સંગ, બંગ અને ભંગ (આતશ, હવા, પાણી અને ખાકના નિયમ મુજબ) દરેક વિચાર, ઇચ્છા અને કાર્યને, સૃષ્ટિના સઘળા કાનુનોને લાગુ પડે છે.

પૃથ્વિની અહોનિશ ચળાયમાન (સજીવન) ગતિને લીધે, પૃથ્વિ અને આકાશની, નારી અને નર જાતિની રાશીઓનો સામસામી (હેઠે અને ઊપર) રંગ મલે છે-અને તેથી તેઓનું પરસ્પર આકર્ષણ થઈ સંગ બને છે યાને અનુસંધાન થાય છે. પૃથ્વિની ચળાયમાન ગતિને લીધે તેઓનું ઘર્ષણ થતું રહે છે અને તેથી નવીન રૂપે ભંગ (પયદાયશ) થતી રહે છે-અને જેવા પ્રકારની પયદાયશ તેવો તેનો ભંગ નિર્માણ થયલો હોય છે.

અગાઉ જોઈ ગયા તેમ, હવા અને ખાકી તત્ત્વ વાલી નર અને નારી જાતિની છ રાશી તે પૃથ્વિની છે; જયારે આતશ અને પાણીના તત્ત્વવાલી નર અને નારી જાતિની છ રાશી તે આકાશની છે.

અગાઉ સગાઈ જોઈ ગયા તેમ; આકાશની નર જાતિ પાસે પૃથ્વિની નારી જાતિ, અને પૃથ્વિના નર જાતિ પાસે આકાશની નારી જાતિ, એમ પરસ્પરનાં રંગનો સંગ હોવાથી, આકાશ અને પૃથ્વિનું આકર્ષણ અને ઘર્ષણ અહોનિશ ચળાયમાન રહે છે.

સઘળા ચઢોત્તર દરજજા, પ્રકાર વગેરે આપણે અગાઊ અનેક બાબતમાં જોઈ ગયા તેમ, એમાં પણ જુદા જુદા રંગ પ્રમાણે પરસ્પર ચઢોત્તર દરજજાનું આકર્ષણ અને ઘર્ષણ હોય છે-અને તેજ સબબે, જુદા જુદા દેશનાં હવા (પૃથ્વિની નર જાતિ રાશી), પાણી (આકાશની નારી જાતિ રાશી); જમીન (પૃથ્વિની ખાકી નારી જાતિ રાશી) અને જમીનમાં સમાયલો કશ, અગ્નિ તત્વ, જીવનશકિત (આકાશની અગ્નિ તત્વવાળી નર રાશી); એ ચાર પ્રકારનાં પ્રમાણુમાં કુદરતની દરેક પયદાયશ ભિન્નભિન્ન સ્વરૂપ અને ચઢ ઉતર દરજ્જાની માલુમ પડે છે અને તેવા દેશોમાં જઈ વસનારને પણ તેવી અસર મળતી રહે છે.

જેમ એક નર અને નારી જાતિ, પુરૂષ અને સ્ત્રીમાં-જેવા પ્રકારનો રંગ હશે તેવો તેઓનો સંગ યાને પરસ્પર આકર્ષણ

ચઢોત્તર દરજ્જાનું રહેશે. અને તેજ પ્રમાણમાં ઘર્ષણ પણ રહેશે. અને તેજ પ્રમાણમાં તેઓની પયદાયશ (ફરજંદો) ચઢોત્તર દરજ્જાનાં માલુમ પડશે.

રંગ કહેતાં, વિચાર, ઇચ્છા અને કાર્ય શકિતની બનેલી પ્રભા (ઑરા) હોય છે. " લયલીકુ દેખ્યે મજનુકી આંખસે" તે કહેવત મુજબ જેવો પોતાનો રંગ હોય તેવુંજ તેને જગત્ ભાસે છે, તેમાંજ તે સુખ દુઃખ માની લે છે. તેજ તરફ તેનું મુખ્ય આકર્ષણ અને ઘર્ષણ (ઘસાવું) હોય છે.

આકાશ અને પૃથ્વિ એ એકજ વસ્તુના બે પ્રકાર સમજવા. રાશીઓના બાબમાં જોઈ ગયા તેમ-જેમ પુરૂષ અને સ્ત્રી, સૂર્ય અને ચંદ્ર, પોઝીટવ અને નેગેટિવ, દ્રશ્ય અને અદ્રશ્ય, જડ અને સૂક્ષ્મ, બાહેર અને અંતર-તેવા પ્રકારનું એનું પણ અનુસંધાન સમજવું.

જેમ મનુષ્યને પોતાના શરીરના અનેક દરવાજા હોય છે તેમ રાશીઓ પણ દરવાજા હોય છે. પૃથ્વિ અને આકાશ જ્યાં મળે છે ત્યાં એ દરવાજા પરસ્પર ખુલી તેઓનું આકર્ષણ અને ઘર્ષણ થતું રહે છે.

જેમ અવાજ આવતાં કાનનું આકર્ષણ સાંભળવા માટે થાય છે, નઝર સામે આવતાં જોવાનું આકર્ષણ આંખને થાય છે-અને તે વેળા તે દેખાવ અને અવાજનું ઘર્ષણ પણ થાય છે-અને તેમ થવાથી તે વેળા જેવો રંગ હોય તેવા પ્રકારનો વિજલિક પ્રવાહ ગુરૂત્વાકર્ષણના નિયમ મુજબ કાર્ય કરતો માલુમ પડે છે. એજ મુજબ આકાશ અને પૃથ્વિનું કાર્ય પણ એ નિયમાનૂસાર હોય છે.

કોઇને આંખનું આકર્ષણ વધુ હોય છે. યાને જે વસ્તુ આંખોએ રળ્યામણી દેખાઇ, પછી તે ગમે તેવી હોય તો પણ તે ઊપર ખેંચાણ વધુ રાખવું. કોઇને કાનનું આકર્ષણ વધુ હોય છે. યાને અમુક પ્રકારનો અવાજ વધુ મોહક લાગો તે પ્રત્યે ખેંચાણ વધુ

રાખવું. એ પ્રમાણે જીભ, ચામડી, નાક, ગુપ્ત ઇંદ્રિયો વગેરેના દરવાજારૂપી આકર્ષણ અને ઘર્ષણ હોય છે.

એ સઘળાંમાં વાસ્તવિક રીતે નાકરૂપી દરવાજાનું આકર્ષણ અને ઘર્ષણ બીજા કરતાં વધુ સૂક્ષ્મ હોવાથી એનું પરીણામ પણ બળવાન હોય છે. આ દમ, શ્વાસ લેવાનો અને આપવાનો દરવાજો છે. બીજા બધા દરવાજા કરતાં જીવનશકિત સાથે એ દરવાજો અતલગનો, યાને, વધુ બળવાન સંબંધ ધરાવે છે. મન એ શબ્દ ઉપરથી માનસ, તેમ દમ એ શબ્દ ઉપરથી આ-દમ હોય છે. જેમ પૃથ્વિની અહોનિશ (વિના થોભવે) ચલાયમાન ગતિ હોય છે—અને તેનું આકર્ષણ અને ઘર્ષણ થતું રહે છે તેમ એ દરવાજાનું, મનુષ્યની પોતાની શરીરરૂપી પૃથ્વિ જ્યાં સુધી ચલાયમાન ગતિમાં હોય (જીંદગીનો અંત આવે) ત્યાં સુધી (વિના થોભવે), આકર્ષણ અને ઘર્ષણ થતું રહે છે.

ઘણા ઘાડા સંબંધમાં આવનારા તેમજ સાથે વસનારાંઓને પરસ્પર સહવાસ (પરિચય) પડી જાય છે, તેનું કારણ પણ શ્વાસ હોય છે. સઘળા દરવાજાનું આકર્ષણ અને ઘર્ષણ આપ લેના નિયમ મુજબ ચાલુ રાખનાર શ્વાસ હોય છે. મુવેલાં અને જીવતાં (અદ્રષ્ય અને દ્રષ્ય)નો સંબંધ દર્શાવનાર, ચાલુ રાખનાર શ્વાસ હોય છે. ગુરૂની હૈયાતિ અને મરણ પામ્યા બાદ તેનો ચેલો, ગુરૂના શ્વાસથી ગુરૂનું કાર્ય કરી શકે છે. જરથોશ્તી ધર્મમાં મરણ પામેલાંઓની ક્રિયાઓ વખતે નાકે પદાન બાંધવામાં આવે છે. તે માટે સાધારણ આંખ્યોએ દેખાતી ફિલસૂફી સમજાવવામાં આવે છે કે, ક્રિયાઓમાં મેલેલી વસ્તુઓ ઉપર મોઢાંની લબ અથવા એવી વસ્તુ, તે વસ્તુઓ ઉપર નહિ ઉડે તેની સંભાળ આદિ માટે હોય છે. એવી ફિલસૂફી જરથોશ્તી ધર્મની અનેક બાબતમાં સમજાવી દીધેલી માલુમ પડે છે. એનું કારણ અગાઉ અનેક બાબતમાં જોઈ ગયા તેમ જ્યોતિશ વિદ્યાનો અભ્યાસ વાસ્તવિક પ્રકારે ઉંચ દરજ્જેનો નહિ હોવાથી બનતું રહે એ સ્વાભાવિકજ હોય છે.

આપણે આગગાડીમાં બેસી મુસાફરી કરતા હોઇયે, અને ગાડીની ચલાયમાન ગતિને લીધે એક પછી એક એવા અનેક પ્રકારના રંગરૂપ દેખાવો ભાસ આપણને મળતો રહે છે. અને આગળનું પાછળ—અને ફરીને પાછળનું આગળ થતું હોય એવો આભાસ મળતો રહે છે; એ પ્રમાણે પૃથ્વિની ચલાયમાન ગતિને લીધે રાશીઓનું થતું રહે છે. અમુક હદ દર્શાવવાને, અને ઉપયોગમાં લેવાને સ્ટેશનો હોય છે તેમ અમુક હદ દર્શાવવાને અને ઉપયોગમાં લેવાને જુદીજુદી રાશીઓનાં નામ અને હદ હોય છે.

એવી ગતિ દરમયાન આગગાડી જ્યારે એકાદ પહાડના ભુગડામાંથી અથવા જમીનના હેઠલા ભાગમાંથી પસાર થાય છે, ત્યારે સઘળા રંગ રૂપ દેખાવનો ભાસ—તેમજ આગળનું પાછળ અને ફરીને પાછળનું અગળ થતું હોય એવો આભાસ મટી જઈ—શિહાઇ પંથરાઇ રહેલી માલુમ પડે છે—તેમ પૃથ્વિની ગતિ પણ હેઠલા ભાગમાંથી પસાર થાય છે ત્યારે તે સ્થળે સઘળો આભાસ મટી શિહાઇ પંથરાય છે.

એ શિહાઈ પાંથરનારી મુખ્ય રાશી તરીકે તોલા રાશી હોય છે—જેનાં બે પલ્લાં પૂર્વ અને પશ્ચિમ તરીકે હોય છે. એક ઉંચ્ચું ચઢે તો કુદરતી બીજું નીચે નમે—અને બીજું ઉંચ્ચું ચઢે તો કુદરતી પહેલું નીચું નમે છે.

રાશીઓ અને પયગમ્બરો.

સૃષ્ટિની ઉથલપાથલ.

જેવી રીતે બાર રાશીઓની વિગત તપાશી ગયા છીએ, તે મુજબ પૃથ્વિની ચલાયમાન ગતિને લીધે બાર પયગમ્બરો પણ પૃથ્વિ ઉપર થઇ ગયલા માલુમ પડે છે. સર્વે ધર્મ સ્થાપનાર સમજાવનાર પયગમ્બરોનો મૂળ હેતુ એકજ પ્રકારનો માલુમ પડે

છે; પરંતુ તે મૂળ હેતુ સમજાવવાની, શીખવવાની અને અનુસંધાન કરાવવાની રીતિયો, રૂઢિયો, રસ્તાઓ જુદાજુદા પ્રકારના માલુમ પડે છે. એમ થવાનું કારણ જે વખતે જેવા રંગનું પૃથ્વિ અને આકાશની રાશીઓનું આકર્ષણ અને ઘર્ષણ હોય છે, તેવા પ્રકારના રંગ લક્ષણ વગેરે તે પયગમ્બરમાં મુખ્યત્ત્વે હોય છે અને તેજ માર્ગને તે અનુમોદન આપે છે. જેવો રંગ તેવો સંગ, બંગ અને ભંગ તેણે તે વેળા વાસ્તવિક ભાસ આભાસ આપનારો માલુમ પડે એ સ્વાભાવિક હોય છે. અને તેવી રીતિ રૂઢિ અને રંગનો દરવાજો તે મુખ્યતરીકે સ્વિકારે .એ કુદરતી હોય છે. ત્યાર બાદ તેમના અનુયાયીઓ પોતાના રંગ મુજબ તેનો ભાસ આભાસ ખેંચી તેમાં વધારો ઘટાડો–સુધારો કુધારો કરતા રહે એ પણ ઉપલા કાનૂનને અનુસરતું અને સ્વાભાવિકજ હોય છે.

સઘળી રાશીઓનું પરસ્પર એક યા બીજા માર્ગે પણ મિશ્રણ તો હોય છેજ તેથી એકનું બીજા, અને બીજાનું ત્રીજાના ધર્મમાંથી એમ દરેકના ધર્મમાં મિશ્રણ તો મલી આવવુંજ જોઇયે.. ભલેને આપણે એ મારૂં અને એ તારૂં એમ તેમાંથી ચુંટી કાઢીને સમજયે અને સમજાવ્યા કર્યે. પૃથ્વિની ચલાયમાન ગતિને લીધે રાશીઓના રંગનું મિશ્રણ થતું હોવાથી–દરેક પયદાયશમાં તે રીતિ રૂઢિ રહેતી આવી અને રહેવાનીજ. ફરક માત્ર એટલોજ કે એક દરવાજો બંધ થતો આવશે જયારે બીજો. દરવાજો ખુલતો જશે. એક રંગનો ભાસ ઓછો થતો જશે જયારે બીજાનો ખુલતો જશે. જે પ્રકારનો રંગ પોતાનો હશે તેજ પ્રકારે, મિશ્રણ રંગમાંથી પોતાનું અને બીજાનું દેખાશે. અને તેજ સબબે દરેક ધર્મનો તરજુમો કરનારા, ધર્મનું રહસ્ય સમજાવનારાઓ પોતાના સ્વરંગ મુજબનું રહસ્ય અને તરજુમો સમજાવે–અને તેવા ફત્વા ઉભા થતા રહે એ સ્વાભાવિક હોય છે.

ઉદાહરણ તરીકે આપણે જોઇશું તો માલુમ પડશે કે, જેઓનો.

રંગ મેષ સિંહ અને ધન એ રાશીઓનો વધુ પ્રબળ હશે, તેઓના ધર્મ બાબેના આચારવિચાર અને તત્ત્વાર્થ મહત્ ભાગે એવા દેખાશે અથવા તેઓ તરફથી દર્શાવવામાં આવશે કે, “સઘળું જગત્ મિથ્યા છે, માબાપ સગાંવહાલાં સ્ત્રી ફરજંદ વગેરે મતળબના હોય છે; માત્ર પરમેશ્વરની ભક્તિ ભક્તિ અને જીંદગીભર ભક્તિ સિવા બીજો ઉદ્ધાર છેજ નહિ. અને મનુષ્યાવતાર એજ કારણને માટે પરમેશ્વરે આપ્યો છે. અને ધર્મનો હેતુ પણ એજ છે કે, પરમેશ્વરને જઈને મળવું મળવું અને મળવું” આદિ ઇત્યાદી. હવે તર્ક પુગાડીશું તો જણાશે કે, જો ખરેખર ધર્મનો હેતુ એવોજ હતે અને સઘળું મિથ્યા હતે, અને સર્વ એમજ સમજતે તો—ખુદ તે માનસને મનુષ્ય દેહ અને મનુષ્યાવતાર કયાંથી મળતે !

એજ મુજબ, તોલા, મિથુન અને કુંભ માનસિક ભૂવનનો જેઓનો રંગ વધુ પ્રબળ હશે તેઓ તરફથી દેખાશે અથવા દર્શાવવામાં આવશે કે, “પરમેશ્વર અને આત્મા એ સઘળું કલ્પિત છે. પરમેશ્વર કાંઇ રેડવા આવતો નથી. મનુષ્યાવતારનો ઉદ્ધાર કાંઈ પરમેશ્વરની ભક્તિથી થતો નથી. ધર્મનો મૂળ હેતુ એ છે કે, મનની ખીળવણી કરો કેળવણી લો, હુન્નર ઉદયોગ કરો, શોધખોળ કરવી” આદિ ઈત્યાદી.

ઉપર પ્રમાણે, કર્ક, વૃશ્ચિક અને મીન કામ (ગુપ્ત) ભૂવનની રાશીઓનો રંગ વધુ જેઓનો પ્રબળ હશે તેઓ તરફથી દેખાશે અથવા દર્શાવવામાં આવશે કે, “શાદી કરો, લગ્ન કરો, કુદરતની પયદાયશમાં વધારો કરો—સગાં સ્નેહીઓને પાળો—ધર્મની ગુપ્ત બાબતનો અભ્યાસ કરો—(અને ખુબી એ છે કે, તેઓને ધર્મમાં ડગલે અને પગલે ગુપ્ત (છતે દેખાબે ગુપ્ત!) બાબતોનોજ ભંડાર માલુમ પડયા કરશે)! દર્દીઓને રાહત આપો, વગેરે ધર્મનો હેતુ છે” આદિ, ઇત્યાદી.

મકર, કન્યા અને વરખ સ્થૂળ ભૂવનની રાશીનો રંગ જેઓ-

નો વધુ પ્રબળ હશે તેઓ તરફથી દેખાશે અથવા દર્શાવવામાં આવશે કે, "શરીરને ખૂબ તંદરૂસ્ત બનાવો, કસરત કરો, ધન સ્થાવર મિલ્કતનો બને તેટલો સંગ્રહ કરો, 'સબ સબકી સંભાળો, મેં મેરી ફોડતા હું' તેમ દરેકે પોતપોતાનું પ્રથમ સંભાળવું; ખાવું, પીવું અને ખુશ રહેવુ—શરીરને દુઃખ દેખાડવું નહિ, મુફત (વીના મહેનતે) મલે તેવું શોધવું, વગેરે ધર્મનો હેતુ છે, "આદી ઈત્યાદિ.

હવે જેઓની સઘળી રાશીઓનો રંગ સમાનતાએ હશે-અને અમુક પલ્લું ઉચ્ચ નિચ્ચં નહિ થઈ ગયલું હશે—તેઓ તરફથી દેખાશે અથવા દર્શાવવામાં આવશે કે, મનુષ્યાવતાર અને ધર્મનો હેતુ એ છે કે, "પરમેશ્વરની ભક્તિ કરવી પણ વાજબ છે, સઘળું મિથ્યા અને મતાળબી નથી; તેમજ મનની ખીળવણી કરવી, કેળવણી લેવી, હુન્નર ઉદ્યોગ કરવો, વગેરે પણ દરૂસ્ત છે; વળી તે જોડે શાદી લગ્ન કરવાં, કુદરતની પયદાયશનો વધારો કરવો, ધર્મની બાબતોનો અભ્યાસ કરવો, સગાં સ્નેહિઓને પાળવાં, વગેરે પણ રાસ્ત છે. અને તે સઘળું સાચવવા અને મેળવવા અર્થે શરીરની તંદરૂસ્તી, ધન મિલ્કતની પણ જરૂર હોવાથી તેની સંભાળ લેતા રહેવું, એવો ધર્મ અને મનુષ્યાવતારનો હેતુ હોય છે," આદિ, ઇત્યાદિ.

સારાંશ કે, મિશ્રણ રંગોમાં જે વધુ પ્રબળ હશે તે તરફ તે મનુષ્યનું આકર્ષણ વધુ રહેશે અને તેવો ભાસ આભાસ તેને દેખાયાથી સઘળી મિશ્રણ બાબતોમાં સ્વરંગ મુજબની બાબતને વધુ અગત્યતા તે આપશે.

અનુક્રમે આદમ, નોહા, ફોહી, બ્રિગુ, જરથોસ્ત, તાઉતસ, મોઝીસ, લાવત્સીઉ, જીસસ, મોહમ્મદ, બુદ્ધ અને બાબ એ પ્રમાણે બાર પયગમ્બરો બાર રાશીના મુખ્ય અનુસંધાન તરીકે બાર ધર્મ માર્ગ (દરવાજા) દર્શાવી ગયા છે. તેઓના એક પછી એકના આવાગમનનો વખત છસો (૬૦૦) વરસના અંતરનો માલુમ પડે છે.

જ્યોતિશ વિદ્યાનો અભ્યાસ એમ દર્શાવે છે કે; જેમ એક મનુષ્ય અમુક સ્થળેથી આગળ ધસે છે અને તેથી તેને અને તે જગા વચે અમુક તફાવત પડે છે. હવે તે તફાવત કાઢી નાંખી તેજ સ્થળે પાછો આવવાને તે પાછળે પગે ધસે છે અને પોતાના સ્થળે પાછો આવે છે. આગળ અને પાછળ ધસવાનું તે મનુષ્યનું થાય છે; પરંતુ તે બેઉ ગતિમાં વખતનો અને કાર્યનો ફેર પડે છે. જેટલી ગતિમાં અને સવળતા ભરી રીતે તે આગળ ધસે છે તેવી ગતિમાં અને તેવી રીતે તે પાછળ ધસી શકતો નથી.

પૃથ્વિની ગતિ પણ એવીજ હોય છે. આગળ ધસવામાં અને પાછળ હઠવામાં રંગ આદિ મિશ્રણમાં ફેર પડી જાય છે; જો કે તે મૂળ સ્થાને તે આવી પુગે છે. પરંતુ એમ થવાથી તેનાં કાર્ય રૂપી અસરમાં વખત વહેવા જોડે લાંબા અંતરે ફેર પડી જાય છે—અને બંને સમાન દલાં સચવાયલાં તેમાં ધીમેધીમે ચઢ ઉતર થતાં જાય છે.

જેમ આગળ ધસેલો માનસ, પોતાની ગતિ અને વખતની અસરનું સમાંતર જાળવીને મૂળ સ્થાનકે આવવાને, પોતાની કોર મરડીને પીઠ ફેરવી દે છે અને તે હિસાબે આગળનું પાછળ અને પાછળનું આગળ એમ અનુસંધાન બનાવી દે છે; તેમ પૃથ્વિ પણ ધીમેધીમે પોતાની કોર મરડતી જઇને, આગળ અને પાછળ ધસવામાં રંગ આદિ મિશ્રણમાં પડેલા ફેરનો સમાંતર જાળવવા ચોકશ કાળાંતરે પીઠ ફેરવી દે છે. એના યોગે આગળનું પાછળ અને પાછળનું આગળ, પૂર્વનું પશ્ચિમમાં અને પશ્ચિમનું પૂર્વમાં, હેઠેનું ઉપર અને ઉપરનું હેઠે હોય—એવો ભાસ આભાસ ફેરવાઇ જાય છે. અને એમ થવા બાદ ફરીથી નવે રૂપે તે અસરોનું આકર્ષણ અને ઘર્ષણ શરૂ થાય છે. એમ સંપૂર્ણ પીઠ ફરવાને બોતેરસો (૭૨૦૦) વર્ષનો ગાળો આવે છે. બોતેરસો વર્ષે એમ થવાથી સૃષ્ટિની પયદાયશનાં રૂપાંતરો અને અસર અનુ-

લગાં પલટાઇ જાય છે. એ મુદ્દતના અરસા દરમયાન છસો છસો વર્ષે, અનુક્રમે દરેક રાશીમાં બાર રાશીની અસર, મિશ્રણ સંપૂર્ણ થવાથી તે રાશી રૂપી દરવાજા માર્ગે તે ભાસ આભાસ દર્શાવતી પયગમ્બર રૂપી એક મહાન-શક્તિ પૃથ્વિ ઉપર ઉતરે છે. જે પોતાની મૂળ રૂપે અસર તરીકે અમુક ધર્મ મેળી જાય છે જેથી અમુક કોમ તરીકે (રાશીઓની માફક) મનુષ્યાંતર પડતો રહે છે. એમ થવાથી દરેક રાશી પોતાનું કામ બરાબર કરી શકે છે. તે જોડે પૃથ્વિ પણ દર છસો વર્ષે એકેક રાશી જેટલી યાને એકેક પગથ્યું પોતાની ફોર મરડતી રહે છે. જેથી દર છસો વર્ષે પૃથ્વિની પયદાયશમાં મોટો ફેરફાર થતો રહે છે. અનુક્રમે એક પછી બીજી રાશીનો મૂળ રૂપ તરીકે અમળ ચાલુ રહે છે. છસો વર્ષ બાદ બીજીનો અમળ આવે છે તેમાં પાછલી તથા આગલીના સો સો વર્ષ પ્રમાણે બસો વર્ષ અનુસંધાન તરીકે હોય છે.

એમ થવાથી દર છસો વર્ષે પૃથ્વિનો ચંદ્ર ક્ષિણતાને (નિર્બળ ગતિને) પુગતો જાય છે. બોતેરસો વર્ષે તે સંપૂર્ણ ક્ષિણતાને પામ્યાથી, નવીનરૂપે નવીન ચંદ્ર (પૃથ્વિનો પ્રાણ) મળે છે.

એ સઘળી અસર શરૂઆતથી ધીમેધીમે વધતી જાય છે. એ નિયમે જોતાં હાલમાં બારમી મીન રાશીનો અમળ શરૂ થઇ ગયલો માલુમ પડે છે. એની મૂળ ખાસ્યત જોતાં એ વહેતાં પાણીની નદી છે. એની આકૃતિ બે મચ્છોની સામસામી આવી ગોળાકાર બની હોય-યાને ઉપર હેઠેનું જોડાણ બન્યું હોય એવી છે. એ ઉત્તર (ગુપ્ત ભૂવન) અને પૂર્વ (આત્મિક ભૂવન) જોડી આપનારી છે. પહેલી મેષ રાશી (આદમ)ની એ માતા થાય છે. હાલમાં સૃષ્ટિ ઉપર ધર્મની અનેક શોધખોળો-ધર્મની સમાનતા, બીજી અનેક શોધખોળોથી ઉપર ચઢવાને (જોડાવાને) પૃથ્વિની મનુષ્યની ઓલાદ, પાણીના રેલાની માફક, દિન ઉગતે ઉમંગથી પ્રયત્ન કરી રહી છે. તેનું કારણ આ રાશીની મુખ્ય અસર છે. હજી

એ રાશીના અમળ સંપૂર્ણ થવાને આશ્રયે સાઠી ચારસો વર્ષ બાકી છે. આગલી અમળ કરી ગયલી રાશીનું અનુસંધાન લગભગ પચાશ વર્ષ પુરાં થયાં પુરૂ થયું છે. મધ્ય ભાગે રાશી આવતાં યાને હજી બીજા દોઢસો વર્ષમાં તો મનુષ્યની ઓલાદ આકાશે જઇ બેસવા ઇચ્છશે કે શું તે કલ્પિ શકવું અશકય છે. પરંતુ એમ થવા જોડે, બીજે માર્ગે પૃથ્વિના ચંદ્રની ક્ષિણુતા વધતી જશે, અને તેના પ્રતાપે પૃથ્વિનો પ્રાણુતત્ત્વ ઓછો થતો જશે-અને તેથી મનુષ્યની ઓલાદ લાંબી જીંદગીને બદલે ઓછી જીંદગીમાં આવતી જશે. અથવા લઠીવઢીને ઠેકાણે પડતી જશે.

ઠીંગણું શરીર જેમ વધુ ચપળતા હુશીઆરી ધરાવનારૂં હોય છે, તેમ મનુષ્યની ટુંકી જીંદગી ધરાવનારી ઓલાદ પોતાની કાર્ય ગતિમાં વધુ ચપળતા પ્રવિણુતા ધરાવતી જશે; તેથી થોડી જીંદગીમાં ઘણાં કામો તેઓ આટોપિ શકે.

પૃથ્વિનો ચંદ્ર જેમ દિન પ્રતિદિન ક્ષિણુતાને પામતો જશે, તેમ પૃથ્વિની પયદાયશોનો અનેક બહાને અંત આવતો જશે. પૃથ્વિના ચંદ્રને ક્ષિણુતામાં લાવવાનું કારણભૂત રાશીઓ હોય છે

સૃષ્ટિની સઘળી પયદાયશોમાં જેમ માનવિની પયદાયશ ચઢતો દરજ્જો ધરાવે છે તેમ આકાશ મંડળમાં રાશીઓ ચઢતો દરજ્જો ધરાવે છે. આકાશ મંડળના મોટા લેખાતા ગ્રહોની અસર પણ રાશીઓના યોગે ફેરવાઈ જાય છે. પૃથ્વિ ઉપર ગ્રહોની અસર કેટલી કેવા પ્રકારની ઉતરવા દેવી એ કાર્ય બાર રાશીઓના દરવાજા રૂપી હસ્તમાં હોય છે.

રાશીનો તત્વાર્થ.

આ પુસ્તકના બીજા ભાગમાં, એક મનુષ્યે દરેક પ્રકારની પોતાની સરજત, (ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળની વિગત)

જ્યોતિષ વિદ્યાધારે સરળ રીતે કેમ જોવી–તેમજ નક્કી કરવી; રાશીઓનું કાર્ય કેવું હોય છે, ગ્રહોનું કેવું હોય છે, વગેરે ટુંકમાં બોલ્યે તો દરેક જ્યોતિષ વિદ્યાની ઉપયોગી બાબતોનો ખરા પ્રકારનો યોગાયોગ; તેમજ બાકી રહેલી અનેક વિગતો દર્શાવવામાં આવશે ત્યારે વાંચક સમુળગો સાર અસાર ખેંચવાને વધુ શકિતમાન થશે. પરંતુ તે પહેલાં અર્થનો અનર્થ થતો બચે એવા હેતુથી એ બાબત અત્રે ખત્મ કરતાં બે શબ્દ બોલવાની રજા લઉં છું.

જાણવું જોઇયે કે, દરેક રાશીનું પરસ્પર અનુસંધાન તેમજ મિશ્રણ તો હોય છેજ. તેના મૂળ પ્રકાર વગેરે દરેક સિદ્ધાંત જાણી લીધા બાદ, તેનો તત્ત્વાર્થ ખેંચતી વખતે બહુ મનનપૂર્વક લક્ષ દોડાવવાની આવશ્યકતા હોય છે. અમુક પ્રકારે હોવાથી અમુક નિર્ણય ઉપર આવી જવા પૂર્વે, જેમ એક જડજ સઘળો કેસ ધ્યાનમાં લઇને પછી અમુક નિશ્ચય ઉપર આવે છે તેમ, સઘળી બારે રાશીઓનું જન્મચક્ર લક્ષમાં લઇને અમુક નિશ્ચય ઉપર આવી શકાય છે.

ઉદાહરણ તરીકે આપણે જોઇશું:—સાધારણ પ્રકારે વરખ, કન્યા અને મકર એ ખાકી તત્ત્વ ધરાવનારી, સ્થૂળ ભૂવનની, શયતાની ખસલત ધરાવનારી વગેરે, વગેરે અનેક પ્રકાર, રંગરૂપ, સગાઇ વગેરે લંબાનથી જોઈ ગયા છીએ.

એ રાશીઓમાં મુખ્ય પ્રકારે કન્યા રાશી દ્વિસ્વભાવ હોવાથી એ રાશીઓની ખાસ્યત પ્રમાણે એ અનુસંધાન કરનારી યાને પરસ્પર જોઠાણ કરી આપી તે મુજબ ચાલુ રાખનારી રાશી છે. એનો રંગ ચિત્રવિચિત્ર નાના પ્રકારનો છે. એની આકૃતિ અઢાર વર્ષની કુમારી કન્યા જેમ પોતાના મદમાંજ મચી રહી હોય તેવી છે.

ઉપર પ્રમાણેની સ્થિતિ હોવાથી એ રાશીનો ભાવાર્થ આપણે કેવી રીતે ઉકળાવીશું.

પ્રથમ આપણે મનન કરીશું કે, એક કુમારી કન્યા તરીકેની રાશી નારી જાતિ હોવાથી, સૃષ્ટિના નિયમ અને સગાઇનું રાશીઓનુ પાસુ જોઈ ગયા તે મુજબ એની સગાઇ અને અનુસંધાન નર જાતિ રાશી સાથે અસર ઉપજાવનારૂં થઇ પડે છે.

એક નારી જાતિની નર જાતિ જોડેની સગાઇ જોતાં, એક પિતાની બેટી અથવા એક ભાઇની બેહેન તરીકે તો તેણી સ્વાભાવિકજ હોય છે. હવે ભવિષ્ય તેણીને માટે એ ઉભેલું હોય છે કે નર જાતિની સગાઇ તરીકે, એક પતિની પત્નિ અને એક પુત્રની મા થવાનું બાકી હોય છે.

હવે એ સ્થૂળ ભૂવન ઉપર કાર્ય કરનારી અને પરસ્પર અનુસંધાન કરી તે કાર્યને નિભાવનારી કન્યા છે, તો એ કોણ હશે એવો વાચક સવાલ ઉઠાવશે તો સહેજે કલ્પિ શકશે કે, જેનામાં દ્વિસ્વભાવ યાને વરખ રાશીનો દ્રઢ (સ્થિર) અને મકર રાશીનો ચર (ચલિત) એવો બંને તત્ત્વાર્થ શમાયલો એવી સ્થૂળ ભૂવનની કાર્ય કરતી નારી તો "લક્ષ્મી દેવી" હોય છે. કન્યા રાશી એ સ્થૂળ ભૂવન ઉપર લક્ષ્મી દેવી તરીકે કાર્ય કરે છે.

ખૂબી એ છે કે, પાંચ પાંડવોની દ્રૌપદિ માફેક, નર જાતિ સાથે અનુસંધાન જોડવા છતાં એ પોતાને કુમારીજ ઓળખાવી શકે છે. એનામાં સ્થિર અને ચર બંને સ્વભાવ હોવાથી, એ કોઇની અમુક મુદત સુધી થઇ રહે છે તો અમુક મુદત સુધી પળાયન કરીને પોતાને કુમારી ઓળખાવી બીજા જોડે આશનાઇ સાંધે છે. સારાંશ કે, કોઇનો થવા જોડે નહિ થઇ—અને પરણ્યા છતાં કુમારી રહી એવી ગતિ એની હોય છે.

એની મુખ્ય સગાઇ ચાર નર જાતિ રાશી સાથે હોય છે. મિથુનની બેટી, સિંહની સ્ત્રી, તોલાની મા અને કુંભની બેહેન.

જેવા નર જાતિના રંગ જોડે એનો સંગ થાય છે તેવો એ પોતાનો બંગ દર્શાવી શકે છે. સારાંશ કે, એક નર જાતિ એને જેવા પ્રકારથી ઉપયોગમાં લે છે તેવું એ પોતાનું કાર્ય બજાવે છે. એક નર જાતિ કુદરતના કાનૂન મુજબ ચાહે તો એક બેટી તરીકે, ચાહે તો સ્ત્રી તરીકે, ચાહે તો મા, તરીકે અને ચાહે તો બેહેન તરીકે વાપરી શકે. હવે દરેક સગાઇ આપણે તપાસી જઇયે.

એક નર જાતિ એને બેટી તરીકે વાપરે, ગણે, રાખે તો એ કુમારી હોવાથી દિન રાત્ર એની સંભાળ અને એક પિતા તરીકેની તકેદારી રાખવી પડે, એમ હોય તો એ એક આજ્ઞાકિત પુત્રી તરીકે, પિતાનું ઘર સંભાળે. સારાંશ કે, એના ઉપર તકેદારી અને સંભાળ હોય તો, ત્રીજી રાશી એ પુરૂષાર્થની હોવાથી, એક નર જાતિ એના વડે પુરૂષાર્થ કરી શકે. પરંતુ સગાઇનું મુખ્ય અનુસંધાન નહિ હોવાથી, આકેબત એની અસર સાથે રહેતી નથી. એક નર જાતિ એને બેહેન તરીકે વાપરે, ગણે, રાખે અને ઉપર મુજબ તકેદારી સંભાળ હોય તો એક મિલનસાર બેહેન તરીકે ભાઇનો સ્નેહ સાચવે. સારાંશ કે, એ મુજબ હોય તો, અગીઆરમી રાશી એ પ્રીતિ, સ્નેહ, મિત્રતા દર્શાવનારી હોવાથી એના વડે પ્રીતિ, સ્નેહ, મિત્રતા મેળવી શકાય. પરંતુ એ સગાઇનું મુખ્ય અનુસંધાન નહિ હોવાથી, આકેબત એની અસર સાથ રહેતી નથી.

ઉપલી બંને સગાઇ તો એ કુમારી કન્યાની સ્વાભાવિકજ હોય છે. લક્ષ્મીદેવી સ્નેહ સંબંધથી અથવા પુરૂષાર્થથી પુત્રી અને બેહેન તરીકેની સેવા ઉઠાવતી રહે છે.

એની જે મૂળ મુખ્ય અનુસંધાનની સગાઇ છે તે પત્નિ અને માતા તરીકેની છે.

જે નર જાતિ એને માતા તરીકેનું અનુમોદન આપી, પોતાનું સર માતૃભકિત તરીકે એનાં ચરણ આગળ ધરે છે-ત્યાને પોતા કરતાં

એને હજાર ઘણું વડપણ આપે છે તેને એ બાઇ અંધકારમાં ગોતું ખવરાવે છે. કેમકે, કુમારી કન્યાને પુત્ર આવ્યો કયાંથી! જેમ એક કુમારી કન્યાને પુત્ર થયો હોય–અને તેથી તેના બાપ, ભાઇ સ્નેહિ વગેરેને એક પ્રકારનું કલંક લાગે છે–તેમ એની કુમારી અવસ્થા હોવા છતાં, એક નર જાતિ પુત્ર મા તરીકેનું અનુસંધાન સમજે અને તેવું વર્તન દેખાડે તેને એ બાઈ–સઘળું બીજું હોવા છતાં પણ–"બાપ વિનાનો બેટો" એવો કલંક લગાડે છે. સારાંશ કે, જે પુરૂષ લક્ષ્મીનો પુંજારી (દાસ) બની રહે છે, અને તેને સદા નમન ગુજારી તેની ભકિત આરાધી–તેને માતા તરીકે લેખી તેથી પોતાનો ઉદ્ધાર સમજે છે, અને જેમ સઘળાં સંબંધમાં એક માતાનું વડપણ વધુ હોય છે, તેમ એને સઘળી બાબતોમાં વડપણ આપી ચાલે, તો છતી આંખે આંધળા થવા માટે, એ બાઇ તેના કપાળે કાળો કલંક ચોંટાડયા વિના રહેતી નથી. કુદરતી મા બેટા તરીકેની આશનાઇ તોલા નર રાશી જોડે છે, જેનો રંગ શિહાઇ તરીકે સમાયલો છે. અને એવી એક નર જાતિની સ્થિતિ થવાથી એ બાઇ શિહાઇની અંદર (બાતેનમાં) કાંઇ કાંઇ રંગ જગાડે છે. લક્ષ્મિબાઇના પ્રતાપે ચાલતાં શિહા કૃત્યોને ચલાયમાન ગતિ મળતી રહે છે. ઇન્સાફનો કાંટો ઉલટાવી નાંખે છે અને લડાઇ, મારામારી વગેરે પ્રપંચનો ફિત્નો જગાડે છે.

જે નર જાતિ એને પત્નિ તરીકેનું અનુમોદન આપી પોતાની સેવામાં ખડી કરે છે અને એક પતિ તરીકેનું વડપણ જાળવી તાબે રાખે છે તેની એ એક પાંડવની દ્રોપદિને બદલે; રામની સીતા, નળની દમયંતિ તરીકે તેની સેવા ઉઠાવે છે. અને ગમે ત્યાં તજી જવા છતાં તેઓની પછવાડે હિંડતી રહે છે અને પોતાના પ્રતાપે તેઓનાં નામને દિપાવે છે. એની કુદરતી પતિ પત્નિ તરીકેની સગાઈ સિંહ નર રાશી જોડે હોય છે. એ આત્મિક ભૂવનની નર રાશી છે. એ દ્રઢ હોવાથી આત્મિક ભૂવનનું

કાર્ય દર્શાવે છે. જે નર જાતિએ એની સગાઇ પતિ પત્નિ રાખ્યા છતાં, એક સિંહ જેવું બળ ધરાવીને, એની મૂળ કુમારી દેખાવાની ખાસ્યત ઉપર લક્ષ આપીને, રાવણની માફક એનામાં લીન નહિ થઇ જતાં, રામની માફક એની જોડે રહે છે તેની એ બહુ ભકિતભાવ પૂર્વક સેવા ઉઠાવે છે. એક પુરૂષ આત્મિક ભૂવનનાં (પરગણુ) દરેક સ્થિર કાર્યો એના વડે હાર પાડી, એના પ્રતાપે પોતાના નામને છિપાવી જાય છે. જે પુરૂષમાં સિંહ જેવું પુરૂષાર્થ બળ હોય તેજ એ બાઇ પાસેથી બરાબર સેવા લઇ શકે છે.

એ સઘળું છતાં એ બાઇને કુમારી એમ કહેવામાં આવે છે કે, સ્થૂળ ભૂવનનો સઘળો ભલો ભુંડો મહિમા એના વડેજ હોવા છતાં, કોઇપણ એને અપવિત્ર ગણી ધિક્કારતું નથી, પરંતુ કુમારી કન્યા તરીકે લેખી, એક પવિત્ર નારી તરીકે એનું આકર્ષણ થતું રહે છે. એક ઉચ્ચ જ્ઞાતિનો ગણાતો શખ્સ, અંત્યજ વર્ગના શખ્સને અડશે નહિ; પરંતુ તેની લક્ષ્મીબાઇને તો પોતા કરતાં પણ ઉચ્ચ જ્ઞાતિની પવિત્ર ગણી ગણાવી તે તરફ ખેંચાયા કરશે.

સઘળી રાશીઓની આકૃતિ, રંગ આદિ ઉપર આપણે ધ્યાન પુગાડીશું તો જણાશે કે એ કન્યા રાશી ચિત્રવિચિત્ર નાના પ્રકારના રંગ ધરાવનારી અને તે જોડે પોતે સઘળી નારી જાતિ રાશીઓમાં મનુષ્ય સ્વરૂપ ધરાવી, નર જાતિ મનુષ્ય સ્વરૂપવાલી તેમજ નર રાશી પશુ સ્વરૂપવાલી જોડે સંબંધ ધરાવ્યા છતાં પણ પોતાને કુમારિકા તરીકે ઓળખાવી, સ્વબલ તરીકે, નારી જાતિનું પોતાપણું દર્શાવી શકે છે.

એ કુમારી કન્યારૂપી કન્યા રાશીનો મહિમા એના રંગ મુજબ ચિત્રવિચિત્ર હોય છે. એ રાશી જેવા પ્રકારની નર રાશી જોડે, જેવા પ્રકારની નારી રાશી જોડે સંબંધ ધરાવે છે તે મુજબ એક છતાં અનેક પ્રકારે ચિત્રવિચિત્ર રીતે જુદા જુદા ભૂવનો

ઉપર કાર્ય બજાવે છે. સારાંશ તરીકે, સ્થૂળ ભૂવન ઉપર પોતાનાજ ખાકી તત્ત્વવાલી પોતાની બેહેનપણીઓ વરખ અને મકર રાશી જોડે સંબંધી કાર્ય કરે છે ત્યારે, સ્થૂળ ભૂવનની લક્ષ્મીબાઇ તરીકે, ખેતીવાડી, વ્યાપાર તરીકે મહિમા દર્શાવે છે. જ્યારે કામ (ગુપ્ત) ભૂવનની પાણીની બેહેનપણીઓ રાશી જોડે સંબંધ જોડી કાર્ય કરે છે ત્યારે ઇંદ્રાણી દેવી તરીકે (કામ-બાણ) ખેંચીને કાર્ય બજાવે છે, જેના યોગે પોતાના તત્ત્વ ધરાવનારી પોતાની સ્થૂળ ભૂવનની બેહેનપણીઓનું કાર્ય ચાલુ રહે.

માનસિક ભૂવન ઉપર સઘળા નર રાશીઓ હોય છે. એ નર રાશીઓ જોડે, એ કુમારી બાઈ બહુ સંભાળથી સંબંધ નિભાવે છે. ઉદાહરણ તરીકે, પિતા તરીકેની મિથુન રાશીની એક કુમારી પુત્રી તરીકે, પિતાને ડહાપણ, સાવચેતી, નીતિરીતિ આદિ પ્રબળતા શીખવે છે. ભાઇ તરીકે કુંભ (સ્થિર) રાશી જોડે જ્યારે બેહેન તરીકે સંબંધ ધરાવી સ્થિર થાય છે યાને ભાઇના ઘરમાં રહે છે ત્યારે એ સહનશીલતા દેવી તરીકે પ્રબળતા આપે છે. કેમકે, કુંભ રાશીની સ્ત્રી જે મીન રાશી (ભોજાઇ) તેની સામસામી એને કાર્ય કરવું છે.

તોલા નર રાશી જોડે જ્યારે એ બાઈ માતા તરીકેનો સંબધ જોડે છે ત્યારે તોલા રાશીનો મુખ્ય તત્ત્વ ત્રાજવાંનો કાંટો હોવાથી એ બાઇ ન્યાયદેવી તરીકે અંકાય છે. પરંતુ હયાં એ બાઈ સહેલાઇથી કોર મરડી દે છે. કેમકે એની મૂળ ખાસ્યત કુમારી હોવાથી એને પોતાનો પુત્ર છે એમ કહેવરાવવાની હિંમત ચાલતી નથી. હયાં એ બાઇ અનેક પ્રકારે સર્વેને ઉલગબરડી આપવાનુંજ વાજબી વિચારે છે. એ ન્યાયદેવી પોતાનો પુત્ર જે ન્યાય તેને લજ્જાને લીધે અંધકારમાં (છુપાવીને)જ રાખવાનું વાજબી ધારે છે; હયાં એ ન્યાયદેવી છતી માતાએ પણ ન્યાયને પ્રબળતા આપી શકતી નથી. સારાંશ કે, દરેક જનાં મનથી ધારે છે કે, "ન્યાયમંદિરમાં

ન્યાયદેવી વિરાજતી હોય છે. "ઇન્સાફ" હોવોજ જોઇએ." પરંતુ જાણવું જોઇયે કે, કુદરતની ગતિ એ માનસિક અને સ્થૂળ ભૂવન ઉપર કાર્ય એવુંજ કરે છે કે, બને ત્યાં સુધી "ન્યાય" ને અંધારામાં રાખવો. આ ભૂવન ઉપર ગમે તેવા પુરૂષથી પણ ઇન્સાફનો કાંટો બરાબર જાળવી શકાતોજ નથી. ન્યાય (ઇન્સાફ) એ એક "વિના બાપનો બેટો" છે. જે કોઈ એ પુત્રનું નામ સાંભળી એને ઢુંઢી એના બાપને સાબીત કરવા ગયો તે અંધારાંમાં ગોતાં સિવા વધું ફળ આ દુનિયામાં મેળવી શકતો નથી. માતા પોતાને કુમારિકા કહેવરાવવાના સબબે પુત્રને છુપાવી (અંધકારમાં રાખી), પોતે માતા નથી એવું પુરવાર કરવાને તત્પર હોય છે એટલે પિતાનો પત્તો હોય કયાંથી! છતી માએ મા વિનાનો, અને છતા બાપે બાપ વિનાનો પુત્ર તે "ન્યાય" છે. વળી તે જોડે બાપડો અંધકારમાં સબડે છે. એવું હોવાથી આ દુનિયામાં એ મળવાનો કોણને?! એમ હોવાથી કહેવત પ્રમાણે "ઢંગ ધડા વિનાનો" અને તે જોડે પોતે પણ છુપાયલો એવો તે "ન્યાય" છે.

જે જ્ઞાની પુરૂષો એક યા બીજે માર્ગે એ "ન્યાય" બાબાને પિછાણે છે. તેઓ એ બાબાનું નામ સાંભળીને કોઈપણ બાબતમાં એને ઢુંઢી કાઢી મેળવવાની આશા રાખવા કરતાં, એને નમન કરીને બે ડગલાં દૂરજ રહેવાનું વાજબી વિચારે છે.

હવે એ કુમારી બાઇ આત્મિક ભૂવન ઉપર સિંહ નર રાશી જોડે પત્નિ તરીકે સંબંધ જોડે છે. પરંતુ એ બાઇની મૂળ ખાસ્યત કુમારિકા તરીકે રહેવાની હોવાથી, એક પત્નિ તરીકે નર રાશીની સેવા ઉઠાવે છે, પરંતુ તેના બાતેન સંબંધમાં હોતી નથી. હયાં એ બાઈ, પોતાના પતિની ગેરહાજરીમાં, માનસિક ભૂવનના પોતાના પુત્રને જાહેર કરી શકે છે. સઘળાંને એવું બતાવે છે કે, હું એની માતા છું; અથવા એ મારો પુત્ર છે. જોનારાં, સાંભળનારાં, તે ઉપર મનન કરનારાં, પેલીનું પત્નિ તરીકેનું સંબંધ થયલું જોઇને, તે

વાત માન્ય રાખે છે. પતિની હાઝરી થતાં પુત્રને છુપાવી દે છે અથવા પોતે માતા છે એવું જાહેર કરી શકતી નથી. કેમકે અંતર વાતથી પતિ માહિતગાર હોય છે.

સારાંશ કે, હયાં એ બાઇ વિદ્યાદેવી તરીકે કામ કરે છે. વિદ્યાદેવીના નામ હેઠળ ન્યાયમંદિરમાંથી "ન્યાય" મળ્યો; એવું જોનારાં, સાંભળનારાં તેમજ મનન કરનારાંઓને એ બાઇ પતિની ગેરહાજરીમાં સમજાવી દે છે અને તે વાત માન્ય રહે છે. પતિની (સત્યજ્ઞાનની) હાજરી થતાં એ બાઈ તે વાતના અખાડાજ કરે છે, કેમકે પતિ "સત્ય" વાતને જાણનારો છે. મતલબ કે, કુમારાં રહેવું અને માતા તરીકેનો દરજ્જો ભોગવી ફળ પણ ચાખવું એ બંને વાત એકીવેળા બની શકતી નથી. ન્યાય આપવો અપાવવો અને સ્વાર્થ પણ સાચવવો એ બંને એકીવેળા હોતાં નથી.

વિદ્યાદેવી તરીકે એ બાઇ, વિદ્યાના પુંજારી સત્ય પુરૂષની, જેમ રામની સીતા; નળની દમયંતિ આદિ સ્રીઓની માફક, પોતે પછવાડે હિંડીને સેવા બજાવતી રહે છે—પરંતુ તેઓને "ન્યાય" આપી અપાવી શકતી નથી. આપી અપાવી તો કયાંથી પણ ઝાંખો ખ્યાલ પણ બતાવી શકતી નથી. સરસ્વતિદેવી અને લક્ષ્મીદેવી બંને સાથે હોતી નથી. એ બાઇનું "ફળ" જે પુત્ર છે તેનાં બે પલ્લાં હોવાથી, એકને ભોગે બીજું અને બીજાંના ભોગે પહેલું ચઢ ઉતર થતુંજ રહે છે. વળી એ બાઇને તે અંધારાંમાં રાખવું પડે છે, જેથી તેનો સંમાંતર જાણવો અશકય થઇ પડે છે.

એ પ્રમાણે અનેક રીતે એ કુમારિકા કન્યા રાશીનો તત્ત્વાર્થ અને તે પ્રમાણેનું કાર્ય દરેક ભૂવન, દરેક રાશી જોડે જુદા જુદા પ્રકારે હોય છે. એ તેમજ દરેક રાશીનું રહસ્ય, સામસામી શિક્ષણ રૂપી કાર્ય વગેરે, તેમજ તેઓનું ફળાદિશ વગેરે કેમ સમજવું આદિ સંપૂર્ણ વિગતો પુસ્તકના બીજા ભાગમાં જાણવાની મળશે. વાચકને વિચાર દોડાવવાને બને એવા હેતુથી ઇસારા રૂપી હેતુ દાખલ કર્યો છે.

પ્રકરણ ૨ જું.

સ્વપ્નની તાસીર અને તેના અભ્યાસ બાબે.

સ્વપ્નાવસ્થા.

મનુષ્ય ઉંઘમાં પડે છે અને આસપાસનું સ્વભાન (ભાસ, આભાસ, દેખાવ) ભુલી જાય છે. અને તે પછી સજાગરિત હાલતમાં આવે છે યાને પોતાની આસપાસના ભાસ, આભાસ દેખાવ વગેરે ભુલેલી બાબતનું તેને સ્મરણ થાય છે. એમ ઉંઘમાં પડવું અને સજાગરિત થવું એ બે દરમયાનના જોડાણને સ્વપ્નાવસ્થા કહેવામાં આવે છે. સ્વપ્નાવસ્થાનો મૂળ ભાવાર્થ એ હોય છે કે, પોતાની આસપાસનું સ્વભાન ભૂલવું. એક મનુષ્ય એવા વિચારમાં લીન થઇ ગયો હોય કે, તેની આસપાસ શું બની રહયું છે, અથવા પોતે કયાં છે, વગેરે બાબતનું સ્વભાન ભૂલી રહયો હોય તો તેવા તેટલા વખતને પણ સ્વપ્નાવસ્થા કહેવામાં આવે છે. એવી હાલત, સર્વે પ્રકારની વિચાર ઇચ્છા અને કાર્યશકિતને એકાગ્રહ બનાવી, માત્ર સઘળાંને એકજ વિચાર રૂપે, જેમ દર્યાના વમળમાં ડુબકી મારે, તેમ એકજ વિચારમાં સૂક્ષ્મ પ્રકારે મનુષ્ય અમુક ચોકશ બાબતને પુગવાને કોશીશ કરી રહયો હોય ત્યારે હોય છે. એવી હાલત સંશોધન કરનાર મનુષ્યની હોય છે, અને જે પ્રકારે જેટલાં પ્રમાણમાં તે બળવાન હોય તેટલી હદે

તેવા પ્રકારે પુગાડી શકે છે. ઉંઘમાં પડવું એ સ્વપ્નાવસ્થા સાધારણુ પ્રકારે દરેક મનુષ્યની હોય છે.

પ્રથમ પોતાની શારીરિક ઇંદ્રિયોનું ભાન ભૂલી તે ભૂલેલાં ભાનમાં ફરીથી આવ્યા બાદ, જ્યારે તેવી બે પ્રકારની હાલત આપણે ભોગવી એમ જાણયે ત્યારે તેને ઉંઘ કરીને કહયે છીએ.

ઉંઘ દરેક માટે કેટલી આવકારદાયક હોય છે તે મનુષ્ય માત્ર સારી પેઠે સમજે છે.

સાધારણુ પ્રકારે એવી હાલત (ઉંઘ)માંથી એક મનુષ્ય જ્યારે જાગરિત હાલત, યાને શારીરિક ઇંદ્રિયોના ભાનમાં આવે છે; ત્યારે તેને તે આસપાસના ભાન સહિત કાંઇ એવાં ભાનનું પણ સ્મરણ થાય કે, તે પોતે અમુક સ્થળે સ્તબ્ધ (વિચાર, ઇચ્છા અને કાર્ય વિના) પડેલો હોવા છતાં તેણે કોઈ જોડે મુલાકાત કરી, અનેક દેખાવો જોયા, કાંઇ કાંઈ બનાવો જોયા, અથવા એવાજ પ્રકારે વિચાર, ઇચ્છા અને કાર્ય કર્યું ત્યારે તેવી બાબતને તે “સ્વપ્ન” આવ્યું એવી રીતે સમજે છે.

ઉપર મુજબ શારીરિક ઇંદ્રિયોનાં ભાન સહિત—યાને જાગરિત હાલતમાં આવતાં, જો તેને ઉપર જણાવ્યા મુજબ બીજાં કાંઇ ભાનનું સ્મરણુ નહિ થયું હોય તો તે મનુષ્ય સ્વભાવિક રીતે સમજે છે કે, તેણે ઉંઘમાં સ્વપ્નુ જોયું નથી. વળી તે બાબતનો તેને ખ્યાલ વટીક હોતો નથી.

જ્યોતિષ વિદ્યાનો સૂક્ષ્મ અભ્યાસ એમ દર્શાવે છે કે, મનુષ્યનું અંતરભાન અને જાહેરભાનનું જોડાણુ થવું, સામસામી કાર્ય કરવું યાને ઉંઘમાં પડેલા મનુષ્યોને વિચાર, ઇચ્છા અને કાર્યરૂપી દેખાવ થવા યાને “સ્વપ્ન” આવવું એવી હાલત ઉંઘની સ્વાભાવિકજ હોય છે. મતળબ એ હોય છે કે, તેવું નિયમિત

દરેક મનુષ્યના બાબમાં બનતું રહે છે. પરંતુ તે અમુક પ્રકારે અમુક પ્રમાણમાં વિચાર રૂપે હોય યાને અતિ સૂક્ષ્મ હોય, ઇચ્છા રૂપે હોય અને મધ્યમ સૂક્ષ્મ હોય, અને કાર્ય રૂપે હોય અને સૂક્ષ્મ હોય તો તે પ્રકારે તે પ્રમાણમાં શારીરિક ઇંદ્રિયોનું બળાબળ નહિ હોય તો તેમ થવા છતાં પણ તે અંતરભાનની કેટલી અને કેવા પ્રકારે સામસામી આપ લે થઇ યાને "સ્વપ્ન જોયું" એવા ભાન સહિત સજાગરિત થવાતું નથી. વળી કોઈ વેળા એવું બને છે કે, અમુક પ્રકારે અને અમુક પ્રમાણમાં "સ્વપ્ન જોયું" એવાં ભાન સહિત જાગરિત અવસ્થા થાય છે તો તેવા પ્રકારે અને તેવા સ્વપ્નાનો શું અર્થ ઉઠાડી તેને વ્યવહારૂ રૂપે સમજવું, અથવા એમ થવાનું કારણ શું હોય છે, વગેરે બાબતની સમજ નહિ હોવાથી "સ્વપ્ન જોયું" એ પણ નિરર્થક જાય છે.

અમુક સ્થળેથી અમુક વખત સુધી દૂર થયલો માનસ, તે સ્થળે શું બન્યું છે તે, ત્યાં આવ્યાથી આગલાં ભાનને યાદ કરીને તેની જોડે સરખામણી કરી એવું વમાસે છે કે, એ સઘળો ફેર-ફાર કયારે થઈ ગયો—એ દેખાવ કેવા હતા અને કેવા કયારે બની ગયા! વગેરે હું તો કશું જાણતો નથી—તેમ એક મનુષ્યને ઉંઘમાં (અંતરભાન અને જાહેરભાનના અનુસંધાનના વખતમાં, જેમ રાશીઓના પ્રકારમાં અનેક રીતે જોઈ ગયા તેમ) શું શું ફેરફારો અને આગાહી વગેરે થતાં રહે છે તે, હું તો કશું જાણતો નથી—એવાં સજાગરિત ભાન સહિત તે તરફ યાને ઉંઘમાં થતાં કાર્ય તરફ તે લક્ષ આપતો નથી. અને કાંઇક નવીન બનેલું તેને ભાસે છે કે, તે વેળા તે કાંઇ ચમત્કારરૂપે યકાયક અણચિંત્યું બની ગયું હોય એવું તે ધારે છે. વાસ્તવિક રીતે તે તેમ હોતું નથી. જેને તે નવીન બનેલું તરીકે ધારે છે તે જ્યારે જુદા જુદા ફોર્મમાં હતું ત્યારે તે તે નિહાળી ચુકેલો હતો—પરંતુ તે બાબે જ્ઞાન નહિ હોવાથી તે ઉપર લક્ષ અપાયું નહોતુ.

સ્વપ્નાવસ્થા-પોઝીટિવ. નેગેટિવ.

તબીબી વિદ્યા (શરીર રચના અને તેનાં કાર્ય)ના આધારે એવું દર્શાવવામાં અને માનવામાં આવે છે કે, હોજરી-આંતરડાંની પાચનશક્તિ બરાબર નહિ હોય ત્યારે ભેજાં ઉપર દબાણ અથવા એવા શારીરિક અનિયમિત ચલનથી મનુષ્યને બરાબર ઉંઘ નહિ આવવાથી કાંઇ કાંઇ સ્વપ્ન તેને ભાસે છે. શરીર રચના અને તેનાં કાર્ય મુજબ જોતાં એ દર્શાવવું અને માનવું એ પણ વાજબી છે. પરંતુ સવાલ એ હોય છે કે, જ્યારે ઉપર મુજબ કાંઇ શારીરિક ફેરફાર નહિ હોય અને તેવી વેળાએ કોઇ મનુષ્યને બહુ સારા પ્રકારે ઉંઘ કાઢવા સાથે ઉપર મુજબનું સાધારણ પ્રકારે અથવા કાંઇ અજાયબ વિચિત્ર પ્રકારે, સજાગરિત હાલત થતાં સાથે, ભાન થયું હોય અથવા સ્વપ્ન જોઇ ઉઠયો હોય તો પછી શું ધારવું ?

ગરીબ બાપડી હોજરી ! ઉંઘ બરાબર નહિ આવી તેથી સ્વપ્ન આવ્યાં અને તેનો ટોપલો હોજરીને મસ્તકે ચઢયો ! પરંતુ કદાપિ એ હોજરી એમ સવાલ ઉઠાવે કે, ભાઇઓરે ! જ્યારે મારી પાચનશક્તિ તમોને ઘટે તેવા પ્રકારે હતી; અને તેના પ્રતાપે પાંચ પ્રકારની લબથી પાંચ પાંડવોને જેમ એકલી દ્રોપદિ રિઝવતી હતી તેમ, તમારી પાંચે ઇંદ્રિયોને કાર્ય કરવાની શક્તિ મળતી રહેતી હતી-અને તમો ગધેડાં આળોટે તેવી ઉંઘ ખેંચતા હતા-તો તેવી ઉંઘ ખેંચતી વેળાએ શું મારાથી બન્યું તે પ્રથમ બતાવો કે, જેથી પાચનશક્તિના અનિયમિતપણાંને લીધે ઉંઘ બરાબર નહિ આવી તેથી સ્વપ્ન આવ્યો એવી આળનો ટોપલો મારે મસ્તકે મેલેલો વાજબી લેખાય ! સારાંશ કે, ઉંઘ બરાબર આવી ત્યારે એવું શું બનતું રહયું હતું કે, જ્યારે ઉંઘ બરાબર નહિ આવી ત્યારે એવા સ્વપ્ન થયા ?! ત્યારે ઉંઘ બરાબર હોય ત્યારે કાંઇ

પણ એવી કાર્યગતિ બનતી હોવીજ જોઇયે કે, જ્યારે ઉંઘ બરાબર નહિ હોય ત્યારે તે એવી રીતે ભાસ બતાવી શકે. મતળબ એમકે, શશી વગેરેના અભ્યાસમાં જોઇ ગયા તેમ, સ્વપ્નાવસ્થાનાં પણ પોઝીટિવ અને નેગેટિવ એવા બે પ્રકાર હોવાજ જોઈયે. જો પ્રથમ મતને પોઝીટિવ તરીકે સ્વિકાર્યે તો તેનો નેગેટિવ હોવો જોઇયે—અને પ્રથમને નેગેટિવ તરીકે સ્વિકાર્યે તો બીજો પોઝીટિવ હોવો જોઇયે.

હોજરીબાઇનું કાર્ય.

શારીરિક હોજરી—આંતરડાં પાચનશકિત દ્વારા જીવનશકિત રૂપી લોહીને વધારે છે અને તેથી શારીરિક પાંચે ઇંદ્રિયોની ચલાયમાન ગતિ રહે છે. "પેટ કરાવે વેઠ" તેમ એ હોજરીબાઇ ભૂખ લગાડે છે, અને તેથી એકલી દ્રોપદિ કારણે જેમ પાંચ પાંડવ અને કૌરવનું મહાભારત યુદ્ધ થયું તેમ, પાંચે ઇંદ્રિયોને, તે વેઠ કેવા માર્ગે યોજવી એનું મહાભારત યુદ્ધ જગાડવું (એક મનુષ્ય પોષણાર્થે કેવા માર્ગ યોજવા તેની અનેક પ્રકારની કલ્પનામાં) પડે છે. પાંચે ઇંદ્રિયોની શકિતથી મેળવેલી સમજશકિત દ્વારા તે દિન ઉગતે નવીન માર્ગ યોજતો જાય છે. એ પાંચે ઇંદ્રિયોની કાર્યગતિથી બનેલી છઠી અદ્રશ્ય ઇંદ્રિ, (જ્યોતિષ વિદ્યાદ્વારે જોતાં જાહેર ઇંદ્રિ) તે "મન" છે. એ મનની ઇંદ્રિનું સ્થળ નાભિને ઠેકાણે હોય છે. એ શરીર જોડે મનનું બંધારણ થતાં માતાનાં પેટમાં બાળક ચલવલ કરવા માંડે છે. ગર્ભસ્થાનમાં નાભિ દ્વારા પાંચે ઇંદ્રિયોનું પોષણ કરીને એ હોજરીબાઇ "મન"ની ઇંદ્રિની શરૂઆત ત્યારથીજ કરતી રહે છે.

દર છ છ વર્ષના તબક્કે, એજ હોજરીબાઇ પાંચે ઇંદ્રિયોની મારફતે મનનાં બંધારણમાં મોટો ફેરફાર કરતી રહે છે.

વળી મનની ભ્રાંતિ અને કલ્પનાને ઉપર જોઈ ગયા તે મુજબ વ્યવહારૂ રૂપમાં મૂકાવીને તેને "બુદ્ધિ"નું રૂપ અપાવે છે. જેમકે વણિક બુદ્ધિ, પ્રાપંચિક બુદ્ધિ, પેટ ભરવાની બુદ્ધિ, સ્વાર્થક બુદ્ધિ એવી રીતે હેઠલા તબ્બકેથી બુદ્ધિની શરૂઆત કરે છે. એ પછી એજ હોજરીબાઇના પ્રતાપે કામ–બુદ્ધિની શરૂઆત થવાથી કુટુંબી બુદ્ધિની શરૂઆત થાય છે. ત્યાર બાદ આગળ વધતાં હુન્નર ઉદ્યોગની બુદ્ધિ, શોધક બુદ્ધિ, ન્યાય બુદ્ધિ વગેરે શરૂઆત થતાં છેવટે સર્વેથી બળવાન "પરગજુ (ઉદાર, વિશાળ) બુદ્ધિ", (જે આપણે સિંહ અને કન્યા રાશીનાં પતિ પત્નિ તરીકેનાં જોડાણમાં જોઇ ગયા તે છેવટ)ના તબ્બકે લાવી શકે છે.

જેવું આપણે "કન્યા" રાશીનું કાર્ય જોઇ ગયા તેવું એ હોજરી-બાઇનું કાર્ય હોય છે. શારીરિક બંધારણમાં કન્યા રાશીનું ખાકી સ્વરૂપ તે હોજરી છે. જેણી પાંચ ઇંદ્રિયોને ગતિ આપી તેઓથી કામ લઈ, મનની ઇંદ્રિનું બંધારણ રચી, તેને અનેક પ્રકારની બુદ્ધિનું સ્વરૂપ આપી આગળ વધારતી રહે છે.

ધાર્મિક બાબત પ્રમાણે એ હોજરીબાઇ બોધાંગનુ ખાકી સ્વરૂપ છે જે "અરૂપ" લોકનું હોય છે. પરંતુ એનાજ પ્રતાપે કામ–બુદ્ધિની શરૂઆત થવાથી "રૂપ" લોક બનાવી શકે છે.

એજ હોજરીબાઈના પ્રતાપે કન્યા રાશીમાં જોઈ ગયા તેમ, વધતાં વધતાં મનુષ્ય વિદ્યાદેવીનો પુજારી અને પરગજુ બુદ્ધિ ધરાવનાર થઇ શકે છે

એ કન્યા રાશીના સઘળા પ્રતાપ છતાં, પણ સેવટે વિચારનાં એ બાપડી નારીજાતિ અને નેગેટિવ હોવાથી, "હું પોતેજ એવી વિદ્વાન છું, એટલી પરગજુ છું, મારાથીજ સઘળું છે અને હું એકલી રહી શકું છુ" વગેરે રામની સિતાની માફેક હુંપણું આવતાં અને એની ઠેરવેલી હદની બાહેર જતાં તરતજ દશમુખી રાવણ એને ઉપાડી જાય છે. સારાંશ કે, જે પુરૂષમાં હુંજ સર્વેમાં વધુ બુ-

દ્ધિમાન છું, મારા જેવો વિદ્વાન કોઈ નથી, મારા જેવો પરગજુ કોઈ નથી, મારાથીજ સઘળુ છે વગેરે ઠેરવેલી હદથી બાહેર જવાથી દશમુખી રાવણુ યાને "અહંકાર" તેનામાં પ્રવેશ કરે છે કે, તેજ વેળા તેની બુધ્ધિ ભ્રષ્ટ થતી જાય છે.

એવીજ ગતિ હોજરીની હોય છે. જ્યારે એ પોતાના ગર્વમાં આવી ઠેરવેલી હદથી બાહેર જાય છે ત્યારે એનું કાર્ય નષ્ટ બનતું જાય છે.

સિંહ અને કન્યા રાશીનાં જોડાણુના પ્રતાપે જોઇ ગયા તેમ ગર્વ વિનાનો, વિદ્યાદેવીનો પુજારી અને પરગજુ બુધ્ધિવાલો મનુષ્ય તે ખરો બુધ્ધિમાન પુરૂષ ગણાય છે. પરંતુ એ સ્થિતિયે પુગ્યા બાદ એક આંટો બીજા પ્રકારે ઉભો થાય છે.

રામે સિતાની શોધમાં અસંખ્ય મહાભારત કાર્યો બજાવી અનેક પ્રકારના સંકટ વેઠી સેવટે સિતાને મેળવી પોતાના તે કામ માટે બહુ આનંદ માન્યો. પરંતુ સેવટે એક ભંગીએ જ્યારે તેને તાના રૂપે "જાણુ" કર્યું કે, એ તો પર પુરૂષનાં ઘરમાં રહેલી અપવિત્ર કન્યા કહેવાય—કે તેજ વેળા રામે તેણીને એવે સ્થળે ફેંકી દીધી કે, તેણીનો પત્તો નહિ લાગે; અને પોતે વનવાસ પકડયો.

એક પુરૂષ ઉપર જોઇ ગયા તે પ્રમાણે ધીમેધીમે પોતાને બુધ્ધિમાન પુરૂષ કહેરાવી, વિદ્યાદેવીના પુજારી તરીકે, રામની માફેક અનેક ખંત અને સંકટ ઉઠાવી તેને સંપાદન કરી આનંદ મેળવે છે. પરંતુ બુધ્ધિ અને વિદ્યાના નામ હેઠળ, દુન્યાનો વ્યવહાર કેવા નહિ ઇચ્છવા જોગ પ્રપંચથી ચાલે છે. અને એ કુમારી કન્યાને "હોજરીબાઇ" ના પ્રતાપે પવિત્ર છતાં અપવિત્રતાનું લાછન લાગે છે. યાને સઘળી પેટની વેઠ ચાલે છે એવો ભાસ થતાં તે બુધ્ધિને અપવિત્ર લેખી ત્યજી દે છે. યાને તે મનુષ્યને "જ્ઞાન" પ્રદિપ્ત

થાય છે. એકલી સિંહ રાશી રહી જાય છે. "બુદ્ધિ" નારીજાતિ "જ્ઞાન" નરજાતિમાં ફેરવાઇ જાય છે.

એકલી સિંહ રાશી રહેતાં—તે મનુષ્ય સિંહની માફક, વેરાન જંગળમાં પહાડોની ગુફા અથવા ટેકડી વધુ પસંદ કરે છે. તેને "બુધ્ધિ"નાં નામ હેઠળની કોઈપણ દેવી (લક્ષ્મી, ન્યાય, ઈંદ્રાણિ, વિદ્યા વગેરે) કન્યા રાશીની સઘળી બાબત, જોઈતી નથી. તે સારી પેઠે સમજે છે કે, પ્રથમ હોજરીબાઇ અને તેના પ્રતાપે પાંચ ઈંદ્રિયોથી અને તેથી મનનાં બંધારણથી ચઢોતર દરજાની બનેલી એ સઘળી વસ્તુઓ છે. એ જ્ઞાન અને તે જોડે સિંહ રાશીનું જેટલું બળ, માત્ર ઋષિ મૂનિયો અથવા પયગમ્બર જેવા મહાન નરોનેજ હોય છે. જ્ઞાન એ પોઝીટિવ હોય છે જયારે બુધ્ધિ એ નેગેટિવ હોય છે.

સારાંશ કે, ખાકી, કામ અને માનસિક એ ત્રણ ભૂવનો પર્યંત બુદ્ધિ કાર્ય કરે છે અને જ્યારે નર અને નારી જાતિ એ બે પ્રકાર મટી જાય છે, ત્યારે "જ્ઞાન" એવો એકજ પ્રકાર આત્મિક ભૂવન ઉપર કાર્ય કરી શકે છે.

મહત્ ખૂબી એ હોય છે કે, "જ્ઞાન" થનાર મનુષ્યને ઉપલાં ત્રણ ભૂવનની ગંધ (કાર્યગતિ) સોહાતીજ નથી—અને એક સિંહરાજની માફક જંગળમાંજ મંગળ (સ્વાનંદ) સમજે છે. અને કુદરતના બંધારણની ગતિ પણ એજ મુજબ કાર્ય કરે છે.

હાલમાં આપણે શું જોઇયે છીએ. "આત્મજ્ઞાન" થયું છે—અને જંગળમાંથી વસતિમાં આવ્યા છે—એવા "મહાત્મા નરો!" ગલીગુંચીમાં ઉભાઈ જાય છે— અને "આત્મજ્ઞાન"નાં બળ હેઠળ, આત્મજ્ઞાન કેવું હોય—અને તે પ્રદિપ્ત થનારની સ્થિતિ કેવી હોય-- અને તે સમજવા માટે કુદરતની કાર્ય કરતી શક્તિઓનો મહિમા કેવો હોય છે, તેની જાણ વિનાનાં બાપડાં ભોલાં લોકનાં ગજવાંનો ભાર ઓછો કરી કરાવી, એ "મહાત્મા નરો!" પોતાના આત્મિક

બળ ! (કે પ્રપંચ ?)થી લોકોનું કલ્યાણ કરી નાંખે છે ! એ સઘળા મૂળરૂપે હોજરીબાઈના પ્રતાપ હોય છે.

આપણે આગળ જોઈ ગયા તેમ એ કન્યા રાશી રૂપી વિદ્યાદેવી પોતાના પતિને પણ "ન્યાય" આપી શકતી નથી. યાને એક મનુષ્ય ગમે તેવો વિદ્વાન હોય–પરંતુ તે, લખીને, બોલીને અથવા કોઈપણ વિધાદ્વારે, "આત્મજ્ઞાન" શું હોય છે તેને ન્યાય આપી શકવાનો નથી–યાને તેનું વર્ણન અને ભાસ યથાયોગ્ય દર્શાવી શકતો નથી.

સઘળાં મનુષ્યોએ પોતે પોતાની મેલે પ્રથમ વિદ્યાદેવીના પુજારી બની, પરગજુ બુદ્ધિ ધરાવી, ગર્વ વિનાના બની–સારાંશ કે, ખરા બુદ્ધિમાન પુરૂષના તબ્બકા ઉપર આવી ઉભું રહેવાનું છે, અને તેવાં લક્ષણ ગ્રહણ કરી તેવી ગતિ ચાલુ રાખ્યાથી, એકાદ વખત એવો મલશે કે, "આત્મજ્ઞાન" કેવું હોય તેનો ભાસ પોતાને મલી આવશે, યાને "જ્ઞાન" પ્રદિપ્ત થશે. પરંતુ બીજાં માટે તેનું વર્ણન કરી તેને યોગ્ય ન્યાય તો આપી શકાવાનો નથી.

"આપ મુવા વિના સ્વર્ગ ન દેખે" તેવી સ્થિતિ ખરા આત્મજ્ઞાનની અને આત્મજ્ઞાનીની હોય છે. તે બાપડો એ "જ્ઞાન" વસ્તુની કઇ કઇ ચીઝો જોડે સરખામણી કરી તેનો ભાસ આપી શકે–અને લેનાર લઈ શકે!

સૂક્ષ્મ શરીર--રૂહ.

ઉપર જોઈ ગયા તે મુજબ મૂળરૂપે હોજરી અને તે જોડે શરીર ગતિના કાર્યનું અનિયમિતપણું થવાથી, ઉંઘ બરાબર નહિ હોવાથી, મનની થતી ભ્રાંતિ તે "સ્વપ્નાવસ્થા" હોતી નથી. "સ્વપ્નાવસ્થા" તે હોય છે કે જેથી મનુષ્ય સામુ પોતાની પાંચે ઇંદ્રિયો અને છઠી મનની અદ્રશ્ય ઇંદ્રિનું ભાન વિસરી–કાંઇક જુદાંજ ભાનમાં હોય

છે. "જેવું ખાઈશું તેવો ઓડકાર આવશે" "ચિત્તમેં બસે શો સ્વપ્ને દેખે" તેવી રીતે આખો દિવસ અમુક કાર્ય કીધું હોય અને તેજ મનની ભ્રાંતિ, ઇંદ્રિયો સ્તબ્ધ નહિ થવાથી, વળતી ચાલુ રહે છે તે "સ્વપ્નાવસ્થા" હોતી નથી.

ઉદાહરણ તરીકે, એક મનુષ્યે કાકરી ખાધી અને મનની ભ્રાંતિમાં જુવે કે, "કાકરી ખાય છે" અને તે સાથે બીજી ઇંદ્રિયોને ચૈતન્ય મળ્યું યાને સજાગરિત થયો અને તે સબબે તેને યાદ રહી ગયું કે મેં કાકરી ખાવાનું સ્વપ્ન જોયું છે તો એ સ્વપ્નાવસ્થા હોતી નથી. એક બાઇએ આખો દિવસ બેસી કાંદાની કચુંબર બનાવી અને તે કાર્યની ભ્રાંતિ નિદ્રાવસ્થામાં જોઈ સજાગરિત થઇ, એવી "સ્વપ્નાવસ્થા" હોતી નથી. એક ગાંધીએ દિવસે ઘી તોલ્યું અને ઉંઘમાં પોતે ઘી તોલે છે એવું જોયું, દરજીએ કપડાં સીવે છે એવું જોયું, વગેરે પોતાની કાર્યગતિને લગતી ભ્રાંતિ જોવી એ "સ્વપ્નાવસ્થા" અને સ્વપ્ન તરીકે હોતું નથી. ખૂબી એ છે કે એમ હોવા છતાં પણ, "કાકરી, કારેલું, કબટ કચુંબર" વગેરે વગેરેના પૃથ્થકરણો સ્વપ્ન સહિત અને વળી તેવા સુફયાણા સ્વપ્નની તાસીર (!) તરીકે પુસ્તક દ્વારા અથવા બીજી રીતે ભોલાં બાપડાં સમજનારાં અને તેમને સમજાવનારા (જ્ઞાની) ઓનો તોટો હોતો નથી! વળી જેવા મહાભારત સ્વપ્ન! તેવી તેની તાસીરની તો હદ હોય છે! "એક બાઇ જો કચુંબર કરતી જુએ તો જરૂર તેનાં લગ્ન થાય'! ગરીબ બાપડી બાઇ! એવા પોતાના સ્વપ્નાની કચુંબરી તાસીર જાણી થોડા વખત તેનું રૂહ! તો જરૂર ખુશહાલ થતું હશે.

જે પ્રમાણે આપણે સૃષ્ટિની દરેક રાશી આદિ કાર્ય કરતી શકિતઓના બે પ્રકાર, પોઝીટિવ અને નેગેટિવ જોઇ ગયા, તેમ મનુષ્યનાં પોતાનાં કાર્ય કરનાર શરીરના પણ પોઝીટિવ અને નેગેટિવ એવા બે પ્રકાર હોય છે. ચાર તત્વમાં ચઢોત્તર દરજજે,

જુદાજુદા પ્રકારે એ બેઉ પ્રકારની સમજ જોઇ આવ્યા છીએ. આતશ અને પાણી–પોઝીટિવ અને નેગટિવ; હવા અને ખાક–પોઝીટિવ અને નેગેટિવ. વિચાર ઇચ્છા અને કાર્યરૂપે થયલા અનેક રંગોનું મિશ્રણ.

જયારે હવા અને ખાકી તત્ત્વ પોતે કાર્ય કરે છે, યાને પોઝીટિવ બને છે ત્યારે આતશ અને પાણી પોતે નેગેટિવ તરીકે કાર્ય કરે છે. તન અને મનનું એ કાર્ય કહેવાય છે. દાખલા તરીકે આપણું શરીર છે અને આપણે કાર્ય કર્યે છીએ તો આપણુને સાધારણ પોઝીટિવ રીતે બાહેરથી આપણું આ શરીર અને શ્વાસ માલુમ પડે છે. આતશ અને પાણીનો તત્વ નેગેટિવ તરીકે માંહે કાર્ય કરે છે. એ હવા અને ખાકી તત્ત્વ પોતાનામાં અનેક રંગોનાં મિશ્રણને શોષે છે જયારે આતશ અને પાણીના તત્ત્વ, તેઓને પોતાના રંગમાં મિશ્રણ કરી પોતાના અનૂકુળ થતા રાખી, બાકીનાને બાહેર કાઢી નાંખે છે. એવી રીતે પાણી અને આતશ આપણાં તન અને મનના રંગને પવિત્રતા આપતાં રહે છે. વિચાર, ઈચ્છા અને કાર્યરૂપી તન મનના રંગો ગલાતા અને કાયમ થતા રહે છે.

એજ મુજબ જયારે આપણાં તન મનનું કાર્ય ઉલટાય છે, યાને તન અને મનરૂપે કામ કરનારો ઈંદ્રિયો સ્તબ્ધ થઇ જાય છે, સ્વભાન ભુલી જવાય છે અને આપણે સાધારણ પ્રકારે જોતાં ઉંઘમાં પડયે છીયે; ત્યારે આતશ અને પાણીની રાશીઓના તત્ત્વ પોઝીટિવ રૂપે જયારે હવા અને ખાકી તત્ત્વ નેગેટિવ રૂપે કાર્ય કરે છે.

આ વેળાએ ઉલટું કાર્ય બને છે. આતશ અને પાણીનો તત્ત્વ પોતાનામાં અનેક રંગોનાં મિશ્રણને શોષે છે, જયારે હવા અને ખાક તેને પોતાના રંગને અનૂકુલ થતાં રાખી, બાકીનાને બાહેર કાઢી નાંખે છે. એ રીતે તન અને મનને પોતાના રૂચતા રંગો મલ્યાથી તે તાજગી લઇને ઉઠે છે.

પ્રથમ કાર્ય પોઝીટિવ તરીકે તન અને મનનું બને છે, જયારે ઉલટાયલું કાર્ય, સૂક્ષ્મ શરીર (રૂહ) અને આત્માનું બને છે.

જાગરિત હાલતમાં તન (શરીર) અને મન (પ્રાણ) આપે તે સૂક્ષ્મ શરીર (રૂહ) અને આત્મા સ્વિકારે છે અને ઉંઘની હાલતમાં રૂહ અને આત્મા આપે તે તન અને મન સ્વિકારે છે. એવી રીતે મનુષ્યની આપ લે સૃષ્ટિના નિયમ મુજબ નિયમિત થતી રહે છે.

સૂક્ષ્મ શરીર, રૂહનો મુખ્ય તત્ત્વ પાણીની રાશીનો હોવાથી એ કુદરતી બરફ જેવું સફેદ રહે છે. હિમાલય આદિ પર્વતના શીખર ઉપર જેવો બરફનો દેખાવ હોય અને જોનારની આંખને તાઢક આપે તેવો એનો દેખાવ અને ભાસ હોય છે. એક સુંદર પાણીના ઝરા આગળ કાંઈ તેવાજ પાણીના દેખાવ આગળ, અથવા બરફની સીન સીનરી આગળ ગયાથી આપણાં અંગને કાંઇ અજાયબ પ્રકારની લાગણી અને આનંદ થવા જોડે તેવા દેખાવ તરફ આપણું ખેંચાણ થઇ રહે છે તેનું કારણ એ "રૂહ" હોય છે. જે પોતાના મૂળ તત્ત્વના જેવા "ભાઇબંધ" ને નિહાળતાં અજબ પ્રકારે ઉછાળા મારી તે તરફ આકર્ષાય એ સ્વાભાવિક હોય છે. પરેહઝગાર નરો હોય અને જે બુધ્ધિ ભૂવને પુગી; તન અને મનનું કાર્ય ભોગવી તેથી નિવૃત્ સ્થિતિયે આવી પુગી "જ્ઞાન" પ્રદિપ્ત થયું હોય–તેવા નરો "સિંહરાજ"ની માફક એવાં સ્થળે આકર્ષાય, અને મનુષ્ય માત્રની વસતિ ત્યજી દઇ તેવાંજ સ્થળે રહેવાનું વાજબી વિચારે તેનું કારણ તેમનું "રૂહ" હોય છે. એમાં વાસ્તવિક રીતે "વિચાર" જેવું હોતું નથી–પરંતુ તે નરને તે કુદરતી આકર્ષણુજ હોય છે અને તેથી તે તે તરફ ખેંચાઇ જાય છે.

પ્રથમ વિદ્યાદેવીનો ભાવિક સેવક બની, સાર અસારનો તત્ત્વાર્થ ખેંચી તે વડે સ્વાર્થ વિનાના નિર્મળ ઉદાર વિચાર, ઇચ્છા અને કાર્યરૂપી પરગજુ વિશાળ બુધ્ધિના તબકે આવ્યા

વિના, દિક્ષા લેવી, સાધુબાવા બનવું, લાંબી દાઢી વધારી મહાત્મામાં ખપવું આદિ મનુષ્ય વસતિમાંના સઘળા દેખાવ "હોજરીબાઇ"ના ભાવાર્થ સહિત (વિના જ્ઞાને) માત્ર તન અને મનના હોય છે.

પાણીની રાશીનો સૂક્ષ્મ તત્ત્વ ધરાવનાર એ કુદરતી બરફ જેવાં નિર્મળ રળિયામણા "રૂહ" ઉપર આતશી રાશીઓનો પ્રતિબિંબ (આતશી ચલકાટ) પડેલો હોય છે. જેમ તળાવ, કુવા કે પાણીના ઝરામાં આપણે સૂર્ય કે ચંદ્રનો પ્રતિબિંબ પડેલો નિહાળ્યે છીએ તેમ એ "રૂહ"ની ઉપર આતશી રાશીનો પ્રતિબિંબ હોય છે.

એવી રીતે બનેલું "રૂહ" તન અને મનનાં બનેલાં શરીર જોડે, શ્વાસરૂપી વિજળિક તારથી જોડાયલું હોય છે. તન અને મનનું કાર્ય પોઝીટિવ તરીકે ચાલુ હોય ત્યારે તેમાં એનું કાર્ય નેગેટિવ તરીકે હોવાથી, તન અને મન એને પોતાનામાં શોષી રાખે છે, અથવા કુદરતી રીતે એ તેમ રહે છે.

અગાઉ જોઇ ગયા તેમ મનુષ્ય જયારે ઉંઘમાં પડે છે અને તેનું કાર્ય ઉલટાય છે ત્યારે એ "રૂહ" પોતે પોઝીટિવ બને છે અને "તન-મન"નું કાર્ય નેગેટિવ બને છે. એ પોઝીટિવ બન્યાથી પોતે કાર્ય આરંભે છે જે સઘળું તન મન સ્વિકારી, અનૂકુળ રાખી બાકીનું કાઢી નાંખે છે. એવી રીતે વિચાર, ઇચ્છા અને કાર્યરૂપી રંગોનું પરસ્પર મિશ્રણ થાય છે.

અંધકાર દરમયાન સિનેમેટોગ્રાફના પરદા ઉપર પડેલા પ્રતિબિંબ ઉપરથી જેમ અનેક રંગોના દેખાવો પસાર થઇ જાય છે, તેમ આપણાં રૂહ ઉપર પડેલા પ્રતિબિંબ ઉપરથી અનેક વિચાર, ઇચ્છા અને કાર્યરૂપી રંગો પસાર થઇ જાય છે. જેમ પરદો, પાણી, પ્રતિબિંબ અને તેની આસપાસની શિહાઇ એ જુદા જુદા તફાવતે હોતું નથી, તેમજ પસાર થનારા રંગો પણ અલાહેદા

હોતા નથી–પરંતુ પરસ્પરના આધારે એક બીજામાં ભેલાઇને એકીવેળા કાર્ય કરે છે તેવી એ સ્થિતિ હોય છે. આપણો અંધકાર એ આપણી નિદ્રાવસ્થા છે.

હયાં પેલા તોલા રાશીના રંગ અને વરખ રાશીના નિ-રંગનો ભાગ આભાસ ખેંચી-શકાય છે. અંધકાર અને તે દરમયાન તે ઉપર કાબુ મેળવવાનું સફેદ સાધન જેના પ્રતાપે અનેક રંગો પ્રદર્શિત થઈ શકે છે. કાળો રંગ અનેક રંગોને પોતાનામાં શોષી વળતું બાહેર કશું આપતો નથી, તેમજ બીજા રંગોને પોતા ઉપર પ્રદર્શિત થઇ સરસાઈ લેવા દેતો નથી. જ્યારે સફેદ રંગ બીજા રંગોને શોષ્યા વિના, તેઓને પોતા મારફતે પ્રદર્શિત થઇ સરસાઇ લેવા દે છે. સબબે મૂળ રૂપે કાળો રંગ ઉપર કાબુ રૂપે સફેદ નિરંગ ઉભો કર્યા વિના અન્ય રંગ જન્મ લઈ શકતા નથી. પરંતુ એ જોડે ખૂબી એ હોય છે કે, રંગ વિના નિ-રંગ એકલો હોય શકતો નથી.

કહેવામાં આવે છે કે, “ખુદા કરતાં પણ શયતાન વધુ બળવાન છે તેથી તેને નાબુદ તો કરી શકાતો નથી, પરંતુ તેની ઉપર ખુદા કાબુ રાખી શકે છે!”

શારીરિક સ્વભાવ અને અજ્ઞાનતા ઇન્સાનથી નાબુદ તો કરી શકાતી નથી, પરંતુ તે ઉપર કાબુ ધરાવી શકે છે.

સૂક્ષ્મ શરીર પાણીનું હોવાથી તેમાં આતશી રાશીનો પ્રતિબિંબ પડી શકે છે, પરંતુ મનની હવાઇ શશી એવી હોય છે કે, પ્રથમ તો તે બાપડાંને સ્થિર થવા દેતી નથી. તે સ્થિર થાય તો તે ઉપર પ્રતિબિંબ બરાબર ગોઠવાય અને તેમ થાય તો પછી પસાર થતા સઘળા રંગોનું ભાન બરાબર આવે.

વળી તે બરાબર સ્થિર થાય તો પ્રતિબિંબ ઝાંખો હોય–અથવા તે પણ બરાબર હોય તો રંગો એવા હોય કે જે સ્પષ્ટ પ્રદર્શિત થવાને બદલે લિંપાઈ ગુંપાઇ જેવા જતા હોય–એવી કાંઇક ખોડખાંપણ હોય ત્યારે મનુષ્યને નિદ્રાવસ્થામાં બનતાં ખાસ કાર્યનો

ભાસ આભાસ ક્યાંથી મળે?!

સારાંશ કે, ક્યાં તો મનુષ્યનું મન શાંત નહિ હોય, તે ઉપર કાબુ મેળવેલો નહિ હોય, તે બાબેનું જ્ઞાન નહિ હોય, આતશી રાશીનું બળ નહિ હોય, વિચાર, ઇચ્છા અને કાર્ય-શક્તિરૂપી રંગો પ્રબળ નહિ હોય–રંગોનાં ધોરણ મુજબ મિશ્રિત નહિ થયલા હોય. એકાદમાં ભળતોજ મિશ્રિત થઇ ગયલો હોય–યાને વિચાર કાંઇ, ઇચ્છા ભળતીજ અને કાર્ય જુદુંજ એવું થયલું હોય ત્યારે મનુષ્યને પોતાની બનતી સૂક્ષ્મ ગતિનું ભાન તે ક્યાંથી દ્રષ્ટિગોચર થાય!

"કાગનું બેસવું અને તાડનું પડવું" એવા સંજોગ વચ્ચે, કોઈ વેળા કોઇક મનુષ્ય કાંઈ અનધાર્યા દેખાવ સહિત તે જાગી ઉઠે છે તો તે દેખાવનું તે અનુમાન ખેંચી શકતો નથી.

જેમ પોતાની સરજત વિચાર, ઇચ્છા અને કાર્યથી ગુંથાયલી હોય છે, તેમ પોતાનાં સગાંવહાલાં, સમાગમમાં આવનારાંની પણ ગુંથાયલી હોય છે.

એક પિતાને ચાર પાંચ ફરજંદો હોય છે. તેઓની સરજત પિતા જોડે, અલાહેદાં થવા વિના, પિતાની હૈયાતિ સુધી જોડાયલી હોય તો તેવા સંજોગમાં, દરેકની સરજત ચઢોત્તર દરજ્જાની હોવા છતાં પણ, પિતાની જીંદગી સુધી સરખી હાલત ભોગવે છે. બાદ તેઓ પોતાની સરજત પ્રમાણે ચઢોત્તર ફળ ભોગવતાં માલુમ પડે છે.

એવી રીતે જેઓની સરજત પોતા સાથે જોડાયલી હોય, અને જેઓ માટે પોતે વિચાર, ઇચ્છા અને કાર્ય ધરાવતો હોય તેઓ માટેના પણ રંગો પ્રદર્શિત થતા રહે છે.

રંગો એ આપણી સરજતના બનનારા બનાવોનો સૂક્ષ્મ ભાસ આભાસ હોય છે; જે ભવિષ્યમાં ફળ તરીકે જાહેર થનાર હોય છે.

જેમ એક માનસ બીજાને કહી જાય છે કે, કાલે હું તને અમુક ચીઝ આપીશ. પેલા માનસને વાસ્તવિક તે ચીઝ મળી નથી પરંતુ તેને ભાસ થયો કે, કાલે તે ચીઝ તેના શરીર સાથે જોડાશે યાને તાબામાં આવશે, તેને અમુક વસ્તુની પ્રાપ્તિ અમુક તરફથી થશે, વગેરે. તેમ રંગો (સ્વપ્નાવસ્થાના દેખાવો) ઉપર મુજબ ભાસ આપી જાય છે—જે તેને માટે સૂક્ષ્મમાંથી જડમાં આવનાર છે, વગેરે. જેમ કોઇપણ બાબતમાં કોઇપણ વસ્તુનાં લક્ષણ, ચિન્હ, ચેનચાલા વગેરે જોઇને, ભાસ ખેંચ્યે છીએ કે, એનાં લક્ષણ આદિ એવાં છે તો એનો સરંજામ એવો ઉતરશે. તેમ એવી થતી ક્રિયા વેળાના રંગ રૂપ, લક્ષણ વગેરે જોઇ ભાસ ખેંચી શકાય છે કે, એનો સરંજામ એવો ઉતરશે. એવા પ્રકારે અનુમાન ખેંચવું એને "સ્વપ્નની આગાહી" તરીકે કહેવામાં આવે છે.

બંદગી—ભક્તિ.

આગળ જોઇ ગયા તે મુજબ સફેદ પરદો (શરીર), તે જોડે મળેલું પાણી (સૂક્ષ્મ શરીર), અંધકાર (મન), અને તે ઉપરનો પ્રતિબિંબ (બારે રાશીઓના મિશ્રિત તત્વને) એ ચારને સમાંતરે, સમાબળે, વકતાનૂસાર કાર્ય કરી શકે એવા પ્રકારે યોગ્યાનૂસાર રચી તે મુજબ રાખવાની જરૂર હોય છે. (જરથોશ્તી ધર્મ મુજબ એક ધર્મ—ગુરૂ એ સ્થિતિએ, એ જ્ઞાને, એ કાબુએ આવે છે ત્યારે તે નિરંગ—દીનની ક્રિયા કરી જાણે છે, તે ક્રિયામાં પ્રવિણ છે, કરી જાણે છે, સમજાવી જાણે છે, શીખવી જાણે છે—ફાયદો મેળવી ફાયદો આપી જાણે છે. હવે ચાલુ વખતમાં શું સમજે છે, સમજાવે છે—ફાયદો મેળવે છે, ફાયદો

આપે છે! શું પોતે રચી મેળે છે અને રચી મેળાવે છે!

"એલ્મ ઉપર અમળ નહિ કર્યો તો તે એલ્મ નિરર્થક હોય છે." તેમ એ બાબતો ઉપર વ્યવહારૂ રીતે ધીમેધીમે અમળ કરતા રહેવું જોઇયે. એક વસ્તુ સારી હોય તોપણ તે વસ્તુ ખાઈ લેવાની અભિલાષાએ તે ખાઈ લીધી હોય અને તે હોજરીએ કબૂલ નહિ કરવાંથી સામો બિગાડો થતો રહે છે; પરંતુ તે ચીઝ ખાવાની ધીમેધીમે ટેવ પાડયાથી તે વ્યવહારૂ ચીઝ પોતા માટે થઇ પડે છે તે મુજબ ધીમેધીમે વ્યવહારૂ અમળ કરતા રહેવાથી. ઉપલી ચીઝો યોગ્યાનુસાર રચતા તેમજ રાખતા જવાય છે.

કુદરતની કાર્ય કરવાની રૂઢિને અનુસરી પરદો સફેદ રાખવા માટે બનતાં સુધી તનની પરહેઝગારી સ્નાન શુધ્ધિ વગેરે જાળવવાની આવશ્યકતા હોય છે. ખુરાક આદિ દરેક બાબતમાં બને ત્યાં સુધી તનનું સમાંતર અને સમાબળ જાળવવાની સંભાળ રાખવી. પાણી (સૂક્ષ્મ શરીર) માટે બને ત્યાં સુધી કામ-વાસનાનો ભાગ ઓછો કરતા જવું જોઇયે. અંધકાર માટે બને ત્યાં સુધી (પાંચે ઇંદ્રિયોના કાર્યથી બનેલાં) મન ઉપર કાબુ ધરાવવો જોઇયે. જોવાથી, સાંભળવાથી, વાંચવાથી આદિ દરેક ઇંદ્રિય દરવાજાના કાર્યથી, તેજ દરવાજાનું આકર્ષણ થઇ તેજ તરફ મનનું ઘર્ષણ થતું નહિ રહે એવી હાલતનું સમાંતર અને સમાબળ રચાતું અને જળવાતું રહે તેવી વ્યવહારૂ સંભાળ લેવાતી રહેવી જોઇયે. સારાંશ કે, ઇંદ્રિયોનાં આકર્ષણ અને ઘર્ષણ મુજબ યાને માત્ર તે બાબેની લાગણી અથવા સારૂં માઠું એવો ભાસ થઇ તેજ તરફ મનના ફાંટા ઊભા થવામાં ઘટાડો કરતાં રહેવું જોઇયે. એ માટે વિદ્યાદેવીની મદદ લઈ, જ્ઞાન-દ્રષ્ટિયે સાર અસાર ઉપર મનન કરવાની વ્યવહારૂ તબેહ પાડતા રહેવું જોઇયે.

એ સઘળું થવા જોડે, સેવટે પ્રતિબિંબ જેટલું સંકોચાયલી અથવા વિશાળ હાલતે હશે, ઝાંખું અથવા ચળકાટવાલું હશે તે મુજબ તે પ્રમાણમાં ભાતભાતના રંગોનો ભાસ આભાસ દર્શાવી શકશે.

એને વિશાળ બનાવવા અર્થે બને ત્યાં સુધી વ્યવહારૂ રીતે ઉદારતા ખીલવવાની જરૂર હોય છે. એને ચળકાટવાલું બનાવવા અર્થે બને તેટલી પરમેશ્વરની બંદગી ભકિતની ઝરૂરત હોય છે. અને તે મુજબ રચી તેનું સમાંતર અને સમાબળ જાળવવા અર્થે પ્રમાણિકપણાં (સત્યતા)ની આવશ્યકતા હોય છે. બતાવવામાં આવે છે કે, "સિંહ ભૂખે મરે પણ ઘાસ નહિ ખાય" તેમ **સ્વાર્થ તરફ નિહાળી સત્યતાને હડસેલી મેળવી નહિ.** હમેશાં એટલું યાદ રાખવું કે, **ચારે બાબતોનું સમાંતર અને સમાબળ જેટલું વધુ જળવાય તેટલું તે વ્યવહારૂ રીતે બળવાન હોય છે.**

પ્રતિબિંબને ચળકાટવાળું તેજસ્વી બનાવવા માટે બંદગી–ભકિતની ઝરૂરત હોય છે. એનાં બળ ઉપર તો અન્ય રંગોના ભાસ આભાસનો મોટો આધાર રહે છે. અંધકાર ઉપર અમુક પ્રમાણનો કાબુ તે એનાથી હોય છે. એ જેટલું વિશાળ બને તેટલો એની આસપાસનો શિહાઇ હટતો જાય છે.

બંદગી–ભકિત કરવાના અનેક માર્ગો હોય છે. પરંતુ કુદરતના કાર્યની ગતિ મુજબ જોતાં તો અંધકારમાંજ બંદગી કરવાની આવશ્યકતા હોય છે. અંધકાર એટલે એવી જગા હોય કે જયાં બનતાં સુધી આપણાં મનરૂપી પાંચ ઇંદ્રિય દરવાજાનું આકર્ષણ ઘર્ષણ ઓછું થતું હોય. ઘરમાં યા બાહેર જયાં અનૂકુળ હોય ત્યાં એવી જગા પસંદ કરવી તેને બંદગી માટે એકાંતવાસ

કહે છે. જેટલો વખત આપણે બંદગીમાં ગુઝારવાનો નિયમ રાખ્યો હોય તેટલો વખત પ્રથમ એકાંતવાસ કરવો જોઇયે. બીજાંના આવાજ, ચળહુળ અથવા કોઇ અન્ય ગતિથી બનતાં સુધી આપણી ઇંદ્રિય દરવાજાનો ભાસ આભાસ ઓછો ચલાયમાન ગતિમાં રહેતો. જાય. તેટલો સારો. એ હિસાબે આંખ્યો પણ બંધ રહેવી જોઇયે.

જેમ આપણે ઉંઘમાં કાંઇ સ્વપ્નરૂપે દેખાવ વગેરે જોતાં હોઇયે અને કોઇના આવાજ અથવા બીજી ગતિથી આપણે સજાગરિત થઇ જવાથી ગમે તેવા સારા દેખાવનો ભાસ આભાસ પણ એક પલકવારમાં નાબુદ થયલો અને કંઇ હતુંજ નહિ તેવો ભાસ આપી દે છે તેમ; વળી જેમ સિનેમેટોગ્રાફમાં એકદમ લાઇટ કરી દેવાથી, નઝર સમિપનું કશું હતુંજ નહિ અને ગયબ થઇ ગયું હોય તેવો ભાસ આપી દે છે; એ મુજબ બાહેરના ઇંદ્રિય દરવાજાની ચલાયમાન ગતિના ભાસ આભાસથી બંદગી ભકિતની અસર ગયબ અને નાબુદજ હોય છે. સારાંશ કે, મનનો જે મૂળ રંગ અંધકાર (કાળો) હોય છે તેને કાળા રૂપેજ બને તેટલું રાખવું જોઇયે. એ કાળા રંગને અન્ય રંગો જોડે જેટલો ઓછાં પ્રમાણમાં આમેજ કરીશું તેટલો તે અન્ય રંગનો બચાવ રહેશે. અને જેટલો બચાવ રહેશે તેટલી રંગોની આબ ખુલતી જશે. બંદગી શરૂ કર્યા પછી સંપૂર્ણ થાય ત્યાં સુધી તેટલો વખત, માત્ર બંદગી સિવાય બીજી મનની કે તનની ચળનવળન નહિ થાય તેટલી સારી અને વાજબી હોય છે. આંખ્યો પણ ખુલવી નહિ જોઇયે. એવા પ્રકારની બંદગી દર રોજના ચોવીશ કલાક દરમયાન **ઓછામાં ઓછી અરધો કલાક** પણ થવી જોઇયે.

સ્વધર્મ મુજબ દરેકને જેમ અનૂકુળ હોય તેમ પરમેશ્વરનું નામ અથવા તેવોજ અમુક કલામ મોંઢે કરી લઇ, તેને નિયામત અમુક સંખ્યામાં ઉપલી સ્થિતિ મુજબ જપતા રહેવું જોઇએ.

જ્યોતિષ વિદ્યા આધારે—જન્મ વખતનો પોતાના જન્મ-કુંડળીના દરેક રંગોના જુદા જુદા ખાસ અભ્યાસથી અમુક બાબતને નક્કી કરીને તે રંગ આદિ ગુણદોષને અનુસરતા અમુક ચોકશ માઅ્નવાણી (મંત્રના) કલામનો બંદગી તરીકે ઉપયોગ કરવાને ઠરાવી શકાય છે. એ બાબેનો અભ્યાસ બહુ બારિક અને લંબાણુ હોવાથી અત્રે આપી શકારૂ એમ નથી. તે વિશે આગળ જતાં જોઇશું. જેમ એક તબીબ બિમારની નાડ આદિ તપાસી તેને રૂચતા ખુરાક અને દવા આપે છે અને એમાં જે તબીબનો વધુ અભ્યાસ અને અનુભવ હોય તે બિમારને ત્વરિત સાજો કરે છે; તેમ એમાં પણ બોહોળો અભ્યાસ અને અનુભવની ઝરૂરત હોય છે. પંચાંગ, જ્યોતિષનાં પુસ્તકોમાં લખેલી બંદગી અને તે આધારે કહેનારા જોશીમહારાજોની બાબત એ તો સામાન્ય હોય છે. "સબી ઘોડા બારા ટકે" તેવી વાત હોય છે. એમાં સાર્થક કશું હોતું નથી, પરંતુ વખતની બરબાદી હોય છે.

દુધ જોકે સામાન્ય સારી વસ્તુ લેખાય છે, પરંતુ પોતાની હોજરીના ગુણદોષને અનુસરીને નહિ હશે તો તે વસ્તુ પણ હાનિ કરનારી થઇ પડશે. જો કે, તે મનુષ્ય તો દુધ એ સામાન્ય પ્રકારે સારી વસ્તુ છે એમ હોવાથી તેનો ઉપયોગ કર્યોજ જશે. જ્યારે અનુભવી અને અભ્યાસી તબીબ તેને મલશે ત્યારે તે વીશે તેના શારીરિક ગુણદોષ તપાસી તેને દુધને બદલે તેવોજ બીજો ખુરાક દર્શાવશે તેથી તેને ફાયદો જણાશે; ત્યારે તેની આંખો ખુલશે.

એવોજ પ્રકાર બંદગીમાં પણ હોય છે. બંદગી એ સામાન્ય પ્રકારે સારી વસ્તુ છે. પરંતુ તેમાં ખુરાકરૂપી પરમેશ્વરનાં અનેક નામો (યઝદો, અમસાસ્પંદો, ફરેસ્તા આદિ) હોવાથી પોતાના ગુણદોષ, રંગોને વધારે અનુકુળ માફક આવતો કયો હોય છે—કે જેના શકિતરૂપી રંગ જોડે આપણા રંગનુ મિશ્રણ થવાથી-અંધએસ્તો રંગ બની શકતો હોય. કેમકે અમુક

રંગ જોડે અમુક રંગ મિશ્રિત થવાથી, સામસામી આવવાથી, એક ઉપર બીજો ચઢવાથી તે મૂળ રંગને કયાં તો બિગાડી નાંખે અથવા કયાં તો વધુ આબદાર અને કાયમ બનાવે છે. એ સઘળું સાદી આંખે તેમજ બીજી વિદ્યાના આધારે નહિ દેખાતું હોવાથી એ ચિઝને **પારસી-ઝેડકિલ કૃત જ્યોતિષ-વિદ્યા** નક્કી કરી આપી શકે છે. જેથી મનુષ્ય 'બંદગીનું ફળ **મેલવી શકે છે.** એક મનુષ્યની ધારણા ઘણી સારી હોય કે તેણે પૂર્વ દિશા તરફ આગળ વધવું છે. પરંતુ તે જો ભલી ધારણા છતાં પણ, પ્રથમથી અજ્ઞાનતામાં પૂર્વ દિશા તરફ પુંઠ કરીને ઉભો હોય તો તે દિશા તરફ આગળ ધસું છું એવી ધારણાથી સામો પશ્ચિમ દિશા તરફ વધતો જશે. એજ હાલત બંદગીની હોય છે. તેની ધારણા ભલી છતાં પણ તે પોતાના અમુક મૂલ રંગ જોડે અજ્ઞાનતામાં ભળતાજ રંગોનું મિશ્રણ કરતો રહે છે અને એમ થતાં થતાં કોઇ વેળા "કાંટાનું કટેસર" થઇને ઉભું રહે છે.

રાશીઓની બાબતમાં સામસામી પ્રકાર જોઈ ગયા તેમ એ "**ગુરૂ અને ચેલા**' તરીકે **સામસામી રંગોનું કાર્ય** હોય છે. પોતાના મૂળ રંગને માંથ્રવાણીના કલામ જોડે નકકી કરી તે મુજબની બંદગી કરતા રહેવાનો એ બાબેનો અભ્યાસ બહુ બારિક હોવાથી, જ્યાં સુધી જ્યોતિશ વિદ્યાનુ **વાસ્તવિક ઉંચ્ય દરજ્જેનું** જ્ઞાન હોય નહિ ત્યાં સુધી સામાન્ય માનસોથી તેમજ જોશીરાજોથી એ નક્કી થઈ શકે એવું નહિ હોવાથી અને તેથી દરેક જન પોતાની સમજ પ્રમાણે ઉલટસુલટ કરી રહે એવા ભયથી—અમુક કલામ નક્કી કરવાનું અત્રે દર્શાવ્યું નથી. જો કે બંદગી-ભક્તિ કરનારાં નર અને નારીને એ જાણવાનું ખાસ ઝરૂરતનું હોય છે. અમુક મનુષ્યની જન્મોત્રી, ટપકો અથવા તે નહિ હોય તો હાથ, મુખાકૃતિ વગેરે ઉપરથી નક્કી કરી શકાય છે. "શ્રી ગણેશાયનમઃ"થી યાને મૂળ પ્રથમથીજ—એક બાળકની

નવજોત થાય-ભકિતના દરવાજામાં પગ મેળે-ત્યારથી હોય તો એ ઘણીજ બળવાન ચીઝ હોય છે. પાછળથી પણ એને અનૂસરવું બીજા કરતાં તો ઘણું વાજબી અને ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવાનું હોય છે. જેવો એનો અભ્યાસ બારિક તેમ ગણત્રી પણ જુદાજ પ્રકારની બારિક હોય છે. વળી એ મુજબ પોતાના જાહેર અને બાતેન મૂળ બંધારણ મુજબ, કઈ દિશા તરફ મુખ રાખી બંદગી આરંભવી, કઈ દિશા તરફ મુખ રાખી પોતાની વ્યવહારની બેઠક રાખવી, કઈ દિશા તરફ માથું રાખી નિદ્રાવસ્થા યોજવી યાને ઉંઘાવું, વગેરે દરેક બાબત પોતા માટેની જુદીજુદી ચોકશ ગણત્રીઓથી નક્કી થઈ શકે છે. જો કે, એ બાબત ઉપરથી જોતાં સામાન્ય ભાસે છે પરંતુ પોતા માટે નક્કી થયલી કુદરતની ગતિયોથી ઉલટું જો હોય તો સાર અસાર એ હોય છે કે, પરસ્પર એક બીજાને તોડતાં અને એક બીજાની અસર ઉલટાવતાં રહે છે. જેટલી બાબતો વાસ્તવિક રીતે **સમાંતરે અને સમાબળે** હશે તેટલી વધુ કાર્યસાધક રહેશે.

લગ્નસરાના પ્રસંગે ભોજન તરીકે ઉલટસુલટ ગુણદોષનું સઘલું "હૉત્ચ-પૉત્ચ" હોજરાંમાં હોમાવ્યે છીએ અને બીજે દિવસે ખુરાકના ફાયદા તરીકે શારીરિક શકિતને બદલે કાંઇ જુદીજ ચિત્રવિચિત્ર અસર માલુમ પડે છે. એ મુજબ અજ્ઞાનતામાં બંદગી રૂપી હૉત્ચ-પૉત્ચ ઉલટસુલટ અસરનું હોવાથી બંદગીવાળો ધબ્બો ખાતો રહે છે જયારે બંદગી વિનાનો ધબ્બો મારતો રહે છે. હૉત્ચ પૉત્ચ ખવરાવનાર (બાવરચી) તો બીજે દિને તનદુરસ્ત હાલતે પોતાનાં તેવાંજ બીજે કામે લાગે છે. જયારે હૉત્ચ-પૉત્ચ ખાનાર બાપડો ઓડકાર ખાતો અથવા તબીબની રાહ જોતો ઘરમાં રહે છે. એવી હાલત બાપડી ભલી પવિત્ર ગણાતી બંદગીની પણ, 'હૉત્ચ પૉત્ચ'ના સબબે બની ગયલી માલુમ પડે છે. તેનું કારણ એ છે કે, જયોતિષ વિદ્યાનું ઉચ્ચ પ્રકારે જ્ઞાન ધરાવનાર કોઇ પણ ધર્મ-

ગુરૂ હૈયાતિ ભોગવતો માલુમ પડતો નથી. જે પોતાના ચેલાઓ (ધર્મ અને કર્મને કુદરતની ગાત પ્રમાણે સમજનારાઓને) ધર્મક્રિયા કરનારાઓને એ બાબેનું જ્ઞાન આપે-જેઓ પોતપોતાના યજમાનો તથા તેઓનાં ફરજંદો માટે દરેકને અનૂકુળ બંદગીનો ખરો માર્ગ ઉપર પ્રમાણે-દર્શાવી શકતા રહે. આગલો ઇતિહાસ બતાવે છે, અને દરેક જનાં જાણતાં પણ હશે કે, ધર્મગુરૂ કહેવરાવનારમાં પ્રથમ એ વિદ્યાનાં બહુ ઉચ્ચ પ્રકારનાં સમજશકિત અને વર્તન રહેતાં હતાં.

હવે મૂળ બાબત ઉપર આવીશું. અગાઉ જણાવ્યા મુજબની ચોવીશ કલાકમાં અર્ધ કલાક પણ બંદગી થવાની જરૂરત તો હોય છેજ.

બંદગી દરમયાન પરમેશ્વરનું અમુક નામ-અથવા અમુક ટુંક કલામ બને તો મનમાં અથવા નહિ તો ઘણાજ ધીમા સ્વરે ઉચ્ચારતા રહેવું. એક દમમાં અથવા એક શ્વાસ ખેંચી બીજો શ્વાસ ખેંચ્યે તે અરસામાં તે કલામ બને તેટલી ઉતાવળી ઝડપમાં ચલાયમાન કરવો યાને જપવો. દમ ભરાઇ આવે ત્યારે મોઢું બંધ કરીને, જેમ આપણે થાકી જઇએ અને જોરમાં ઉંડો દમ ખેંચ્યે તેમ, એક દમ જોરમાં ઉંડો ખેંચવો. જાણે સામેની કોઇ વસ્તુને શ્વાસદ્વારે આપણે જોરમાં ખેંચીને આપણામાં શમાવતા હોઇયે. જેવી રીતે ખેંચીશું તેવીજ રીતે વળતો શ્વાસ બાહેર નિકળશે. ફરીથી એજ મુજબ દમ ભરાઇ આવે ત્યાં સુધી કલામ ઉચ્ચાર્યા જવું, અને ફરીથી તે મુજબ કરવું. એમ બંદગી દરમયાન એવીજ ગતિ ચાલુ રાખવી.

આપણા અનેક તુરંગો (ભ્રમિત મન) આપણે એકાંતમાં બંદગી આરંભ્યે ત્યારે બંદગી દરમયાન શારીરિક સ્વભાવ મુજબ અનેક પ્રકારે ઉશકેરાતા, યાને કાંઇ અને કાંઇ જુદાજ વિચાર આવતા રહે છે. એનું કારણ એ હોય છે કે, આપણાં ભકિતરૂપી ચક્રની ચાલ ધીમી હોય છે, અને તેથી બીજા રંગો પ્રદાશત

થઇ શકે છે. એવું થાય ત્યારે કલામ ઉચ્ચાર્યાની ઝડપી ગતિને લીધે પેલા ભિશ્રિત વિચારોની કાર્યગતિ દબાતી જાય છે. ઉચ્ચારવાની ગતિ ઝડપથી રાખવી અને તે જોડે કલામ શબ્દનો ઉચ્ચાર મનમાં સ્પષ્ટ રાખવો.

ખરા કેરબાના એકસો એક દાણાની રૂદ્ધિ મુજબની તસ્બી માળા બનાવી રાખવી અને બંદગી દરમયાન તે વાપરવી. બંદગી બનતાં સુધી ઉભા રહીને કરવી, અને બનતાં સુધી શરીરને પગને હિલચાલ આપવી નહિ.

હેઠે જમીન ઉપર લાલ રંગનું કપડું નાંખી તે ઉપર સફેદ કપડું નાંખવું અને તે ઉપર ખુલ્લે પગે ઉભું રહેવું. પ્રથમ કેરબાના દાણાની તસ્બી ગળાંમાં નાંખી, પછી પોતાના બંને હાથની હથેળીમાં તે તસ્બીને દબાવવી; હાથબગલ અને ડોક નમાવેલી રાખી પોતપોતાનાં ધર્મનાં ફરમાન મુજબનો "દીનનો કલમો" જે પયગમ્બરની યાદ અને ખાત્રો તરીકેનો હોય છે—તે લંબાન ટુંકા કલામ અને વખત મુજબ ઓછામાં ઓછો સાત અને વધતાંમાં વધતો એકવીશ વખત સુધી પઢવો.

બાદ તસ્બી ગળાંમાંથી કાઢી, ડાબા હાથના અંગુઠા અને તેની પાસેનાં આંગલાંએ તસ્બીનો સર્વેથી ઉપરનો ટોચદર્શક દાણો ઝાલી, ફરીથી "દીનનો કલમો" એક વખત ભણી, તે દાણા આગળ જમના હાથના અંગુઠા અને તેની પાસેના આંગલાંની મદદ લઇ તે પ્રમાણે બંને હાથે ઝાલી, તસ્બીના એકેક દાણાને જમની તરફથી ડાબી તરફ સેરવતા જવું. અને જે કલામ જપવાના હોઇયે તે ઉચ્ચારતા જવું. મતલબ કે, ડાબા હાથે ડાબી સાઇડે દાણા ખેંચતા રહેવું. એક દમમાં જેટલા કલામ ઉચ્ચારાય તેટલા ઉચ્ચારી દમ જોરમાં ખેંચવો. ખરી રીતે તેત્રીશ દાણા પુરા કરી ચોત્રિશમાં દાણાનો કલામ ઉચ્ચારી દમ ખેંચવા ઉપર આવી શકાય એમ થવું ઘટે છે. બાદ બીજી મરત્બે પણ એમજ થવું ઘટે છે.

હવે તેત્રીશ દાણા બાકી રહ્યા તે ઉચ્ચારી-મથાળેનાં ટાંચને પકડી દમ ખેંચી છોડવો ઘટે છે. મથાળેનાં ટાંચના દાણા જોડે તે કલામ ઉચ્ચારવાની જરૂરત નથી. કેમકે બધા મલી એકસો એક કલામ ઉચ્ચારવાના હોય છે. એ પ્રમાણે એક તસ્બીનું ચક્ર પૂર્ણ થયા બાદ અગાઉ મુજબજ "દીનનો કલમો" તેજ મુજબ ભણી શરૂઆત કરવી. એ મુજબ અગીઆર વખત તસ્બી ફેરવવી અને તેત્રીશ દમ પુરા કરવા.

કુદરતની ગતિના નિયમ અને મનુષ્ય બંધારણ મુજબ ઉપલી સઘળી વિગત લક્ષમાં લઇ, દિન ઉગતે જેમ આપણે ખુરાક વગેરે ખાઇયે છીએ તેમ, બંદગી રૂપી ખુરાકની પણ ઉપર મુજબ ધીમે ધીમે તએહ પાડવી. અગાઉ જણાવ્યા મુજબના નિયમને અને તે જોડે બંદગીને પણ નિયમિત બને તેટલું વ્યવહાર રૂપ આપતાં રહેવું—યાને બને તે પ્રમાણે તેમાં ચોકશ બનતા જવું જોઇયે. એથી આગળ જણાવ્યા મુજબના ચારે તત્ત્વરૂપી શક્તિનો સમાંતર અને સમાબળ વધવા જોડે જળવાતું રહે છે, અને એકજ પાસું ચઢોત્તર થઇ જતું નથી. એનો અર્થ મધ્યમપણું હોય છે.

બંદગીની એકાગ્રહતા.

મનની એકાગ્રહતા કેમ બનાવવી આદિ વિષયો ઉપર અનેક વિદ્વાનોએ પુસ્તકો લખી તે ઉપર અનેક પ્રકારે વિવેચન કરી અનેક માર્ગો દર્શાવેલા છે. પરંતુ તેવા પ્રયોગો આદિથી પહલાં ઉચ્ચ નિચ્ચ થઇ જવાથી મનુષ્ય અર્ધ ચસ્કી જેવો રહે છે.

પાશ્ચમાત્ય વિદ્યા એ બાબતમાં એક પ્રકારનુ "હુંપણું" નું શિક્ષણ વધુ આપે છે. જેના ફાયદા તરીકે થોડો વખત રળ્યામણું ભાસે છે-પણ વાસ્તવિક રીતે તે ખાનાખરાબીનો

અસબાબ હોય છે. તેનું ફળરૂપી બચ્ચુ જોવું હોય તો "લડાઇ" મોજુદ હોય છે.

પ્રથમ બંદગીની એકાગ્રહતા વિના મનની એકાગ્રહતા "હલકાંને હવલદારી મળી" એવો રંગ ઉભો કરે છે.

બંદગીની એકાગ્રહતા વ્યવહારૂરૂપમાં વધારતા જવાનો સીધો માર્ગ એ હોય છે કે, જ્યારે આપણે એમ પાકું સમજ્યે છીએ-અને તેજ મુજબ આપણો ધર્મ પણ સમજાવે છે કે, ખુદા સર્વેથી બળવાન, દરેક બાબતમાં સર્વેથી વધુ છે જેના હુકમથીજ આ સઘળી ગતિ ચલાયમાન રહે છે, વગેરે, વગેરે.

ઉપલો નિયમ કાનૂન આપણે સમજ્યે છીએ, જાણ્યે છીએ, આપણને નાહની વયથી ધર્મરૂપે શીખવવામાં આવેલો હોય છે-પણ એ નિયમને આપણે વ્યવહારૂરૂપે યોગ્યાનૂસાર અમલમાં મેલી શકતા નથી-એ મોટામાં મોટી આપણી નબળાઇ હોય છે.

એકાદ કાર્ય સ્વમરજીનૂસાર હાર પડ્યું અથવા પાડ્યુ તો ત્વરિત આપણે વિચારીશું અથવા બીજાને બોલી બતાવીશું કે, "મેં આમ બાજી ગોઠવી, ફલાણાને આમ સમજાવ્યું, આવી રીતે યુક્તિયો કામે લગાડી, વગેરે સઘળું કર્યું ત્યારે જુવો કામ કેવુ પાર ઉતરી ગયું-બાવા, કોઠે કોઠેની બુદ્ધિના તો પૈસા છે!" આદિ, ઇત્યાદિ. હવે એવી વેળાએ એવો વિચાર તો આવશેજ નાહ કે, "ખુદાની મરજી હતી, તો તેણે એવા પ્રકારની બુદ્ધિ સૂઝાડી અને બીજાઓને પણ તે જોડે તેવીજ પ્રેરણા કરી જેથી, ઇશ્વરને એક કામ હાર પાડવું હતું અને પાડ્યું."

હવે એથી ઉલટી બાબત તપાસ્યે. સઘળું ઉપર મુજબજ પોતે રચ્યું, ગોઠવ્યું અને કર્યું. તે છતાં કાર્ય સ્વમરજીનૂસાર હાર નહિ પડ્યુ અથવા પાડ્યું. હવે તે મનુષ્ય શું વિચારશે

અથવા બોલી બતાવશે. "ફલાણાએ એમાં દુઃશમનનો ભાગ ભજવ્યો, મેં એમ કર્યું પણ તે મારી સામે થયો, પેલાનામાંજ અક્કલ નહિ ત્યારે શું કરવું, બાવા, દુન્યામાં પૈસાવાળાઓજ ફાવી જાય છે, ખરૂં છે કે, હરામીના બે ભાગ, સત્તા આગળ શાણુપત રદ"! વગેરે, બીજાના દોષો તેને દેખાવા માંડશે. એથી પ્રથમથી "હુંપણુ" દેહાભિમાનની અસરને લીધે પાછળથી પાંચ પાંડવોના એકસોને એક કોરવો દુઃશમનો થયા તેવી હાલત બનતી જાય છે. આગળા નિયમને અનુસરીને ખરી રીતે જો તેણે વિચારવું, ઉચ્ચારવું હોય તો એમ દર્શાવવું જોઇયે કે, "બાવા, કોઠે કોઠેની બુદ્ધિના તો પૈસા છે! પણ આ વેળા મારી બુદ્ધિયે કામ કર્યું નહિ" વગેરે. પણ તેમ તો સ્વાભાવિક હોતુંજ નથી. પરંતુ સઘળો આળ ટોપલો બીજાને મસ્તકે ચઢે છે.

વાસ્તવિક રીતે ઉપર જણાવ્યા મુજબ, અને દરરોજની બંદગીમાં પોતે ચકરાર કરે તે મુજબ, ધર્મનાં શિક્ષણ મુજબ જો વિચાર, ઉચ્ચાર હોય તો ઝરૂર એવી ઉલટી વેળાએ પણ સમજે કે, "એ વિશે ખુદાની મરજી જુદા પ્રકારે હશે અને તેથી તેણે એ કાર્ય હાર પાડવું નહિ હશે, તેને બદલે કાંઇ બીજો માર્ગ યોજવો હશે તેથી એ કાર્ય હાર નહિ પડયું" વગેરે. એમ થવાથી કોરવ પાંડવોનું યુદ્ધ જાગવાને બદલે, પાંડવો વનવાસ પકડે છે અને સઘળું સમાધાની ભર્યું થઇ જાય છે. એક અજ્ઞાનતામાંથી અનેક અજ્ઞાનતાના ફાંટા નિકળતા અટકી જાય છે.

ઉપર પ્રમાણે બંદગીની એકાગ્રહતા યાને સમાનબળ વ્યવહારૂ રૂપમાં ખીલતું જવાથી તેને ખરો માર્ગ સુઝ પડતો રહે છે અને પરિણામે જેને તે દુઃશમન ધારી લેતો હતો તેજ વખતના વહેવા જોડે તેનો મિત્ર બની તેનું કાર્ય કરી આપે છે.

એ પ્રમાણે દરેક બાબતમાં યોગ્યાનુસાર બંદગીની એકાગ્રહતા

યાને બંદગી વેળા જે ચિઝને ખરી તરીકે સ્વિકારીએ છીએ તેને ચાલુ વ્યવહારૂરૂપ આપતા રહેવામાં, બંદગીની અસર બહુ પ્રબળ બનતી જાય છે. પ્રતિબિંબ વિશાળ થતું અને ચળકતું જાય છે, બુદ્ધિનો ભાગ ઉદાર (વિશાળ) બનતો જાય છે, દરેક પ્રકારે શાંતિનો ફાયદો મળતો જાય છે. એવી રીતે બંદગીની એકાગ્રહતાથી મનની એકાગ્રહતા હુંપણા સહિતની નહિ, પરંતુ નમ્ર અને વિવેક સહિતની પોતાની મેળે બનતી રહે છે.

બંદગીની એકાગ્રહતા મુખ્યકરીને વ્યવહારૂપણાંમાં મેળતા રહેવાની ખાસ આવશ્યકતા રહે છે.

સ્વપ્નની આગાહી.

અગાઉ જોઈ ગયા તેમ સ્વપ્નાવસ્થામાં પણ ચારે તત્વો એટલે આતશ, હવા, પાણી અને ખાક એ ચારમાં વધુ પ્રમાણમાં કઇ બાબતનો ભાસ આભાસ માલુમ પડયો હતો તે ઉપર લક્ષ દોડાવવું. વળી તે ભાસ આભાસથી કેટલા કેવાં પ્રમાણમાં કેવો આનંદ અથવા દિલગીરી વગેરેનો ભાસ આભાસ (પ્રુજરી) થયે હતો તે ઉપર પણ ધ્યાન દોડાવવું. વળી એ ચારે તત્ત્વનાં પ્રમાણમાં તે બાબેના ચઢોત્તર દરજજા રૂપે ફળ પણ કલ્પિ લેવું. જાણવું કે, સ્વપ્નાવસ્થામાંથી સજાગરિત થતાં જેમ ચઢતા દરજજાનો આનંદ કુદરતી માલુમ પડતો જશે તેમ તે સ્વપ્નનું ફળ પણ તેટલાજ ચઢતા દરજજાનું હોતું જશે. એ કાર્ય તન સહિત મન, અને રૂહ સહિત આત્મા, એવી રીતે પરસ્પર બે જોડયા પ્રકારનું-પૃથ્વિ અને આકાશ, ચેલા અને ગુરૂ તરીકે, સામસામી હોય છે. અગાઉ લખ્યા મુજબ ઇશ્વરની ભક્તિ કરતા હોઇયે તે વેળા, અને બંદગીની એકાગ્રહતાનો વ્યવહારૂ ઉપયોગ કરતા હોઇયે તે વેળા પણ ઉપર પ્રમાણેનુંજ કાર્ય હોય છે.

જે કોઇને અમુક બાબતનો ગુરૂ ઠેરવ્યો હોય અથવા તે બ-

ન્યો હોય, અને તે બાબેનું વાસ્તવિક પ્રકારે તેને જ્ઞાન હોય; તેમજ ચેલો પણ આજ્ઞાકિત હોય અને ગુરૂનું બરાબર સાંભળી તે મુજબ અમળ કરતો હોય તો બંનેનું કાર્ય જોઇયે તેવી રીતે સરળ આગળ વધ્યું જાય છે.

એથી ઉલટું હોય યાને પ્રથમ જે બાબતના ગુરૂ બન્યા હોય અથવા ઠેરવ્યા હોય, તે બાબેનું ગુરૂને વાસ્તવિક જ્ઞાન નહિ હોય, અથવા હોય તો ચેલો આજ્ઞાકિત નહિ હોય વગેરે ઉલટસુલટ હોય ત્યારે, જેમ બે બાળક, અથવા પતિ–પત્નિ, બે ભાગીદારો, વગેરે પરસ્પર રૂસાઇને પીઠ ફેરવી દે છે અને તેઓ પોતપોતાનુંજ સૂઝયું (જેનો કુદરતી ભાવાર્થ એ હોય છે કે, અકેકથી ઉલટું) કરવાનું આરંભી મૂળ કાર્યને ચુંથી નાંખે છે તેવી ગતિ તન અને મન, રૂહ અને આત્માનાં પરસ્પર સામસામી કાર્યની હોય છે. એવીજ ગતિ બંદગી કરતી વેળાની, અને બંદગીની એકાગ્રહતા વ્યવહારૂરૂપમાં મેળતી વેળાની હોય છે. બંદગી દરમયાન જે યકરાર કર્યો, સમજ્યો તે વ્યવહારૂ વેળા યાને ઉપયોગ વેળા અભડાઇએ મેળાયો. અર્થાત તેને જોવાને બદલે તે તરફ પીઠ ફેરવીને ઉભો રહ્યો. રૂહ અને આત્મારૂપી એલ્મ (ગુરૂજી) તો છે પરંતુ તન અને મનરૂપી ચેલાજી (એલ્મ ઉપરનો અમળ)નું ઠેકાણું નહિ હોય ત્યાં બાપડા ગુરૂજી કરે પણ શું! વળી તન અને મનરૂપી ચેલાજી (એલ્મ ઉપર અમળ કરીને ચાલવાની જીજ્ઞાસા) હોય તો ગુરૂજી યાને એલ્મ દર્શાવનાર એવા હોય કે જેઓ કયાં તો ઉપરની સપાટીજ બતાવે જે ચેલાનાં લક્ષમાં આવે કે, એ તો હું પણ સાદી આંખ્યોએ જોઉં છું એમાં વળી એ ગુરૂજી શાનો! નહિ તો કયાં તો એકદમ ઉંડાણમાં તળયે તેને ડુબકી મરાવે છે, કે એ તો નહિ સમજ પડે તેવું છે, એ તો અતિ ગુપ્ત છે, એને માટે તો ચોર્યાશી લક્ષ ફેરા જોઇયે, એ તો વાળ કરતાં બારિક અને પહાડ કરતા

જાદુ છે! વગેરે. એવી વેળાએ બાપડા ચેલાજી સમજે છે કે જો હું ઉંડાણમાં ડુબકી મારવા જઇશ તો શ્વાસ રોકાઈ જશે તો નાહકનો માર્યો જઈશ. અથવા તો પહાડ જેવું જાદું ઉઠાવવા જઇશ તો વાળ જેવો બારિક પોતાની મેળે થઇ જઈશ; એવા ભયથી અથવા લક્ષમાં નહિ ઉતર્યાથી પીઠ ફેરવી ત્યાંથી પાછલા પગ કરવાનું વાજબી ધારે છે.

સારાંશ કે, **યોગ્યતા** અને **જ્ઞાન** બંને સાથે સમાગળે, સમાંતરે જોઇયે. જ્ઞાન જોડે તે બાબેની લાયકાત પણ વધતી જવી જોઇયે, અને લાયકાત જોડે જ્ઞાન પણ વધતું જવું જોઇયે. "સબી ઘોડા બારા ટકે" તેમ દરેકને ગુપ્ત અને સૂક્ષમનું જ્ઞાન સારૂં હોતું નથી તેમ દરેકને સપાટી (ઉપર ટપકે)નું જ્ઞાન સારૂં હોતું નથી. ખરા ગુરૂજી તે હોય છે કે, જે દરેક બાબતમાં મધ્ય માર્ગ યોજી જ્ઞાન આપે છે, જેમાંથી તત્ત્વાર્થ તરીકે, (સમાબળે અને સમાંતરે હોવાથી) સપાટીવાળો તેમજ તળેટીવાળો બંને અર્ક ખેંચીને ફાયદો મેળવી આગળ વધ્યાથી ગુરૂજીના મધ્ય સ્થળે આવી પુગે છે; જેથી સપાટી અને તળેટીવાળા સમાંતરે અને સમાબળે એક સ્થળે મલીને પરસ્પર સમાન કાર્ય કરી શકે છે. અને એમ જ્યારે બને ત્યારે ગુરૂજીની બળિહારી કહેવાય છે. કુદરતની ગતિ પણ એજ કાનૂનથી કાર્ય કરે છે. જાણવું જોઇયે કે, સ્વપ્નની આગાહીનું ફળ પોતાની દરેક બાબતમાં યોગ્યતા હોય તેટલ દરજજે સુધીનું કલ્પિ લેવું. દાખલા તરીકે, એક મનુષ્ય શારીરિક બાબતમાં તંદરૂસ્ત ઘણો હોય અને તેને એવો સ્વપ્ન જોવામાં આવે કે, જે સ્વપ્નનું ફળ એવું બતાવવામાં આવેલું હોય કે, એ વસ્તુ સ્વપ્નમાં જોયાથી શારીરિક માંદગી ભોગવવી પડે. તો તે માનસે કલ્પિ લેવું કે તેને બિમારીની શરૂઆત થશે. બિમારી ભોગવવી તો પડશે પરંતુ તેની યોગ્યતા તંદરૂસ્ત હોવાથી બિમારી ગંભિર રૂપ લઇ શકશે નહિ. પરંતુ

એક બિમાર મનુષ્ય જે પોતાની હાલત સુધરતી જાય છે એમ ધારતો હોય અને તેમ હોય પણ, અને તેવા વખતમાં તે વસ્તુનો ભાસ આભાસ જુવે તો જાણવું કે બિમારી એકદમ હુમ્લો કરશે યાને ફરીથી જુદા રૂપે ઉભરી આવશે. એક પૈસાવાળો મનુષ્ય એવું સ્વપ્નં જુવે કે, જેનું ફળ એવું હોય કે, પૈસાની જાવક વધુ રહે. હવે એજ સ્વપ્ન એક વિના પૈસાનો મનુષ્ય જુવે તો તેને પણ પૈસાની જાવક વધુ રહે. હવે મૂળ સવાલ એ હોય છે કે, મૂળે પૈસા વિનાનો તો તે છે અને પૈસા જવાના કયાંથી ?! ત્યારે તે વેળા સમજવું કે, તેને પૈસાની તંગી રહે. તંગી કયારે રહે કે, વિના પૈસાના માનસને આવક કરતાં જાવક વધે. પૈસાવાળો યાને જેની પાસે પૈસાનો સંગ્રહ હોય તેને તે બાબેનું ઓછાપણું થાય. બંને બાબત ફળ રૂપે એકજ છતાં પોતપોતાની યોગ્યતા પ્રમાણે જુદોજુદો ભાસ આભાસ દર્શાવે છે. એકને હાનિ દર્શાવે છે જ્યારે બીજાને તંગી દર્શાવે છે. એ મુજબ સાર અસારનો યોગ્યતાનુસાર ભાવાર્થ સમજી તેનું ફળ ઉકળાવવું.

વળી પોતાને અમુક બાબતની જીજ્ઞાસા અથવા કાર્યગતિ વધુ હોય અને તે બાબેનો સાર અસાર દર્શાવનારૂં સ્વપ્ન હોય તો તે વસ્તુને સારાં યા માઠાં રૂપે તે લાગુ પાડવું. ઉદાહરણ તરીકે, એક સ્વપ્નનું ફળ એવું હોય કે, આત્મજ્ઞાન વધે, પુત્ર થાય, લગ્ન થાય, ચઢતો દરજ્જો થાય એવી રીતે અનેક પ્રકાર સહિત હોય ત્યારે તેનાં કયાં ફળ તરીકે પોતે નિર્ણય ઉપર આવવું. જે બાબેની પોતાની જીજ્ઞાસા કાર્યગતિ હોય તો તેને લાગુ પાડવું, તેમ નહિ તો પોતપોતાનાં સંબંધમાં, એટલે જેનાં સહિત પોતાની વિચાર, ઇચ્છા, કાર્યશકિત ભેળાઇને કાર્ય કરી રહી હોય તેઓમાંથી જેઓને સંભવિત હોય તેઓને લાગુ પાડવું

પોતે આત્મજ્ઞાન માટે યોગ્યતા અને કોશીશ કરી રહયો હોય

અને તે સ્વપ્ન આવે તો સમજવું કે, આત્મજ્ઞાનના વધારા માટેનું છે. પરણેલાં અને અનૂકુળ હોય એવાં માનસને પુત્ર પ્રાપ્તિ, લગ્ન બાબતની કાર્યગતિવાળાંને લગ્ન, નોકરી વગેરે બાબતવાળાની બાબતમાં ચઢતો દરજ્જો સમજવો. પોતાને તે બાબેની અનૂકુળતા નહિ હોય તો પોતાનાં સંબંધીઓમાંથી જેને અનૂકુળતા હોય તેને લાગુ પાડવું. જો તેવું નહિં હોય તો પછી તે ફળ પલટાઇને લાગુ પડે છે. ઉદાહરણ તરીકે, એક મનુષ્યે આત્મજ્ઞાન દર્શક સ્વપ્ન જોયું અને તેવો વારંવાર તેને દેખાવ થતો રહ્યો, હવે તે મનુષ્ય ભકિત અને આત્મજ્ઞાન તરફ કશી જીજ્ઞાસા અને કોશીશ જેવી ધરાવતો નહિ હોય; પુત્ર, લગ્ન આદિ બીજી બાબતોની પણ પોતાને તેમજ અગાઉ જણાવ્યા મુજબનાં પોતાનાં સંબંધીઓમાં અનૂકુળતા નહિ હોય ત્યારે તેવાં મનુષ્યને તે **મરણની આગાહી** હોય છે. કેમકે, તેને માટે **મરણ** રૂપે **આત્મજ્ઞાનનો દરવાજો** ખુલી ચુકી તેને તે બાબેનો ભાસ આભાસ દર્શાવવાની તૈયારી ચાલી રહી છે. સારા સાજા, જોતજોતામાં મરણ પામનાર મનુષ્યને એવા સ્વપ્ના રૂપે ખરી રીતે તો આગાહી થતી રહે છે પરંતુ તે બાબેનું જ્ઞાન સમજશકિત નહિ હોવાથી તે ઉપર લક્ષ દઈ શકતાં નથી. એ પ્રમાણે અનેક પ્રકારે યોગ્યતા, અનૂકુળતા, સંજોગ વગેરે તપાસી સ્વપ્નનું ફળ લાગુ પાડી બરાબર તત્વાર્થે ખેંચવામાં આવશે તો જરૂર તેનાં ફળ તરીકેનો તેવો ભાસ આભાસ દર્શાવ્યા વિના રહેશે નહિ.

(૧) **સ્વપ્ન** જોવું. પોતે પોતાને જોવો એનો અર્થ 'સ્વપ્ન' જોવું હોય છે. પોતાને જોવો એટલે હું સ્વપ્નાવસ્થામાં અમુક કાર્ય કરૂં છું અથવા જોઉં છું તેવું નહિ. પરંતુ જેમ આયના (આરસી)માં આપણે આપણો ચેહેરો જોઇએ છે અને આપણાજ જેવીજ બીજી આકૃતિ સામે વિચાર, ઇચ્છા અને કાર્યરૂપે ઉભેલી જોઇએ છીએ તેમ સ્વપ્નાવસ્થામાં પોતાજ જેવો આબેહુબ બીજો

સામે વિચાર, ઇચ્છા અને કાર્યરૂપે ઉભેલો જોવો. અને તેમ થવા જોડે અજાયબી ઉપજવી કે, "હું" એક અને તેવાજ "બે" કેમ! એવી રીતે ભાસ આભાસ જોવો એનો અર્થ "સ્વપ્ન" હોય છે. એ "તન-મન" રૂપી **ચેલાની સામે** "રૂહ-આત્મા" રૂપી **ગુરૂનો દેખાવ** હોય છે: એનું ફળ આગાહી બહુ **મઝબુત** હોય છે. મનુષ્ય પોતેજ પોતાનો ગુરૂ છે; ઇશ્વર પોતે પોતાની મેળે પયદા થયો; તુંજ તારા અંતરને પુછ; અમુક પયગમ્બરે ઇશ્વર જોડે વાત કરી તેના જોડે સવાલ જવાબ કર્યા; (જમશેદ પાદશાહે દાદાર અહુરમઝદ જોડે વાત કરી) વગેરે ભાસ આભાસ દર્શાવનારી મનુષ્ય સ્વરૂપમાં રહેલી **કુદરતી જ્ઞાનિ શકિતનો પ્રારંભ થવાની આગાહી હોય છે.** "એકડા વિનાના મિંડાં નકામા" તેમ એ મૂળ રૂપ એ "સ્વપ્ન" જોયા વિના, અમે આત્મજ્ઞાનમાં અનેક પ્રકારે (વિના સમજે) તાણુતોડ કરીને આગળ વધ્યે છીએ, અમારી કુદરતી જ્ઞાનિ શકિતનો પ્રારંભ થાય છે, વગેરે એવી સમજ, ધારણા, આશારૂપી મિંડાં નકામા હોય છે.

બંદગી અને બંદગીની વ્યવહારરૂપમાં એકાગ્રહતા જેનો સારાંશ અગાઉ ટુંકમાં દર્શાવવામાં આવ્યો છે તેને બંનેને અનુસરીને બને તેટલું ચાલવાની કોશીશ કરનારને ધીમેધીમે એ "સ્વપ્ન"માં દાખલ થવાય છે; અને તે તેને આગાહી રૂપે જણાવે છે કે, તારી બંદગી અને બંદગીનાં એકાગ્રહતા રૂપી ફળ તરીકે, **"તુંજ તારો ગુરૂ"** બન્યો જાય છે. યાને તારી જાતિ જ્ઞાનિ-શકિતનો પ્રારંભ થાય છે. હવે તું (તન-મન) તારી યોગ્યતા મુજબ તારા "ઇશ્વર" (રૂહ-આત્મા)ને સવાલ કર્યો જા અને તે તારા ગુરૂ તરીકે સાર અસારનો તને જવાબ આપ્યો જશે.

લંબાન થવાના ભયથી એક બાબત વારંવાર દર્શાવવાનું નહિ બની શકે એવું હોય છે. તોપણ વાંચકને આ વેળા ફરીથી

યાદ દેવરાવવાની જરૂરત છે કે, કોઇ પણ સારી બાબતનું બળવાન સ્વપ્ન **અનેક વેળા ફરી ફરીથી** **હોય** તેમ તેની અસર વધુ સમજવી. તેમજ માઠી બાબતનું સ્વપ્ન પણ ફરી ફરીથી હોય તેમ તેની અસર પણ વધુ અને વધુ સમજવી. વળી સ્વપ્નાવસ્થામાં (સ્વપ્ન જોતી વખતે) કેવી કેવા પ્રકારની રોશની, શિહાઈ કેવી કેવા પ્રકારની, આનંદ, દિલગિરી વગેરે કેટલાં કેવા પ્રકારે, પોતાની યોગ્યતા વગેરે દરેક બાબત ઉપર લક્ષ આપી તેવા પ્રકારે અને તેટલે દરજ્જે તેનું ફળ નક્કી કરતા જવું. એ અને અગાઉ જણાવેલી રીત મુજબ દરેક સ્વપ્નને નિયમ લાગુ પાડવો.

વળી યાદ રાખવું કે, સ્વપ્નાવસ્થાનાં દેખાવનો ભાસ આભાસ **વિજળિક વેગે** અને **ઉચ્ચ રંગોનો** હોય છે. આપણે સાદી આંખે જે જોઇને ભાસ આભાસ ખેંચ્યે છીએ, તેવો તે સાદો અને થોડા વેગે કાર્ય કરતો હોતો નથી. એ બાબે સિનેમેટોગ્રાફ ઉપર લક્ષ દોડાવવામાં આવશે તો યથોત્તર દરજ્જાના વિજળિક વેગે ઉચ્ચ રંગોનો ભાસ આભાસ આવી શકશે. આપણી સાદી આંખે સૂર્ય, ચંદ્ર વગેરે દરેક ચિઝ નિહાળ્યે છીએ અને તેવાજ પ્રકારે ભાસ આભાસ દર્શાવતું સ્વપ્નાવસ્થામાં જોઈએ તો તેનું ફળ જોઇયે તેટલું બળવાન હોતું નથી. પરંતુ તે સૂર્ય, ચંદ્ર વગેરેને કાંઇ એવા પ્રકારે, એવા રંગના ભાસ આભાસ સાથે સ્વપ્નાવસ્થામાં જોવામાં આવે કે, **આપણે સાદી આંખે જોયલા નહિ હોય તેવા**, આપણને જોવામાં બહુ આકર્ષિ રાખે અને આનંદદાયક ભાસે તો તે ખરી સ્વપ્નાવસ્થા અને બળવાન સમજવું. એવી રીતે દરેક વસ્તુ માટે નિયમ ધ્યાનમાં રાખી અભ્યાસને આગળ વધારતા જવું.

(૨) **હવામાં ઉડયા જવું.**—હવામાં ઉડતા આગળ ધસ્યા જતા જોવું, અને અટકાવ વિના આગળ વધ્યા જતા જોવું પોતાનાં કેળવણી રૂપી બળની ફતેહ દર્શાવે છે. મિત્રાચારીનો વધારો,

ંચાર આદિ બાબતોની ફતેહ અને આગળ વધવું દર્શાવે છે. સહન શિળતા વધતી જાય છે.

(૩) પાણીના ઉપરથી ચાલ્યા જવું—જેમ ઝમીન ઉપર ચાલ્યા જઇએ .છીએ તેમ પાણીની સપાટી ઉપરથી (પગ ડુબ્યા સિવા) ચાલ્યા જતા જોવું "રૂહ"ને પાકીઝગી મળતી જવાની આગાહી દેખાડે છે. મનની શાંતિ થવાની યાને મનના વિકારોનો ઘટાડો થતો જવાની આગાહી હોય છે. બંદગી તરફ આકર્ષણ થતું રહેવાની નિશાન છે. વિવેકનો વધારો દેખાડે છે. સંસાર સહિત્ર રહેવા છતાં અંત્તરમાં વૈરાગ વધતો રહે છે.

(૪) ઝમીન ઉપર દોડ્યા જવું—ઝમીન ઉપર દોડતા આગળ ધસ્યા જવું એ શારીરિક બળ અને તંદરૂસ્તી દર્શાવે છે. નબળી તંદરૂસ્તીવાળાને સુધરવાની નિશાન છે, જ્યારે તંદરૂસ્ત મનુષ્યને વધવાની નિશાન છે. હઝમત શકિત સુધરવાની અચુક નિશાન છે.

ઉપલાં ચારેનું વિપરિત યાને ઉલટું વલન માલુમ પડે ત્યારે તે બાબેનું માઠું ફળ સમજવું. ઉદાહરણ તરીકે, પોતે પોતાને જુવે તે જોડે અંધકાર થઇ જાય, ઉડતા જુવે અને તે જોડે હેઠલ ગબડી કશાં સાથે અથડી પડે, પાણી ઉપર ચાલતાં ડુબી જાય, ઝમીન ઉપર દોડતાં પડી જાય, એમ સારા દેખાવ સહિત ઉલટું પરિણાંમ પણ તે જોડે જુવે ત્યારે સમજવું કે, ઉપલી બાબતોનો અટકાવ છે. એટલુંજ નહિ પરંતુ અનૂક્રમે કોઇ ગુરૂ રૂપે, કોઇ મિત્ર રૂપે, કોઇ સ્ત્રી રૂપે (પર સ્ત્રીનું આકર્ષણ), અને કોઇ ખુરાક રૂપે (હઝમત શકિત બિગાડનારી ચીઝ), જેવી બાબત હશે તેવી રીતે ઠગશે. વળી તે બાબતમાં આગળ વધવાને બદલે પાછળ હઠવું પડે એવા સંજોગ ઉભા થાય. એ પ્રમાણેની તર્કશકિત આગળ આવતાં સ્વપ્ન-ફળમાં પણ લાગુ પાડવી. જો તેવા દેખાવ સહિત તેનાં પરિણામ રૂપે વિપરિત દેખાવ વળતો નહિ થયો હોય ત્યારે તે

બાબેનું સારૂં ફળ સમજવું. તેમજ માઠી બાબતનો દેખાવ થઇ વળતાં પરિણામ તરીકે સારો દેખાવ થયો હોય તો, શરૂઆતમાં માઠું પણ પરિણામ સુખદાયક એમ સમજી લેવું.

(૫) **ઉગતો** સૂર્ય અથવા ચંદ્ર જોવો એ અનૂક્રમે સારા પુત્ર અથવા પુત્રીની પ્રાપ્તિ થવાની નિશાન છે. ધંધોદારીને લાભ, શીખનારને વિદ્યા વગેરેની પ્રાપ્તિ દેખાડે છે. એકી વેળા **એકથી અનેક સંખ્યામાં સૂર્ય ચંદ્ર જોવા** એ પોતાના ધારેલા માર્ગમાં આપબળે આગળ વધવાની નિશાન છે.

(૬) **ભરસ્પતિ,** શુક્ર વગેરે ગ્રહો તથા રાશી વગેરે જોવી એ નવીન વેપાર અને નવો ભાગીદાર દેખાડે છે. કોઈ જોડે સગપણ સંધાય છે. વેપાર થાય છે અને લાભ હોય છે.

(૭) **ચાંદરણા** જેવી અથવા તેથી પણ વધુ રળીયામણી રોશની જોવી એ કોઈ પણ બાબતની ચિંતા ધારતી હોય તેને મટાડનારી હોય છે. ખુશહાલીનાં કામ બને છે અને આનંદ રહે છે. લગ્નની ઇચ્છાવાળી કુમારિ કન્યાને સારા વરની પ્રાપ્તિ, લગ્નવાળીને ધણીનો પ્રેમ વધે વગેરે દેખાડે છે.

(૮) **પોતાનાં** મોઢાં ઉપર સર્ચ લાઇટની માફક સામેથી રોશની ફેંકાતી જોવી બહુ સારી હોય છે. પોતાના ધંધા, વેપાર, વિદ્યા, લગ્ન, માન આબરૂ વગેરે જે અનૂકુળ બાબત હોય તેમાં પોતે ગોતું ખાઈ રહ્યો હોય તો તેમાં ખરો માર્ગ સૂઝાડે છે. એ બાબતમાં ફતેહ અને આગળ વધારે છે. કરજમાંથી મુકત થવાય છે. કોર્ટ દરબાર વગેરે બાબત હોય તો તેમાં સમાધાની થાય છે. પીઠેથી માથાંની ટોચ ઉપર લાઇટ ફેંકાવી એ આત્મ-જ્ઞાનની નિશાન છે.

(૯) **વાદળ**—સફેદ વાદળ જોવું એ કાંઇ લાભ અને સુખ પામવાની આગાહી છે, જયારે કાળું વાદળ એ ચિંતા ઉત્પન્ન

કરાવનારી હોય છે.

(૧૦) **વરસાદ**—ઘણી સારી રીતે તોફાન વિના વરસતો જોવે, પોતાના ધંધા રોજગારમાં બરકત હોય છે. છુટો છવાયો અનેક ઠેકાણે વરસતો જોવે, એ બાબેની ચિંતા ઉભી કરે છે. થોડે જગે એકજ ઠેકાણે વરસતો જોવે, પોતાના વેપાર ધંધાની બરકત બીજાઓ ખાઇ જાય છે.

(૧૧) **રેલ** પાણીની બહુ વધેલી અને ભયંકર દેખે તો દુઃશમનો ઉભા થઇ વેપારને એકદમ અટકાવવાની કોશીશ કરે.

(૧૨) **ગાજવિજ** તોફાન સહિત વાયુ, વાદળ દેખે તો ઝરૂર શારીરિક માંદગી ભોગવવી પડે, જંજાલ વધી જાય-કોઇનાં મરણથી પોતાને સહન કરવું પડે.

(૧૩) **બરફ** વગેરેનો કુદરતી દેખાવ અથવા વરસતું જુવે તો શારીરિક બળ વધે. પોતાની ગુમાવેલી મતા, પૈસા વગેરે મળી આવે. પ્રમાણિકપણાનો વધારો થાય. આવકમાં વધારો થાય. ધારણા ફળિભૂત થાય.

(૧૪) **સમુદ્ર**—દર્યો તોફાન વિનાનો રળ્યામણો ઠરીઠામ જેવો દેખે તો પોતાની મોટાઈ, આબરૂમાં વધારો થાય. ધર્મકાર્ય કરાવે, સખાવતનો હાથ લંબાવે.

(૧૫) **નદી**, તળાવ, પાણીના ઝરા વગેરે નિર્મળ હાલતે જુવે તો કાંઇ માલમતા હાથ આવે, તંગી હોય તે ઓછી થાય.

(૧૬) **નિર્મળ** પાણીમાં ડુબકી મારતો દેખે તો ધારેલાં કાર્ય પાર ઉતરે. મેલાં અસ્વચ્છ પાણીમાં ડુબકી મારતા જુવે તો જુલ્મગારથી ઘણું ખમવું પડે. પોતાને કોઇ સારૂં બતાવી ગોતું ખવાડે.

(૧૭) **પાણીમાં** હોડી, વહાણ વગેરેમાં બેસી સ્હેલ કરતું જોવું એ પોતાનાં ફરજંદો અને વેપારથી સંતોષ ઉપજાવે છે. સ્હેલ કરી ઝમીન ઉપર ઉતરતા જોવું એ ચિંતા હોય તે દૂર કરે છે.

(૧૮) **પાણીએ** નાહતા, સ્નાન કરતા જોવું એ સારી સંગત મલી આવવાની નિશાન હોય છે.

(૧૯) **પાણી** પીતા જોવું એ પોતાની ધારણા ઉતાવળી ફળિભૂત થવાની આગાહી છે. પરંતુ પાણી એટલું બધું પીતો જુવે કે પોતે તેથી થાકીને પરસીને ગરકાવ થતો જાય છે, એવું જુવે તો પોતાની આ જીંદગીનો હદ્દ આવી પુગેલી દર્શાવે છે. એમ નહિ હોય તો કોઇ સંબંધી બુઝોર્ગ માનસની અજલ આવી પુગેલી અચુક દર્શાવે છે.

(૨૦) **વહેતાં પાણી** જોવાં એ બને તેમ જલ્દી પરદેશગમન થાય એવું દેખાડે છે.

(૨૧) **પાણીમાં** પોતાને તરતો જુવે તો પોતાની ચોક્કસ ધારણા હોય તે ફેરવવી પડે.

(૨૨) **પાણીના** કુવા, તળાવ વગેરે પોતાનાં ઘરમાં ડર લાગે તેવી રીતે જુવે તો પોતાને અથવા પોતાના ઘરમાં માંદગી બહુ ભય ભરેલી હાલતે દેખરાવે.

(૨૩) **પવન** થંડો લહેકી સાથનો અને તેથી રળ્યામણું ભાસે તો પોતાના ધંધામાં લાભ પામે. કાંઇ વધામણી સાંભળે, જીવને રાહત મળે. સ્ત્રીનો ધણી પરદેશ ગયલો હોય તો ઘરે આવે. કુમારિ કન્યાનો ભવિષ્યના વર જોડે પ્યાર બંધાય. વિદ્યાર્થિ હોય તો પરિક્ષામાં પસાર થાય.

(૨૪) **પવન** વંટોળ્યા રૂપે તોફાની જુવે તો પ્યારમાં થાપ ખવરાવે. પરિક્ષામાં ગોતું ખવરાવે. લોકોની નિંદામાં આવી પડે, મનને ભ્રમિત બનાવી દે.

(૨૫) **અંધકારમાંથી** બાહેર નિકળ્યો દેખે તો કલેશ હોય તેઓ જોડે મિત્રતાં થાય. અંધકારમાં દાખલ થતો જુવે તો જુઠી સાચી કરીને કોઇ કુટુંબમાં કલેશ ઉપજાવે.

(૨૬) **આતશ** જોરમાં બળતો પણ રળ્યામણી રીતે દેખે તો કોઇ પોતાથી મોટાં માનસોની મહેરબાની મેળવે.

(૨૭) **આતશ** ઉપર પકાવતો જુવે તો કોઇની નિંદાથી અથવા બુરૂં બોલવાથી પોતાનો જીવ બળે.

(૨૮) **આગ** શેહેરમાં, ગામમાં કે મોહલ્લામાં ચોતરફ લાગેલી જુવે તો કાંઇ નવો સખ્ત કાનૂન રાજ તરફથી ઉભો થાય. નોકર હોય તો શેઠ તરફથી પગાર ઓછો થાય.

(૨૯) **આગ** ઘરમાં લાગેલી જુવે તો માંદગી, જંજાળ ભોગવવી પડે.

(૩૦) **આગમાં** કોઇને બળતો જુવે તો સામાન્ય ટંટો ફેસાદ વધે. પોતાને બળતો જુવે તો જાણીબુજીને ખોટી ઝબાની, સાહેદી અથવા એવીજ ગુનાહ ભરી બાબતમાં ભાગ લેવો પડે.

(૩૧) **બત્તી** ચેરાગ પોતાના હાથમાં સામે પકડેલો રળ્યામણી રીતે જુવે, ચોતરફ બત્તીની રોશની સળગાવેલી માલુમ પડે, બત્તીઓ એકસરખી રીતે બળતી અને પવનથી હિલતી માલુમ નહિ પડે તો બહુ સારી નિશાન હોય છે. વેપારીને લાભ, સ્રીને ધણી અથવા પુત્રની પ્રાપ્તિ, વગેરે કુટુંબમાં સારા પ્રસંગની આગાહી હોય છે.

(૩૨) બત્તી ચેરાગ, દીવો વગેરે પકડેલો એકદમ બુજાઇ જવો, સૂર્ય, ચંદ્ર વગેરે દેખાઇ એકદમ વાદળમાં છુપાઈ જવા અને ફરીથી નહિ દેખાવા એવી નિશાનો કુટુંબ માંહે અથવા પોતા ઉપર ખાસ મહેરબાની કરનારાઓ માંહે કોઇ સારા માનસનું મૃત્યુ થવાનું દર્શાવે છે.

(૩૩) **પર્વત**–ડુંગર રળ્યામણા દેખે અને તે ઉપર પોતે ચઢતો જુવે તો કાંઇ નવો રોજગાર પામે અથવા હોય તેમાં વધારો થાય. ડુંગર ઉપરથી ઉતરતો જુવે તો કામ ધંધા નોકરીથી બેકારી આવવાની આગાહી હોય છે.

(૩૪) **મહેલ** ચોતરફ દિવાલ સહિતનો સારી રીતનો ખુશનુમાં જુવે તો કાંઈ નવી અમલદારી મળે અથવા હોય તો વધે.

(૩૫) **દિવાલ.** ભિંત પડી જતી જુવે તો પોતાને મદદ કરનાર, ભાઇ બહેન, ભાગીદાર વગેરેમાંથી કોઇનું મૃત્યુ થાય અથવા જુદાઇ થાય.

(૩૬) **વાડી** ખુશનુમાં રીતે ફળદ્રુપ હોય તેવી જોવી ફરજંદનું સુખ, કુટુંબમાં વધારો બતાવે છે.

(૩૭) **દુકાન** બઝાર વગેરે દર્શાવે છે કે, પોતા જોડે કોઇ સારી રીતે ભલાઇ બતાવશે.

(૩૮) **ચરસ,** રહેંટ પાણીનો ફરતો કામ કરતો જોવો એ દેખાડે છે કે, પોતા પાસે, કોઇ પોતાનું ધન, દૌલત વગેરે અમાનત રાખવા તરીકે લઇ આવશે અને તેથી પોતે ફાયદો ઉઠાવશે

(૩૯) **હાથી** ઘોડા જોવો એ મોટા મરતબાના લોકથી મેહેરબાની પામવાની નિશાન છે. હાથી ઘોડા ઉપર પોતે સ્વારી

કરેલી (બેઠેલો) જુવે તો ઝરૂર માન આબરૂનો વધારો દેખાડે છે. ઘોડા કરતાં હાથીનું ફળ વધુ બળવાન હોય છે.

(૪૦) **હાથી** અથવા ઘોડાથી ડરેલો જુવે તો મોટાં માનસોથી ડર અને ભયમાં આવવું પડે. દરેક બાબતના "સ્વપ્ન"માં એવી રીતે સુલટઉલટ બંને પ્રકારે લક્ષ પુગાડતા જવું.

(૪૧) ઘર, ઝુંપડું વગેરે જોવું એવું બતાવે છે કે, કોઈ તરફથી જરૂર વિશ્વાસઘાત થશે.

(૪૨) ઘર કોઈનું બળતું અથવા ઉજેડ વેરાન થયલું જોવું—તે ઘરના માલિકનું મૃત્યુ અથવા તેને કષ્ટ વેઠવાનું બતાવે છે.

(૪૩) ઘરનું બારણુ પોતાના હાથે ઉઘાડી બાહેર નિકળવું સારી નિશાન હોય છે. લગ્નની આગાહી, રોજીએ લાગવાની, વિદ્યામાં વધવાની, દુઃખમાંથી છુટવાની નિશાન હોય છે. એથી ઉલટી રીતે યાને ઘરમાં પોતે જઇને પોતે બારણુ બંધ કરતો જુવે તો, લગ્ન હોય તો તેનો અટકાવ, સ્ત્રી હોય તો જુદાપણું, રોજી લાગેલી હોય તો બેકારી, વિદ્યા શીખતો હોય તો તેનું અટકવું વગેરે સમજી લેવું. લંબાન થઈ જવાના ભયથી દરેક બાબત જુદી જુદી રીતે બતાવી શકાય એમ નથી. પરંતુ એ પ્રમાણે જ્યાં ઉલટસુલટ પ્રકાર હોય ત્યાં બુદ્ધિનૂસાર યોગ્ય તર્ક પુગાડવી.

(૪૪) **સોનું**—સોનાંનો મોટો કકડો હાથમાં પકડેલો માત્ર જોવો એ હાથમાં ધરેલાં હોય તે સંસારી કાર્યોની ફતેહ દર્શાવે છે. સોનાની આપ લે જોવી એ ધારણાની ફતેહ હોય છે., પણ લાભ કમ હોય છે,

(૪૫) **ચાંદી**—ઉપર મુજબ ચાંદી જોવી એ તંદરૂસ્તી સુધરવાની. વધવાની અચુક નિશાન હોય છે. સ્ત્રીઓ માટે એ આગાહી

બહુ આવકારદાયક હોય છે. ચાંદીની આપ લે જોવી એ સારો ખુરાક મલતો રહેવાની આગાહી હોય છે.

(૪૬) **સિકકા**-ચાંદી, સોનું, ત્રાંબાં વગેરેના સિક્કા ભેળસેળ જોવા એ ત્વરિત કાંઇ દિલગીરી પુગવાની નિશાન હોય છે. સિક્કાઓને જમીન ઉપરથી ઉપાડતાં, વિણતાં હોય તેવી રીતે! જોવું એ નાણાંની ભારે તંગીની અચુક ગ્વાહિ હોય છે.

(૪૭) **દાગીના**-હાથે, ગળે, આંગળે વગેરે દાંગીના પહેરતા છે અથવા પહેરેલા છે એવું જોવું એ અક્કલ સમજશક્તિ અમુક બાબતની ઓછી થવાની નિશાન હોય છે-અને પરિણામે કોઇ જોટે હુમાજોરની આગાહી હોય છે.

(૪૮) **હીરા**-પ્રકાશિત હીરા કોઇ આપે છે એમ અથવા મેલેલા જુવે તો જરૂર પોતાને ત્યાં અથવા કુટુંબમાં ઘણો સારો પુત્ર અવતરવાની નિશાન હોય છે.

(૪૯) **મોતી**-મોતી જોવાં, પહેરવાં વગેરે મોતીની નિશાન બહુ બુરી હોય છે. મોતી જેવાં આંસું ટપકાવવાં પડે. કયાં તો કોઇ અતલગનું સગુ મરણ પામે અથવા કયાં તો પોતાની ખુશહાલી ભરી ધારણા દિલગીરીમાં ફેરવાય જાય. એક સ્ત્રી માટે એ અચુક નિશાન હોય છે. અદરાયલી સ્ત્રીનાં લગ્ન થવામાં વાંધો આવી છુટું થાય છે.

(૫૦) **માંસ**, ગોશ્ત કાચુ (પકાવ્યા વિનાનું) જોવું એ માંદગી ભોગવવાની અચુક નિશાન છે. બિમારે જોવુ એ બિમારીનો ફરીથી ભારે હુમ્લો થવાની, અને ભારે માંદગી દરમયાન જોવું એ સેવટને પગથ્યે પગ મેળાવાની નિશાન હોય છે પકાવેલાં માંસનું મધ્યમ પ્રમાણુ હોય છે.

(૫૧) **માછલી** કાચી જોવી કાંઈક લાભદાયક છે. પકાવેલી ખાધેલી જોવી કાંઇક પ્રાપંચિક બુદ્ધિથી નાણું મળવાની નિશાન છે. પરંતુ તે કુટુંબી ખર્ચમાં ખરચાઈ જાય.

(૫૨) **દહીં**-દહીં ખાધું એમ જોવું, કાંઇ નહિ ધાર્યો લાભ મળવાનું દેખાડે છે. દુધ, છાશ સાથે ખાતો દેખેતો દિલગીરી આવવાની નિશાન હોય છે. દુધ જોવુ સારૂં હોતું નથી.

(૫૩) **ગાય**-જો ઘણી સારી દેખાવની પોતાનાં ઘરમાં આવતી જુવે, તો અવશ્ય માતા જેવો મહેરબાન મિત્ર મળી આવે.

(૫૪) **ભેંસ**- પાડાને એવા પ્રકારે દેખે તો અવશ્ય રીતે નાણુંનો હાથ છુટો થવાની નિશાન છે. તવંગર મનુષ્ય માટે રેળછેલની નિશાન હોય છે.

(૫૫) **ફળાફળાદિ**, મેવો ખટાશ તત્ત્વવાળો જુવો એ થોડી મહેનતે વધુ લાભ મળવાનું હોય છે. મીઠાશવાળો જુવો એ ઘણી મહેનતે થોડો લાભ દર્શાવે છે.

(૫૬) **જાનવરો**-ચટકા દેનારાં, વિચ્છું, ઉંદર, બિલાડાં, મંકોડા આદિ જોવું અને તેથી પોતાને ઉપદ્રવ, ભય આદિ થતો જોવો એ ચોરી થવાની, નિંદાખોરોથી નુકશાન પુગવાની, પોતાને ચિંતા ઉભી થવાનું હોય છે.

(૫૭) **વાઘ** છાનોમાનો બેઠેલો જુવો એ કોઇ છુપો શત્રુ મક્કમ પાયે બની કાંઇ તક જોતાં બેઠેલો દેખાડે છે. આંગ ઉપર ધસી આવવો અથવા પુંઠ પકડવી એ શત્રુને મળેલી તક અને તેથી પોતા ઉપર થવાનો હુમ્લો દર્શાવે છે. પોતે નહાસી જવું એ શત્રુના હાથમાં સપડાવાનું બતાવે છે. મુખે મુખ મેળવવું અથવા સામા થવું એ શત્રુના હાથમાંથી છટકવાનું અથવા સામા થવાનું બતાવે છે. વાઘને ઠાર મારી નાંખવો અથવા પોતે ઠાર

થઇ જવુ એ શત્રુ અને પોતા વચ્ચેની સમાધાની પતાવટ બતાવે છે. વાઘને હેઠળ દબાવી પોતે તેના ઉપર ચઢી બેસવું એ સંપૂર્ણ જીત બતાવે છે, વાઘ તેમ કરે તો સંપૂર્ણ હાર બતાવે છે.

(૫૮) **સાંપ**–સર્પ હરેક પ્રકારના જોવા એ કાંઇ બળવાન હરીફ ઉભો થવાનું હોય છે. સફેદ સાંપ જોવો એ કુટુંબમાં મૃત્યુ દેખાડી પછી ઉપલું પરિણામ લાવે છે. કાળો સાંપ કુટુંબમાં ફરજંદ થવાની તૈયારી હોય તે ફરજંદનુ મોત દેખાડે છે. સાંપને મારી નાંખતા જોવો એ એકના અનેક દુ:શમનો થવાનું દેખાડે છે.

(૫૯) **ફુલ**–ગોલાબનાં સફેદ ફુલ જોવા એ તંદરૂસ્તીના બિગાડાની અચુક નિશાન હોય છે. બીજાં અનેક પ્રકારનાં ફુલો જોવાં એ મન અનેક વિચારોમાં લીન થાય એવા પ્રસંગ ઉભા થવાનુ બતાવે છે.

(૬૦) **કપડાં**–પોતે સઘળાં સફેદ કપડાં પહેરેલાં જોવાં એ તનની પાકીઝગી (પવિત્રતા) વધવાનું હોય છે, અથવા મૃત્યુ બતાવે છે. લાલ કપડાં પહેરેલાં જોવાં એ મરણની અચુક નિશાન છે. કાળાં કપડાં પહેરેલાં જોવા એ પ્યાર વગેરેની અથવા સંસારી બાબતમાં નાલેશીમાં આવી પડવાની પાકી આગાહી હોય છે. પરણેલાં સ્ત્રી પુરૂષોમાં પરસ્પર એક બીજાંની ચાલથી શરમમાં આવી પડવાનું હોય છે. કપડાં તુટેલાં ફાટેલાં, હાલહવાલ જેવાં પોતે પહેરેલાં જુવે તો તવંગરી હોય તો તુટવાની, મધ્યમ સ્થિતિ હોય તો ગરીબાઈની, અને ગરીબ સ્થિતિ હોય તો તદન મુફલેસ થવાની અચુક નિશાન હોય છે. વાદળી રંગના કપડાં પહેરેલાં જોવાં બહુ હિમતવાન અને સાહસિક કાર્ય બજાવવાનું પોતાના હાથમાં આવવાનું દેખાડે છે. એ જોડે સર્ચલાઇટ જેવી રોશની પોતાના આંગ ઉપર ફેંકાતી હોય તો અવશ્ય પોતાની યોગ્યતા મુજબ પણ એવું સારૂં કાર્ય તેના હાથે થાય કે, જેની અસરનો

છાપ લાંબો વખત કાયમ રહી જાય. પીળા રંગના કપડાં પહેરેલાં જોવાં એ ધાર્મિક બાબત ખરી નેમથી (જીગરથી) બજાવવાનું દેખાડે છે.

(૬૧) **પાઘડી**-પાઘડી વગેરે કોઇપણ પહેરણ માથે મેલવું, પહેરેલું જોવું એ સત્તામાં વધારો દેખાડે છે. એ પડી જતું અથવા પહેરેલું કાઢી મેલતા જોવું એ પોતાની સત્તા ઓછી થવાનું તેમુજ પોતાને મદદ કરનારનું, વડીલનું મરણ દેખાડે છે.

(૬૨) **કપડાં**-કપડાં મેલાં ધોવા આપે છે એમ જોવું એ મેલાં (ગુનાહનાં) કામથી દૂર થવાની નિશાન હોય છે. આંગ ઉપરથી સઘળાં કપડાં ઉતારો નાંખતાં જોવું એ સ્ત્રી અને પુરૂષને કામ-વાસનાથી દૂર રહેવાનું બતાવે છે. કપડાં પહેરવાં સજવાં એ એમાં વધારો બતાવે છે.

(૬૩) **મરણ પામેલાં માનસો**-મરણ પામેલું હોય એવાં એક માનસને સારાં સ્વચ્છ કપડાં પહેરી ઘરમાં આવતું, આવેલું જુવે તો અવશ્ય ખુશખબરી સાંભળે, અને ખુશહાલી ભર્યાં કામ કરાવે. મરણ પામેલું માનસ પોતાને કાંઇ આપે છે, હવાલે કરે છે એવું જોવું એ મિત્રથી કાંઈ મળવાનું દેખાડે છે. મરણ પામેલું માનસ હેત, પ્યારથી પોતાને જમાડે છે એ જોવું ધનનો લાભ બતાવે છે. મરણ પામેલું માનસ કાંઇ વસ્તુની માંગણી કરતું આવે તો તે બુરૂં હોય છે. મરણ પામેલાં મનુષ્યો ખાતાં જમતાં છે એવું જોવું એ ઘરમાં, મોહલ્લામાં ઉડતા રોગોનો ઉપદ્રવ દેખાડે છે. મરણ પામેલું માનસ રડતું અને ટવળતું આવે એવું જોવું મહા બુરૂં હોય છે. ખુશહાલી રૂપે હસ્તું આવે એ બહુ સારૂં હોય છે.

(૬૪) **બિમાર માનસ**-કોઇને બિમાર થઈ ગયલો જુવો એ તે માનસને તંદરૂસ્તી મળવાનું હોય છે. કોઈ ખરો બિમાર

માનસ હોય તેને પાણીના રેળાની માફક ઝડપથી પોતા આગળથી અથવા કોઇ જગેથી આગળ ધસી જતો જોવો એ તે બિમાર માનસનું અવશ્ય મરણ દેખાડે છે. બિમાર માનસને, કોઇ મરણ પામેલું માનસ, પોતાને અથવા બીજાં જીવતાં માનસને હવાલે કરી સોંપી જાય છે—અથવા બિમાર માનસ પોતે મરણ પામેલાં માનસ જોડે જવા ચાહે છે, પણ તે મરણ પામેલાં તેને પોતા જોડે લીધા વિના, જ્યાં હોય ત્યાંજ મેલીને ચાલી જાય એવું જોવું એ ગમે તેવી ભયંકર માંદગી હોય તોપણ તે બિમારને સાજા થવાની ચોકશ નિશાન છે. પોતે બિમાર હોય અને પોતા માટે હોય તોપણ એમ સમજવું.

(૬૫) રડવું હસવું—પોતાને સ્વપ્નાવસ્થામાં રડતો જોવો બહુ સારી આગાહી હોય છે. મોટેથી હસ્તો જોવો એ ત્વરિત દિલગીરી આવવાની નિશાન હોય છે. હાકેમ, અમલદાર, ઉપરી વગેરે માનસ જોડે પોતે હસ્તો માલુમ પડે તો અવશ્ય તેવાઓથી પોતાને રંજીદા થવું પડે છે.

(૬૬) પુલ—નદીનો પુલ અથવા એવાંજ કાંઇ જમીનથી ઉપરનાં બાંધકામ ઉપરથી પસાર થઇ સામેની બાજુએ જઇ પુગવું એ ધારેલા હેતુ પાર પાડવાનું હોય છે. અટકી જવું અથવા અટકાવ થવો એ કાર્યમાં વિઘ્ન આવવાનું હોય છે.

(૬૭) તાડી-શરાબ પીતો પોતે પોતાને એકલાનેજ જુવે તો અવશ્ય પોતાનાં કુટુંબમાં મળતાપણું; શાંતિ, ખુશહાલી પ્રસરે. પરદેશ ગયલો માનસ જુવે તો ઘણુંકરીને કુટુંબને આવી મળે અથવા તેવો આવવાનો પ્રસંગ કોઇપણ રીતે ઉભો થાય. પોતે એકલોજ પીતો જતો છે અને તદન લોથપોથ હાલતે આવી પુગો છે એવું જોવું એ કોઇ પ્રકારનું અભિમાન, ગર્વ, ગરૂરી ઉપજ્યાથી ફટકો પડવાની નિશાન હોય છે.

(૬૮) **ભષ્મ,** રાખ જોવી એ વેપાર, ધંધા વગેરેમાં ખોટ, **ધારેલાં** કામની હાનિ, આવક કરતાં જાવક વધુ, ચોરી થવી, દંડાવું, માર ખાવો વગેરે જે અનૂકુળ હોય તે બાબેનું વિપરિત ફળ બતાવે છે.

(૬૯) **કાગ, ઘુવડ, ગીધ,** એવાં પક્ષિ ટોળાબંધ અથવા બુરી રીતે જોવાં એ ત્વરિત કોઇનું મૃત્યુ બતાવે છે અથવા સંભળાવે છે.

(૭૦) **ખાણું,** ખાણું (ભોજનથી) ભરેલાં વાસણો તૈયાર હોય અને પોતે ખાવા બેસે છે અથવા શરૂ કરવા જાય છે તેટલામાં તે નજર આગળથી નાબુદ થઇ જાય એવું જોવું એ કુટુંબમાં કોઇની સ્વર્ગવાસ થવાની તૈયારી ચાલી રહેલી દર્શાવે છે.

(૭૧) **કપાસ-રૂ** જોવો એ શરીરનું કાર્ય કરતું કોઈ મુખ્ય સ્ક્રુ ઢીલું થવાની નિશાન હોય છે.

(૭૨) **ખૂબસૂરત સ્ત્રી,** કોઇપણ ખૂબસૂરત સ્ત્રી ઝગઝગતા પહેરવશ અને તેવા દાગીના સહિત સજ્જ થયલી, હાથમાં થાળ, બત્તિ, નાળિયેર આદિ લઇને, ઠણુઠણુ અવાજ કરતી, સવારના વખતમાં, પોતાનો ઘરનો દરવાજો ખોલતાં માહે પ્રવેશ કરી ઘરમાં આવી છે એવું જોવામાં આવે-અને તે વેળા કુદરતી અન્ય દેખાવ પણ આસપાસનો કાંઇ રળ્યામણો પોતાને સ્વપ્નાવસ્થામાં ભાસી રહ્યો હોય તો અવશ્ય જાણવું કે, તે દિવસથી તેનાં ઘરમાં "નાણાંની તંગી" જેવું પોતાની જીંદગી દરમયાન હોવાનુંજ નથી. ઉપર પ્રમાણે ઘરમાંથી બાહેર નિકળી જતી જોવી એ વિપરિત ફળ હોય છે. ઉપર પ્રમાણે હોય અને આવીને તે સ્ત્રીએ જોનારને કપાળે ટિળક (ટિળો) કર્યો હોય તો જાણવું કે, તે દિવસથી તેનાં ઘરમાં "વિદ્યાની તંગી" જેવું પોતાની જીંદગી દરમયાન હોવાનું નથી. સારાંશ કે, આભૂષણ આદિથી એક સ્ત્રીએ સજ્જ થવું એ "લક્ષ્મીદેવી" તરીકે, જ્યારે કપાળે ટિળક કરવો એ

"વિદ્યાદેવી" તરીકે રજુ થવાનું હોય છે. લક્ષ્મી પગેથી યાને પગલાંથી હોય છે જ્યારે વિદ્યા માથેથી હોય છે. ટિળક કરતાં તેણીના હાથ ખસેડી નાંખવા અને તેમ કરતાં અટકાવવું એવું જોવું એ છતી વિદ્યાએ, છતી સમજે અંધકારમાં રહેવાનું અને પોતાનાં ફરજંદો, સ્નેહિઓની વિદ્યા છુટી જવાનું દેખાડે છે.

(૭૩) **બિમારી**—સ્વપ્નાવસ્થામાં પોતાની જમણી આંખને ઈજા જોવી એ પુત્રની બિમારી બતાવે છે. ડાબી આંખને જોવી એ પુત્રીનું હોય છે. હાથને જોવી એ ભાઈ બેહેનો તથા મિત્રોને હોય છે. દાંત ઉપરનાં પડી જતા જોવા એ પિતાપક્ષ. અને હેઠલા દાંત પડી જતા જોવા એ માતા પક્ષમાંથી કોઈનું મરણ બતાવે છે. દાંત પડવા એ ધન નાશ પામવાની નિશાન હોય છે. દાંત વધીને હોઠની બાહેર નિકળી આવેલા જોવું એ પરદેશગમન સહિત લાભ મેલવી ઘરે આવવાનું હોય છે.

(૭૪) **નજીસાત**—મળમૂત્ર જેવું નજીસાત પોતે ભક્ષ કરે છે યાને ખાય છે એવું જોવું એ પોતાની મેહનતથી, પ્રમાણિકપણે રોટલી પયદા કરવાની જીજ્ઞાસા વધતી રહેવાનું હોય છે. પ્રપંચથી અથવા વણિક બુદ્ધિથી, યાને જેને હરામ-રોટલી કહે છે તેથી બનતાં સુધી હાથ ઉઠાવવાનું હોય છે. સારાંશ કે, લોભનું પ્રમાણ ઘટતું જાય છે. થોડી પણ પ્રમાણિક રોજી ઉપર સંતોષ હોય છે.

(૭૫) **નગ્ન હાલત**—પોતાને તદન નગ્ન હાલતમાં દોડતો, ફરતો, ઉભો રહેલો જુવે તો બનતાં સુધી અનેક જંજાળમાંથી નચિંતાઈ તરફ ફરવાનું રહે.

(૭૬) **ધ્વજા વાવટા** વગેરેથી પોતાનાં મકાનને શૃંગારેલું જુવે અથવા તેવા સારા દેખાવ જુવે તો માન, આબરૂ, શરપાવ પામવાની નિશાન હોય છે. નોકરોનો વધારો અને પોતાની જ્ઞાતિમાં ઇજતનો વધારો દેખાડે છે. છત્રી ઉઘાડી કોઈ પોતાને ઓઢાવી

ચલાવે છે. એમ જોવું એ પણ માનની તેમજ કોઇ બીજાના આશ્રયથી આગળ વધવાની નિશાન હોય છે.

સૂવા જતી વેળાએ પોતાના મનને દરેક પ્રકારે બને તેટલું શાંત પાડી, પછી બિછાણે જવું સારૂં હોય છે. વળી બિછાણે પડયા પડયા બીજાં અનેક તર્ક વિતર્ક નહિ કરતાં ઉંઘ આવે યાને આપણું સ્થૂળભાન ભૂલતા જઇયે ત્યાં સુધી, નિયમિત બંદગીમાં ઉચ્ચારેલો ખુદાઇ નામનો કલામ (શબ્દ) સૂતી વેળાએ મનમાં ઉચ્ચારતાં ઉચ્ચારતા ઉંઘાઇ જવું બહુ સારૂં હોય છે. તેમજ રાત્ર દરમયાન સજાગરિત થઇએ અને વળતા ઉંઘાઇ જઇયે તે દરમયાન પણ તેમજ કરવું ઘણું સારૂં હોય છે. સવારે અથવા બિછાણું છોડતી વેળા પણ સજાગરિત થતાં તે કલામ મનમાં તેજ મુજબ અનેક વખત યાદ કરી બિછાણું છોડવું વાજબી હોય છે. એ સઘળી વખતનું કાર્ય **રંગ દરમયાન નો-રંગ પ્રદિપ્ત કરવાનું હોય છે.** શિહાઇ દરમયાન શિહાઇ ઉપર કાબુ યાને સુફેદાઇ. "તન-મન" ઉપર સંપૂર્ણ કાબુ ધરાવતું "રૂહ-આત્મા" બનાવવાનું હોય છે જેથી તન-મન પોતાનાં તુરંગ પ્રમાણે ગમે ત્યાં ખેંચાયા નહિ કરે." રૂહ-આત્મા"એ જે નિદ્રાવસ્થામાં તેને ગુરૂ તરીકે સુશિક્ષણ આપ્યું છે તે ઉપર ચેલા તરીકે અમળ કરે. એમ નહિ હોય તો "ચેલો" વળતો "ગુરૂ" ઉપર સરસાઇ કરી, "ગુરૂનો ગુરૂ" બનવા જતાં ઠોકર ખાઇ હેઠે પડે છે.

એક વિદ્યાર્થિ જેની સ્મરણ શકિત બરાબર નહિ હોય-વિદ્યાદેવીની પ્રસન્નતા પોતા ઉપર ઉતરેલી તેને ભાસ્તી નહિ હોય, તે જો એ બાબત બંદગી-ભકિત ઉપરની વિગત ઉપર લક્ષ આપી અનૂકરણ કરશે તો અવશ્ય ભારે ફાયદો ઉઠાવી તે પોતાની હાલત પલટાવી શકશે. જેની ઉપર પ્રસન્નતા છે એવો વિદ્યાર્થિ જો એ ઉપર લક્ષ આપી અનુકરણ કરશે તો બહુ મોટો વધારો કરી શકશે.

જેઓ એ અનૂકરણ કરતાં રહેશે તેઓને અચુક રીતે સ્વપ્નની આગાહી માલુમ પડતી રહેશે. સ્વપ્નની અનેક બીજી ઊંચ્ચ સમજણો બીજા પુસ્તકમાં જોવામાં આવશે.

બંદગી-ભકિતના ઉત્સાહિ નર-નારીઓને થોડા શબ્દરૂપી સાદી સમજણ.

બંદગી અને તેનું બળ દેખાડનારી સાહાદતો સાથનાં અનેક પુસ્તકો વાંચવાના હુમદીન (જરથોશતી) નર-નારીઓને મલ્યાં હશે, તે વિશેના ભાષણો સાંભળ્યા હશે; પરંતુ બંદગી કેમ કરવી અને તેનું બળ બનાવવું એ જાણવાનું કોઇએ વાસ્તવિક રીતે દર્શાવેલું જણાતુ નથી. તેનું કારણ એ હોય છે કે, બંદગી અને તેનું બળ દેખાડનારી સાહદતોના તે માત્ર અમુક ભાષામાંથી અમુક ભાષાના તરજુમા હોય છે-તે માત્ર બંદગી કરવી એ સારી વસ્તુ છે એટલું દર્શાવી શકે છે. બંદગીનાં મળેલાં ફળ તરીકે બંદગીનો મહિમાં દર્શાવે છે; પરંતુ તે ફળ બીજાએ કેમ મેળવવું તે દર્શાવેલું જણાતું નથી. એનું કારણ વગેરે દરેક પ્રકાર આગળ જોઇ ગયા છીએ.

જરથોશતી નર-નારીઓમાં પોતાના ધર્મ પ્રત્યે, તે માર્ગ દર્શાવનાર પોતાના પયગમ્બર સત અશો જરથુશ્ત્ર (આકાશી ગુરૂ) તરફ અચુક ભકિત-ભાવ હોવાથી, તેઓ મોટે ભાગે નિયમિત બંદગી રૂપે અવસ્તા ભાષામાં જે ઉદ્દગારો બાહેર પાડે છે-યાને જેને તેઓ બંદગી રૂપે સમજી તેને અનૂકરણ કરે છે તે જોઇને ખરેજ સત્ અશો જરથુશ્ત્રનું રૂહ-આત્મા (ગુરૂ તરીકે) આનંદ પામ્યા વિના રહેતું નહિ હશે. બેશક એમ હોવુંજ જોઇયે. પરંતુ તે જોડે જ્યારે તે ગુરૂ એમ જુવે કે, તેના ચેલાઓમાં ખરો ભકિતભાવ હોવા છતાં પણ તેઓ અંધકારમાં ગોતાં ખાય છે-અને પેશોતન, જામાસ્પ અને અસ્પંદિયાર જેવા તેના શાગેર્દો

નથી--જે તેઓને પોતપોતાના એલ્મ મુજબ વાજબી રાહ બતાવી શકે, ત્યારે તે પયગમ્બરનું રૂહ—આત્મા (ગુરૂ તરીકે) શું વમાસતું હશે! તે એજ વિચારતું હશે કે, પૃથ્વિની ચલાયમાન ગતિને લીધે જે સઘળા ફેરફારો અને સમજણ જરથોસ્તી ધર્મરૂપે અને બંદગીરૂપે થઇ ગયા છે તેને "જામાસ્પ" જેવો મારો શાગેર્દ, જે કુદરતી અચળ આકાશી વિદ્યા (જ્યોતિષ વિદ્યા) નું અને તે મુજબ મનુષ્ય બંધારણનું ઉચ્ચ ફરજ્જેનું જ્ઞાન ધરાવનાર હોય તો, અવશ્ય તે અચુક કાનુનને પકડી તે મુજબ અનુકરણ દર્શાવે તો મારા અનુયાયિઓ બંદગી, તેનું બળ અને તેનું ફળ જરૂર પ્રાપ્ત કર્યા વિના રહે નહિ.

બંદગી--ભાકતનાં ઉત્સાહિ નર-નારીઓ! તમો જે બાબતોને જુદીજુદી બંદગી તરીકે સમજો છો, અને પૃથ્વિની ચલાયમાન ગતિને લીધે થતા વખતરૂપી ફેરફાર સાથે તેને બંદગી તરીકે સમજી પઢયા જાવો છો--એ વાસ્તવિક રીતે બંદગી નથી—પરંતુ માત્ર કુદરતની દરેક જુદીજુદી કાર્ય કરતી શકિતરૂપી તત્વો, જેમકે સૂર્ય, ચંદ્ર, ગ્રહો, રાશી, નક્ષત્રો, આતશ, હવા, પાણી, ખાક વગેરેનું પરસ્પર અનુસંધાન કેવી રીતે હોય છે; તેથી દરેક જુદા જુદા વખતો કેમ દેખાય છે; તેથી તન-મન (મનુષ્ય બંધારણ) અને રૂહ—આત્માનું જોડાણ કેમ થાય છે; જીવતાં અને ગુઝરેલાંઓનું જોડાણ કેવી રીતે હોય છે, જન્મ મરણ શું હોય છે; કેવા રંગો કેવા ગુણ-દોષના ભાસ આભાસ દર્શાવે છે; વગેરે વગેરે સઘળી પૃથ્વિ અને આકાશી દુન્યાનું અને તેમનાં અચુક કાર્યનું તે અવસ્તા ઝંદ ભાષામાં માત્ર **શિક્ષણ** હોય છે. જેનો શિક્ષણરૂપી સાર સમજી કુદરતનાં કાર્યનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. એ **શિક્ષણથી** આપણે પાછળનું અને આગળનું બને જોઇ શકયે છીએ. કુદરતનો એકજ નિયમથી કાર્ય કરતો **મહાન કાનૂન** જે

મધ્યબિંદુ તરીકે હોય છે તે ઓળખી શકયે છીએ. જેમકે, આપણે શેહેનશાહની દરબારનું શિક્ષણ મેળવ્યે કે, આમની સભા અમુક કાર્ય કરે છે, તેનું બંધારણ અમુક રીતે હોય છે; કોન્ઝરવેટીવ અમુક કહેવાય છે, તેઓનું બંધારણ અમુક રીતે હોય છે; લિબરલો અમુક રીતે હોય છે; પાર્લામેંટ અમુક રીતે બને છે; શેહેનશાહની દરબાર અમુક રાજ્યદ્વારી નરોની હોય છે; તેઓ અમુક પ્રકારનું પરસ્પર ભેલાઇને કાર્ય કરે છે–અને એવી રીતે શેહેનશાહના રાજ્યનો વધારો અને બળ આગળ વધે છે અથવા પાછળ હઠે છે. અમુક પ્રધાનો આગળ એવા પ્રકારના થઇ ગયા હતા--અમુક હાલમાં અમુક પ્રકારના ચાલુ છે--અમુક ભવિષ્યમાં આવી શકશે, વગેરે, વગેરે શેહેનશાહની કાર્યગતિનો ભાસ, આભાસ તેનાં અનુસંધાન પ્રમાણે ખેંચવાનું શિક્ષણ મેળવ્યે છીએ. તેવું એ કુદરતનું શિક્ષણ સમજ બંદગીમાં બેસવા પહેલાં મેળવવાનું હોય છે. એનો મૂળ ભાવાર્થ "બંદગી" તરીકે હોતોજ નથી–અને છે પણ નહિ. શેહેનશાહની દરબારમાં દાખલ થવાની જીજ્ઞાસા ધરાવનાર શખ્સને જેમ તે માટે તૈયાર થવા દરેક અનુસંધાનનું શિક્ષણ લેવું પડે છે અને તે દર્શાવનાર શિક્ષણરૂપે અમુક અભ્યાસ–પોથી જુદાજુદા પ્રકરણરૂપી હોય છે, તેમ એ ઝંદ અવસ્તારૂપી જુદાજુદા નામના પ્રકરણરૂપી અભ્યાસ પોથી છે જેમાં જાહેર અને બાતેન, પૃથ્વિ અને આકાશનું દરેક શિક્ષણ દર્શાવેલું હોય છે. એને વિના સમજે જુદેજુદે વખતે વાંચ્યા જવું એ "બંદગી" તરીકેનો મૂળ ભાવાર્થ હોતો નથી–અને તે સબબે એમાં બળ જેવું પણ કશું હોતું નથી.

જેમ એક શેહેનશાહની દરબાર જોવાની અમુકને જીજ્ઞાસા હોય, અને તે માટે તે દરબારમાં વિરાજતા શેહેનશાહના અનેક રાજ્યદ્વારી નરોમાંથી, પોતાને અનુકુળ હોય તેવા એકજ નરની

પિછાણ, દરબાર જોવાની જીજ્ઞાસા ધરાવનાર માટે પુરતી હોય છે; કેમકે તે એકુજ નર સઘળી દરબાર બતાવી સઘળાઓ જોડે તેને પરસ્પર પિછાણ કરાવી આપશે. ના-એટલુંજ નહિ પરંતુ તે દરબાર જોયા પછી તેમાં વિરાજી પોતે પણ રાજ્યદ્વારી નર લેખાવાની જીજ્ઞાસા પેલાને દર્શાવશે-અને તે માટે પોતાની યોગ્યતા અને જ્ઞાન પુરવાર કરી આપશે તો તેજ એકુજ નર તે માટેની કોશીશ કરીને તેમાં પણ દાખલ કરાવી આપી શકશે.

એજ મુખ્ય સિદ્ધાંત બંદગી અને તેનાં બળનું હોય છે. શેહેનશાહરૂપી દાદાર-અહુરમઝદ (પરમેશ્વર) નાં એકસો એક નામરૂપી રાજ્યદ્વારી નરોમાંથી કોઈપણ તમોને અનૂકુળ હોય (એ અનૂકુળતાપારસીઝેડકિલકૃતજ્યોતિષ વિદ્યાદર્શાવે છે, એ વિશે આગળ જોઇ ગયા છીએ) તે એકુજ નર જોડેની નિયમિત બંદગીરૂપી પિછાણ તમોને શેહેનશાહની દરબારનું આકર્ષણ કેવું હોય તે બતાવવાને તેમજ તેનું બળ દર્શાવવાને પુરતી છે. હવે એ રાજ્યદ્વારી નર જોડે પ્રથમ પિછાણ કરાવી આપનાર યાને તે માર્ગ બતાવનાર અને તેનું અનુસંધાન ચાલુ રાખનાર તે મહાજ્ઞાની ગુરૂ સત અંશો જરથુશ્ત્ર સંપિતમાન છે. સબબે તે ગુરૂની આપણાં જીગરમાં તાજી યાદ અને અહેશાન; પોતે મહેન્નત ઉઠાવી તે બાબેનું જ્ઞાન મેળવી, પોતાનો વગવસીલો રાખી આપણને તૈયારરૂપે કરાવી આપેલી પિછાણની કદ્ર તરીકે, આપણે "દીનનો કલમો" પઢી આપણાં તન-મનને તે વિશેની યાદ અને ખાતરી આપતાં રહેવાનું હોય છે. ત્યાર બાદ તે પિછાણવાળા નરના આકર્ષણ અને ઘર્ષણ રૂપે આગળ જોઇ ગયા તેમ બંદગી કરવાની હોય છે. અને તે જોડે વ્યવહારમાં બને તેમ બંદગીની એકાગ્રહતા જાળવતા જવાનું હોય છે. અને ઇન્સાલ્લાહ ! જુવો કે, ગુસ્તાસ્પ શેહેનશાહની દરબારમાં મહાજ્ઞાની જરથુશ્ત્રે બતાવેલા અનેક ચમત્કારથી ગુસ્તા-

સ્પનું આકર્ષણ થઈ જરથુશ્ત્રી મહજબ કબૂલ કર્યા વિના તેને છુટક રહ્યો નહોતો. તેમ આપણને પણ બંદગી દરમયાન સ્વપ્નાવસ્થા જેવી હાલત થાય તો, નહિ તો જ્યારે કુદરતી હાલત તેવી થાય યાને ઉંઘમાં સ્વપ્નાવસ્થામાં તેવું ચમત્કારરૂપી આકર્ષણ થઈ, બંદગીનું બળ કબૂલ રાખવા વિના છુટક રહેશે નહિ. ના—એટલુંજ નહિ, પરંતુ તેમ થવાથી ગુસ્તાસ્પ અને તેના ત્રણ બેટા પેશોતન, જામાસ્પ અને અસ્પંદિયારે પોતે જરથુશ્ત્રના શાગેર્દ તરીકે, જરથુશ્ત્રી શિક્ષણ અને તેના ફાયદા, ધર્મરૂપે હફ્તકેશવર ઝમીન ઉપર ફેલાવ્યા હતા; તેમ પોતાનામાં સમાયલા ચારે તત્ત્વરૂપી ફાયદા અને તેનું જોડાણ, સમાંતરે અને સમાબળે ફેલાયા વિના રહેવાનું નથી. અને એમ થશે ત્યારેજ બંદગીરૂપી એક બીજમાંથી ઝાડરૂપી અનેક ડાંખલી પાંદડાંવાલું બળ માલુમ પડશે, અને તેનાં અનેક ફળો ચાખવાનાં મળે એ કુદરતી કાનૂનને અનુસરીનેજ હોય છે.

આશા છે કે, અન્ય ધર્મના બંધુઓ પણ એ ઉપરથી મૂળ ભાવાર્થ ખેંચી તે મુજબ પોતપોતાના ધર્મમાર્ગના અનુકરણ મુજબ પોતપોતાને અનૂકુળ હોય એવું પરમેશ્વર, ખુદા વગેરેનાં દર્શાવેલાં નામમાંથી એકાદ નામનું અનુગ્રહણ કરશે તો અવશ્ય તેનો ફાયદો ઉઠાવ્યા વિના રહેશે નહિ.

ધર્મ-સાહિત્ય આદિ શોધખોળની જીજ્ઞાસા ધરવનાર અભ્યાસીઓને થોડાક શબ્દો.

ધર્મ-સાહિત્ય આદિ બાબતોની અસ્લી શોધખોળ પાછળ, એ બાબેના અનેક જુદાજુદા અભ્યાસીઓ ઉમંગથી મંડેલા જણાય છે જે તેઓનું કાર્ય સ્તુતિપાત્ર લેખાય છે. કુદરતના કાનુન મુજબ તેઓ એક યા બીજા માર્ગે પોતાનાં કાર્યમાં કાંઇક ફતેહ મેળવ્યા જાય

છે અને મેળવતા રહેશે. પરંતુ પોતાના અમુક અભ્યાસ અને શોધખોળ સાથે જો તેઓ "જ્યોતિષ વિદ્યા"નો ઉચ્ચ પ્રકારે પ્રથમ અભ્યાસ વધારી પછી તે પાછળ મંડે તો જરૂર રહેલ માર્ગે વધુ ફતેહ મેળવવાને ભાગ્યશાળી નિવડે, કેમકે, પૃથ્વિની ચલાયમાન ગતિને લીધે વખતના વહેવા જોડે અનેક ફેરફારો રૂપાંતરો બદલાઇ ગયાં છે તેના મૂળ તત્ત્વાર્થને તેઓ પામી શકે--અને થડને પ્રથમ પકડીને પછી ડાળ, પાંદડાં, ફળ આદિની શોધ રહેલાઇથી કરિ શકે.

ઉદાહરણ તરીકે—આકાશની બાર રાશીરૂપી દરવાજા અને અનૂક્રમે તે દ્વારે ઉતરેલી બાર પયગમ્બરરૂપી શકિતનો ભાસ આભાસ અને કાર્ય વગેરે જોઇ આવ્યા છીએ. હવે એ રાશીઓનાં કુદરતી કાર્ય, બંધારણ વગેરેને આપણે તપાસીશું તો અવશ્ય પયગમ્બરોનાં બંધારણને આપણે નક્કી કરી શકીશું. અને તેમ કરીશું તો અનેક મિશ્રણરૂપી ફેરફાર થવા છતાં પણ શોધખોળ તરીકે ધર્મ—સાહિત્યના તત્ત્વાર્થને પુગી શકીશું.

પાંચમાં જરથુશ્ત્ર પયગમ્બર માલુમ પડે છે. એ પાંચમી રાશી સિંહ છે. એ સિંહ રાશીની સામે અગીઆરમી રાશી કુંભ હોય છે. અગીઆરમાં પયગમ્બર બુદ્ધ છે. હવે રાશીઓનું કાર્ય જે રાશીઓના અભ્યાસમાં દર્શાવવામાં આવેલું છે તે ઉપર વાચક નિગાહ નાંખશે તો જણાશે કે, સામસામી રાશીઓનું કાર્ય "ગુરૂ અને ચેલા" તરીકેનું હોય છે. બુદ્ધ પયગમ્બરે કુદરતના નિયમાનૂસાર જરથુશ્ત્રના ચેલા તરીકે કાર્ય બજાવેલું છે.

જેમ અમુક મનુષ્ય અમુક ચોકશ ફળરૂપી ઝાડનું બીજ બીજા પાસેથી મેળવીને લઇ જાય; અને તેને જુદી આબો હવાવાળી જમીનમાં રોપી તેનું ઝાડ ઉગાડે—તો પરિણામે ઝાડના કદમાં, દેખાવમાં ફળમાં વગેરેમાં ઉપરથી ઘણો ફેર પડી જશે, પરંતુ દાડમનું બીજ કાંઇ સપરચંદ ઉગાડવાનું નથી—યાને બીજ રૂપે તો દાડમજ રહેશે.

તેમ આ પયગમ્બરે જરથુસ્ત્ર ગુરૂ પાસેથી બીજરૂપી શિક્ષણ મેળવીને, દેશની આબો હવા પ્રમાણે ધર્મરૂપી ઝાડ ઉગાડેલું હોવું જોઇયે. કેમકે કુદરતની અચળ કાર્યગતિ પણ તેજ મૂળ તત્ત્વાર્થ દેખાડે છે. અને હાલમાં આપણે શું જોઇયે છે? જરથુસ્ત્રી ધર્મ-સાહિત્યનાં મૂળ શોધખોળરૂપી બીજ, બુદ્ધિસ્ત ધર્મ-સાહિત્યના શોધખોળરૂપી ફળમાંથી મળી આવે છે.

બારમાં બાબ પયગમ્બર છે અને હાલમાં બારમી રાશી મીન જે મૂળ રૂપે નેગેટિવ છે તેનો મહિમા ચાલે છે. એ કુંભ રાશીની સ્ત્રી છે, સિંહ રાશીની બેન છે, નવમી ધન રાશીની પુત્રી છે, દશમી મકર રાશી માની બેટી છે, વગેરે એની સગાઇ હરેક પયગમ્બર જોડે લાગુ પાડી તેનું ચઢોત્તર અનુસંધાન તપાસી એ ધર્મનું રહસ્ય સમજી લેવું. પરંતુ એની એ થઇ ગયલી સગાઇ અને ફળ છે. પરંતુ ભવિષ્યમાં એના પુત્ર તરીકેની ઉભેલી સગાઇ જે એ રાશીનાં પેટમાંથી ફળ તરીકે બાહેર આવશે યાને પૃથ્વિ ઉપર અસર કરશે તે "મેષ" રાશી ઉભેલી છે. જે "આદમ"નો ઝમાનો દર્શાવે છે. એ ધર્મનું કાર્ય એવું વધશે કે, જેનાં ફળ તરીકે, મનુષ્યની ઔલાદમાંથી ધર્મનાં નામે પરસ્પર અંતરભેદ હસ્તી ભોગવે છે તે નાબુદ થતાં જશે. અને અગાઉ જણાવ્યા મુજબ, માનવિની ઔલાદમાં ઉપજેલા સમાંતરના પ્રતાપે પૃથ્વિની કાર્યગતિ પલટાઇ જશે.

વધુ ઉદાહરણ તરીકે:—ચોથી કર્ક રાશી છે. ચોથા હિંદુ પયગમ્બર ભ્રિગુ છે. એની સામે મકર રાશી છે. દશમાં પયગમ્બર મોહમ્મદ છે. એ રાશીઓ પણ ગુરૂ ચેલા તરીકેનું કાય દર્શાવે છે પરંતુ એનું અનુસંધાન ઉલટી રીતે હોવાથી પરસ્પર ઉલટો પ્રકાર માલુમ પડે છે. કર્કથી મકર રાશીનું જોડાણ મિથુન, વરખ મેષ એવી ઉલટી રીતે કુદરતનાં કાયમાં હોય છે. એ મનુષ્ય પરસ્પર પીઠ કરીને બેઠા હોય તેવું હોય છે.

માત્ર અભ્યાસીઓનું રાશીઓના પયગમ્બરરૂપે લક્ષ ખેંચવાને માટે એ શબ્દો દર્શાવ્યા છે. જેથી તેઓને દરેક ધર્મ-સાહિત્યમાં ડોકયું કરતી વેળા રાશીઓના અભ્યાસ તરીકે પરસ્પર સગાઈ, કાર્ય, જોડાણ આદિ બાબતો ઉપર લક્ષ આપી મૂળ તત્ત્વાર્થને પુગવાને બની આવે. એ બાબતોનું રહસ્ય લંબાન હોવાથી એ પુસ્તકમાં આપી શકાય એમ નથી.

માબાપને ખાસ ચેતવણી.

અનેક નાહનાં બાળકોની કુદરતી ટેવ હોય છે અથવા પાછળથી તેવી ટેવ પડી વધતી જાય છે તે એ હોય છે કે, ઉંઘમાં મોહું ખુલ્લું રાખવું. બેઠાં હોય ત્યારે ખોલ્લું મોહું રાખી બેસવું, ચાલતાં હોય ત્યારે ખોલ્લું મોંહ રાખવું. કોઇપણ પ્રસંગે વિના કારણે મોંહ ઉઘાડું રહેવું ભવિષ્ય માટે બહુ નિર્બળ નિશાન હોય છે. તો એ **સાધારણ બાબત ગણી પસાર થઇ જવા દેવી એ મોટી ભૂલ હોય છે**. ઉંઘતી વેળા તો ખાસ એ ઉપર ચાંપતી દેખરેખ રાખી મોંહ તેનું બંધ કરતા રહેવું. એમ ચોંપ રાખ્યાથી પાછળથી તે આદત મટતી જાય છે. અનેક મોટાં માનસોમાં પણ એજ આદત હોય છે તો તેઓએ પોતે તે ઉપર પુરતું લક્ષ આપવું. નાહનપણથી મોહું ખોલ્લું રહેવાની ટેવ મોટી વયે જલ્દીથી મટાડી શકાતી નથી.

પ્રકરણ ૩ જું.

નજુમ—નામુ.

પોતાના ધારેલા સવાલનો કુદરતની ગતિ પ્રમાણે ચોકશ જવાબ મેલવવાનું સાધન.

એ ફાલનામાનું અનુકરણ જ્યોતિષ વિદ્યાની ચાર તત્વવાલી મુખ્ય રાશીઓનું પરસ્પર અનુસંધાન મલતાં, "હા" અથવા "ના" રૂપે જે પરિણામ રૂપી કાર્ય પ્રગટે છે, તે હિસાબે હોવાથી એમાંથી કુદરતમાં છુપાયલો ચોકશ જવાબ આગાહી તરીકે મેલવી શકાય છે. એને જોવાની રીત રૂઢિ નીચે મુજબ છે.

પાંચ પ્રકારની પાંચ ધાતુ, એકેકથી ઓછાં પ્રમાણમાં, એટલે એક પ્રકારની ધાતુ રૂપ્યામાં પાંચ આના ભાર (પા તોલો અને એક આના ભાર) લીધી હોય તો બીજા પ્રકારની ધાતુ પા તોલો, ત્રીજી પા તોલામાં એક આનો ઓછી, ચોથી બે આના ભાર અને પાંચમી એક આના ભાર એટલે બધું મલીને એક તોલામાં એક આના ભાર ઓછુ થયું, એમ લેવી. વળી જોઇએ તો પ્રથમ એક ધાતુ સાત અથવા નવ આના ભારથી શરૂ કરી ઉપર પ્રમાણે ઉત્તરોત્તર પ્રમાણમાં પાંચ ધાતુ પુરી કરવી. એ પાંચ ધાતુનું મિશ્રણ કરાવી તેનો એક "પાસો" (જેવા હાથીદાંતના પાસા આવે છે તે મુજબનો) સવા ઇંચ

લંબાઇનો બનવાવી લેવો. એ પાસાની ચાર બાજુ ઉપર અનૂક્રમે "૧" "૨" "૩" અને "૪" એવા આંક પડાવી લેવા. એવી રીતે પાંચ ઉત્તરોતર પ્રમાણમાં લીધેલી પાંચ મિશ્રિત ધાતુનો ચાર બાજુ ચાર આંકડા સહિતનો સવા ઇંચ લંબાઇનો પાસો તૈયાર કરાવવો. મુખ્યકરીને તોલા રાશીનો સૂર્ય થાય તે દિવસે પાસો બનાવવો વધુ અનૂકુળ હોય છે.

જે સવાલનો પોતે જવાબ મેળવવો હોય તે સવાલને રાત્રે બિછાણે ઉંઘાઇ જતી વેળાએ યાદ કરીને સૂઇ જવું. બીજે દિવસે અથવા ઉંઘાઈને ઉઠયા બાદ, નિયમિત બંદગી ગુઝારી રહયા બાદ, બીજા કામ ઉપર લક્ષ નહિ આપતાં, તેજ વેળા તેજ જગ્યાએ બેસી જઇને શાંતિથી પોતાના સવાલનો જવાબ મેળવવો.

પાસો જમના હાથમાં પકડી, આંખો બંધ કરી, પ્રથમ ખુદાને બાદ પોતાના ધર્મગુરૂ તરીકે જે પયગમ્બર હોય તેનું સ્મરણ કરી, પોતે ખુદાના નામ તરીકે જે ખુદાઇશક્તિને આરાધતો હોય તેને યાદ કરીને, અને ચોથે મરત્બે પોતાના ધારેલા સવાલને યાદ કરીને, પાસાને હાથમાં હલાવી-જયાં ફાલનામાના આંકડા લખેલા છે તે પાનાં ઉપર પાસો ફેંકવો. એક, બે, ત્રણ અથવા ચાર એમાંથી જે આંક પાસાનો ઉપર આવે તે યાદ રાખવું. એવી રીતે બીજી મરત્બે ફેંકવો અને જે આંક આવે તે પહેલા આંક જોડે યાદ રાખવો. એજ રીતે ત્રીજી મરત્બે ફેંકયો અને જે આંક ઉપર આવે તે ઉપલા બંને જોડે યાદ રાખવો. દાખલા તરીકે, પહેલી મરત્બે એકનો આંક પડયો, બીજી મરત્બે ચારનો પડયો અને ત્રીજી મરત્બે બેનો પડયો તો અનૂક્રમે ૧-૪-૨ એવી રીતના ગોઠવાશે. સાથે લઇશું તો ૧૪૨ એકસોને બેતાળીસ જણાશે. બીજા દાખલા તરીકે, પ્રથમ વેળા ત્રણ, બીજી વેળા બે અને ત્રીજી

વેળા એક પડયો તો અનૂક્રમે ૩–૨–૧ એવી રીતના ગોઠવાશે. સાથે લઈશું તો ૩૨૧ ત્રણસોને એકવીશ જણાશે.

ત્રણ વેળા પાસો નાંખ્યાથી ઉપર મુજબ જે આંક બને તે આંક-વાળો પોતાના સવાલનો જવાબ સમજી તેનો સાર ધ્યાનમાં રાખવો.

બીજી મરત્બે પણ એમ ત્રણ વેળા પાસો નાંખી જે ત્રણ આંક આવે તે પ્રમાણે જવાબ જોવો. ત્રીજી મરત્બે પણ એમ ત્રણ વેળા પાસો ફેંકી જે આંક આવે તે પ્રમાણે જવાબ જોવો.

એવી રીતે એક સવાલનો જવાબ ત્રણ વેળા ત્રણ મરત્બે જોવો.

જો ત્રણે વેળા તેના તેજ આંક પડીને ત્રણ મરત્બે તેજ જવાબ આવ્યો, તો જરૂર જાણવુ કે, તે જવાબમાં જરાપણ કચાશ નથી, અને બને તેમ જલ્દીજ તે પરિણામ આવીને ઉભું રહેશેજ. સારાંશ કે, જેવી મતળબનો જવાબ હોય તેવું બને તેમ ત્વરિત અને નક્કી સમજવું. એનો અર્થ એમ હોય છે કે, વિચાર, ઈચ્છા અને કાર્યરૂપી નવ રાશીના તત્ત્વોનુ પરસ્પર મિશ્રણ થઇ (ખરી રીતે તો બોતેર ત-ત્વોનું હોય છે) તે ફળરૂપે તૈયાર છે.

બે મરત્બે એકજ આંકનો જવાબ મળ્યો હોય અને ત્રીજી મરત્બે તેજ આંકનો જવાબ નહિ પરંતુ તેવીજ મતળબ સ-હિતનો કોઇ બીજા આંકનો જવાબ મળ્યો હોય અને તે પણ સવાલના જવાબ તરીકેનોજ ભાસ આપતો હોય–તો તે જવાબને પણ ખરા તરીકે સ્વિકારવો. એનો અર્થ એ સમજવો કે, ઉપલાં કરતાં એનું સેવટ આવવાનો વખત વધુ લંબાશે.

ત્રણુ મરત્બે જુદાજુદા આંક પડયા હોય અને તે છતાં પણુ ત્રણેનો જવાબ, એક બીજાનો પરસ્પર એકજ હેતુ દર્શાવનાર જવાબ હોય તો તે પણુ સવાલના અમુક જવાબ તરીકે સ્વિકારવો, ઉપલાં કરતાં એની અસર સ્હેજ નબળી હોય છે.

ઉપર પ્રમાણે ત્રણુ મરત્બે, ફેંકી જવાબ જોતાં, પહેલા મલેલા જવાબ કરતાં બીજો જવાબ ઉલટી મતળબ દેખાડનારો મળ્યો તો તે વેળા સવાલનો જવાબ નહિ જોતાં બંધ કરી દેવું. વળી પહેલી અને બીજી મરત્બે અમુક એકજ હેતુ દેખાડનારો જવાબ મળી, ત્રીજી મરત્બે તેથી ઉલટો ભાવાર્થ દેખાડનારો જવાબ મળે તો પણુ તેને જવાબ તરીકે સ્વિકારવો નહિ.

સારાંશ કે, "હા" અથવા "ના" એમ ત્રણે વેળા એકજ પ્રકાર દેખાડનારો જવાબ હોવો જોઇએ. એમ સ્પષ્ટ જવાબ નહિ મળે તો બીજા દિવસ ઉપર રાખવું.

યાદ રાખવું કે, પોતાનું એક વખત વાપરેલું પુસ્તક અને ઉપયોગ કરેલો પાસો, બીજાને સવાલનો જવાબ જોવાના ઉપયોગ તરીકે કદિ આપવું નહિ.

ઉપર મુજબ અમળ કરવા સહિત, કોઇ વળી એવી નિગાહ પુગાડશે કે, જરૂર જોગો એમાંથી, જુદાં પુસ્તક તરીકે, કામચલાઉ ઉતારો કરી લેવો અથવા કરી આપવો જેથી એ બાબતમાં દરેક પોતાનો જુદો ઉપયોગ કરી શકે. એમ નિગાહ દોડાવનારને, અગાઉ જોઇ ગયા તેમ હોજરીબાઇ (સ્વાર્થ સહિત ી સ કોચાયલી બુદ્ધિ) ના પ્રતાપે વાજબી દેખાશે એ સ્વાભાવિક હોય છે. આ સ્થળે યાદ દેવરાવવાની આવશ્યકતા છે કે, કુદરતની કાર્ય-

ગતિ પરસ્પર **અનુસંધાન વિના** ચોકશ પરિણામ ઉપજાવી શકતી નથી. પૃથ્વિની ચલિત ગતિ હોવાથી તેના પ્રતાપે થતા અનેક ફેરફારને વાસ્તવિક મૂળરૂપ તરીકે આપણને તે સમજાવી દે છે અને તેનું જ્ઞાન નહિ ધરાવનારને તે સત્ય ભાસે એ સ્વાભાવિક હોય છે. એજ પ્રકાર બુદ્ધિનો હોય છે. એની પણ ચલિત ગતિ હોવાથી જુદાજુદા પ્રકારે એમાં ફેરફાર થતા રહેતા હોવાથી, અમુક બાબતને (સત્યથી વેગળા જઇને) એમ ઉપયોગ કર્યાથી હેતુ સચવાઈ જશે, એમ બુદ્ધિ (તે બાબેનું જ્ઞાન નહિ ધરાવનારને) સમજાવી દે એ સ્વાભાવિક હોય છે.

વિદ્યાદેવીના ભાવિક સેવક બની જેઓને જ્ઞાન પ્રાપ્ત થયું હશે યાને જેઓની વિદ્યાદેવી જ્ઞાન સ્વરૂપે પ્રગટી હશે, તેઓને (સત્યથી વેગળા જઇને) એમ ઉપયોગ કર્યાથી હેતુ સચવાઇ જશે એવું કોઇ કાળે પણ બુદ્ધિબાઈ સમજાવી શકતી નથી. સબબે ઉપર જણાવેલી "યાદ" વિદ્યાદેવીના ભાવિક સેવકો માટે નથી. કેમકે એવાઓ વાસ્તવિક રીતે સમજે છે કે, "સત્યમેવ જયતે", "દયાનત વૈસી બરકત", "મનશની પેશ દાદાર અહુરમઝદ," આદિ ઈત્યાદિ.

(સત્યથી વેગળા જઇને) એમ ઉપયોગ કર્યાથી હેતુ સચવાઇ જશે એવું અનૂમાન ખેંચનાર જો થોડી તર્કશકિત દોડાવવાની કાળજી લેશે તો સ્હેજે કલ્પિ શકશે કે, 'એક ઉપયોગી વસ્તુને તે પોતાના વારંવાર ઉપયોગમાં લેનાર છે, જે વસ્તુ તેને વિના મહેનતે તૈયાર મલી ગઈ છે. પોતાની જીંદગી દરમયાન, વિના ઉપયોગની વસ્તુ (મોજમજાહ આદિ) પાછળ તે સેંકડો રૂપ્યાની બરબાદી જ્યારે કરે છે, ત્યારે એક ઉપયોગી વસ્તુ પાછળ, તેના માલિક જોડે કુદરતના નિયમ મુજબ પરસ્પર કાંઇ પણ **અનુસંધાન**

કર્યાં વિના, ચોકશ પારણુામ રૂપી હેતુ તે કયાંથી સચવાશે? યાને એ વસ્તુ ખરો જવાબ તે તેને કયાંથી આપશે ?! વળી કુદરતમાંથી વાસ્તવિક જ્ઞાન મળવાનો માર્ગ કયાંથી ખુલશે? !

કુદરતના અચળ કાનૂન મુજબ (સત્યથી વેગળા જઇને) અમુક કાર્ય કરનાર તેમજ કરાવનાર બન્ને દોષિત ઠરે છે, જેથી ઉતારો કરવા દેનાર પણ પોતાની અસર ગુમાવી બેસે એ કુદરતી છે.

ફાલનામાના જવાબ દેખાડનારા આંક.

જવાબનો ચાલુ નંબર	પાસાનો આંક.	ચાલુ નંબર.	પાસાનો આંક.	ચાલુ નંબર	પાસાનો આંક.	ચાલુ નંબર	પાસાનો આંક.
૧	૧૧૧	૮	૧૨૩	૧૫	૧૩૨	૨૨	૨૩૩
૨	૧૧૨	૯	૧૩૧	૧૬	૧૩૪	૨૩	૨૪૪
૩	૧૧૩	૧૦	૧૪૨	૧૭	૨૨૨	૨૪	૨૧૨
૪	૧૧૪	૧૧	૧૨૪	૧૮	૨૨૧	૨૫	૨૩૨
૫	૧૨૨	૧૨	૧૨૧	૧૯	૨૨૩	૨૬	૨૪૨
૬	૧૩૩	૧૩	૧૪૧	૨૦	૨૨૪	૨૭	૨૪૩
૭	૧૪૪	૧૪	૧૪૩	૨૧	૨૧૧	૨૮	૨૪૧

જવાણનો ચાલુ નંબર	પાસાનો આંક.	ચાલુ નંબર.	પાસાનો આંક.	ચાલુ નંબર.	પાસાનો આંક.	ચાલુ નંબર.	પાસાનો આંક.
૨૯	૨૩૪	૩૮	૩૧૧	૪૭	૩૪૧	૫૬	૪૧૨
૩૦	૨૧૪	૩૯	૩૨૨	૪૮	૩૪૨	૫૭	૪૩૧
૩૧	૨૩૧	૪૦	૩૧૪	૪૯	૪૪૪	૫૮	૪૧૩
૩૨	૨૧૩	૪૧	૩૪૪	૫૦	૪૪૨	૫૯	૪૩૪
૩૩	૩૩૩	૪૨	૩૧૩	૫૧	૪૧૧	૬૦	૪૨૨
૩૪	૩૩૧	૪૩	૩૨૩	૫૨	૪૪૩	૬૧	૪૩૩
૩૫	૩૩૨	૪૪	૩૨૪	૫૩	૪૨૪	૬૨	૪૪૧
૩૬	૩૩૪	૪૫	૩૪૩	૫૪	૪૩૨	૬૩	૪૨૩
૩૭	૩૨૧	૪૬	૩૧૨	૫૫	૪૧૪	૬૪	૪૨૧

પાસાના પહેલા આંક પ્રમાણેના જવાબ.

(૧) ૧૧૧

એ ફાલ જોનાર શખ્સ, તું તારા વિચાર દ્રઢ રાખ, તારી ઇચ્છા પાર ઉતરશે. દુ:શમનો વિશે તને ડર હશે તો તેઓ તારા તાબે થશે. તારી ચિંતા દૂર થઇ, આનંદ અને રોજીનો વધારો થશે. ગેબી મદદ તને ઘણી રહેશે. એ ફાલ તને સારાંની વધાઇ આપે છે.

(૨) ૧૧૨

એ જવાબની જીજ્ઞાસા ધરાવનાર શખ્સ, તારો અંદેશો બહુ સારો છે. તું પોતે પોતાનો બચાવ નહિ કરી શકે એવી હાલતમાં હશે તોપણ તારો બચાવ થશેજ. તારી ઇચ્છા જલ્દી ફલિભૂત થશે. એ ફાલ એમ બતાવે છે કે, તારી ધારણા વાજબી છે.

(૩) ૧૧૩

એ ફાલ તને એમ બતાવે છે કે, ઇશ્વરને પસંદ નહિ હોય તેવાં પ્રાપંચિક કામોથી દૂર રહેવું સારૂં છે. તારો વિચાર ઉપર મુજબનો છે, પરંતુ એમાં સારૂં નથી. એથી દૂર રહેવામાં ફાયદો છે. પરદેશગમન કરવું હોય—અને ઉપર મુજબનો વિચાર નહિ હોય તો પરદેશ જવામાં ફાયદો છે.

(૪) ૧૧૪

એ ફાલ જોનાર શખ્સ, એ ફાલ એમ બતાવે છે કે, એ તારા સવાલમાં મુખ્યકરીને નીતિની કસોટી છે. દર્યાની ભરતી ઓટ માફક એ પાર કે તે પાર પણ એનું સેવટ આવવાની તૈયારી છે. તું પ્રમાણિકપણાને વળગી રહેશે તો અવશ્ય પરિણામ પહેલે અથવા છેલ્લે પણ તારી તરફેણમાં ઉતરશે. સઘળી આફતથી તને બચાવી લેશે.

(૫) ૧૨૨

એ ફાલરૂપી સવાલનો જવાબ એ છે કે, એ ફાલના ધણી, તેં ઘણી રંજ ખેંચી છે. હવે તારી મુરાદ પરમેશ્વર ઉપર છોડ. બંદગીમાં મક્કમ રહેવું. ધ્યાન પુગાડીને કામ કરે તો અનધાર્યો લાભ તને એવો થાય કે, તેથી તને ઘણો આનંદ પ્રાપ્ત થાય. ગફલતમાં રહેવું નહિ.

(૬) ૧૩૩

એ ફાલ જોનાર શખ્સ, બહેતર છે કે, એ વિચારથી પાછો હઠે તો સારૂં. એ કામ નહિ કરવું. એથી ઉલટું પરિણામ આવીને ઉભું રહેશે. એ ફાલ સબુરી પકડવા સૂચવે છે.

(૭) ૧૪૪

એ શખ્સ, એ ફાલ તને વધાઇ આપે છે કે, થોડા દિવસમાં તને એવી ખબર મલશે જેથી ખુશહાલી પ્રાપ્ત થશે. જોઇતી મદદ મલી આવશે. કામની ફતેહ છે.

(૮) ૧૨૩

એ સવાલનો જવાબ માંગનાર શખ્સ, યોગ્ય છે કે, તારા ખ્યાલથી તું પાછો ફર. એ કાર્યને હાથમાં ના ધર. પરિતાપ કરવો પડશે. એ કામનું સેવટ બીજા ઉપર છોડ અને તું અલાહેદો થઇને સબુરી પકડી બેસ.

(૯) ૧૩૧

એ ફાલ એવું બતાવે છે કે, હાલમાં એ બાબે તારો વખત નબળો છે. જો મુસાફરી વગેરેનો ખ્યાલ હોય તો હાલમાં તે બંધ રાખવું. ઇશ્વરની બંદગી સિવાયના બીજાં કામમાં તને હાલ ફાયદો નથી.

(૧૦) ૧૪૨

એ ફાલ જોનાર શખ્સ, તારી કોઇ મતા ખોહવાઇ ગઈ હોય તો થોડા દિવસ સબુરી રાખ. ધીમેથી તારી ગયલી મતા

અથવા થયલી હાનિનો બદલો આવી મલશે. એકદમ તે ચીજ મેલવવા માટે ઉતાવળા થવું નહિ. નહિ તો વધુ નુકશાનમાં આવવું પડશે.

(૧૧) ૧૨૪

એ ભલા શખ્સ, તું મિત્રાચારી કરવા ચાહે છે, અથવા વધારે સંબંધ જોડવા ચાહે છે તો તું એ કામમાં સારૂં જોશે. એમાં તને ગેબી મદદ છે. પરમેશ્વર તારી મેહેનત ફોકટ નહિ જવા દે. થોડા દિવસ સબુરી ધર કે, તેટલા વખતમાં તારૂં કામ વધુ મજબુત થશે. ઉતાવળ કરશે તો કોઇના કડવા સુખનથી તારો જીવ રંજીદા થશે.

(૧૨) ૧૨૧

એ સવાલ કરનાર શખ્સ, તારો વિચાર ધંધા વેપારને લગતો છે. કરૂં કે નહિ કરૂં એવો ખ્યાલ કરવાની કશી ઝરૂરત નથી. ડરવાનું કશું કારણ નથી. તારા દિવસો સારા છે. એ વરસમાં તને સારો ફાયદો બતાવે છે.

(૧૩) ૧૪૧

એ ફાલ જોનાર શખ્સ, તારા દુઃશમનો ઘણા છે. તને તેઓનો ડર ઘણો છે. પણ તેઓ તારા ઉપર કદિ ફાવી શકશે નહિ. તારી આવકનો દરવાજો કોઇ રોકી શકશે નહિ.

(૧૪) ૧૪૩

એ ભલા શખ્સ, શું તું એમ ધારે છે કે, તારી રોજીનું બારણું હજી નથી ખુલ્યું? તેની તૈયારી ચાલી રહી છે. એ ફાલ વળી એવું બતાવે છે કે, આ વરસમાં તને તારી સ્ત્રી (અથવા ધણી) તરફથી ઘણી ખુશહાલી અને લાભ મળશે.

(૧૫) ૧૩૨

એ સવાલ જોનાર શખ્સ, તને મદદ મળવાની શરૂ થઇ ચુકી છે. હવેથી તારૂં કામ બરાબર હાર પડતું જશે. થયલું નુકશાન પણ તને આવી મળશે. અનધાર્યો લાભ પ્રાપ્ત થશે. હવે એ વિશે તને ડર રાખવાનું કામ નથી.

(૧૬) ૧૩૪

એ ફાલ જોનાર શખ્સ, તું પોતાની બંદગીમાં આળસ ના કર. એ બાબેમાં બહુ ચોકશ રહેવું. હવે એ કામમાં આગળ વધ્યોજ જશે. દિનપ્રતિદિન ફાયદો મળતો જશે હવે એ ફાલ એમ બતાવે છે કે, તારો વખત સબળ થયો છે. બંદગીમાં દ્રઢ રહીને તું તારૂં કાર્ય આરંભ્યો જા. હવે અનધન રહેવાની ઝરૂરત નથી.

(૧૭) ૨૨૨

એ સવાલ કરનાર શખ્સ, તું ડરે છે શાનો? ઇશ્વર આગળ સઘળા સમાન હોય છે. સઘળાંની ઉમેદ બર આવે અને તારી ઇચ્છા ફળિભૂલ નથી થતી એવી નાઉમેદી આરંભવાની ઝરૂરત નથી. તને પણ આ વરસે ઉમેદ ફળિભૂત થવીજ જોઇયે એવો ઈશ્વર તરફથી ચાન્સ મળ્યા વિના રહેવાનો નથી. તારો અવાજ ઈશ્વરના કાન ઉપર જઈ પુગ્યો છે.

(૧૮) ૨૨૧

એ શખ્સ, તું નકામો ઉતાવળો થાય છે. ઉતાવળથી તારૂં કામ પાર પડનાર નથી. એ કામથી હાથ ઉઠાવ. એ ફાલ એમ બતાવે છે કે, બીજી રીતે જોઈયે તો તને લાભ થશે પણ એ બાબતમાં તો તારે માટે સારૂં નથી. જો એ મિત્રાચારીને લગતું હોય, પ્યારને માટે હોય, જે હોય પણ તે વિશે ફાલ ના પાડે છે.

(૧૯) ૨૨૩

એ શખ્સ, કોઇ સંગાતે ભાગીદારીથી કાંઇ કાર્ય આરંભવું હોય તો તેમાં લાભ છે. કોઇ જોડે સગપણ સાંધવું હોય તો તે સારૂં

છે. એ માટેનો વિચાર હોય તો તે પાર પડે એમ છે. મુસાફરી હોય તો તે પણ લાભદાયક છે. કોઇ ઉપર સરસાઇ યાને જીત મેળવવી હોય તો એ ફાલ ના પાડે છે.

(૨૦) ૨૨૪

એ ભલા શખ્સ, એ ફાલ એવું બતાવે છે કે, કુદરતથી તું ઘણો વખત થયો બહુ મોટી ચીજ માંગી રહયો છે. એ વસ્તુ સઘળાંઓને પ્રાપ્ત થઇ શકતી નથી. એને માટે હાલમાં સબુરી પકડવી વાજબી છે. પરંતુ તું જો ઇશ્વરની ભકિતમાં તત્પર રહેશે તો બીજે માર્ગે તને ઘણો ફાયદો થશે. પરંતુ તું ચાહે છે તે માર્ગે તને ફાયદો થનાર નથી.

(૨૧) ૨૧૧

એ ફાલ જોનાર શખ્સ, તારી ફાલ એમ બતાવે છે કે, તારો મુખ્ય અંદેશો ફરઝંદને લગતો છે, તો જરૂર તને પ્રાપ્તિ થશે. તેનો ગમ રાખવાની કશી જરૂર નથી. યકાયક તારી દિલગીરી દૂર થઇ ખુશહાલી હાસેલ થશે. તું જો એમ ધારતો હોય કે, અમુકથી મારૂં કામ બગડયું છે તો તેમાં તારી ભૂલ છે. જેમ અજવાળું પ્રગટયાથી અંધકાર દૂર થાય છે તેમ તારો પરદો ખુલી જવાથી તને સઘળું ખરૂં હશે તે માલુમ પડી જશે.

(૨૨) ૨૩૩

એ શખ્સ, ઘણો વખત થયો તું પરદેશગમનને લગતો વિચાર કરી રહયો છે. હાલમાં એ બને એમ નથી. બીજાઓથી જે તું લાભ ચાહે છે તે હાલમાં મલે એમ નથી. બિમાર માનસ હશે તો તે સાજો થવો અશકય છે. એ ફાલ તારા વિચારથી ઉલટું ફળ બતાવે છે.

(૨૩) ૨૪૪

એ ફાલ જોનાર શખ્સ, તને તારા વેપાર ધંધાથી લાભ છે. ધારેલું કાર્ય શરૂ કરવામાં લાભ છે. શ્રિમંતોથી લાભ મળે એમ છે.

તને કોઇપણ બદનામી આપી શકે એમ નથી. પ્યાર, ફરઝંદ, બિમારને માટે એ ફાલ ના પાડે છે. એ બાબતને એ ફાલથી લાભ નથી.

(૨૪) ૨૧૨

એ ભલા શખ્સ, બાહેરથી ખુશખબરી આવવાને એ ફાલ સારૂં બતાવે છે. વેપાર ધંધાને માટે એ સારૂં બતાવતી નથી. સ્ત્રી, ફરઝંદ, મિત્રાચારી વગેરે બાબતને માટે એ ફાલ આવકાર-દાયક પરિણામ બતાવે છે. એવાં કામ જલ્દી પાર પડે એમ છે.

(૨૫) ૨૩૨

એ શખ્સ, ઘણા લાંબા વખતની તારી ધારેલી મુરાદ પાર પડશે. આ વરસે તું જરૂર સારૂં પરિણામ ઉઠાવી શકશે. ખુદાના હોકમથી ઉપરી વર્ગની મહેરબાની જરૂર થશે. માન આબરૂમાં વધારો થશે. એ ફાલ અનેક બાબતમાં સારાં ફળને ટેકો આપે છે.

(૨૬) ૨૪૨

એ ફાલ જોનાર શખ્સ, હિમત રાખ. મન અસ્થિર ના બનાવ. સ્ત્રી, ફરઝંદ વગેરે કુટુંબી બાબતમાં એ ફાલ સારૂં બતાવતી નથી. વેપાર, ધંધા, ચાકરી, પરદેશગંમન, લેવડદેવડ વગેરે બાબતમાં સારાં ફળ તરીકે ઉમેદ પાર પડવાને ટેકો આપે છે તો એ ઉમેદ પાર પડશે.

(૨૭) ૨૪૩

એ શખ્સ, સંકટ તો આ દુન્યાનો મુદ્રાલેખ હોય છે, એમાં વિચાર કરવાનું જેવું હોતું નથી. દરેક બાબતનાં ઉલટાં પરિણામ તરીકે; એ ફાલ ટેકો આપે છે. કામ પાર ઉતરે એમ લાગતુ નથી. સામસામી બહુ ટક્કર જીલવી પડશે. એ કામથી હાથ ઉઠાવવો સારો છે. કડવો અનુભવ ખેંચવો પડશે.

(૨૮) ૨૪૧

એ ફાલ જોનાર શખ્સ, તારા ધાર્યા મુજબ દરેક ફળ છે. તારૂં ધારવું, નિગાહ પુગાડવી બરાબર છે. જે કામ કરવું હોય તે ઇશ્વરનું નામ દઇને આરંભવું. સાહસિકપણુ વાપરશે તો બહુ લાભ ઉઠાવશે. એ ફાલ તને સારાંનો ટેકો આપે છે.

(૨૯) ૨૩૪

એ શખ્સ, પરગજુ કાર્ય, ઇશ્વરની બંદગી, ધર્મધ્યાન વગેરે બાબત માટે એ ફાલનો બહુ ટેકો છે. સંસારી સ્વાર્થિ કાર્યને એ ફાલ બિલ્કુલ ના પાડે છે. વિદ્યાના કામમાં અચુક ફાયદો બતાવે છે. એ સિવાય બીજી બાબતોને એ ફાલનો ટેકો નથી.

(૩૦) ૨૧૪

એ ભલા શખ્સ, એ ફાલ એવું બતાવે છે કે, કોઇપણ કાર્યમાં તું ચોતરફથી ઘેરાણમાં આવી જાય એમ છે. એ બાબત ઉપર ઝાંખી નજર કરવી પણ વાજબી નથી. એથી જેટલો દૂર તેટલો લાભ સમજવો. તારા વિચાર જોડે એ ફાલનો ટેકો નથી.

(૩૧) ૨૩૧

એ ફાલ જોનાર શખ્સ, પરદેશગમન, સંસારી કાર્ય, જોડાણ, ભાગીદારી વગેરે બાબતને એ ફાલ ટેકો આપે છે. ધર્મને લગતી, વિદ્યાને લગતી બાબતને એ ફાલનો ટેકો નથી. ગયલી મતા મલે એમ છે.

(૩૨) ૨૧૩

એ શખ્સ, એ ફાલ તારી દરેક બાબતની ઉમેદ ફળિભૂત થવાને ટેકો આપે છે. તને ફાયદા સિવાય બીજુ કશું બતાવતી નથી. તારી ઉમેદ પાર પડયા વિના રહેશે નહિ એ નક્કી સમજવું.

(૩૩) ૩૩૩

દરેક ધર્મ અને વિદ્યાને લગતાં કામોને એ ફાલનો ઘણો ટેકો છે. એ દરેક ઉમેદ પાર પડવાનું બતાવે છે, સંસાર વ્યવહાર ને લગતાં કામોને એ ફાલનો બિલ્કુલ ટેકો નથી તેથી એ શખ્સ તું એ વિચારથી પાછો ફર. તું હાથ નહિ ઉઠાવશે તો અનેક ખટપટમાં ઉતરી પડવું પડશે. ઈન્સાફ જેવું કશું રહેશે નહિ.

(૩૪) ૩૩૧

એ ભલા શખ્સ, અ ફાલ તને વધાઇ બતાવે છે કે, તને કહિ નુકશાનીમાં ઉતરવું થશે નહિ. તારો સેતારો બુલંદ છે. સબબે તારાં અનેક કામો ઘણી સારી રીતે હાર પડતાં રહેશે. તું સઘળી ચિંતાથી મુકત થશે. તારા ધાર્યા મુજબ દરેક બાબતમાં આ ફાલનો ટેકો છે.

(૩૫) ૩૩૨

એ ફાલ જોનાર શખ્સ, એ બાબતમાં તારો સેતારો બહુ નબળોછે. ઉતાવળ્યું કાર્ય હાર પડવાનું નથી. નુકશાની બહુ વેઠવી પડશે. અનધારી આફત બહુ રહેશે. કોઇપણ કાર્યને એ ફાલનો ટેકો નથી.

(૩૬) ૩૩૪

એ ભલા શખ્સ, તારી આફત દૂર થવીજ જોઇયે એ વાતને એ ફાલનો મજબુત ટેકો છે. ધર્મ અને વિદ્યા સિવાયના દરેક સંસારી કાર્યને એ ફાલ ફળિભૂત દેખાડે છે. અનધાર્યો સારો લાભ મળે અથવા મળતા લાભમાં વધારો થાય એમ છે. તને ઉપર મુજબ એ ફાલનો ટેકો છે.

(૩૭) ૩૨૧

એ શખ્સ, એ ફાલ વેપાર, ધંધા, લેવડદેવડ વગેરે બાબતનું સારૂં ફળ દેખાડે છે. ફરઝંદની પ્રાપ્તિ, સંસારી કામને સારો ટેકો

આપે છે. માન આબરૂનો વધારો બતાવે છે. એવાં કાર્ય ફળિભૂત બતાવે છે. ધર્મ અને વિદ્યાને લગતાં કામથી હાથ ઉઠાવવા કહે છે. સહાસિક કાર્યમાં લાભ છે. વડીલ, ઉપરીની મહેરબાની બહુ સારી છે.

(૩૮) ૩૧૧

એ સવાલનો જવાબ જોનારૂ શખ્સ, તારાં પોતાના દરેક કાર્ય રૂપી વિચારને એ ફાલનો ટેકો છે. તું એમાં ખુશહાલ થશે. કુદરતથી જે માંગશે તે મળી આવશે. સલાહસંપથી બહુ લાભ છે. હારજીત યાને તારી સરસાઇ સાબેત કરી આપવાની બાબતમાં એ ફાલનો ટેકો નથી.

(૩૯) ૩૨૨

એ ફાલ જોનાર શખ્સ, એ ફાલમાં દરેક ઉલટું પરિણામ શમાયલું છે. એમાં શરમિંદગી ભારે છે. એ કામ વિચારવંત માનસોનું હોતું નથી. એ વાતથી હાથ ઉઠાવવા ફાલ કહે છે.

(૪૦) ૩૧૪

એ શખ્સ, બહુ રંજ વેઠી એ વાત સાચી છે. પરંતુ તારા નબળા વખતને આધિન તું હોવાથી એ ફાલ તને કોઇપણ કાર્યમાં ફળિભૂત હોય એમ બતાવી શકતી નથી. નાઉમેદી સિવા બીજું કાઇ હાળમાં દેખાતું નથી.

(૪૧) ૩૪૪

એ ફાલ જોનાર શખ્સ, એ બાબતમાં તારો સેતારો બળવાન બન્યો છે. તારૂં ધારવું વાજબી છે. એમાં ખોટું કશું નથી. તારી ઉમેદ પાર પડશે. પરેશમાન થવાનું કાંઇ કારણ નથી. એ વરસ વારે માટે ફાયદાકારક છે. કોઇથી ડરી જવાનું કશું કારણ નથી. તારાં ધાર્યા કામમાં ફ-તેહ છે.

(૪૨) ૩૧૩

એ શખ્સ, એ ફાલ એવું બતાવે છે કે, એ બાબેની હાલત "સૂડી વચ્ચે સોપારી" જેવી છે. એ ઉપરજ સંતોષમાં લાભ છે. આગળ વધવામાં અને પાછળ હઠવામાં બંનેમાં હાનિ છે. હરીફાઇ અને દુ:શમનાઇ સિવાય એમાં બીજું ફળ દેખાતું નથી.

(૪૩) ૩૨૩

એ ભલા શખ્સ, એ ફાલ એવું બતાવે છે કે, પરદેશગમનથી લાભ છે. પરદેશ ગયલો સલામત આવશે. આફત દૂર થશે. "હવે મારે શું કરવું" એવી ચિંતા રાખવાનું કારણ નથી. માત્ર સંભાળવાનું એ છે કે, પોતાનાં કામમાં વધારે ચોકશ રહેવું તો લાભ જરૂર છે.

(૪૪) ૩૨૪

એ શખ્સ, એ ફાલ દરેક બાબતનું ઉલટું ફળ દેખાડે છે. બિમાર હોય તો મૃત્યુ પામે, મળતો લાભ અટકી જાય. સારાંશ કે, સારાંથી ઉલટું એટલે દરેક બાબતથી દુ:ખ સમજવું.

(૪૫) ૩૪૩

એ ફાલનો જવાબ ચાહનાર, ધંધાને લગતા લાભમાં એ ફાલનો ટેકો છે. એ સિવાય બીજી બાબતમાં એ ફાલ વિપરિત ફળ દેખાડે છે.

(૪૬) ૩૧૨

એ ફાલ એવું બતાવી શકે છે કે, દરેક ધારેલાં કામને હાન છે. સબબે એ કામનો આરંભ કરવો નહિ અને આરંભ થઇ ચુકેલો હોય તો સેવટ સારૂં નથી.

(૪૭) ૩૪૧

એ ભલા શખ્સ, તારી મુરાદ પાકે પાયે ફળિભૂત થાય. સારાં

માનસોના મેલાપથી આબરૂનો વધારો થાય. તારૂં ધારવું તને મુબારક છે. ફાલ ફ-તેહ બતાવે છે.

(૪૮) ૩૪૨

એ ફાલ જોનાર શખ્સ, ધંધાની બાબતમાં આ ફાલ અચુક ટેકો આપે છે. કુટુંબી સંસારી બાબતમાં એ ફાલનો ટેકો નથી. ગુમાયલી મતા અથવા થયલી નુકશાની પાછી મલે એમ છે.

(૪૯) ૪૪૪

એ ફાલ જોનાર શખ્સ, એ ફાલ એવું બતાવી ટેકો આપે છે કે, તારા ધંધામાં લાભ સિવા બીજું કશું છે નહિ. દુ:શમન ઉપર જીત છે. માન આબરૂ વધતીજ જશે. ચાહે તેવાં સંસારી કામને ટેકો છે. ફ-તેહ સિવા બીજું શું હોય?

(૫૦) ૪૪૨

એ ફાલ એવું દર્શાવે છે કે, પરિતાપ સિવાય બીજું કશું નથી. માઠાં પરિણામને એ ફાલનો સંપૂર્ણ ટેકો છે.

(૫૧) ૪૧૧

એ શખ્સ, એ ફાલ એમ દર્શાવે છે કે, તારી પાછલી સઘળી મેહેન્નતનો બદલો તને મળશે. એ ઉપર સંપૂર્ણ ભરૂશો રાખ. ડગડગવાની કશી જરૂર નથી. ધીરજ અને શાંતિથી દરેક કામ હાર પડતાં રહેશે.

(૫૨) ૪૪૩

એ ફાલ એવી વધાઈ આપે છે કે, ફ-તેહની નિશાન છે. ઉમેદ પાર પડશે. સુખ સંતોષનો વધારો થશે.

(૫૩) ૪૨૪

એ ફાલ જોનાર, બહેતર છે કે, તું તારી ઉમેદનું તાલું બંધજ કર. એનુ ફળ એવું છે કે, એ કામનો વિચાર કરવો પણ વાજબી નથી.

(૫૪) ૪૩૨

હરીફાઇમાં જીત મેળવવી હોય, સરસાઈ મેળવવી હોય, કોર્ટ દરબારે જીત જોઇતી હોય તો એ ફાલ સિવાય બીજી સાહેદત વધુ શું મળવાની?

(૫૫) ૪૧૪

પરમેશ્વરની કુદરતી મદદ જોઇતી હોય, પ્યાર, મોહબત વગેરેની બાબતમાં ફ-તેહ જોઇતી હોય, પરદેશ જઈ લાભ લાવવો હોય, સંસારના સારાં કાર્ય પાર પાડવાં હોય, ખુશહાલી હાસેલ કરવી હોય તો એ ફાલના જોનાર, એ ફાલ તને એ કામોની ફળિભૂતિ સિવા બીજું કશું બતાવતી નથી.

(૫૬) ૪૧૨

એ શખ્સ, દરેક ચિઝ પડી ભાંગવી જોવી હોય તો એ ફાલથી વધુ સાહેદત બીજી કઈ જોઇયે ? તોબા કરવા વગર હાલ તરત છુટકો નથી. દરેક માઠાં પરિણામને એ ફાલની મઝબુતી છે.

(૫૭) ૪૩૧

એ ભલા શખ્સ, વડીલની, મોટાં માનસોની મેહેરબાની મેળવવી હોય, સાહસિક કાર્ય કરવું હોય, ધર્મધ્યાનમાં આગળ વધવું હોય, પરગજુ કાર્ય કરવું હોય, વિદ્યામાં ફ-તેહ મેળવવી હોય તો આ ફાલથી વધુ સારૂં સેવટ બીજી કઇ ફાલ બતાવી શકશે ? પરંતુ એ સઘળાં જોડે એ ફાલ એવું પણ બતાવે છે કે, મગરૂરી છોડી નમ્રતા પકડતો રહેશે તો બહુ ફાયદો ઉઠાવશે.

(૫૮) ૪૧૩

એ ફાલ જોનાર શખ્સ, તારી પોતાની ધારણા જલ્દી પાર પડે, બિમાર જલ્દી સાજો થાય; ખોહવાયલું જલ્દી મળે, અને સઘળું સારૂં જલ્દી જલ્દી બને એવી તારી આશા જલ્દી પાર પડે એવું જોવું હોય તો આ ફાલ ઉપર બરાબર ધ્યાન દોડાવજે. એ ફાલનો એ બાબે ખાસ ટેકો છે.

(૫૯) ૪૩૪

એ ફાલની ઇચ્છા ધરાવનાર, અમલદાર વગેરે માનસોને, મેહેરબાન મિત્રોને, ઉમરાવોને મળી કામ હાર પાડવું હોય તો આ ફાલ તેની ફ્-તેહનો જવાબ આપે છે. મળવું હોય તો તેમાં વાંધો નથી.

(૬૦) ૪૨૨

એ ફાલ એવું બતાવે છે કે, જેઓથી જુદાપણું થયું હોય તેઓ સાથે મેલાપ છે. તે સિવાય બીજી બાબતમાં એનો ટેકો નથી.

(૬૧) ૪૩૩

એ ફાલ જોનાર, જરાપણ શક રાખ્યા વિના તારી મુરાદ ફળિભૂત છેજ એમ વધુ સહાદત જોઈતી હોય તો આ ફાલ છે.

(૬૨) ૪૪૧

એ ભલા શખ્સ, તારી રોજીનો દરવાજો દિન ઉગતે વધતો જાય છે અને એમાં શક જેવું નથી એવી સાહદત આ ફાલથી છે.

(૬૩) ૪૨૩

ફાલ જોનાર શખ્સ, એ વાતથી બેઉ હાથ જોડી તું તોબા કરીને પાછો ફર. એની અડાસે જવામાં પણ હાનિ છે.

(૬૪) ૪૨૧

એ ભલા શખ્સ, એની ખાતરી રાખ. તારૂં ધારવું નિર્મળ છે. ડગડગવું નહિ. એ ફાલનો સારાં પરિણામ માટે સંપૂર્ણ ટેકો છે.

સમાપ્ત.

પ્રસ્તાવનામાં દર્શાવેલા બંને લેખ.

મી૦ એડિટર,

આપના ગયા શુક્રવારના અંકમાં "**સન ઓફ એરીઝ**" સવાલ કરે છે કે, ઇંગ્લીશ જ્યોતિષની ગણત્રી ખરી કે હિંદી જ્યોતિષની? કેમકે બંનેમાં મૂળ રૂપે સૂર્યનીજ ગણત્રીનો ફેરફાર હોવાથી તે જોડે ગ્રહો આદિની ગણત્રીનો અને તેનાં ફળાદિશનો પણ મોટો ફેર પડતો રહે છે. આદિ, ઇત્યાદિ.

હવે એ ઉપર બે શબ્દ બોલવા દેશો. જાણવું જોઇયે કે, એ બાબેનો અભ્યાસ બહુ લંબાનથી ઉચ્ચ પ્રકારે થવો જોઈયે ત્યારે એનો ખરાં ખોટાંનો તત્વાર્થ રૂપી અર્ક બરાબર ખેંચી શકાય તે સઘળું અત્રે દર્શાવી શકવું અશક્ય છે. વધુમાં જાણવું કે, "મગોલને મોતે મંગળદાસ મૂવો" તેવી ગતિ પશ્ચિમથી પૂર્વની એ બાબેની થતી જાય છે. આકાશ અને પૃથ્વિ, પૂર્વ-પશ્ચિમ અને દક્ષિણ-ઉત્તર, નર અને નારી, જ્ઞાન અને બુદ્ધિ, નક્ષત્રો અને રાશી, રૂહ–આત્મા અને તન–મન, નિરંગ અને રંગ, ખુંટા અને વાડ, ઉપર અને હેઠે, અચળ અને ચળ, પોઝિટિવ અને નેગેટિવ, વગેરે એવી રીતે અનેક બે પ્રકાર દર્શક ગોળાકાર ગણત્રી રૂપી એ વસ્તુ છે. માત્ર એના ચઢ ઉતર દરજજા ઠરાવી શકાય છે. ખરાં અને ખોટાં રૂપે એને એકેકથી સુલટ–ઉલટ કહી શકાય નહિ. એક વસ્તુ ખાધાથી એકને ફાયદો જયારે બીજાને ગયરફાયદો માલુમ પડશે. જેથી તે મૂળ વસ્તુને અર્થક અથવા નિરર્થક રૂપે સુલટ–ઉલટ રૂપમાં મેલી શકાશે નહિ. તેથી હિંદી જયોતિષ અને અંગ્રેજી જ્યોતિષને ખરાં અને ખોટાં ફળ

રૂપે દર્શાવવું ખોટું છે. પશ્ચિમને પશ્ચિમની ગણત્રી ફળ રૂપે લાગુ પડશે જ્યારે પૂર્વની પૂર્વને લાગુ પડશે.

હિંદુઓના પવિત્ર ઋષિ મુનિઓએ અને પારસીઓના અશો પયગમ્બર જરથુસ્ત્રના સાગેદ જામારૂપે જ્ઞાન–દ્રષ્ટિયે (આકાશી અચલ નિયમે) જ્યોતિષ વિદ્યાની ગણત્રી નક્કી કરેલી છે, જેથી પૃથ્વિના અમુક ભાગમાં જતાં યા પૃથ્વિની ગતિ અમુક રૂપાંતરે ફરતાં, તે મૂળરૂપે અચળ માપ દર્શાવી શકે છે.

ઇંગ્લીશ ગણીત મોટી મોટી ઓબ્ઝરવેટરી અને દુર્બિનોથી છે જે બુદ્ધિ-દ્રષ્ટિયે હોવાથી, પૃથ્વિના અમુક ભાગ ઉપર જતાં, યા પૃથ્વિની ગતિ અમુક રૂપાંતરે ફરતાં, તે મૂળરૂપે અચળ માપ દર્શાવી શકતી નથી. સબબે જેમ બુદ્ધિ કરતાં જ્ઞાન ચઢત પ્રકાર દર્શાવે છે, પૃથ્વિ કરતાં આકાશ ચઢત પ્રકાર દર્શાવે છે, નારી કરતાં નર ચઢત પ્રકાર દર્શાવે છે, ફરતાં ચક્ર કરતાં તે ઉપરનો કાણુ ચઢત પ્રકાર દર્શાવે છે, તેમ ફરતી રાશીનાં ગણીત કરતાં **અચળ નક્ષત્રાદિ** ગણીતનુ બળ **ચઢતો પ્રકાર** દર્શાવે છે.

" જમશેદી નવરોઝ "નું જશન એકવીસમી મારચે વાસ્તવિક છે. જેમ એક નારી જાતિ પોતે ગર્ભ ધારણ કર્યા બાદ સાતમા માસે તે પરિપકવ થવાથી, અધરણી રૂપે તેની ખુશહાલી મનાવવામાં આવે છે, અને તેની અસર રૂપે તેને પોતાના નરનાં ઘરથી યાને સાસરે માતાના ઘરે લઇ જવામાં આવે છે. તેમ આકાશનાં બળ રૂપી અસરનો ગર્ભ પૃથ્વિમાં પરિપકવ થવાથી, તેની ખુશહાલી મનાવી તેની અસર રૂપી ફળને પોતાનાં ઘરે લઈ જવાનું છે. એ દિને પૃથ્વિની ચળાયમાન ગતિને લીધે મૂળ રૂપે, દિવસ અને રાત્ર, પૂર્વ અને પશ્ચિમ, બાપ અને બેટા એવા બે વખત દર્શાવનારા કાળાંતરી રૂપાંતરનું સમાંતર અને સમાબળ હોય છે.

એ દિને જશનની અસર વધુ અનૂકુળ હોય છે. "તાતે લોઢે ઘા કરવા" જેવું હોય છે. જેમ એ ભાગીદારો સમાંતરે અને સમાબળે યાને એકજ નિશ્ચય ઉપર હોય છે તે વેળા તે જોડે અનુસંધાન કરનાર ત્રિજો પોતાનો હેતુ બરાબર. સાચવી શકે છે. અને તેઓમાં "બાપ બડા કે બેટા" એવો ચઢોત્તર દરજ્જો થતાં, અનુસંધાન કરનાર પોતાનો હેતુ બરાબર સાચવી શકતો નથી-અને "અવસર ચુકયો તે ભવસર ચુકયો" તેવી અસુરે પોતે મેલાય છે. સબબે એકવીસમી માર્ચે જશન ગુઝારી કરવી એ વખતાનૂસાર અસર મેળવવાનું હોય છે. એની જોડે નક્ષત્રાદિ આકાશી અચળ ગણુત્રીને લાગતુંવળગતું હોતું નથી. કેમકે, વખત રૂપી મૂળ ગણુત્રી એ પૃથ્વિની ચળાયમાન ગતિદર્શક અને તેના પ્રતાપે અસર રૂપે અનેક રૂપાંતરો દર્શક હોય છે.

મેષ આદિ અનેક રાશી રૂપી ગોળાકાર વાડના જે અશ્વિનિ આદિ નક્ષત્રાદિ રૂપી મૂળ ખુંટા છે કે જ્યાંથી ચઢતા દરજ્જે અને અચળ રીતે ગણુત્રી થઇ શકે છે. તે ગણુત્રીથી જોતાં અશ્વિનિ નક્ષત્રનો સૂર્ય-યાને મેષ રાશીના મૂળ રૂપે પ્રથમ ખુંટાની સીધી લાઇનમાં સૂર્ય-યાને આકાશી (અચળ) ગણુત્રી મુજબ મેષ રાશીના સૂર્યનો પ્રારંભ તો તા૦ ૧૩ મી એપ્રીલના દિને છે. અને એજ ગણુત્રી ચઢતા પ્રકારની હોય છે.

જેમ નાહનું બાળક પોતાના હસ્તમાં ઉચ્ચ દરજ્જાની ઝાલેલી વસ્તુનું યોગ્યતાનૂસાર જ્ઞાન નહિ હોવાથી, બીજી તેથી વાસ્તવિક રીતે ઉતરતા દરજ્જાની પરંતુ કાંઈ રંગ-બેરંગી વસ્તુ જોયાથી પોતાનાં હસ્તમાંની ચઢત વસ્તુ પડતી મેળી તે ઉતરતા દરજ્જાની વસ્તુ તરફ વધુ આકર્ષાઇ તે ઝાલવા તત્પર થઇ જાય છે; તેમ પોતાને યોગ્યતાનૂસાર જ્ઞાન નહિ હોવાથી, ચઢતા દરજ્જા રૂપી ઝાલેલી વસ્તુને પડતી મેળીને તેથી ઉતરતા દરજ્જા રૂપી વસ્તુ તરફ આકર્ષાઈ અનેકો હવે ઇંગ્લીશ ગણુત્રી ઉપર ઉતરી પડેલા જણાય છે.

એનું કારણ એ છે કે, પૃથ્વિની ચળાયમાન ગતિને લીધે રૂપાંતરો બદલાઇ જવાથી, તેની અસર રૂપે મૂળ જ્યોતિષ વિદ્યાનાં ફળાદિશ રૂપી તત્વાર્થ ઉપર પંડિતાઈ રૂપી અનેક પડો ચઢી ગયલાં છે. અને તેના પ્રતાપે તેમાં ડોક્યું કરનારને પ્રથમ સવા લક્ષ વ્યભિચાર શ્લોકના યોગ, અઢી લક્ષ વાડી, ગાડી, લાડી, માડી અને પારસી ઝબાનમાં બોલ્યે તો સાથેજ "તાડી" ના યોગ, અને પા લક્ષ હોજરીબાઈના યોગ- એવા ચાર (!) લક્ષ યોગ મળી આવે છે. વલી કહેવત પ્રમાણે "ધુળ ઉપર લિંપણ" તેમ વળી તેને વિદ્યા રૂપે સંસ્કાર મળતો રહે છે! અને એ સબબે એ વિદ્યાની અચળ ઉંચ્ચ દરજ્જેની ગણત્રિની પદ્ધતિ મૂળ રૂપે ચાલુ રહેવા છતાં- તેનું તત્વાર્થ રૂપી જ્ઞાન નહિ હોવાથી ફળ-મળતું નથી એવો ભાસ દર્શાવે એ સ્વાભાવિક હોય છે. પરંતુ તેથી ગણત્રી અને પદ્ધતિ ખોટી છે એ કહેવું વાજબી ઠરી શકે નહિ.

મહાન ગુરૂ જરથુસ્ત્રના સાગેદ જામાસ્પનાં જેવું ઉંચ્ચ દરેજ્જેનું જ્યોતિષ વિદ્યાનું જ્ઞાન, જરથોસ્તી કોમના જરથોસ્તી ધર્મ-અભ્યાસીઓમાં નહિ હોવાસબબે-તેઓ પણ મૂળ તત્વાર્થ રૂપી જ્ઞાન વિના, પૃથ્વિનાં ચળિત ચક્ર ઉપર ચઢતા રહે છે; અને પરિણામ રૂપે રાશી રૂપી નિરંગ અને રંગનું વાસ્તવિક રહસ્ય સ્વ-જ્ઞાન દ્રષ્ટિયે સમજ્યા વિના પશ્ચિમ રૂપી બુદ્ધિ દ્વારા તેનાં રહસ્ય પામવાને, પશ્ચિમના ગણાતા વિદ્વાનો પાસેથી તે "ગોમૂત્ર" માંથી શોધાવી પોતે તે આકાશી જ્ઞાનિ-તત્વાર્થને પામ્યા છે એવું સમજી સમજાવે એ કુદરતી હોય છે. વળી એ આકાશી વિદ્યાનાં વાસ્તવિક જ્ઞાન વિના, ચુંથણા અને કાયદા રૂપે કાંઈ અસંખ્ય સૂક્ષ્મ ચક્રો, ગુપ્ત બાબતો, આદિ શિક્ષણ પ્રસરતું રહે છે.

એ સઘળાં ધર્મ રૂપે રૂપાંતરો દેખાવાનું મૂળ કારણ એ હોય છે કે, જરથુસ્ત્ર અને જરથુસ્ત્રી દીનના મૂળ થાંબલા તરીકે, જરથુસ્ત્રના ત્રણ ચેલાઓ જેમાં, મધ્યબિંદુ તરીકે જામાસ્પ હકીમ જે આકાશી વિદ્યા અને

મનુષ્ય-બંધારણ, અચળ અને ચળ કાનૂન, નિરંગ અને રંગ, રૂહ—આત્મા અને તન—મન, બાતેન અને જાહેર દરેક તત્વાર્થને જ્ઞાન- દ્રષ્ટિએ પુગી શકતો હતો; તે વિદ્યાનું જ્ઞાન રૂપી શિક્ષણ જરથુસ્ત્રી કોમમાંથી, હિંદ આવ્યા ત્યારથી ઝમીનમાં દટાતું ગયલું માલુમ પડે છે. પરંતુ તેની ગણત્રી રૂપી ક્રિયાનો નિયમ પદ્ધતિ રૂપે ચાલુ રહેલો માલુમ પડે છે.

પૃથ્વિની ફરવાની ગતિને લીધે વખતના વહેવા જોડે એ સઘળું બનતું રહયું છે. એ સઘળાંનો જ્ઞાન રૂપી તત્વાર્થ, જ્યોતિષ વિદ્યાનાં ઉચ્ચ જ્ઞાન દ્વારે, જે પૃથ્વિની ચલિત ગતિના પ્રતાપે અનેક રૂપાંતરો ફેરવાઇ જવા છતાં પણ, મૂળ રૂપ તરીકે પોતે ભાસ દર્શાવી શકે છે તે પુસ્તક રૂપે થોડા વખતમાં વાંચક વર્ગ સમક્ષ મેળાતો જશે; જેથી ધર્મ—સાહિત્ય આદિ શોધખોળ કરનારાઓ, બંદગીની ભાવના રાખનારો. જ્યોતિષ વિદ્યાનું ફળાદિશ જાણવાની જીજ્ઞાસા ધરાવનારાઓ વગેરે દરેક કોમને સ્વ-જ્ઞાન મળતું જવાથી પોતાના યોગ્ય હેતુને જ્ઞાન દ્વારા પુગી શકશે. અને તેઓની અનેક શંકા, ગુંચવણ દૂર થતી જશે.

જરથુસ્ત્રી ધર્મ રૂપે ગણાતી રોજ માહની વખતની ગણત્રી સિંહ રાશીનો સૂર્ય થાય ત્યારથી વાસ્તવિક રીતે હોય છે. એ વખતે પૃથ્વિ આકાશથી દર, કાયમ અગ્નિ તત્વ રૂપે ગર્ભ ધારણ કરે છે. આકાશી ફરોહરોનું આ પૃથ્વિ ઉપર ઉતરવું હોય છે. એ મૂળ ગર્ભનું સમાંતર, સમાબલ યાને બરાબર પોષાવું એ વખત "જમશેદી નવરોઝ" રૂપે હોય છે. એ સઘળી ગણત્રી અને ભાસ અમુક આકાશી મૂળ રૂપને પોતે ગ્રહણ કરીને તેને જુદાં જુદાં રૂપાંતરે ફેરવવાનું પૃથ્વિ રૂપી કાર્ય હોય છે. લંબાન થઇ જવાથી દરગુઝર ચાહુ છું.

લિ૦ આપનો શુભેચ્છક,

પારસી—ઝેડકિલ.

(૨)

જરથોસ્તી કોમનાં શરૂ થતાં "જમશેદી નવરોઝ" નો વર્તારો "પારસી-ક્રૉનિકલ" નીચે મુજબ દર્શાવે છેઃ--

આ વરસ કોમમાં અનેક મહત્વતા ધરાવતા સવાલ રૂપી કાર્યના નિર્ણય તરીકે બહુ મઝબુત માલુમ પડશે.

મુખ્યકરીને ધાર્મિક લેખાતી ક્રિયાઓનું અમુક પ્રકારે મુખ્ય બંધારણ રચવાનું, સખાવતી ખાતાંઓને અમુક પદ્ધતિયે રાખવાનું, સંસારિક નાલેશીઓ દબાયલી રહે અને કોમનું એખલાસ રૂપી બંધારણ વધતું રહે એવા ધરખમ માર્ગો યોજવાનું નિર્ણય રૂપી કાર્ય ભાગ ભજવશે.

એ બાબતમાં અનેક ફેરફારો કરવાનું અને તે નિર્ણય રૂપે અમળમાં લાવવાનું કાર્ય અને મુન્નામહેત બહુ ઝડપી ગતિ લેશે. એકવેળા એને કોઇપણ પ્રકારે ગતિ મળતાં એ પાણીના રેલાની માફક પ્રસરતું જશે. કલમ અને ઝબાનનો ઉપયોગ છુટથી લેવાશે. ધર્મગુરૂ વર્ગ એ બાબતમાં મોટો ભાગ ભજવશે. અને તેઓ પોતાના વિચાર, ઇચ્છા અને કાર્યમાં દ્રઢ યાને એકસમાન રહેશે તો અવશ્ય સારૂ પરિણામ ઉપજાવ્યા વિના રહેશે નહિ. વિદ્યાદેવીના પૂંજારી અને ધર્મો પ્રત્યે અનુસરનાર વર્ગ સારો નિર્ણય લાવી શકશે. જેની અસર લાંબા કાળ સુધી કોમને અમુક બંધારણ રૂપે મળ્યા કરશે.

એવા સંજોગ બનતા રહેશે જેથી ધર્મ સાહિત્ય આદિ બાબત ઉપર ધર્મના મૂળ તત્વાથે અજવાળું પડતું રહેશે. અને તે દ્વારા ધર્મ-જ્ઞાન વધતું રહેશે. વળી એવા પણ બનાવ બનતા રહેશે જેથી સહનશિળતા રૂપી શકિત કોમમાં વધુ પ્રસરતી અને મઝબુત બનતી જશે. જેની ફળ રૂપી અસર ભવિષ્યમાં બહુ કારગત થઇ પડશે, સ્વધર્મ પ્રત્યેની ફર્ઝ તરીકે કેમ કાંઇ અમુક પુરાવો આ વરસે એવો દર્શાવે છે કે, જેની અસર મક્કમ પાયે અનેક વરસો સુધી અમળમાં મેળાતી રહે એવો સંભવ બહુ જણાય છે.

કોમનું શારીરિક બંધારણઃ--કોમનું હિમત રૂપી અંતર-બંધારણ બહુ મઝબુત રહેશે. પરંતુ શારીરિક બંધારણ કાંઇક નબળો પ્રકાર દેખાડતું હોવાથી, ઉડતો રોગ અથવા કાંઇ અન્ય કારણથી એને લગતાં કાર્યમાં ખલ-

બલાટ, અસ્થિરતા વધુ રહેશે; જેથી નુકશાન રૂપે એમાં સહન કરવું પડશે. એવો આ વરસનો મૂળ યોગ હોવાથી સૂચના રૂપે કોમને દર્શાવવાનું વાજબી હોય છે કે, જ્યારે જ્યાં પણ શારીરિક ઉડતા રોગની ચિંગારી જણાય ત્યાંથી નભરવશ નહિ રહેતાં બને તેમ વેગળા થવામાં ડહાપણ હોય છે. કેમકે, આ વરસ નો કોમાં મૂળ તત્વાર્થિક શારીરિક બંધારણ નબળો પ્રકાર દર્શાવતું હોવાથી, એનું બીજ એક યા બીજા રૂપે કોમમાં આમેજ થતાં, તે ઝાડ રૂપે પ્રગટી ફેલાઈ જતાં વિલંબ લગાડશે નહિ. અકસ્માત હોનારતથી પણ ખમતું પડે.

કોમને વાસ્તવિક રીતે શોભા આપનાર તૂરા ગણાતા નર-નારીઓમાંથી એથી પ્રાણના જીંદગીની જુદાઈ કોમને ભોગવવી પડે એવો સંભવ બહુજ છે. અને તે જોડે પ્રગટીકરણના કાનૂન મુજબ આ વરસે કોમમાં, બે નર અને બે નારી રૂપી એવાં ફરજંદોની વૃદ્ધિ થશે કે જેઓ ભવિષ્ય માટે કોમના તૂરા લેખાશે.

કોમની નાણાં સંબંધી હાલતઃ—એ સંબંધી હાલત સંકડામણ ભરી રહેશે. સારાંશ કે, સામટે સરવાળે આવક કરતાં જાવકનો દરવાજો વધુ ખુલ્લો રહેશે. સંજોગ એવા ઉભા થતા રહશે કે, પરગજુ કાર્યો તરીકે નાણાંનો દરવાજો વધુ ખોલતા રહેવાની ફરજ પડતી રહેશે. વળી તેમાં ધાર્યા કરતાં ખર્ચનું પ્રમાણ વધતું રહેશે.

કોમમાં પરદેશગમન, સહાસિકપણું વધુ બળવાન રહેશે એવા સંજોગ બનતા રહેશે, જેથી કોમને પોતાની કાર્યગતિમાં અનેક પ્રકારે ટક્કર જીલવી પડશે—પરંતુ એ સઘળું છતાં, રાજ્ય કરતી કોમના સરોબરી લેખાતા પરિચયમાં આવવાને પોતે સંપૂર્ણ યોગ્યતા ધરાવી શકે છે એવું વધુ પુરવાર કરી આપી શકશે.

કોમની આજીવિકા—કોમની અનેક પ્રકારની આજીવિકા (નિર્વાહ)મા એ મુજબ સારાંશ ખેંચી શકાય છે:—વિદ્યાદેવીના પ્રતાપે બનેલો અમલદાર વર્ગ ઘણી સારી પ્રસંશા સહિત આગળ વધવું કરી શકશે. ખેતીવાડી, સ્થાવર મિલકતવાળા વર્ગને નહિ ધારેલા સંજોગો અથવા કુદરતી ઉલટી અસરને લીધે સહન કરવાનું રહેશે. છાપાકળાવાળા, જાહેર પત્રકારો વગેરેને સમધારણ રહેશે—

પરંતુ એઓ માટે પોતાની કાર્યગતિ ઉપર સ્વકાબુની, તકેદારીની બહુ આવશ્યકતા છે. એવો યોગ છે કે, એમાં ઢિલાપણું થતાં, પોતપોતાની યોગ્યતા પ્રમાણે વધુ ગુંચવણમાં આવી પડવું પડે. ફેરી વસ્તુ મારફતે નિર્વાહ ભોગવનારાઓમાં સરેરાસ હિસાબ પ્રમાણે જોતાં સહન કરવું વધુ જણાશે. વળી એ બાબતમાં તેઓને અમુક નિર્ણય ઉપર આવવાને માર્ગ યોજવાનું રહેશે.

શેર બજાર ઉપર લક્ષ આપનારા પોતાનું ધ્યાન વાજબી દોડાવી શકી લાભમાં રહી શકશે. ચાંદી, રૂવાળાને પ્રથમ જો કે, લાભમાં જેવું જણાશે તોપણ એફદરીમાં એવો યોગ છે કે, આયંદે પોતાનું લક્ષ બરાબર દોડાવી નહિ શકવાના સબબે પરિણામ સંકડાસ રૂપે રહેશે. સારાંશ કે, એ બાબેની લેહણાદેવી ઓછી રહેશે. લોનવાળાઓને બનતાં સુધી ચુપ રહેવું પડશે.

તબીબ વર્ગ સારી સેવા ઉઠાવી શકશે. પોતા પ્રત્યે ખેંચાણ વધુ કરી શકશે. એ વિદ્યામાં નામના પણ સારી છે. હુન્નર—ઉદ્યોગવાળો વર્ગ જોઈએ તેવો સ્વલાભ ઉઠાવી શકશે નહિ—પરંતુ પોતાના કાર્યગતિમાં આગળ પગલાં બહુ ભરી શકશે.

એફદરીમાં કોમમાં જન્મ કરતાં મરણ પ્રમાણનો ભાસ બહુ જણાશે.

કુદરતની નિર્માણ કરેલા હદથી વધુ છુટા વિચાર ધરાવનારો માટે આ વરસ બહુ તકેદારી રાખવા જોગ છે. નહિ તો તેઓ અનધારેલી શરમિંદગીમાં આવી પડવાનો સંભવ બહુ છે.

શારીરિક રમતગમત, હારજીત રૂપી કાર્યમાં કોમ પોતાનું સ્વમાન બરાબર જાળવી રાખી શકશે.

કોમમાં પ્રસરેલા સુલટ—ઉલટ વિચારોનો પ્રવાહ, અમુક સ્થળે મધ્યબિંદુ તરીકે આવી મળવાને બદળે વધુ વિખુટો ઓર પકડતો જાય અને તેના પ્રતાપે, બે બાળકો રૂસાહ જઇ પીઠેપીઠ મેળવીને કાર્ય આરંભે છે તેવો ભાસ બતાવે એવો સંભવ બહુજ છે. સારાંશ કે, પોતપોતાના સુઝયાં ઉપર વધુ લક્ષ અપાશે.

દૂર પરદેશગમન તરીકે, પાણીની મુસાફરીમાં આ વરસ બાનુઓ તરફથી જેટલો હિસ્સો સંકોચાયલી હાલતે રહેશે તેટલો તેઓને લાભ છે. કેમકે, તેઓ માટે એ વરસ એ બાબદમાં અનુકુળ જણાતું નથી.

સ્વદેશ કરતાં પરદેશ જોડે ધંધાદારી વગેરે બાબતમાં પરિચય ધરાવનારા-ઓએ બહુ ઝિણી નઝરે કામ લેતા રહેવાનું વાજબી છે. કેમકે, આ વરસ તેવાઓ માટે પાણીના રેલાની માફક અસ્થિર બંધારણ દર્શાવે છે-સબબે ક્યાં અટકી જાય અથવા કેટલું પ્રસરશે એનો નક્કી ભાસ તેઓ ખેંચી શકવાને નિષ્ફળ વધુ રહેશે. તેથી અમુક નિર્ણય ઉપર આવ્યા પહેલાં ચોંકેલા રહેવું વધુ સારૂં રહેશે.

કેળવણી આપનારા શિક્ષક વર્ગનાં કોમી બંધારણમાં મૃત્યુ તરીકે અથવા બીજી રીતે પણ એમાં કોમને ખોટ વધુ માલુમ પડી આવશે.

નાતિ રૂપી કોમી-બંધારણમાં કાંઈ જુદાજ માર્ગે પ્રવેશ થયલો નાલે-શીનો ભાસ સમજુ વર્ગના જોવામાં આવશે જેથી તેઓને અજાયબી ઉપજશે. વળી તેને બને તેમ જલદી મઝબુત હાથે દાબી દેવાનું વાજબી ધારી તેવી કોશીશ લેવાશે.

